View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Gadhavi, Geetaben S., 2005, *લાંગીદાસ મહેડુ: એક અધ્યયન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/154

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં
પીએચ.ડી.ની પદવી માટે પ્રસ્તુત કરવામાં આવેલ
**મહાનિબંધ**

❀❀❀

# LANGIDAS MAHEDU - A STUDY

❀❀❀

# લાંગીદાસ મહેડુ : એક અધ્યયન

❀❀❀

❀ પ્રસ્તુત કર્તા ❀
**પ્રા. ગીતાબેન એસ. ગઢવી**
*અધ્યાપક, ગુજરાતી વિભાગ,*
*એસ.વી આર્ટ્સ કોલેજ,*
*અમદાવાદ*

❀ માર્ગદર્શક ❀
**ડૉ. અંબાદાન કે. રોહડિયા**
*પ્રોફેસર*
*ગુજરાતી ભાષા - સાહિત્ય ભવન*
*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી*
*રાજકોટ - ૩૬૦૦૦૫*

૨૦૦૫

રજિસ્ટ્રેશન નં. ૨૫૦૨ તા.૩૦/૦૯/૨૦૦૦

# પ્રમાણ પત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે ***શ્રી ગીતાબેન એસ. ગઢવી***એ મારાં માર્ગદર્શન નીચે ***'લાંગીદાસ મહેડુ : એક અધ્યયન'*** અભિધાનિત મહાનિબંધ વિનયન વિદ્યાશાખામાં ગુજરાતી વિષયમાં પીએચ.ડી (Ph.D.)ની પદવી માટે તૈયાર કર્યો છે.

આ મહાનિબંધ તેમણે મૌલિક અધ્યયન સંશોધન કરીને તૈયાર કરેલ છે. અને તેમાં તેમણે મૌલિક નિરૂપણ કરેલ છે.

વિશેષમાં આ મહાનિબંધ કે તેનો કોઇ અંશ પ્રકાશિત થયેલ નથી, તેમ કોઇ પદવી માટે અન્ય યુનિવર્સિટીમાં રજૂ કર્યો નથી.

***ડૉ. અંબાદાન કે. રોહડિયા***
*પ્રોફેસર,*
*ગુજરાતી ભાષા - સાહિત્ય ભવન,*
*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,*
*રાજકોટ - ૩૬૦૦૦૫.*

# નિવેદન

મારા બાળપણનાં સ્મરણો વાગોળું છું ત્યારે મારી નજર સામે મારી બાળવય તરવરી ઊઠે છે. મારા પિતાશ્રી બોટાદકર કોલેજનાં પ્રિન્સિપાલ હતા તેઓ હંમેશા મારી પ્રેરણામૂર્તિ રહ્યા છે. ઘરમાં પુસ્તકો, વાંચન, લેખન અને વિદ્વાન વ્યક્તિઓની અવર - જવર પણ રહેતી જેના લીધે મને ઉચ્ચ અભ્યાસ કરવાની પ્રેરણા મળતી. મારા માતાનું પણ સ્વપ્ન હતું કે હું અધ્યાપક બનું. મારાં માતા - પિતાની પ્રેરણા અને આશીર્વાદથી આ સ્વપ્ન સાકાર થયું અને મારા પિતાની પ્રેરણાથી મેં પીએચ.ડી.નું કાર્ય શરૂ કરેલ. મારા પિતાને ચારણી સાહિત્યમાં ખૂબજ ઊંડો રસ અને અભ્યાસ હોવાથી મેં પણ ચારણી સાહિત્યમાં પીએચ.ડી.ની પદવી માટેનું કાર્ય કરવાનું નક્કી કર્યું, અને ગુજરાતના એક સમર્થ કવિ લાંગીદાસ મહેડુ પર કાર્ય કરવાનું પસંદ કર્યું.

ચારણી સાહિત્યમાં જ પીએચ.ડી. કરવાનો નિર્ણય કર્યો હોવાથી તેની સામગ્રી માટે મેં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને પસંદ કરી કેમ કે, ગુજરાતમાં માત્ર અહીં જ ચારણી સાહિત્યનો હસ્તપ્રત ભંડાર છે. આ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. અંબાદાન રોહડિયા ચારણી સાહિત્યના વિદ્વાન હોવાથી મેં તેમના માર્ગદર્શન નીચે કામ કરવાનું સ્વીકાર્યુ. જે મારું અહોભાગ્ય કહેવાય.

વિષય કઠિન હતો, ભૂતકાળમાં લાંગીદાસ મહેડુ અંગે ઊંડાણથી સંશોધન થયેલું ન હતું. તેમણે વિ.સં. ૧૭૭૦ થી વિ.સં. ૧૮૨૮ સુધી સાહિત્ય સર્જન કર્યું છે, પરંતુ તેમની બે કૃતિઓનું જ પ્રકાશન થયેલું, બાકીની બધી જ રચનાઓ વિવિધ હસ્તપ્રતોમાં અને કંઠસ્થ પરંપરામાં સચવાયેલ. આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ચારણી સાહિત્ય હસ્તપ્રત ભંડારમાં તેમજ લાંગીદાસ મહેડુના વંશજો અને અન્ય વિદ્વાનો પાસે સચવાયેલ રચનાઓ મેળવીને તેનો વિગતે અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. મારી આ શોધયાત્રા દરમ્યાન રચનાઓ વિશે પ્રમાણભૂત આધારો મેળવ્યા છે. મારે સંશોધન અર્થે લાંગીદાસજીની જન્મભૂમિ, કર્મભૂમિ અને વિદ્વાન જાણકારોનાં ગામોનો પ્રવાસ કરવો પડેલ એ પ્રવાસમાં મને સૌએ

દિલના ઉમળકાથી આવકારેલ અને મારા આ કાર્યને ચારણો અને ચારણી સાહિત્યનું ગૌરવ વધારનારા કાર્ય તરીકે ગણાવેલ.

ગોલાસણના વયજ્ઞાને વૃદ્ધ અને લાંગીદાસજીના વંશજ એવા પરમ આદરણીય પૂ. હરિસંગભાઈ મહેડુ 'માસ્તરબાપુ' પાસેથી મને માર્ગદર્શન અને માહિતી પ્રાપ્ત થયેલ. મહેસાણા મહિલા કોલેજના પ્રિન્સિપાલ શ્રી ઘનશ્યામભાઇ ગઢવીએ પણ મને ખૂબ મદદ કરેલ. મહેશદાન મિસણ અને રતુદાનજી રોહડિયાએ પણ મને ખૂબજ મદદ કરેલ અને માર્ગદર્શન આપેલ છે. પ્રભાતસિંહ રોહડિયા પણ અમારી સાથે પ્રવાસમાં આવેલા અને અવાર-નવાર મળવાનું થતાં સહયોગ આપતા રહ્યા છે. કવિ શ્રી હરિસિંહજી મહેડુએ અને વિષ્નુદાનજી પાંડરસિંગાએ મને આ કાર્ય પૂર્ણ કરવા માટે ઉત્સાહ અને પ્રેરણા સાથે આશીર્વાદ આપેલ છે. 'હવે જલ્દી પીએચ.ડી. પૂરું કરો' એમ સતત કહીને લખવા પ્રેરનારાં મારા પતિ સુરેશદાન ગઢવીની લાગણી મારા માટે પ્રેરક બળ બની રહે છે. તેઓ સતત મારા આ કાર્યમાં સહભાગી રહ્યા છે.

ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના બધા જ પ્રોફેસરો તરફથી મને આવશ્યક વિગતો મળતી રહે છે. જે પણ લાગણીપૂર્વક આ અવસરે સ્મરું છું અને એ સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું.

માણસમાત્ર ભૂલને પાત્ર એ સત્ય સ્વીકારી મને સહકાર આપનારા સૌનું હું ઋણ સ્વીકાર કરું છું. કુટુંબના દરેક સભ્યો મને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થયાં છે. તે સૌનું પણ ઋણ સ્વીકાર કરું છું.

***- ગીતા ગઢવી***

# અનુક્રમણિકા

પૃષ્ઠ ક્રમાંક

**પ્રકરણ – ૧** ૦૦૧ - ૦૪૭
ચારણ સમાજ અને ચારણી સાહિત્ય

**પ્રકરણ – ૨** ૦૪૮ - ૦૭૦
લાંગીદાસ મહેડુ : વ્યક્તિત્વ અને વાઙ્મય

**પ્રકરણ – ૩** ૦૭૧ - ૧૪૪
'ગણ અગિયારસ માતમ' : ભક્તિમૂલક ચારણી આખ્યાન

**પ્રકરણ – ૪** ૧૪૫ - ૧૮૮
'ઓખા હરણ' : સંસ્કૃતિમૂલક ચારણી આખ્યાન

**પ્રકરણ – ૫** ૧૮૯ - ૨૦૫
ભક્તિમૂલક રચના : 'સત્ સ્મરણ'

**પ્રકરણ – ૬** ૨૦૬ -૨૮૦
લઘુ કાવ્ય કૃતિઓનું સમીક્ષાત્મક અધ્યયન

**પ્રકરણ – ૭** ૨૮૧ - ૨૮૭
ઉપસંહાર

**પરિશિષ્ટ** ૨૮૮ – ૨૯૫

# પ્રકરણ - ૧
# ચારણ સમાજ અને ચારણી સાહિત્ય

૧.૧ ભૂમિકા
૧.૨ વિવિધ શબ્દકોશોમાં ચારણ
૧.૩ રામાયણ, મહાભારત અને પુરાણોમાં ચારણ
૧.૪ સંસ્કૃત સાહિત્યના ગ્રંથોમાં ચારણ
૧.૫ જૈન શાસ્ત્રો અને પ્રબંધોમાં ચારણ
૧.૬ સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મગ્રંથોમાં ચારણ
૧.૭ 'ચારણ'શબ્દ અને જ્ઞાતિ અંગે વિવિધ તજજ્ઞોનાં મંતવ્યો
૧.૮ ચારણી સાહિત્યના દુહાઓમાં 'ચારણ' જ્ઞાતિ વિશેષના ઉલ્લેખો
૧.૯ ચારણ જ્ઞાતિની વિવિધ શાખાઓ
૧.૧૦ ચારણોની ત્રિવિધ પરંપરા
૧.૧૧ સામાજિક પરંપરા
૧.૧૨ દાનવીર ચારણો
૧.૧૩ સત્યના ઉપાસક ચારણો
૧.૧૪ શૂરવીરતાના પ્રતીક ચારણો
૧.૧૫ ચારણ જ્ઞાતિમાં શક્તિ ઉપાસનાની પરંપરા
૧.૧૬ ચારણી સાહિત્ય
૧.૧૭ ચારણી સાહિત્ય નામાભિધાન
૧.૧૮ ચારણી સાહિત્ય ઉદ્ભવ અને વિકાસ
૧.૧૯ ચારણી સાહિત્યમાં સ્વરૂપ અને વિષય વૈવિધ્ય
૧.૨૦ ચારણી સાહિત્યના મુખ્યાત કવિઓ અને કૃતિઓ

# પ્રકરણ - ૧
# ચારણ સમાજ અને ચારણી સાહિત્ય

## ૧.૧ ભૂમિકા

સરસ્વતીની ઉપાસના આરાધનાને જ પોતાના જીવનનું પ્રથમ અને પરમ કર્તવ્ય માનનાર ચારણોએ ભારતીય સંસ્કૃતિની અસ્મિતાના જતનાર્થે તથા સમાજમાં નીતિમ ાા, ત્યાગ, બલિદાન, શૌર્ય અને ભક્તિ ઈત્યાદિ ગુણોમાં વૃદ્ધિ થાય એવા શુભાશયથી સાહિત્યનું સર્જન કર્યું છે. સમાજ ઘડતરના વિશિષ્ટ અભિગમથી ચારણી સાહિત્યના સર્જકોએ પોતાની વાણી અને વર્તનમાં સંપૂર્ણ સંવાદિતા પ્રસ્થાપિત કરી જીવનમાં મૂલ્યનિષ્ઠાને પ્રાધાન્ય આપ્યું છે. આથી આ સાહિત્યમાં જીવન કેવું છે એ નહીં પણ જીવન કેવું હોવું જોઈએ તેની વાત કરવામાં આવી છે. અર્થાત્ ચારણી સાહિત્ય 'જીવન ખાતર કલા'નું હિમાયતી છે.

ક્ષત્રિયોને વીરતાની શિખામણ આપનાર ચારણોનો અવાજ મધ્યકાલીન રાજાશાહી વખતે કાયમ માટે આદેશાત્મક રહ્યો છે. સમાજમાં વ્યાપેલ અનિષ્ટોથી ચારેબાજુએ મૂલ્યો,આદર્શો, વચન અને નીતિમ ાાને સ્વાહા કરી જવા માટે પાતકોનો દાવાગ્નિ આગળ વધતો ત્યારે તેની સામે સત્યવાણી ઉચ્ચારીને લક્ષ્મણરેખા બાંધવાના પ્રયત્નો તો ચારણોએ જ કર્યો છે, અને એ માટે જરૂર પડયે તલવારોના પ્રહારો પોતાના શિર પર ઝિલીને જીવનસંગ્રામમાં ઝૂકાવીને પોતાના પ્રાણ આપતા ચારણો અચકાયા નથી.

મધ્યકાલીન યુગની સામાજિક,રાજકીય અને સાંસ્કૃતિક પરિસ્થિતિ અનુસાર ચારણી સાહિત્ય સર્જાયું છે. કેમ કે મધ્યકાળ તો ધર્મ, ધરા અને નારી અસ્મિતા માટે ખેલાતા રણસંગ્રામનો યુગ હતો. ભારત પર અનેક વિધર્મી અને વિદેશી પ્રજાઓએ વારંવાર આક્રમણો કર્યાં ત્યારે ધર્મ, ધરા અને સંસ્કૃતિ ખાતર વીરોએ ભયાનક સંઘર્ષો કર્યા છે, યુદ્ધો ખેલ્યાં છે. એવે વખતે ક્ષત્રિયોને ધારાતીર્થમાં દેહ પાડવાની પ્રેરણા આપનાર, પોતાની મૃત સંજીવની વાણી દ્વારા રણશૌર્ય, હિંમત અને ઉત્સાહ સીંચી કાયરોને પણ દેશ માટે પ્રાણન્યોછાવર કરવા તૈયાર કરનાર ચારણો સમરાંગણોમાં પણ શૌર્ય પ્રેરક છંદનો

બુલંદ કંઠે પાઠ કરીને વીરોમાં યુદ્ધોત્સાહ વધારતા. એ વખતે સમરાંગણમાં જિહ્વાગ્રે હોય એજ સાહિત્ય કામ આવે, આથી એ સમયે ચારણી સાહિત્ય કંઠસ્થ રાખવાની પરંપરા હતી. અલબ । કંઠસ્થ પરંપરામાં ઉતરી આવેલ સાહિત્યનો સિંહભાગ આજે કાળનો કોળિયો બની નષ્ટ પ્રાય બની ગયું છે, કેટલુંક સમય સાથે કદમ મિલાવી પરિવર્તન પામ્યું છે અને કેટલુંક ચારણી સાહિત્ય હસ્તપ્રતો સ્વરૂપે જળવાયું છે. જે ચારણી સાહિત્યના સ વ અને સૌંદર્યનો પરિચય કરાવે છે.

સંત, શૂરા અને સતીઓના ઈતિહાસને જીભને ટેરવે સાચવનાર ચારણકવિઓએ પોતાની વિશિષ્ટ સર્જકપ્રતિભાથી ચારણી સાહિત્યની ધારાને સમૃદ્ધ કરી છે. તેમનું એ વિશિષ્ટ પ્રદાન માત્ર ગુજરાત કે ભારત પૂરતું જ નહીં પરંતુ દેશ-વિદેશમાં પણ મહ વ ધરાવે છે. કેમ કે એક હજાર વર્ષથી પણ વધુ પ્રાચીન પરંપરા ધરાવતા આ સાહિત્યમાં રચાયેલા આપણા ગ્રંથોને લોકો સુધી પહોંચાડવામાં ચારણોએ મહ વનો ભાગ ભજવ્યો છે. એ સમયે પ્રચલિત લોક ભાષામાં સૌને સમજાય એ રીતે સરળતાથી તેની રજૂઆત કરવામાં આવી છે.

ચારણ જ્ઞાતિમાં સાહિત્ય સર્જન અને ભાવનની ઉજ્જવળ પરંપરા હતી. આ સાહિત્યની રજૂઆત પણ વિશિષ્ટ રીતે થતી. એ માટે શિક્ષણ આપતી રાઓ લખપત વ્રજભાષા પાઠશાળામાં રહીને કવિઓ કાવ્યશાસ્ત્ર અને તેની કથન કળાનો અભ્યાસ કરતા તેમજ વંશ પરંપરાગત રીતે વારસામાં પણ સાહિત્યનું શિક્ષણ અપાતું, ચારણી સાહિત્ય મુખ્યત્વે ગેય હોવાથી તેમાં છંદો અને નાદવૈભવને વિશિષ્ટ પ્રાધાન્ય મળ્યું છે. છંદોની રચનારીતિ, નાદવૈભવ અને પાઠ કરવાની વિશિષ્ટ તરાહને કારણે એ અન્ય સાહિત્યથી અલગ તરી આવે છે. વસ્તુત : તો ચારણી સાહિત્ય માત્ર સાહિત્ય નથી. એમાં રજૂઆતની કલા પણ જરૂરી છે. ચારણી સાહિત્યની પ્રકાશિત રચનાને બદલે તેની પ્રત્યક્ષ રજૂઆત સાંભળીએ છીએ ત્યારે એમાં ગાયકનો બુલંદ કંઠ ભળે છે. આથી એક વિશિષ્ટ પ્રકારનું વાતાવરણ નિર્મિત થાય છે.

આદિ કાળથી સત્ય, સરસ્વતી અને શક્તિની ઉપાસના કરનાર ચારણ સર્જકોએ પૌરાણિક દેવ-દેવીઓની કથાઓ, ઈતિહાસ અને સંસ્કૃતિને લગતા પ્રસંગો - કથાઓ, પ્રેમ

શૌર્યની કથાઓ અને પ્રકૃતિ પ્રેમ, મરસિયા અને બોધાત્મક પદો વગેરેનું સર્જન કરીને વેદકાળથી આજપર્યન્ત અસ્ખલિત વહેતી સાહિત્ય ધારામાં પોતાનો ફાળો નોંધાવ્યો છે. આ ધારા યુગે યુગે અવનવા સાહિત્યિક- સાંસ્કૃતિક ઉન્મેષો પ્રગટ કરતી રહી છે.

આર્યાવર્તની ધર્મધ્વજાને ગૌરવાન્વિત રાખવા માટે ચારણોએ સરસ્વતી અને શક્તિની ઉપાસના કરી છે. નેક, ટેક, સત્ય અને નીતિ કાજે તેમણે મહામૂલાં બલિદાનો આપ્યાં છે. કવિતા એનો વ્યવહાર કે વ્યવસાય નહીં પણ સંસ્કાર હતો, સ્વભાવ હતો. કવિતા એના મસ્તકમાંથી નહીં પણ રક્તમાંથી ઊછળતી. શૂરવીરો પ્રત્યેનો એનો આદર અને કાયરો પ્રત્યેની ઘૃણા ઈતિહાસ વિદિત છે. ચારણ માત્ર શૂરવીરતાની પોકળ વાત કરનાર સાહિત્યકાર ન હતો, પરન્તુ અવસર આવ્યે ખાંડાના ખેલ ખેલી લેવામાં પારોઠનાં પગલાં ન ભરનાર શૂરવીર સાહિત્યકાર હતો. ધર્મ, ધરા અને ઈજ્જત ખાતર બલિદાનના રાહ પર ચાલતી વખતે તે સૌનો અગ્રગામી બનતો. તેથી જ તેની વાણીમાં ખમીર-વીરતા-જુસ્સો શૌર્ય-મર્દાનગી ટપકતાં. વસ્તુતઃ તો જેની વાણી અને વર્તનમાં વિરોધાભાસ ન હોય તેવા ચારણકવિઓની એક સુદીર્ઘ પરંપરા છે. ઈસરદાસજી રોહડિયા, હરદાસજી મિસણ, સાંયાજી ઝૂલા, દુરસાજી આઢા, ગોદડ મહેડુ, હમીરજી રત્નુ, કરણીદાન કવિયા, બ્રહ્માનંદજી, સ્વરૂપદાનજી દેથા, નરહરદાસ બારહટ, બાંકિદાસ આશિયા, લાંગીદાસ મહેડુ અને સૂર્યમલ્લજી મિસણ જેવા પ્રથમ પંક્તિના સર્જકોએ આ પરંપરાને સમૃદ્ધ કરી છે, જેમાંથી અહીં લાંગીદાસજી મહેડુના જીવન અને કવનનો અછડતો પરિચય આપવાનો ઉપક્રમ છે. અલબ ા, એ પૂર્વે ચારણ જ્ઞાતિ, એમની વિશિષ્ટ અને વિલક્ષણ કુળ પરંપરા, ચારણત્વ અને ચારણી સાહિત્યનો વિગતે પરિચય પ્રસ્તુત કર્યો છે, કેમ કે કોઈપણ સર્જકને યથાર્થ રૂપે મૂલવવા હોય તો તેની કુળ પરંપરાથી પરિચિત થવું જરૂરી હોય છે, આથી પ્રારંભે વિવિધ શબ્દકોશોમાંથી મળતા ચારણ વિષયક ઉલ્લેખો, રામાયણ,મહાભારત અને અન્ય પુરાણોમાંથી પ્રાપ્ત થતા સંદર્ભો, કંઠસ્થ પરંપરામાં સચવાયેલા દુહાઓ તેમજ ચારણોની કુળ પરંપરાથી પરિચિત હોય તેવા તજ્જ્ઞોનાં મંતવ્યો પ્રસ્તુત કર્યાં છે. એ ઉપરાંત ચારણી સાહિત્ય ઉદ્ભવ અને વિકાસ સંદર્ભે પણ વિગતે ચર્ચા પ્રસ્તુત કરી છે. જેથી ચારણોની આગવી પ્રતિભાને યથાર્થ રૂપે પામી શકાશે.

## ૧.૨ વિવિધ શબ્દકોશોમાં ચારણ

### *૧.૨.૧ 'ભગવદ્ગોમંડલ' :*

ગોંડલના મહારાજાશ્રી ભગવતસિંહજી સંપાદિત 'ભગવદ્ગોમંડલ' ભાગ -૪ માં ચારણ શબ્દના આ પ્રમાણે અર્થો આપેલ છે.[૧]

(૧) અમુક ધ્યેયને અનુસરીને ઉ ામ જીવન આચરનારા મુનિ.

(૨) એ નામનો એક દેવ, જે રાહુના નીચલા પ્રદેશમાં રહેલો મનાય છે.

(૩) બાવીસ ગુરુ અને વીસ લઘુ મળીને બેતાલીસ અક્ષરનો એક પ્રચૂર્ણ ગતિ માત્રા મેળ છંદ,

(૪) રાજાના આશ્રેય રહી, તેના વખાણ અને કીર્તિ કરીને આજીવિકા કરનાર ભાટ, બંદીજન,દેવી-પુત્ર.

(૫) એ નામની એકે જાતિ છે. 'ચર' ધાતુ પરથી ચારણ શબ્દ થયેલો છે. તે ઉપરથી ગતિ આપનાર કીર્તિ ફેલાવનાર, એવો ચારણ શબ્દનો અર્થ છે.

અહીં ચારણ શબ્દનો એક અર્થ ભાટ દર્શાવવામાં આવ્યો છે, હકીકતે બન્ને જાતિઓ તદ્દન જુદી જ છે, પરન્તુ શબ્દકોશના સંપાદકે માહિતીને ઊંડાણથી તપાસી નથી કે તેમને મળેલ માહિતી જ ખોટી હોય શકે. વસ્તુત : ઉભય જ્ઞાતિ અલગ જ છે અને એ અંગેનાં અનેકવિધ પ્રમાણો ઉપલબ્ધ થાય છે.

### *૧.૨.૨ 'એ સંસ્કૃત– ઈંગ્લીશ ડીક્ષનરી' :*

સર મોનિયર વિલયમ્સ 'એ સંસ્કૃત-ઈંગ્લીશ ડિક્ષનરીમાં ચારણ વિષયક વિગતો આપે છે. તે આ પ્રમાણે છે.[૨]

(૧) વૈદિક પાઠશાળાઓમાં વેદની જે જે શાખાઓનું અધ્યયન કરવામાં આવતું હતું. તેમાં જે શાખાઓના અધ્યેતા અથવા જાણકાર જે વ્યક્તિ હોય, તેને શાખાનું ઉપનામ આપવામાં આવતું હતુ. દા.ત. કાકક, કાલયક વગેરે.

(૨) જે લોકો સ્થાનાન્તર કરતા હોય તથા ગાયન અભિનય ઇત્યાદિથી પોતાની આજીવિકા ચલાવતા હોય તેને ચારણ કહે છે.

(૩) દૂત અને જાસુસનું કાર્ય કરવાવાળા પણ ચારણો કહેવાયા.

(૪) જે પશુ પાલન કરી પોતાનો ધંધો કરે છે, તે પણ ચારણ કહેવાય છે.

અહીં જાસુસનું કાર્ય કરવાવાળાને પણ ચારણ કહેવાયા છે, હકીકતે ચારણ વિષ્ટિકાર હતો, સર્વનો ભરોસાપાત્ર હતો. અલબ ।, ચારણ વેશે શત્રુની છાવણીમાં રાજાઓએ પ્રવેશ કર્યાના કિસ્સા જરુર નોંધાયેલા છે. શ્રી ઝવેરચંદ મેઘાણીએ 'ડેનિશ રાજાએ બ્રિટિશ રાજાની છાવણીમાં ચારણ વેશે પ્રવેશ કર્યાનું પોતાના પુસ્તકમાં નોંધ્યું છે.'[૩] પણ ચારણોએ જાસુસી કરી હોય એવા પ્રસંગો કયાંય નોંધાયેલા નથી, અને જો તેમ થયું હોય તો રાજવીઓએ તેના પર કયારેય વિશ્વાસ મૂકયો ન હોય, જયારે પ્રમાણો તો એવાં મળે છે કે દુશ્મન રાજાના ચારણોને પણ કોઈ રોક ટોક વગર રાજયમાં પ્રવેશવા દેવામાં આવતાં, એટલું જ નહીં રાણીવાસમાં રજપૂતાણીઓને પણ નિઃસંકોચ મળવાની છૂટ હતી. એ બાબત જ બતાવે છે કે ચારણોએ પોતાના વિશિષ્ટ ગુણોથી સૌનો વિશ્વાસ સંપાદન કરેલો.

### *૧.૨.૩ 'સંસ્કૃત હિન્દી કોશ'*

વામન શિવરામ આપ્ટે સંપાદિત 'સંસ્કૃત હિન્દી કોશમાં 'ચારણ' અંગે નીચે પ્રમાણે ઉલ્લેખ જોવા મળે છે.[૪]

(૧) ભ્રમણશીલ, તીર્થયાત્રી.

(૨) હરતા-ફરતા રહેનાર નટ કે ગવૈયા,નર્તક,ભાટ.

(૩) સ્વર્ગીય ગવૈયા,ગંધર્વ.

(૪) વેદ કે અન્ય ધાર્મિક ગ્રંથોના પાઠ કરવાવાળા.

(૫) જાસુસ.

### *૧.૨.૪ 'બૃહદ ગુજરાતી કોશ'*

શ્રી કેશવરામ કા. શાસ્ત્રી સંપાદિત બૃહદ્ ગુજરાતી કોશમાં 'ચારણ' શબ્દના આ પ્રમાણે અર્થો આપેલ છે.[૫]

(૧) રાજાની સ્તુતિ કરનારો પ્રાચીનકાલનો ગઢવી જેવો એક વર્ગ અને તેનો પુરુષ.

(૨) એવા વર્ગમાંથી ઉતરી આવેલી એક હિંદુ જ્ઞાતિ અને એનો પુરુષ,ગઢવી,બારોટ (સંજ્ઞા).

(૩) ચારણ : ચરાવવાની ક્રિયા.

(૪) ચારણ ચરાવવાની ક્રિયા કરનાર ગોવાળ.

આપણે ત્યાં સામાન્ય રીતે બારોટો અને ચારણોને એક જ ગણે છે. પરન્તુ બન્ને જ્ઞાતિઓ અલગ-અલગ જ છે. લોકસમાજમાં વસ્તી જાતિઓની વંશાવળીઓની વહી રાખનાર અને વહી વાચનાર વહીવંચા ભાટ-બારોટ તરીકે ઓળખાય છે. જયારે ચારણો મુખ્યત્વે ક્ષત્રિય સમાજ સાથે જ સંકળાયેલા છે. તેઓએ શૂરવીરોની ગૌરવ ગાથાને કાવ્યાંકિત અવશ્ય કરી છે, પરન્તુ એ તેમનો વ્યવસાય નથી. આમ બન્ને જ્ઞાતિ ભિન્ન છે

### *૧.૨.૫ 'સંક્ષિપ્ત હિન્દી શબ્દ સાગર'*

શ્રી રામચંદ્ર શર્માએ સંપાદન કરેલ 'સંક્ષિપ્ત હિન્દી શબ્દસાગર'માં ચારણ અંગે આ પ્રમાણે વિગતો આપેલ છે.[૬]

(૧) વંશની કીર્તિ ગાનાર ભાટ, બંદિજન.

(૨) રાજસ્થાનની એક જાતિ.

(૩) ભ્રમણકારી.

### *૧.૨.૬ 'રાજસ્થાની શબ્દકોશ'*

સીતારામ લાળસ સંપાદિત 'રાજસ્થાની શબ્દકોશ'માં 'ચારણ' અંગે નીચે પ્રમાણે ઉલ્લેખ જોવા મળે છે.[૭]

'ચારણ' રાજસ્થાન,મધ્યભારત તેમજ ગુજરાતમાં ફેલાયેલ એક જાતિ વિશેષ અથવા આ જાતિની વ્યક્તિ રાજસ્થાનનું મોટાભાગનું સાહિત્ય આ જાતિ દ્વારા લખાયેલ છે.

## ૧.૩ રામાયણ, મહાભારત અને પુરાણોમાં ચારણ

આકાશમાર્ગે વિહાર કરનારા, ઋષિમુનિ કોટીના તપસ્વી અનેક સિદ્ધિઓને વરેલા, અને દેવોને પણ આશીર્વાદ આપનારા ચારણોની વિશિષ્ટતા અને દેવી શક્તિઓ, સિદ્ધિઓનું વર્ણન રામાયણ,મહાભારત અને પુરાણોમાંથી મળે છે. ગણેશપુરાણ, શિવપુરાણ, સ્કંદ પુરાણ વગેરેમાં ચારણો સંબંધી અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. હિમાલય આદિ પર્વતો, વનો સમુદ્રો અને નદીતટો પર વસીને દેવતાઓની સ્તુતિ ગાનાર તેમજ શાસ્ત્રોના પઠન-પાઠન કરનારા ઋષિમુનિઓ તરીકે જોવા મળે છે. ભારતવર્ષમાં ચારણોનું આગમન પૃથુરાજાના સમયમાં થયું. પૃથુરાજાએ ચારણોને તેલંગ-કલીંગ દેશ આપ્યાની

વિગત મળે છે. સ્વર્ગમાં રહેનારા ચારણો પૃથ્વીલોકમાં આવ્યા ત્યાં સુધીના કેટલાક મહ વના ઉલ્લેખો મળે છે, એ જોઇએ :

### *૧.૩.૧ રામાયણમાં ચારણો : (વાલ્મીકિ)*

આદી કવિ વાલ્મીકિ કૃત 'રામાયણ'માં ચારણો સંબંધી અનેક ઉલ્લેખો મળે છે. વાલ્મીકિએ વર્ણવ્યા મુજબ ચારણો હિમાલયનાં વિવિધ શિખરો પર અને નદી તટે વસવાટ કરતા. સરસ્વતીની ઉપાસના-આરાધનામાંજ વ્યસ્ત રહેતા, ચારણો ઋષિમુનિઓ જેવું જીવન ગાળતા અને સાધના કરતા. ચારણોનું તપોબળ એટલું પ્રખર હતું કે તેઓ મર્યાદા પુરુષો ામ ભગવાન રામચંદ્રજી અને દેવાધિપતિ ઇન્દ્રને આશીર્વાદ આપતા.

### ૧.૩.૧.૧ વાલ્મીકિ રામાયણ : બાલકાંડમાં ચારણ

દેવોએ જેવી રીતે પોતાના અંશોથી વાનરો સર્જ્યા તેમ ચારણોએ પણ પોતાના અંશોથી વાનરપુત્રો સર્જ્યાનું વર્ણન મળે છે.જુઓ : ''બ્રહ્મ દેવે એ પ્રમાણે કહ્યું ત્યારે તેમની આજ્ઞા સ્વીકારી સર્વ દેવોએ વાનરના રૂપવાળા પુત્રોને સર્જવા માંડયા, તેમજ મહાત્મા ઋષિઓ, સિદ્ધલોકો, વિદ્યાધરો, નાગો તથા ચારણો પોત પોતાના અંશો વડે વનમાં ફરનાર પુત્રોને સર્જવા લાગ્યા'[૮]

એ ઉપરાંત પોતાના શત્રુ દિ િપુત્રોને હણીને ઇન્દ્રે ઋષિઓ તથા ચારણો સાથે નિષ્કંટક રીતે ત્રણ લોકનું પાલન કરવાનું અને અહલ્યાને શાપ આપીને ગૌતમ મુનિ, સિદ્ધ તથા ચારણોએ સેવેલ હિમાલય પર્વતના રમણીય શિખર પર જઇ તપશ્ચર્યા કર્યાનું વર્ણન મળે છે. તેમજ વશિષ્ટ આશ્રમ,શિવ - વિષ્ણુ યુદ્ધ, પરશુરામના તેજનું આકર્ષણ વગેરે સંબંધી ઉલ્લેખોમાં ચારણોનું મહ વ દર્શાવાયું છે.

### ૧.૩.૧.૨ કિષ્કન્ધાકાંડમાં ચારણ :

ચારણોએ સેવેલાં પર્વતો, નદી આદિ સ્થળો પવિત્ર અને તીર્થ સમાન ગણવામાં આવતા રામાયણના કિષ્કન્ધાકાંડના ચાલીસમાં સર્ગમાં આ પ્રમાણે વર્ણન મળે છે.

ત્યાર પછી સમુદ્ર આવશે તેને ઉલ્લંઘી તમે તેની પાર જઇ થોડેક ચાલશો એટલે સિદ્ધ તથા ચારણાદિકોએ સેવલા ઉતાવળે વહેનારા જળવાળા શોણનદ પર પહોંચશો. તેના રમ્ય તીર્થોમાં તથા વિચિત્ર વનોમાં ચારે બાજુએ સીતા સહિત રાવણની શોધ કરજો.[૯]

એ ઉપરાંત શ્રીમાન (પુષ્પિતક) નામના પર્વત પર ચારણો વસવાટ કરતાનું વર્ણન મળે છે.

**૧.૩.૧.૩ સુંદરકાંડમાં ચારણ :**

હનુમાને લંકા બાળ્યા પછી સીતા બળી ગયા હશે ! તેવી શંકા થઇ, તે વખતે તેણે આકાશચારી ચારણોની પરસ્પર થતી વાત સાંભળી કે 'લંકા બળી ગઇ પણ સીતાજી બળ્યા નથી એ મહાન આશ્ચર્ય છે', હનુમાન પશ્ચાતાપ વખતે કવિના વર્ણનમાં ચારણોના અનેક ઉલ્લેખો માટેનું એક ઉદાહરણ, જુઓઃ

"આકાશચારી ચારણોની અમૃત સરખી વાણી સાંભળી હનુમાનના મનમાં અત્યંત હર્ષ થયો. વખતો વખત ખરા પડેલા શુકન સાંભળીને અને આકાશચારી ચારણોના વચન સાંભળી કપિવર હનુમાન પ્રસન્ન થયા. ચારણોના કહેવા પરથી સીતાને જીવતા જાણીને જેના મનોરથ સિદ્ધ થયા છે એવા કપિવર હનુમાને સીતાના પુનઃ પ્રત્યક્ષ દર્શન કર્યાં પછી જ ક્રિષ્કન્ધા પરત જવાનો નિશ્ચય કર્યો."[૧૦]

**૧.૩.૧.૪ યુદ્ધકાંડમાં ચારણ :**

રામચંદ્રજીએ શત્રુ રાવણના નાશ અર્થે સેતુ બાંધી લંકાને કિનારે ઉતરી પડાવ નાખ્યો ત્યારે દેવો, સિદ્ધો, ચારણો તથા મહર્ષિઓ ત્યાં આવે છે અને આશીર્વાદ આપે છે.

*તદ્રદ્રભુત રાઘવ કર્મદુષ્કરં સમીક્ષ્ય દેવા : સહ સિદ્ધ ચારણે !*
*ઉપેત્ય રામં સહસા મહર્ષિમિસ્તમ્યસિંચન સુશુભેજલે પૃથક...૮૪*
*જયસ્વ શત્રુન નરદેવ મેદિની સસાગરાં પાલય શાશ્વતી સમા,*
*ઈતીવ રામં નરદેવસ્તકૃત શુભેર્વચોમિર્વિવિધૈર પૂજયન[૧૧] ..૮૫*

(શ્રી રામચંદ્રજીનું અદ્‌ભુત અને દુષ્કર કર્મ જોઇને સર્વ દેવતાઓ,સિદ્ધો,ચારણો તથા મહર્ષિઓ તેમની આગળ આવ્યા અને આકાશ ગંગાના પવિત્ર જળ વડે તેમના પર પૃથક પૃથક અભિષેક કરી કહેવા લાગ્યા હે નરદેવ ! આપ શત્રુઓ પર વિજય મેળવો અને સમુદ્રપર્યંતની પૃથ્વીનું લાંબા કાળ સુધી પાલન કરો. એ પ્રમાણે સેતુ બંધના કાર્યથી પ્રસન્ન થયેલા સર્વએ મનુષ્યો તથા દેવતાઓથી સત્કારાયેલા રામને આશીર્વાદ આપ્યા.)

'જાનકીનું અપહરણ કરનાર રાવણનું મૃત્યુ હવે નજીક છે.' એવી ભવિષ્યવાણી ચારણોએ ઉચ્ચારેલી તથા રાવણનું મૃત્યુ થવાથી ચારણ ગણ સહિત દેવોના હર્ષનો પાર ન રહ્યો એવાં વર્ણનો રામાયણમાંથી સાંપડે છે.

***૧.૩.૨ વેદ વ્યાસ કૃત 'મહાભારત'માં ચારણો :***

મહર્ષિ વેદ વ્યાસકૃત મહાભારતના આદિપર્વ, દ્રોણપર્વ, ભીષ્મપર્વ અને શાંતિપર્વમાંથી પ્રાપ્ત થતા ઉલ્લેખો અનુસાર ચારણો હિમાલયમાં શંકર ભગવાનના નિવાસસ્થાન કૈલાસ પર્વતપર, ઈન્દ્રની અમરાપુરીમાં તથા ગંગા નદીના (સરસ્વતી) કિનારાઓ પર નિવાસ કરતા, અરણ્યવાસી ચારણો જપ,તપ અને સરસ્વતી સાધનામાં પ્રવૃ ા રહેતા, વાનપ્રસ્થાશ્રમ સ્વીકારીને હિમાલયમાં ગયેલ પાંડુ રાજા શતશૃંગ પર્વત પર ચારણોના સાન્નિધ્યમાં રહેલા અને પાંડુના મૃત્યુ પછી કુંતા અને બાલ પાંડવોને હસ્તિનાપુર પહોંચાડવા માટે ચારણો ગયેલા.

*તં ચારણ સહસ્ત્રાણાં મુનિનામાગમ તદ્રા,*
*દ્રષ્ટાવા નાગપુરે નૃણાં વિસ્મયઃ સમય પદ્માત*[૧૨]*..૧૧*

(પાંડુ રાજાના મૃત્યુ પછી કુંતી તથા પાંડવોને લઈને મુકવા આવેલા.) તે હજારો ચારણ મુનિઓનું આગમન થયેલું જોઈને હસ્તિનાપુરના લોકોને મોટું આશ્ચર્ય થયું.)

આ સિવાય જગદંબાના ઉપાસક ચારણો પોતાની ભક્તિના બળે ઐશ્વર્યવાન, દેવીના દર્શન કરી શકનાર, યુદ્ધમાં ભીમ, અર્જુન, કર્ણ, અભિમન્યુ, વગેરેની પ્રસંશા કરનાર આકાશચારી ચારણોની ઘણી વિગતો મળે છે.

***૧.૩.૩ શ્રીમદ્ ભાગવતમાં ચારણ :***

પ્રસ્તુત ગ્રંથમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચારણોની ગણના દેવોમાં કરવામાં આવે છે. પરમાત્માએ ધારણ કરેલ વિવિધ અવતારોની લીલાઓનું ગાન ચારણોએ કરેલ, તેમજ સૃષ્ટિના પ્રારંભે પ્રગટેલ વેદવાણી અને ભાગવત્ ધર્મના ઉપદેશને શ્રવણ કરવાનો લાભ ચારણોને પણ મળેલ. આ બૃહદ્ ગ્રંથમાં ચારણ વિશે અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. વિષય મર્યાદાને ધ્યાનમાં રાખીને કેટલીક વિગતો જોઈએ.

**૧.૩.૩.૧ દ્વિતીય સ્કંધ :**

ગંધર્વો વિધાધરો તથા ચારણોને વિરાટ પુરુષોના સ્વરોની સ્મરણ શક્તિ તરીકે વર્ણવેલ છે. તેમજ વિરાટ પુરુષની વિભૂતિઓમાં ચારણોનું વર્ણન છે.

**૧.૩.૩.૨ તૃતીય સ્કંધ :**

ચારણોની ગણના દેવોમાં થતી હોવાનું વર્ણન આ સ્કંધના ૨૭મા શ્લોકમાં મળે છે. મૈત્રયજી એ વિદુરજીને કહેલ આઠ પ્રકારના દેવ-સર્ગ વર્ણનમાં ચારણો સ્થાન પામે છે.

*દેવ સર્ગશ્વાષ્ટવિધો વિબુધાઃ પિતરોડસુરા :*
*ગંધર્વોપ્સરસ : સિદ્ધો યક્ષ રક્ષાંસિ ચારણા : કિ'*
*ભૂત પ્રેત પિશાચશ્વ વિધાયા : કિરાક્ષય;*
*દ્રશૈતે વિદુરાખ્યાત સર્ગોસતે વિશ્વસક કૃતા[૧૩] ..૨૮*

ત્યાં આવેલા ચારણો યક્ષો તથા કિન્નરોની સ્તૃતિ કરાયેલા કુબેરે ધ્રુવને કહ્યું.. તથા દેવર્ષિ, પિતૃ, ગંધર્વ, સિદ્ધ, ચારણ અને પન્નગ વગેરેનો પૃથુરાજાએ સત્કાર કર્યાનું વર્ણન છે.

**૧.૩.૩.૪ ષષ્ઠ સ્કંધ :**

*એકદા સ વિમાનેન વિષ્ણુદતેન ભારવતા,*
*ગિરિશંદશે ગચ્છન પરીત સિદ્ધ ચારણૈ[૧૪]..૪*

(એક દિવસ ચિત્રકેતુ ભગવાનના આપેલા તેજોમય વિમાનમાં સવાર થઇને કયાંક જઇ રહ્યા હતા એ સમયે એમણે જોયું કે ભગવાન શંકર મહા ઋષિ મુનિઓની સભામાં સિદ્ધ ચારણોની વચમાં બેઠા હતા.)

**૧.૩.૩.૫ દશમસ્કંધ પૂર્વાર્ધ :**

'શ્રીમદ્ ભાગવત'ના દશમસ્કંધના પૂર્વાર્ધમાં ચારણ સંબંધી અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. કૃષ્ણ જન્મ પ્રસંગે સ્તુતિ કરતા, આકાશમાં ઊડી જઇ કંસને આઘાત આપતાં દેવીનું સ્તવન કરતા, શ્રી કૃષ્ણના ગોવર્ધન ધારણ પ્રસંગે આકાશમાંથી સ્તુતિ, પ્રસંશા અને પુષ્પવૃષ્ટિ કરતાં વર્ણનોમાં ચારણોનું ચારણત્વ પ્રકટે છે. એમાનું એકાદ ઉદાહરણ જોઇએ તો,

"હે રાજા ! અંતરીક્ષમાં દેવગણ, સાધ્ય, સિદ્ધ, ગંધર્વ, ચારણ છે, તેઓએ પ્રસન્ન થઇ સ્તુતિ કરી અને પુષ્પ વૃષ્ટિ કરી."[૧૫]

***૧.૩.૪ પુરાણોમાં ચારણ :***

ભારતીય સંસ્કૃતિની આધારશિલા સમાન વિવિધ પુરાણોમાં ચારણ વિષયક અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ગણેશપુરાણ, મત્સયપુરાણ, સ્કંધપુરાણ, વાયુપુરાણ, આદિત્યપુરાણ એમ ૧૮ પુરાણો છે જે દેવો, દાનવો, ગંધર્વો, સિદ્ધો અને કિન્નરો આદિની સાથે ઉપસ્થિત રહીને પ્રસંશા સ્તુતિ કરનારા ચારણોના ચારણત્વને આલેખે છે.

**૧.૩.૪.૧ મત્સય પુરાણ :**

(૧) યોગનિદ્રામાં સુતેલા વિષ્ણુ, સિદ્ધો, ચારણો, કિન્નરો તથા મૂર્તિમાન વેદોથી સ્તુતિ કરાતા જણાય છે.

(૨) ત્રિપુરાસુરને શિવે માર્યો ત્યારે ચારણો બોલ્યા હતા.

(૩) તીર્થમાં દેવો ગંધર્વો, ઋષિઓ તથા સિદ્ધો સાથે ચારણો ત્રણેય સંખ્યામાં દેવેશની આરાધના કરે છે.

**૧.૩.૪.૨ બ્રહ્મ પુરાણ :**

ભગવાન શંકરના વિવાહ પ્રસંગે ગંધર્વો અપ્સરાઓ,નાગો, યક્ષો,રાક્ષસો, ખેંચરો, કિન્નરો તથા દેવ ચારણો આવ્યાનું વર્ણન છે. જુઓ..

*ગંધર્વોપ્સરસઃ સર્વે નાગા : યક્ષા સરાક્ષસા,*
*ખાદકા ખેચરાશ્વાન્યે કિન્નરા દેવ-ચારણા..*[૧૬]

**૧.૩.૪.૩ ગણેશ પુરાણ :**

દેવો, દાનવો, ગંધર્વો, સિદ્ધો, કિન્નરો, નાગો, ચારણો, દૈત્યો અને ગુહયકો વગેરેની ઉત્પત્તિનું તથા તેમણે ગણપતિની સ્તુતિ કર્યાનું વર્ણન છે.[૧૭]

**૧.૩.૪.૪ સ્કંધપુરાણ :**

સ્કંધપુરાણમાં ચારણો, વિષ્ણુને અભિષેક કરનારાં મંદિરોને પૂજનારા તેમજ સ્તુતિ કરનારા વર્ણવ્યા છે.

*'ગંધર્વસ્તવેષ લોકોડમી ગધવાત્શ્ચ શુભક્તા,*
*દેવનાં ગાયકાહને ચારણાઃ સ્તુતિ પાઠકા..*[૧૮]

( એ ગંધર્વ લોક છે. અને શુભ આચારવાળા ગંધર્વો છે તેઓ દેવોના ગાયકો છે અને ચારણો સ્તુતિઓ બોલનારા છે.

એ ઉપરાંત ચારણોના સમુદાયથી સ્તુતિ પામતા તથા વીંટાયેલા મહાદેવ કાશીમાં પધાર્યા, એવું વર્ણન છે. તેમજ દેવોના સ્તુતિ પાઠકો અને ચારણો એવું કહેવાયું છે.

**૧.૩.૪.૫ વાયુ પુરાણ :**

હિમાલયની કંદરાઓમાં વસવાટ કરતા ગોમતીને તીરેને પોતાના નિવાસથી પવિત્ર બનાવતા યજ્ઞાદિ પવિત્ર કાર્યોમાં ઉપસ્થિત રહી શોભાવતા ચારણોનો ઉલ્લેખ વાયુપુરાણમાં અનેક સ્થાને મળે છે.જુઓઃ

*આદિત્યા વસવો રુદ્રા મરુતાશ્વ સહાશ્વિનૌ,*
*સાધયા વિદ્યાધરો નાગાશ્ચરણાશ્વે તપોધના;*
*વાલખિલ્યા મહા ।માસ્તપ: સિદ્ધશ્ચ સુક્રતા,*
*ત્વત પ્રસૂતા દેવેશ યે ચાન્ય ચ શુભક્તા...*[૧૯]

( હે શિવજી ! આદિત્ય, વસુઓ, રુદ્રો, અશ્વિનો સાથે મરુતો, સાધ્યો, વિદ્યાધરો, નાગો તથા તપોધન ચારણો અને સારા વ્રતવાળા મહાત્મા વાલખિલ્ય ઋષિઓ તથા બીજા જે શુભ વ્રતવાળા છે તે બધા આપનામાંથી પ્રગટ થયા છે.)

**૧.૩.૪.૬ શિવપુરાણ**

શિવપુરાણમાં મળતા ઉલ્લેખ પ્રમાણે ત્રિપુરાસુરના વધ પ્રસંગે આકાશમાં ગતિ કરનાર સિદ્ધો તથા ચારણોએ ફૂલોની વૃષ્ટિ કરી, તથા નંદિના વિવાહમાં સ્વયં બ્રહ્મામાં હોતા થયા અને ચારણો સહિત ગંધર્વો પણ ત્યાં આવ્યાનું વર્ણન છે.

આમ પુરાણોમાં પણ ચારણ સંબંધી અનેક ઉલ્લેખો મળે છે. જે ચારણ જાતિની હજારો વર્ષ જૂની ઐતિહાસિક પરંપરાને નિર્દેશે છે.

## ૧.૪ સંસ્કૃત સાહિત્યના ગ્રંથોમાં ચારણ

હિમાલયાદિ પર્વતો, સમુદ્રો અને નદી કિનારાઓ પર વસીને દેવતાઓની સ્તુતિ ગાનારા, પ્રસન્ન થઇ આશીર્વાદ દેનારા, તેમજ શાસ્ત્રના પઠન-પાઠન કરનારા ઋષિમુનિઓ લેખે પુરાણ યુગી ચારણોની પરંપરા ઇતિહાસ યુગમાં પણ ચાલુ રહે છે.

સંસ્કૃત સાહિત્યમાં ગુપ્તયુગ સુવર્ણયુગ ગણાય છે. તે સમયે સંસ્કૃત ભાષાની ' ન ભૂતો ન ભવિષ્યતિ' ના રૂપમાં ઉન્નતિ થઇ. ત્યારના સમયની કેટલીક કૃતિઓમાં આપણને ચારણોના ઉલ્લેખો મળે છે. મહાકવિ કાલીદાસની ખ્યાતકૃતિ 'અભિજ્ઞાન - શાંકુતલ અને વિક્રમોર્વશીયમાં ચારણોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. એ ઉપરાંત બાણભટ્ટ રચિત 'હર્ષચરિત'માં પણ આપણને ચારણોની વિગતો મળે છે. એ સિવાય પણ ઘણા સંસ્કૃત ગ્રંથોમાં ચારણો વિશેની જાણકારી પ્રાપ્ત થાય છે.

***૧.૪.૧ 'અભિજ્ઞાન શાકુંતલ'***

મહાકવિ કાલીદાસ 'અભિજ્ઞાન શાકુંતલ' માં ચારણોનો ઉલ્લેખ આ પ્રમાણે કરે છે.

*અધ્યાકાન્તા વસતિર મુનાવ્યાશ્રમે સર્વ ભાગ્યે,*
*રક્ષા યોગદયમમિ તય પ્રત્યહ સંચિનૌતિ;*
*અસ્યામિ ઘાં સ્મૃશતિ વશિનશ્ચવાદદિગીત;*
*પુજ્ય શબ્દો મૂનિ રતિ મૂદ્ર કેવલ રાજપુત*[૨૦]*...૧૪*

### ૧.૪.૨ 'હર્ષ ચરિત'

ઈ.સ.ના સાતમા સૈકામાં પ્રથમાર્ધમાં મહારાજ હર્ષવર્ધનના શાસન કાળમાં થયેલા મહાકવિ બાણભટ્ટ સંસ્કૃત સાહિત્યના શ્રેષ્ઠ કથાકાર તથા ગ્રંથના સર્વ ભોમ સમ્રાટ હતા. તેમણે પોતાના ગ્રંથ 'હર્ષચરિત'માં આઠ ઉશ્વાસોમાં મહારાજા હર્ષના જીવનનું વર્ણન કર્યું છે. તે ગ્રંથમાં ચારણોનાં ઉલ્લેખો જોવા મળે છે.

*મહોત્સવમક્લ હતિ ચારણો,*
*વસધારતિ ચ વિપૈરગૃહતિ*[૨૧]*..*

સંસ્કૃત સાહિત્યના ગ્રંથમાં પ્રતિષ્ઠા પામતા ચારણોના ઉલ્લેખો જૈન શાસ્ત્રો અને પ્રબંધોમાં જોઈએ.

## ૧.૫ જૈન શાસ્ત્રો અને પ્રબંધોમાં ચારણ

રામાયણ, મહાભારત અને પુરાણોની જેમ જૈન શાસ્ત્રોમાં પણ ચારણોની ભક્તિભાવના, તપોનિષ્ઠા અને સિદ્ધિઓના ઉલ્લેખો મળી આવે છે.

### ૧.૫.૧.૧ પન્નાવણાજી સુત્ર :

પન્નાવણાજી સૂત્રમાં ચારણો વિદ્યાને ધારણ કરનારા તપસ્વી અને સિદ્ધને વરેલા તેવો ઉલ્લેખ મળે છે.

### ૧.૫.૧.૨ શ્રી ભગવતીજી સુત્ર :

ભગવતીજી સૂત્રમાં ગૌતમે ચારણો સંદર્ભે મહાવીર સ્વામીને પ્રશ્નો કર્યા તેના જવાબમાં મહાવીર સ્વામીએ જણાવેલ કે ચારણો 'વિદ્યા ચારણ' અને 'જંઘા ચારણ' એમ બે પ્રકારના હોય છે. એ અંગે વિશેષ સ્પષ્ટતા કરતા કહ્યું.' વેલા નામક વ્રતરુપ નિરંતર કર્મદ્વારા ઉ ામ ગુણ લબ્ધિ નામક (જૈન) શાસ્ત્ર પ્રસિદ્ધ પદવી મળે છે તથા ક્ષમાથી વિજ્ઞાત થતા વિધા ચારણ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે. તે કારણે 'વિદ્યા ચારણ' કહેવાય છે.

તેમજ તેલાવ્રત રૂપ નિરંતર તપ કર્મથી આત્માને પવિત્ર કરવાથી જંઘા ચારણ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે તે પ્રયોજનથી તે જંઘા ચારણ કેહવાય છે.[૨૨]

### ૧.૫.૧.૩ *જૈનાગમ શબ્દ સંગ્રહ :*

'જૈનાગમ શબ્દ સંગ્રહ'માં જંઘા ચારણ અને વિદ્યા ચારણ અંગે વિશેષ વિગતો મળે છે. જે ચારણોના તપોબળને પણ નિર્દેશે છે.

(૧) અઠમ અઠમના તપથી ઉપજેલ અને પહેલા પ્રકારની લબ્ધિવાળા સાધુ એકજ કૂદકે તેરમે રૂચ કવર દ્વીપે પહોંચી શકે અને વળતા મેરૂને શિખરે વિસામો લઇ બીજે ઉત્પાતે મૂળ જગ્યાએ પહોંચે તે 'જંઘા ચારણ.'

(૨) છઠ છઠના તપથી ઉપજેલ બીજા પ્રકારની લબ્ધિવાળા બે ઉત્પાતે મેરુ શિખર અને આ ક્રમે નન્દીશ્વર દ્રીપે પહોંચે અને વળતા એકજ ઉત્પાતે મૂળ જગ્યાએ પહોચે તે વિદ્યા ચારણ.

### ૧.૫.૨ *પ્રબન્ધોમાં ચારણ*

સોલંકીકાલીન પ્રબંધોમાં જેવા કે 'પુરાતન પ્રબંધ સંગ્રહ : પ્રબંધ ચિંતામણી, 'પ્રબંધ કોશ, 'કુમાર પ્રતિબોધ' અને 'ઉપદેશ સપ્તસતિ' માં સ્થળે સ્થળે રામચંદ્ર, ચાગણ, ગાઝિલ, હટ્ટો પવિષ્ટ અને ઉદયસિંહ જેવા ઇત્યાદિ ચારણોનાં નામો પ્રાપ્ત થાય છે, જેમ કે રામચંદ્ર ચારણ એના દુહાઓ

**૧.૫.૨.૧**

*હેમ સૂરિ મુકરિ કિસિઉ હર કઇ કાંઇ રડેઇ,*
*જિણિ કરણિ હુ ઘા લિપઉ સત્વહ વજણ છેહિ..૧*

એજ રીતે 'ઉપદેશ તરંગિણી' માં પણ સોલંકીકાલીન ચારણ કવિ ઠુમણ અને એના દુહાનો ઉલ્લેખ છે કે

**૧.૫.૨.૨**

*જીવવધેતા નરયઇ અવ ઘતા ગઇ સગ્ગિ;*
*હું જાણુ દુઇ વટ્ટડી, જિણિ ભાવૈતિતિણ લગ્ગિ..*[૨૩]

'મંત્રી યશોવીર પ્રબન્ધ' માં તુરકો ગુર્જરયને ભાંગીને સિરાણા ગામે સુંદરસરનું જલ પીવા આવ્યા ત્યારે એમને જાવાલિપુરના રાજા ઉદયસિંહે સંગ્રામમાં સાફ કર્યા અને ઐબુક નામના મુખ્ય મલ્લિકને મારી નાખ્યો ત્યારે ચારણ બોલ્યો કે :

૧.૫.૨.૩ :

*સુન્દર સરિ અસુરાંહદલિ, જલુ પીધઉ વયણેહિં,*
*ઉદયનરિ દિહિ કઢ્ઢિઉં, તહ નારી નયણેહિં..*[૨૪]

(સુંદર સરનું જે જળ અસુરોના દળોએ પોતાને મોંએથી પીધું હતું, તે ઉદય નરેન્દ્રે તેમની બૈરીઓને નયણેથી પાછું કઢાવ્યું.)

આ દુહાઓ બતાવે છે કે પ્રબન્ધકાળમાં પણ ચારણ વિદ્યાના મણિમંડપમાં પૂરેપૂરો પ્રતિષ્ઠિત હતો. શ્રી ઝવેરચંદ મેઘાણીના શબ્દોમાં કહીએ તો 'પદ્યવાદી પ્રબંધોમાં એ ચારણનાં દેશ્ય મુક્તકો પણ અન્ય ગીર્વાણ શ્લોકો- સુભાષિતોની જોડાજોડ સોનામાં નીલમ-માણેક શા મઢાયા છે.[૨૫]

## ૧.૬ સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મગ્રંથોમાં ચારણ

ચારણ એટલે દેવકુળ, રામાયણ, મહાભારત અને પુરાણોથી આરંભાયેલી આની સુદીર્ઘ પરંપરા સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મગ્રંથોમાં પણ દુષ્યમાન થાય છે. સતાનંદમુનિ વિરચિત સતસંગિ જીવન અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરાવાણી વચનામૃતમાં ચારણોના ઉલ્લેખો વિદ્યાધરો, ગંધર્વો અને દેવતાની સાથે થાય છે. જેમકે 'પ્રજાપતિઓ, મનુઓ, દેવો, ઋષિઓ, પિતૃઓ, ગંધર્વો, ચારણો, સિદ્ધો, યક્ષો, વિદ્યાધરો, અસુરો તેઓને જુદા જુદા અવતાર ભેદથી સર્જે છે.[૨૬]

## ૧.૭ 'ચારણ'શબ્દ અને જ્ઞાતિ અંગે વિવિધ તજજ્ઞોનાં મંતવ્યો

'ચારણ' શબ્દ, ચારણ જ્ઞાતિ અને ચારણત્વથી અભિજ્ઞ થવા માટે એ વિશે વિવિધ વિદ્વાનો - તજજ્ઞોએ આપેલાં મંતવ્યો જાણવા ખૂબ જરુરી છે. કેમ કે પ્રત્યેક જાતિના પોતપોતાનાં જીવનમૂલ્યો, ચિંતનો, આદર્શો, સંવેદનો અને વિલક્ષણતાઓ હોય છે. એને આધારે આપણે એમનું મૂલ્ય - મહ ા આંકી શકીએ. આદિ કાળથી આજ સુધી સરસ્વતી ઉપાસના-આરાધનાને પોતાના જીવનનું પરમ કર્તવ્ય માનનાર ચારણોની કુળ પરંપરા, પ્રકૃતિ પ્રેમ, શૃદ્ધઆચાર, સાદગી, નીડરતા, સ્પષ્ટવકતાપણું, ઉદારતા અને ચારિત્ર્યગૌરવ જેવા ગુણોને ઉજાગર કરતા ચારણ જ્ઞાતિ અને ચારણી સાહિત્યથી પરિચિત તજજ્ઞો, વિદ્વાનોનાં મંતવ્યો જોઈએ.

* શ્રી પિંગળશીભાઇ પાયક ચારણ અંગે વિગત આપતા કહે છે.

'ચારિયન્તિ ધર્મ, સત્ય, વેદ, નીતિ, કીર્તિ, વિદ્યા, કાવ્ય ઇતિ ચારણા' અર્થાત્ ધર્મનું, સત્યનું, વેદનું, નીતિનું, કીર્તિનું, વિદ્યાનું પ્રસારણ કરનાર ગતિ કરનાર, શુભ પ્રવૃત્તિ ફેલાવનાર, પ્રેરણા આપનાર, દેવ જાતિ વિશેષ ઋષિ મુનિ તે ચારણ.[૨૭]

સંસ્કૃત ભાષા અને હિન્દુ સંસ્કૃતિના અભ્યાસુ ડૉ. ત્રંબકેશ્વર દવે ચારણને સ્તુતિ પાઠક કહે છે પોતાના મંતવ્યને સ્પષ્ટ કરતા તેઓ કહે છે... 'ચરણે ભવા ચારણા..' અર્થાત્ ચરણ એટલે વેદનો વિભાગ એ વિભાગનું જતન કરનાર એનો પાઠ કરનાર બોલનાર,ગાનાર, ઋષિવૃંદ તે ચારણ..[૨૮]

'પાણિની' મુનિના વ્યાકરણ સૂત્રોમાં ચારણોનો અર્થ વેદના વિભાગ કે વેદના ચરણોને ભણનાર, કવિતા કરનાર એવો કરવામાં આવ્યો છે.[૨૯]

એક હજાર વર્ષ સુધી વિધર્મી પ્રજાનાં સાંસ્કૃતિક આક્રમણોને ખાળનાર, સાહિત્ય સર્જન દ્વારા ભારતીય સામાજિક સાંસ્કૃતિક વારસાનું જતન કરનાર ચારણો વિશે કિશોરસિંહ બાહસ્પત્ય નોંધે છે કે 'ચારણો એટલે દેશનું, જાતિનું, સંસ્કૃતિનું સંચાલન કરનાર જાતિ વિશેષ.[૩૦]

ચારણ અને ચારણત્વના ગુણોને પ્રાતઃ સ્મરણીય આઇ શ્રી સોનબાઈમાં આ રીતે વર્ણવે છે. 'આગળના જમાનામાં ચારણો દેવ કહેવાતા એટલે જેનામાં દેવી શક્તિ હોય, શુદ્ધ આચાર હોય, ભજન પૂજન હોય તે દેવ, જેનામાં આ શુભ લક્ષણ હોય તેનું નામ ચારણ. ગમે તેવા સંજોગોમાં પણ ચારણે પોતાનું ચારણપણું જાળવવું જોઈએ. ચારણપણું એટલે સાદાઇ, સચ્ચાઇ ઈષ્ટ સ્મરણ, અભય, નીડરતા, પવિત્રતા , આચારશુદ્ધિ વિદ્વતા અને શાસ્ત્રાભ્યાસ, આનું નામ તે ચારણનો ધર્મ, ગમે તેવા આકરા સંજોગોમાં પણ આ ધર્મ ન મૂકાય.[૩૧]

ચારણી સાહિત્યનો સર્જક કદી પલાયનવાદી રહયો નથી. સંગ્રામમાં તથા જીવન સંગ્રામમાં એણે શૌર્યને પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યા છે. એણે પોતે પણ સંગ્રામમાં ઝૂકાવીને સાથ આપ્યો છે. એની સ્વામિભક્તિ અચલ રહી છે. એથીજ તો શ્રી ઝવેરચંદ મેઘાણી કહે છે કે.. ''ચારણ પોતાની જીભના બુંગિયા ઢોલ પીટીને વેગળો રહયો હોત તો પણ કદાપી ક્ષત્રિય મરવા-મારવાનો તમન્ના પ્યાલો પીવા તત્પર ન રહેત માટે જ ચારણકુળ અને ચારણી કવિતા આઠમીને ચૌદમી સદી વચ્ચેના એના સુવર્ણકાળમાં રજપૂત કુળના કયારામાં જ રોપાયેલું અને રજપૂત રુધિરને નીરેજ સિંચાયેલું રુંખડું હતું. એ દૂર

ઊભેલો સાહિત્યકાર નહોતો, રજપૂત જાતિના પરજાતિઓ સાથેના ભયાનક સંઘર્ષોમાં ચારણ પણ ઓરાયો હતો.. જીવનની કઠોર કારમી વાસ્તવિકતાનો સામનો કરતો એ ક્ષત્રિયો સાથે ખભો મિલાવીને ખડો હતો. કવિતા એ એનો વ્યવહાર કે વ્યવસાય નહિ પણ એનો સંસ્કાર હતો. કવિતા એના મસ્તકમાંથી નહીં પણ રક્તમાંથી ઊછળતી. બાપના શોણિતમાંથી બેટાની નસોમાં સિંચાતી પેઢાન પેઢી શોણિતમાં સંચરતી અને એની પુત્રીઓ, વહુઓ, જનેતાઓ, રજપૂતને મન પૂજનીયા, જોગમાયા, દેવી અવતાર હતી. સંસ્કૃત ભાષાના પ્રચંડ વેગી યુગોના આઘાત સામે બ્રાહ્મણોની પરંપરા સામે, સર્વની સામે ચારણ પોતાની ડિંગળી વાણી લઈને ટકી રહયો તેનું એક કારણ એનું ચારિત્ર્ય ગૌરવ.[૩૨]

પંડિત સુખલાલજી ચારણ જ્ઞાતિ અંગે પોતાનું મંતવ્ય આપતા લખે છે :

'માત્ર ચારણ વર્ગ એવો છે કે જેનું કોઈ મિશ્ર વર્ણ તરીકે વર્ણન નથી, તેથી એમ લાગે છે કે ચારણ નામથી ખ્યાત જે વંશ ચાલ્યો આવે છે તે કોઈ અનુલોમ કે પ્રતિલોમ લગ્નને પરિણામે નિપજેલો નથી.'[૩૩]

પુરાણકાળથી વંદનીય એવા 'ચારણો' વિશે ચારણી સાહિત્યના મર્મજ્ઞ શ્રી પિંગળશીભાઈ પાયકે ચારણોની અસ્મિતાનો પરિચય આપતા નોંધ્યું છે કે ''ચારણોની ગણના દેવ કોટિમાં છે. શાસ્ત્રોમાં જે વર્ણનો છે તેમાં એમને મહાત્માઓ, ઋષિઓ, આકાશચારી, દેવમુનિઓ અને સત્યકાર્યોના પ્રશંસકો તરીકે વર્ણવ્યા છે. ચારણો વેદના ઉપાસકો અને ધર્મશાસ્ત્રના જ્ઞાતા. તપસ્વી અને ત્યાગી હતા. પરોપકાર અર્થે પોતાનું સર્વસ્વ કરી દેતા, સાદા અને સરળ, પવિત્ર આચાર પાળનારા હતા. શાસ્ત્ર અભ્યાસમાં મસ્ત હતા. એ એમની ઉન્નતિનો સમય હતો. ચારણો બીજાના દાન પર નભતા-જીવતા હોવાના દાખલા શાસ્ત્રોમાં કયાંય જોવા મળતા નથી. એમણે દેવો વગેરેના જેનાં સત્કર્મોની સ્તુતિ કરી તેમણે કોઈએ એમને દાન આપ્યાની વિગત શાસ્ત્રોમાં નથી. એમનું જીવન પ્રકૃતિ સાથે ઓતપ્રોત હતું. પણ સાથે સાથે અધ્યાત્મની મસ્તી ભર્યું પણ હતું. એટલે જ એ સર્વના પૂજ્ય ગણાયા, સર્વના આદરણીય મનાતા રહયા.[૩૪]

ડૉ. મોહનલાલ જિજ્ઞાસુના કહેવા પ્રમાણે ચારણ વિદ્વાન અપના અસ્તિત્વ વેદો કે સમાન પ્રાચીન માનતે હુએ કહતૈ હે કિ 'ચાર + ન'= જો ચાર વર્ણે મે નહિ હૈ વહ ચારણ હૈ''[૩૫]

(અર્થાત્, ચારણવર્ણોમાં નથી તેવો એટલે કે ચારણો દેવ જાતિમાં છે. તેવો અર્થ અહીં અભિપ્રેત હશે !)

ચારણો અને ચારણી સાહિત્યની વિશિષ્ટ પરંપરાથી પરિચિત શ્રી સૌભાગ્યસિંહજી શેખાવત કહે છે કે ''તેની વાણી કાયરો માટે વિષ, અને વીરો માટે અમૃત છે. તે વિવાદોના નિર્ણાયક અને નિર્ણયોને કાર્યાન્વિત કરવા માટે પ્રેરક છે. આત્મ વિસ્મૃતોની માટે તેના શબ્દો કર્તવ્ય-બોધનો મંત્ર રહ્યા છે. અને અસ્વસ્થ મન વાળાઓ માટે ધન્વંતરિની ઔષધિ માફક સ્વાસ્થયપ્રદાતા, કાયરોને ચેતવવા, ચેતેલાને લડાવવા અને લડનારાઓને ઝૂઝાવવાનું કૌશલ્ય તેની વાણીમાં છે. તેની વાણીમાં એવી સંજીવની શક્તિ છે કે તે કાનમાં પ્રવેશતાંજ મૃતદેહમાં પણ પ્રાણ ચૈતન્ય આવી જાય છે, તેનાં ગીતોને એક એક અધ્યાય કહી શકાય. મહાભારતમાં ભગવાન શ્રી કૃષ્ણચંદ્રએ ક્ષત્રિય ધર્મથી વિમુખ અર્જુનને કર્તવ્ય બોધ કરાવવા માટે અઢાર અધ્યાયનો ઉપદેશ આપેલ. પરંતુ ચારણોએ પોતાનાં ગીતોનાં ચાર ચરણોના બળ પરજ મધ્યકાળના અનેક અર્જુનોને કર્તવ્ય પાલન માટે પ્રેરિત કરવામાં સફળતા મેળવી છે.''[૩૬]

ડૉ. ઈશ્વરલાલ દવે 'ચારણ' શબ્દને આ પ્રમાણે સમજાવે છે. ''અમરકોશ'' 'ચારણ'ના એક પર્યાય તરીકે 'કુશીલવ' શબ્દ આપે છે તે પરથી પ્રવાસી રામાયણ-કથાકાર કે કલાકાર તરીકે તેણે કેટલોક સમય સેવા આપી હોય તેવો સંભવ છે. 'ચારણ' શબ્દ 'ચર' ધાતુ પરથી થયો હોય, ગતિ અથવા પરિભ્રમણનો સૂચક છે. બીજાને એટલે કે રજપૂતોને પ્રજાને વીરતા માટે પ્રેરે છે, ગતિશીલ બનાવે છે. તે અર્થમાં પણ 'ચારણ' શબ્દ યથોચિત સમજવામાં આવે છે. ભગવાન શંકરની આજ્ઞા પ્રમાણે તેમણે નન્દીને ચરાવવાનું કાર્ય સંભાળ્યું હતું, તેથી (નંદીને) ચરાવનાર તે ચારણ એવો અર્થ પણ ઘટાવાય છે.''[૩૭]

ચારણનો એક પર્યાય શબ્દ ગઢવી છે. ગઢ-કિલ્લાની જવાબદારી સંભાળવાનું મહ વનું કાર્ય ચારણને સોંપવામાં આવતું તેથી 'ગઢવી' તરીકે ચારણ ઓળખાયો, શ્રી નવીનદાનજી માવદાનજી રત્નુ આ અંગે નોંધે છે કે :

'યુદ્ધ વખતે પોતાની હાર થવાનું નિશ્ચ્યત જણાય ત્યારે રાજવી કવિરાજને યુદ્ધભૂમિથી વિદાય થઈને ગઢનો કબજો (દરબાર ગઢનું જનાનખાનું તથા જામદારખાનું) સંભાળવા વિનંતી કરતાં, રાજવી કુટુંબ તેના ભાયાર્તો, અમીર ઉમરાવ અને સરદારોના સ્ત્રી વર્ગને તથા  ઝવેરાત - આભૂષણો વગેરે ખજાનાને કવિ સંભાળી પોતાની એકની જ

જવાબદારી ઉપર શક્ય હોય તો સ્થળાંતર કરી સલામત જગ્યાએ લઇ જઇને રક્ષણ કરતા હતા. આ કપરા સમયમાં રાત્રિના ચાલવાનું અને દિવસના છુપાઇ જવાનું હોવાથી તમામ સ્ત્રીવર્ગમાં પોતે એકજ પુરુષ હોવા છતાં કયારેય પણ આશ્રિત સ્ત્રીઓ પ્રત્યે કવિ ધર્મ ચુકેલ નથી. તથા લાખો કે કરોડોના ઝવેરાતને પણ પ્રાણના ભોગે એકલા હાથે રક્ષેલ હોય, ગઢનો વીર, બહાદુર તથા ગઢની સ્ત્રીઓનો વીર, માંજણોભાઇ, ગઢવીર શબ્દ નિષ્પન્ન થયો. આ શબ્દ 'ગઢવીર' માંથી અપભ્રંશ થતા ગઢવી શબ્દ થયેલ છે.''[૩૮]

સરસ્વતી ઉપાસક ચારણોમાં ચારણત્વના સંસ્કાર દૃઢ કરી તેને સત્યના પથ પર ચાલવાનું તો ચારણ આઇઓએ જ શિખવ્યું છે. ચારણોના આચાર અને વિચારમાં એકવાકયતા હતી અને તેનો સઘળો યશ ચારણ આઇઓને જાય છે. ચારણી સાહિત્યના સંશોધક ડૉ. અંબાદાન રોહડિયા આ સંદર્ભે કહે છે કેઃ

ભારતીય સંસ્કૃતિ અને દેવી ઉપાસનાનું જતન કરવામાં ચારણોનું પણ યોગદાન છે, આદિ કાળથી ચારણો શક્તિ ઉપાસક રહ્યા છે. તેઓને શક્તિ ઉપાસના તરફ વાળનાર અનેકવિધ પરિબળોમાં સૌથી વિશેષ ઉત્કટ અને બળવતર પરિબળ છે ચારણ આઇઓ. સત્ય અને સ્વમાન માટે સર્વસ્વની આહુતિ આપવાનો વણલખ્યો સિદ્ધાંત તેમણે જીવનમાં અપનાવ્યો છે. વિધર્મીઓનાં આક્રમણો કે અસુરોની આસુરીવૃ િસામે લાચાર બનીને તેનું શરણ સ્વીકારવાને બદલે અડગધૈર્ય અને પ્રચંડ આત્મબળથી લડીને પ્રાણાંતે પણ શીલ અને સંસ્કૃતિનું જતન કરનારી ચારણ બાળાઓનો આદર્શ તેમની દૃષ્ટિ સમક્ષ હતો. જે અવસર આવ્યે આઇશ્રી રાજલ રૂપે દિલ્હીના બાદશાહ અકબરને કે આઇશ્રી સિંહમોય રૂપે સરધારના બાકર શેખને પરાસ્ત કરતી. તો કયારેક આઇશ્રી વરૂડી રૂપે ચિતોડના રાણા હમીરજી સિસોદિયાની વહારે ચડીને સંસ્કૃતિની જયોતિને પ્રજ્જ્વલિત રાખતી. ચારણોએ નારી શક્તિની ભવ્યાતિભવ્ય અસ્મિતાને પોતાની દૃષ્ટિ સમક્ષ મૂર્તિમંત રૂપે અનુભવી છે. અને તેમની પ્રેરણાનાં પીયૂષ પીધાં છે. ચારણજ્ઞાતિની આ વિશિષ્ટ કુળ પરંપરાને કારણે નવલાખ લોબડિયાળીઓએ તેમને ત્યાં અવતાર ધારણ કર્યા છે. આ વિશિષ્ટ માતૃ શક્તિની પરંપરાને કારણે જ ચારણોને દેવીપુત્રો કહેવામાં આવે છે.[૩૯]

## ૧.૮ ચારણી સાહિત્યના દુહાઓમાં 'ચારણ' જ્ઞાતિ વિશેષના ઉલ્લેખો

ચારણી સાહિત્યના પ્રાણરૂપે અને લોકસંસ્કૃતિની અભિવ્યક્તિનું સબળ માધ્યમ દુહાઓમાં ચારણ જ્ઞાતિ વિશેના અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. કંઠસ્થ પરંપરામાં આજ સુધી સચવાતા આવતા આ દુહાઓ માત્ર ચારણ જ્ઞાતિનો ઉલ્લેખ આપીને જ અટકી નથી જતાં પરંતુ ચારણોનું મૂળવતન, પ્રકૃતિ પ્રત્યેનો એનો લગાવ અને પ્રવૃ િ, રાજ દરબાર અને સમાજમાં અનેરું મહ વ, નીડરતા અને ઉદારતા અને પ્રતિભાશાળી કવિત્વ શક્તિ તેમજ એમના આગવા વ્યક્તિત્વનો પરિચય પણ કરાવે છે.

ચારણોનું મૂળ વતન હિમાલય માનવામાં આવે છે. સિદ્ધો, તપસ્વીઓ અને ઋષિમુનિઓ સાથે એમનો સહવાસ હતો આ અંગે એક દુહો મળે છે.

**૧.૮.૧.૨**

*કેસર ચંદન ને નિજ કુરંગ, સેંભર ચારણ અને સિદ્ધ;*
*એતા નગરા ન નીપજે (ઇતો) પહાડા મેજ પ્રસિદ્ધ..*[૪૦]

(કેસર, ચંદન, કસ્તુરી મૃગ,સિંહ, ચારણ તેમજ સિદ્ધો એ સર્વ નગરવાસી નથી. એતો પહાડોમાંજ પ્રસિદ્ધ છે.)

**૧.૮.૧.૨**

તખતદાન રોહડિયા ઉપર્યુક્ત દુહો પાઠાંતરે આ પ્રમાણે નોંધે છે.

*કેસર, ચંદન, કસ્તુરી, સિંહ ચારન ને સિદ્ધ;*
*એતા નગરા ન નીપજે, પહાડામાંય પ્રસિદ્ધ.*[૪૧]

'મહાભારત' અને પુરાણોમાં ચારણોની ઉત્પ િ બ્રહ્મા દ્વારા સૃષ્ટિની ઉત્પ િ સમયે થયાનું દેવસર્ગમાં કહેવાયું છે. પરન્તુ ચારણોમાં એક માન્યતા એવી પ્રવર્તે છે કે તેઓ શિવના સંતાન છે. શેષ નાના અને મહેશ ડાડા હોવાનું તેઓ પરંપરાથી માને છે. અજ્ઞાત કવિએ રચેલ દુહામાં ચારણોની ઉત્પ િ શિવ દ્વારા થયાનું વર્ણાવાયેલ છે. જુઓ :

**૧.૮.૨**

*ગિરજા સુત ચારણ ગણાં , મણા પિતા મહાદેવ;*
*પખ મોસાળે શેષ પત, સરસત રસના સેવ..*[૪૨]

વીર ક્ષત્રિયો પ્રત્યેનો ચારણોનો આદર અને કાયરો પ્રત્યેની એની નફરત ઇતિહાસમાં સૌ જાણે છે. સંબંધોની ક્ષણભંગુરતામાં માતા-પિતા, ભાઇઓ પત્ની અને

પુત્રો પણ મૃત્યુ પછી સમય જતાં માનવીને વીસરી જાય છે. પરન્તુ શૂરવીર, દાનવીર અને સતીને ચારણો કદી ભુલ્યા નથી. એમનાં યશોજ્જ્વલ શૌર્યાંકિત ચરિત્રોને તેમણે પોતાની કવિતામાં અમર કર્યાં છે. આ સંદર્ભમાં એક અજ્ઞાત કવિ કહે છે.

*૧.૮.૩*

*'માત-પિતા સુત મેહળા, બાંધવ બિસારેહ,*
*શૂર,દાતા, સતિયા, ચરિત, ચારણ ચીતારેહ...*[૪૩]

(માતા,પિતા,પુત્રો પત્ની અને ભાઈઓ પણ સમય જતાં વિસરી જાય છે. પરંતુ શૂરવીરો, દાતારો અને સતીઓનાં ચરિત્રો ચારણોના ચિ ામાં અમર રહે છે.—

ચારણોની ઉજ્જવળ પરંપરાથી જ્ઞાત મધ્યકાલીન રાજવીઓ ચારણોને રાજયાશ્રય આપતા, અને અનેક વિધ દાનરૂપી પૂજાનાં ફૂલો ચારણોને અર્પણ કરતાં. પરન્તુ ચારણોના વ્યક્તિત્વની એક આગવી વિશિષ્ટતા એ છે કે દાન મેળવીને તેઓ દાન કરે છે. આવા દાનવીર ચારણોની પ્રશંસા વિશે મળતો દુહો જુઓ.

*૧.૮.૪*

*લખ પોંખણ દેઅણ સવા લખ લાખા,*
*રૂપણ કહણ ઝાલે આ રૂક;*
*ચારણ મરણથી પરા ન આચરે,*
*ચારણ મરણથી ન પાડે ચૂક..*[૪૪]

(લાખોની મહેમાની કરવાવાળા, લાખોનું દાન લઇ સવાગણું દાન દેવાવાળા, કવિત રચવાવાળા અને શસ્ત્રો ધારણ કરનારા ચારણો મૃત્યુથી દૂર ન ભાગે કે મૃત્યુને છેતરવાનો પ્રયાસ ન કરે.)

શત્રુઓ સામે રાજપૂતોને ઝુઝવા એમને પડકારતો, એમનાં શક્તિ જુસ્સો, ધૈર્ય વગેરે ને પુનઃ સંગઠિત કરતો, મંગલકારી મૃત્યુનો મહિમા ગાતો - સમજાવતો મૃત્યુ સામે હોય ત્યારે પણ પારોઠનાં પગલાં ન ભરતો ચારણ કવિ જ નહીં પણ એથી ય કંઇક વિશેષ હતો. અન્યના વીર મૃત્યુને વધાવનાર ચારણ યુદ્ધ છોડી કેમ જાય ? આ સંબંધે મળતો દુહો જુઓ..

**૧.૮.૫**

*પાહણ સમથ લૂટાવણ પાણે, નજ ગણ કહણ ઝાલેઆ નેમ,*
*પાંતરે તેઆં ચડાવે પાતાં, કવિ જણ વયણ પાતરે કેમ?..*[૪૫]

(જેઓ મળેલું સોનાનું દાન પોતાને હાથે જ લૂંટાવી દે છે. આત્મ પ્રશંસામાં રાચતા નથી. અને રણભૂમિ ત્યજીને ભાગનાર કાયરોને પોતાની બાની વડે શૂર બનાવે છે. એવા કવિજનો (ચારણો) પોતે યુદ્ધને છોડીને કેમ જાય ?)

ચારણોના વ્યક્તિત્વને તેમજ ચારિત્ર્યને પ્રગટ કરતો એક દુહો ચારણી સાહિત્યના તજજ્ઞ શ્રી પિંગળશીભાઇ પાયકે સંપાદન કરેલ છે. જેમાં ચારણોનાં વિશિષ્ટ લક્ષણો પ્રગટે છે. જુઓઃ

**૧.૮.૬.૧**

*'ગુંજ બહેરા દ્રવ આંધળા, ઝૂંઝળ વેળ આનંદ,*
*કાછદ્રઢા, કરબરસણાં, સો લચ્છન કવિચંદ..*[૪૬]

ડૉ. અંબાદાન રોહડિયા ઉપર્યુક્ત દુહાનો ભાવાર્થ આપતા કહે છે. કેઃ 'આ દુહામાં ચારણોનાં વિશિષ્ટ લક્ષણોની વાત કરવામાં આવી છે. પ્રથમ લક્ષણ 'ગુંજ બહેરા' છે. એટલે કે તે ગુપ્તવાતોને હૃદયમાં રાખી શકે તેવા હોય છે. ચારણ કોઇની ગુપ્ત વાતોને છતી ન કરે અને ચાડી-ચુગલી કરવામાં રાચે નહિ. તેમજ કોઇની ગુપ્ત વાતોને છતી ન કરે. ચારણનું બીજું લક્ષણ તે 'દ્રવ આંધળા' એટલે કે પારકા દ્રવ્યને જોઇને એ તરફ આંખ પણ ઊંચી ન કરે. કોઇના ધનમાં લાલચ રાખે નહિ. પોતાના ધન,શ્રમ અને પરસેવાનો રોટલો ખાય, એનું નામ તે ચારણ. ચારણનું ત્રીજું લક્ષણ છે, 'ઝૂઝળ વેળ આનંદ એટલે કે ચારણ શૂરવીર હોય. શૂરવીરતા બીજાને મારવામાં નહિ પરંતુ બીજા માટે પ્રાણ પાથરવાની હોય છે. ઝૂઝવું એટલે કે સત્યને માટે, ટેકને માટે, ઈજ્જત આબરુ માટે કુરબાન થઇ જવું. કોઇ ઉચ્ચ આદર્શ માટે પોતાની જાતનું બલિદાન આપવું. એનું નામ ઝુંઝવું. ચોથું લક્ષણ છે, 'કાછદ્રઠા', એટલે કે પરસ્ત્રી માતૃ સમાન ગણનારા, ઉપરાંત જેઓ ગૃહસ્થાશ્રમી હોવા છતા જેનો ગૃહસ્થાશ્રમ બ્રહ્મચર્યથી શોભતો હોય. ગૃહસ્થાશ્રમી હોવા છતાં જે વિષય વાસનાને વશ ન હોય. એનું નામ ચારણ. ચારણનું પાંચમું લક્ષણ છે 'કર બરસણા' એટલે કે ચારણ ઉદાર હોય છે. જેનામાં લાખ મેળવીને સવા લાખ આપવાની વૃિ હોય. જે પોતે એકલો ન જમે જેના રોટલામાં અતિથિનો ભાગ હોય તે ચારણ.'[૪૭]

૧.૮.૬.૨

ચારણી સાહિત્યના વિદ્વાન ઝવેરચંદ મેઘાણી ઉપર્યુક્ત દુહો પાઠાંતરે આ પ્રમાણે નોંધે છે. અલબ ા એ દુહાના ભાવાર્થમાં કોઈ ફેરફાર નથી, જુઓ :

*'ગુંજ બેરા, દ્રવ્ય આંધળા, ઝુઝળ વેળાયનંદ,*
*રાજ દુવારે વેડળા, સો લક્ષણ કવિચંદ'..*[૪૮]

(છુપી વાતો પરત્વે કેમ જાણે બહેરા હોય, જાણે કદી સાંભળ્યું જ ન હોય તેવી અદાથી બીજાનું રહસ્ય સાચવનારા, દ્રવ્યના ઢગલા પડયા હોય તેની સામે અંધ સમા, રાજ મહેલોની રમણીઓ પરત્વે નપુંસક હીજડાં સરખા ઉ ોજનાહીન, જેનાં લક્ષણો હોય તે કવિ તે ચારણ.)

ચારણો કયારેય પોતાનું કર્તવ્ય કે ફરજ ચૂકયા નથી, છતાંએ ચારણ કવિઓ કયારેય ફરજ ચૂકી ન જાય એ માટે સૂર્યમલ્લજી મિસણ... યાદ અપાવે છે ...કે

*૧.૮.૭*

*'રણ હાલીજે ચારણાં,ચાહે અબ લગ ચેન;*
*કરે સુહડ જિસડી કહો, વિધ સો દુર બણેન'...*[૪૯]

( હે ચારણો ! અત્યાર સુધી ચેન કરતા રહયા. હવે રણમાં ચાલો. યોદ્ધાઓ જેવી કરણી કરે તેવું કહો. દૂર રહીને સાચી કથન વિધિ નહિ બની શકે.)

ભારતીય સંસ્કૃતિના જતન માટે ક્ષત્રિયોએ કરેલ સંઘર્ષમાં ચારણોએ તેમનો ભરપૂર સાથ આપ્યો છે. રજપૂતોના હૃદયમાં એથી ચારણો અને રજપૂતો પ્રત્યે ઉચ્ચ ભાવના અને આદર હતો. ચારણો અને રજપૂતોના અનન્ય સંબંધો અંગે વાત કરતા જોધપુર નરેશ માનસિંહજી એ કહ્યું છે કેઃ

*૧.૮.૮*

*ચારણ ખત્રિયાં ભાઈયાં , જા ઘર ખાગ અરું ત્યાગ;*
*ખાગા ત્યાગા બાહિરા, વાસુ લાગ ન ભાગ..૧*
*ચારણ તારણ ખત્રિયા, ભગતા તારણ રામ;*
*વો અમરાપુર લે ચલે, વો નવખંડ રાખે નામ..૨*
*ખાગ ત્યાગ હી ખત્રિયા, હે જશ રાખણહાર;*
*ચારણ કસર નહીં, ચારણ રણ એ ચાર..૩*

*અક્લવિદ્યા ચિત ઉજળાં, ઈનકો ઘર આચાર;*
*વધતા રજપૂતા વિશે, ચારણ બાતાં ચાર..૪* [૫૦]

રાજસ્થાનના સુખ્યાત ચારણ કવિશ્રી નાથુસિંહજી મહિયારિયાએ ચારણોને અન્યથી ચડિયાતા દર્શાવ્યા છે. કેમ કે અન્યજ્ઞાતિઓમાં તો એકાદ-બે ગુણ હોય છે. પરન્તુ ચારણોમાં તો શૂરવીરો,સતીઓ,અને શક્તિઓએ અવતાર ધારણ કર્યો છે.જુઓઃ

**૧.૮.૯**

*'કિણ કુળ સુરા કિણ સતિ, ઈક દો ગુણાં જગત;*
*તિ ગુણ ગણાં કુળ ચારણાં, સૂરા સતી સગત'..* [૫૧]

મુસ્લિમ શાસકોએ ભારતમાં સ ા મેળવ્યા પછી પણ રાજસ્થાનના ક્ષત્રિયો અને ચારણોએ એક હજાર વર્ષ સુધી તેનો સામનો કર્યો છે. ક્ષત્રિયોની તલવાર અને ચારણોની વાણીએ ક્યારેય બાદશાહોને સુખની ઊંઘ લેવા દીધી નથી. આ સંદર્ભમાં એક દુહો પ્રચલિત છે કેઃ

**૧.૮.૧૦**

*ચારણ ચિતોડાહ, હૈ દોય સૂરજ હિન્દવા;*
*સાહા સુખ સોડાહ, દોયા નાંહ સુવણ દિયા..* [૫૨]

(સ્વતંત્રતાના ચાહક ચારણકવિઓ અને ઉદયપુરના સિસોદિયા રાજપૂતો એ બન્ને હિન્દવા સૂર્ય સમાન છે. તેમણે સાથે મળીને દિલ્હીના બાદશાહોને ક્યારેય સુખની સોડ તાણીને સુવા દીધા નથી.)

ચારણોને રાજ્યદાનની વાત યાદ કરવામાં આવે ત્યારે સૌ પ્રથમ જામ ઉન્નડનું નામ લેવાય છે. એ જામ ઉન્નડે ઇ.સ.૯૩૦ માં ચારણ સુધમલજી શામળને સિંધનું રાજ્ય સર્મપણ કરેલું એ ઘટનાની યાદ તાજી કરતો એક દુહો આ પ્રમાણે છે :

**૧.૮.૧૧**

*પાણ પોટલિયો ઝલિયો, ચારણ કિયો દિવાણ;*
*ઉનડ મોંલે આવિયો, સામઈ રો સુરતાણ..* [૫૩]

શ્રી ઝવેરચંદ મેઘાણી એ એમના પુસ્તક 'લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય' [૫૪] માં ઉપર્યુક્ત દુહો નોંધ્યો છે પરન્તુ એના ચરણો આડા-અવળા થઇ ગયા છે.

ચારણો સરસ્વતીના ઉપાસક હોવાથી તેમનાં કુટુંબોમાં સાહિત્ય સાધના અવિરત થતી રહેતી. અને સાહિત્ય શિક્ષણના સંસ્કારો ચારણોના લોહીમાં વણાય જતાં, આથી જ તો ચારણો અંગે કહેવાયું છે કે :

**૧.૮.૧૨**

*‘ ચારણ ચોથો વેદ વણ પઢયો વાતું કરે;*
*ભાખે આગમ ભેદ, સાચુ સોરઠિયો ભણે..*[૫૫]

માનવમાત્રના કલ્યાણાર્થે ચારણોએ બલિદાન આપીને પણ સત્ય અને સંસ્કૃતિનું જતન કર્યું છે. મહામૂલાં બલિદાનો દ્વારા ચારણોએ જાળવેલ ઈજ્જતની સાક્ષી પૂરતો એક દુહો મળે છે કે મધ્યકાળે અનેક લોકોએ મુસ્લિમો સાથે વૈવાહિક સંબંધો જોડયા, પણ ચારણો એ વાતથી દૂર રહ્યા.

**૧.૮.૧૩**

*‘હિંદવાસી અવરેહ, બહુધા તુરક વિવાહિયા;*
*ચોકસ ઉણ ચંવરેહ, ચઢી ન હેકો ચારણી..*[૫૬]

એવા પ્રજ્જવલનશીલ ચારણી સંસ્કારને ઓળખાવતો સોરઠો ચારણત્વનો પરિચય કરાવે છે, જુઓ...

**૧.૮.૧૪**

*ચારણ ને ચકમક તણી, ઓછી મ ગણે આગ;*
*ટાઢી હોય તાગ, (તોય) લાગે લાખણશીઉત..*[૫૭]

જોધપુરના મહારાજા માનસિંહે (ઇ.સ.૧૮૦૪ - ૧૮૮૩) ચારણોની-ખરી રીતે ચારણી સાહિત્યની પ્રશંસામાં ‘કવિ પુરાણ’ નામે ગ્રંથ રચ્યો છે તેના એક દુહામાં રાજદરબારમાં ચારણોનું મહ વ શું હોય ! એ ચીંધી બતાવ્યું છે.

**૧.૮.૧૫**

*ચારણ બાજ અરુ બારણ, ચલથ ઘણ નીસાણ;*
*જેણી દીવાણિ ન વજ હી, સે દીવાણ મસાણ..*[૫૮]

(ચારણો, હાથીઓ, અશ્વો અને નગારાઓ જે રાજદ્વારે ગાજતા નથી એ રાજદ્વાર સ્મશાન સમાન છે.)

મધ્યકાલીન યુગની રાજકીય સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ અનુસાર સાહિત્ય સર્જન કરનાર અને પોતાના જીવનને અનુરૂપઘાટ આપનાર 'ચારણ' જ્ઞાતિ વિશેના ઉલ્લેખો ચારણી સાહિત્યના ઉપર્યુક્ત દુહાઓમાંથી સાંપડે છે. એ ઉપરાંત પણ ઘણા કવિતો,સવૈયાઓ અને ગીતોમાં 'ચારણ' જ્ઞાતિની ઉજ્જ્વળ કુળ પરંપરા અને ચારણત્વને ઉપસાવનાર ઉલ્લેખો પ્રાપ્ત થાય છે, પરન્તુ અત્રે વિષય વ્યાપ વધે નહીં માટે તેનો ઉલ્લેખ કર્યો નથી.

## ૧.૯ ચારણ જ્ઞાતિની વિવિધ શાખાઓ

ભગવાનશ્રી મનુની અગિયારમી પેઢીએ સમ્રાટ પૃથુ મહારાજ થયા. તેમણે યોજેલ યજ્ઞનો ઈતિહાસ રચવા પૃથુ મહારાજની પ્રાર્થનાથી પ્રસન્ન થઈ ભગવાને બીરાણ મંત્ર જાણનાર મહાદેવના ગણ ચારણ દેવો પૈકી શ્રી પુષ્પદંત તથા શ્રી હર્ષદંતને ભૂલોક પર જઈ વસવાટ કરવાની આજ્ઞા કરી, ત્યારથી સ્વર્ગમાં વિહાર કરનારા ચારણો મૃત્યુ લોકમાં આવ્યા. હિમાલયને પોતાનો નિવાસ સ્થાન બનાવી વેદનો અભ્યાસ ચાલુ રાખ્યો. સરસ્વતીની ઉપાસના કરતા અને ઋષિમુનિઓ જેવું જીવન જીવતા ચારણોએ મોટાભાગનો સમય શક્તિ ઉપાસના-આરાધનામાં ગાળ્યો એટલે જ તો ચારણી સાહિત્ય નામે વિરલગંગોત્રી વહેવડાવનાર ચારણો 'દેવી પુત્રો' તરીકે ઓળખાયા. હિમાલયવાસી આ ચારણોમાં ત્યારે માત્ર સાત કુળો જ હતા. અને તે પણ જે વિસ્તાર (પ્હાડા)ની આસપાસ રહેતા હતા તેના નામ સાથે જોડાયેલા છે. અથવા તેમના મૂળ પુરુષના નામ સાથે આ સાત કુળના સાડાત્રણ પ્હાડા આ પ્રમાણે બન્યા છે. (૧) નરા (૨) ચોરાડા (૩)ચુંવા (૪) તુંબેલ [૫૯] (આ શાખાના કોઈ ભાણેજ ન હોવાથી તેને અડધો પ્હાડો ગણેલ.)

આ સાડા ત્રણ પ્હાડા પણ લગ્ન વ્યવહાર અર્થેના ગોત્રો હતા. 'એટલે કે નરા ચારણો બાકીના ત્રણ ગોત્રોની દીકરીઓ લ્યે-દે, બાકીનાં ત્રણ ગોત્રો પણ પોતાના ગોત્રો બહાર વહેવાર કરે.

કાલક્રમે એ સાડા ત્રણ ગોત્રોમાંથી ચારણોની ૨૩ શાખાઓ અસ્તિત્વમાં આવી અને એમાં લગ્ન વહેવારો શરૂ થયા. આ ૨૩ શાખાઓ નીચે પ્રમાણે છે.

### *૧.૯.૧ ચારણ જ્ઞાતિની મુખ્ય શાખાઓ :*

ચારણી સાહિત્યના મર્મજ્ઞ અને સુપ્રસિદ્ધ ચારણ કવિ પાતાભાઇ રતનું ચારણોની મુખ્ય શાખાઓ આ રીતે વર્ણવી છે.

*''ચુવા[૧] નરા[૨] ચોરાડા[૩] ઠાવા[૪] મારુ[૫] ઠાકરીયા[૬],*
*શામળ[૭] રતનું[૮] શાખ વડા અવસુર[૯] વળ ભરીયા,*
*મયારિયા[૧૦] મિસણ[૧૧] વાંધિયા[૧૨] બાટી[૧૩] વાચા,[૧૪]*
*સિંહઢાયચ,[૧૫] સિયાલ[૧૬] સોહે ધાંધણિયા[૧૭] સાચા,*
*જાખલ[૧૮] તુંબેલ[૧૯] કૂનડે[૨૦] જબર અરુ નેત્રામાં[૨૧] અસણી'*
*મહાદા[૨૨] શાખ્ય લીલા[૨૩] મળી જ્ઞાતિ ત્રેવીસ પરતાપ ગણી[૬૦]..''*

આ પ્રમાણે ચારણોની ત્રેવીસ શાખા છે. આજે ચારણોની અંદર જોવા મળતાં મારુ, સોરઠિયા,પરજીયા, તુંબેલ વગેરે ભેદો સાચા નથી, એ ભેદો પ્રદેશભેદ, રહેઠાણ અને આચાર વિચારની ભિન્નતા વગેરેને લીધે થયા છે. ચારણ વિદ્વાનોનાં સંશોધનો અને અભ્યાસોને આધારે આપણે કહી શકીએ કે ચારણો હકીકતમાં એક જ છે.

***૧.૯.૨ મુખ્યશાખાઓના કુળ પુરુષ - ઋષિ અને કુળદેવીઓ :***

ચારણ જાતિની મુખ્યશાખાની પેટશાખાઓની સંખ્યા (આશરે)તેના મૂળ પુરુષ અથવા ઋષિનું નામ તથા દરેકના કુળદેવીનું નામ પુ.આઇશ્રી સોનલમાં સ્મૃતિગ્રંથમાં આ પ્રમાણે મળે છે. [૬૧]

આ રીતે ચારણ જાતિની મુખ્ય શાખાઓ કુલ ૨૩ છે. અને તે ત્રેવીસની પાછી પેટા શાખાઓ છે. જેનો સરવાળો ૫૦૦ ઉપર થવા જાય છે. એ પેટા શાખાઓમાંથી કાળક્રમે કેટલીક નષ્ટ પણ થઇ છે, આ ત્રેવીસ શાખાઓ મૂળભૂત એક બીજાથી જુદી છે. અને ચારણ સમાજમાં પ્રચલિત શાખાગત ભેદો લગ્ન વહેવાર અને રીત રિવાજ સંદર્ભે પ્રવર્તે છે.

## ૧.૧૦ ચારણોની ત્રિવિધ પરંપરા

ભારતીય સંસ્કૃતિ, સંસ્કારનું સંસ્કરણ કરીને માત્ર તેને જીવંત રાખવામાં જ નહીં પરંતુ ભારતીય સંસ્કૃતિની હરોળમાં મૂકવા યોગ્ય બનાવવામાં ભારતની ચારણજ્ઞાતિનું જે યોગદાન છે. તે જોતા તેમનો ઇતિહાસ તેમની પરંપરા ઘણી જ પ્રાચીન જણાય છે. તેમાંથી

અહિંયા તેમની સામાજિક, ધાર્મિક અને સાહિત્યિક એમ ત્રિવિધ પરંપરા વિશે ટૂંકમાં વિગતો આપવાનો પ્રયાસ કરેલ છે.

## ૧.૧૧ સામાજિક પરંપરા

ચારણ અને ચારણ સમાજનો જે રીતે વિધ-વિધ સાહિત્ય પુરાણો, રામાયણ, મહાભારત આદિ ગ્રંથોમાં ઉલ્લેખ જોવા મળે છે. તે ઉપરથી એટલું કહી શકાય કે તેઓની જે ત્રિવિધ પરંપરા છે. તે ખૂબ જ ચિરકાલીન છે અને એટલાજ માટે આ બાબતને ધ્યાનમાં રાખીને ડૉ. અંબાદાન રોહડિયા 'સાહિત્યાભિમુખ' સામાજિક પરંપરા વિશે જણાવે છે કેઃ

''ચારણી સાહિત્ય અને ચારણોની ઉજજવળ પરંપરાથી જ્ઞાત મધ્યકાલીન રાજવીઓએ ચારણોને રાજ્યાશ્રય આપેલો ચારણોની આ વિશિષ્ટતાને કારણે જ અનેકવિધ દાનરૂપી પૂજાનાં ફૂલો ચારણોને અર્પણ થયાં છે. ઢાંકના નાગાજણ જેઠવાએ અને જૂનાગઢના રા' ડિયાસે ચારણ કવિઓને પોતાનું મસ્તક દાનમાં આપેલું અને તળાજાના એભલવાળાએ પોતાના પુત્રનું મસ્તક આઇ શ્રી સાંઇ નેહડીને અર્પણ કરેલ.''[૬૨]

ઉપરની થોડી જ બાબત પરથી એટલો ખ્યાલ આવી શકે છે કે તેમની એક બલિદાન આપવાની આગવી પરંપરાને કારણે જ તેઓની એક આગવી સામાજિક પરંપરા પ્રસ્થાપિત થયેલ છે. એ તે વાતને વધારે પૃષ્ટિ આપતા શ્રી મેઘાણી લખે છે કે. ''મૂળીના શેષાજી પરમારે ચારણ કવિને જીવતા સિંહનું દાન આપેલું.''[૬૩]

આમ ચારણોની સામાજિક પરંપરામાં તેઓને કેવા-કેવા દાનરૂપી ભેટ સોગાદથી સન્માનિત કરવામાં આવતા હતાં, તે બાબતનો ખ્યાલ આવે છે. તો હજુ તેઓની આ સામાજિક પરંપરા વિશે બદરીપ્રસાદ સાકરીયા જણાવે છે કે.

''સિંધના રાજા ઉનડ જામે શામળ શાખાના ચારણ સુધ (સિદ્ધમલજી)ને સિંધનું રાજય આપેલું.''[૬૪]

તો નરોત્તમદાસ સ્વામી જણાવે છે કે ''સોરઠના રાજા રા'ખેંગારે કવિરાજ લૂણપાળ મહેડુને ૫૦ કરોડ સાથે સોરઠનું રાજય દાનમાં આપેલું.''[૬૫]

ચારણોની સામાજિક પરંપરા વિશે વિસ્તૃત માહિતીનો ખ્યાલ ચારણોની વંશાવળીના ચોપડામાંથી મળે છે. ''પાટણપતિ સિદ્ધરાજ જયસિંહ સોલંકીએ મહાદાન્વય

ચારણને આનર્ત(કાઠિયાવાડ) દેશનું રાજ્ય દાનમાં આપેલું. જામનગરના જામરાવળે ઈસરદાસજીને વિ.સં.૧૫૯૭ માં કરોડપશાવ સાથે સંચાણા ગામ આપેલ.''[૬૬]

તો ડૉ. અંબાદાન રોહડિયા જણાવે છે કે ''મૂળીના રાજવી રતનસિંહ પરમારે પરબત મિસણને કરોડપશાવ આપેલ.''[૬૭]

ચારણોની પરંપરા વિશે વધારે ઉલ્લેખ કરતાં ડૉ.રોહડિયાએ નોંધ્યું છે કે :

''કચ્છના રાવ, ખેંગારજી (પહેલા) એ ચારણોને ૬૦ ગામો દાનમાં આપેલાં. જામ સતાજીએ દુરસાજી આઢાને કરોડપશાવ આપેલ. સિદ્ધરાજ જયસિંહે આણંદ - કરમાણંદ મિસણને મમાણા ગામ આપેલ. ઈડરના રાવ કલ્યાણમલ્લે સાંયાજી ઝૂલાને વિ.સં. ૧૬૬૧ માં લાખપશાવ સાથે કુવાવા ગામ આપ્યું.''[૬૮]

આમ દીર્ઘ પરંપરા ધરાવતા ચારણોએ સાહિત્ય અને સમાજ માટે જે ઉજ્જવળ કાર્ય કરેલ તેના જ કારણે તે રાજ્યાશ્રયી બનેલ અને ચારણ સમાજના કવિઓ આવા ઉચ્ચ માન-સન્માનના હકદાર બનેલ તે બાબતનો ખ્યાલ ઉપરોક્ત વિગતોને જોતા આવે છે.

## ૧.૧૨ દાનવીર ચારણો

ચારણો પોતાની આગવી શક્તિ અને શૌર્યના કારણે જે અનોખી સામાજિક કેડી કંડારેલ છે. તેવી જ રીતે તેઓની દાનવૃત્તિ પણ ખૂબ યશસ્વી છે.

ચારણો રાજ્યાશ્રય અને વિવિધ દાનો મેળવીને તેને ભોગવનાર સમાજ નથી પરંતુ, તેઓની દાનવૃત્તિ વિશે તેવું કહેવાય છે કે ''લ્યે લાખ, આપે સવા લાખ.''[૬૯] અને એટલે જ તે વાતને પૃષ્ટિ આપતા ડૉ.અંબાદાન રોહડિયા જણાવે છે કે, ''રાવળ, મીર, મોતીસર, ચાવડા, ઉદિયા અને ચોટલા એ છ જ્ઞાતિ ચારણોના યાચકો છે.''[૭૦]

ઉપરની વાત પરથી એટલું જણાવી શકાય કે પોતાની આગવી વીરતા ભરેલ જીવનશૈલીમાં સમાજના વિવિધ વર્ગોને મદદગાર થનાર આ ચારણ સમાજે તેઓની આ સામાજિક પરંપરામાં દાન આપવાની સરવાણીનો સ્ત્રોત અવિરતપણે વહાવેલ અને તે માટેની પૃષ્ટિ કરતાં ઘણા બનાવો ભૂતકાળમાં બનેલ તે અહીંયા આપ્યા છે.

''સિંધના સમોઈનગરનું રાજ્ય કવિરાજ સિદ્ધ ચારણે રાજ્યના માલિક હોવાને દાવે જામ ઉન્નડના સગીર કુંવર સમાને દાન આપેલું.''[૭૧]

ચારણોમાં પોતાના અને અન્ય સમાજના વિધ-વિધ નબળા વર્ગો તેમજ અબોલ જીવ માટે જે યોગદાન આપી દાનની સરવાણી વહાવેલ તેમાં ''ઇસરદાસ રોહડિયાએ પોતાની જ્ઞાતિના પંચાર્થે, કસાઇ વાડે જતાં પશુઓના બચાવાર્થે, ગરીબ બ્રાહ્મણોની કન્યાઓના કન્યાદાનાર્થે અને પોતાના દોહિત્રના પરિવારાર્થે એક-એક લાખ અને મોતીસરને સવાલાખ એમ કુલ સવા છ લાખ કોરી દાનમાં આપેલ.''[૭૨]

સમાજમાં દરેક ક્ષેત્રે પોતાની આગવી સૂઝ દાખવનાર અને જગદંબાની કૃપાથી ચારણો દેશ રક્ષક, દાનવીર અને જીંદાદીલિ માટે ખૂબજ મશહુર થયા છે. એટલે ટૂંકમાં ઉપર જણાવેલ તેઓની પ્રવૃ િ અંગે કહેવાય કે તે જાણે ગૌ-બ્રાહ્મણ પ્રતિપાલની ભૂમિકા સહજતાથી અદા કરતાં હતાં. અને તે માટે તેઓએ દાનવીર તરીકેની જે છાપ ઉપસાવી છે. તે માટે જે અન્ય ઘટનાઓ ઘટેલ તે આગળ જણાવેલ છે.

''કચ્છના માવલજી વરસડા (સાબાણી) એ ચારણ જ્ઞાતિમાં સૌ પ્રથમ સમૂહલગ્નનું આયોજન કરીને ચારણ સમાજને ધન દાનમાં આપેલું. હરદાસજી મિસણે રાવળદેવ કલંગ કવિને દસ લાખ પશાવ દાનમાં આપેલા. ચોરાડ પ્રદેશના ચારણ રાજવી સાંખડા પડયારે બાર ગામ દાનમાં આપેલા. સનાળી ગામના ખોડાભાઇ લીલાએ ૮૦ ભેંસો દાનમાં આપેલ. રેશમિયાના કમાભા પાલિયાએ રાજસ્થાનમાં પાલી અને ગુજરાતમાં બળોલ ગામમાં મંદિર બંધાવેલ. આમ, ચારણોએ દાન આપવાની પરંપરા પણ પ્રસ્થાપિત કરેલી.''[૭૩]

### ૧.૧૩ સત્યના ઉપાસક ચારણો

સમાજ માટે દાન આપવું ઉ ।મ ગણાય છે. પરંતુ જયારે જરૂર પડે ત્યારે સમાજમાંથી અસત્યનો નાશ કરવા માટે અને સત્યની સ્થાપના કરવા માટે જયારે કોઇ સત્યના ઉપાસક બની સર્વસ્વનો ત્યાગ અને આત્મબલિદાન આપી સમાજ માટે જે યોગદાન આપેલ છે તે ખરેખર ચિર-સ્મરણન્ય છે. અને એટલા જ માટે આ બાબતનો ઉલ્લેખ કરતાં ડૉ.અંબાદાન રોહડિયા 'ચારણી સાહિત્ય વિમર્શ' માં જણાવે છે કે :

''ચારણો એ સત્યની ઉપાસના ખાતર સર્વસ્વનો ત્યાગ કર્યાનાં ઉદાહરણો મળે છે. ભાવનગરના મહારાજા વજેસિંહને, લીંબડીના રાજવી ઝાલા હરિસિંહને, જામનગરના

જામરાવળને અને પોરબંદરના ફતેસિંહજીને ચારણકવિઓએ મોઢામોઢ સત્ય સંભળાવ્યાના પ્રસંગો ઇતિહાસ પ્રસિદ્ધ છે.''[૭૪]

ચારણોએ સમાજ માટે જેમ સાહિત્યની રચના કરેલ છે. તેમ અવસર આવ્યે આ ચારણકવિઓએ શૂરવીરને છાજે તેવી રીતે યુદ્ધના મેદાનમાં શસ્ત્રો ઊઠાવીને યોગદાન આપ્યું છે.

## ૧.૧૪ શૂરવીરતાના પ્રતીક ચારણો

સત્ય અને સરસ્વતીના ઉપાસક ચારણોએ પોતાની વિશિષ્ટ કુળ પરંપરા પ્રસ્થાપિત કરી છે, તેમાં દાનવીરતા અને શૂરવીરતાનો પણ સમાવેશ થાય છે. ચારણોએ દાખવેલ અપ્રિતમ શૌર્ય સંદર્ભે ડૉ.અંબાદાન રોહડિયા યથાર્થ જ નોંધે છે કેઃ

''ચારણો શૂરવીર હતા, મધ્યકાલીન યુદ્ધોમાં એક પણ યુદ્ધ એવું નથી કે જેમાં ચારણકવિઓએ યોદ્ધા તરીકે ભાગ ન લીધો હોય, આંબરડીના વિહળ રાબાએ તેમના દસ જ્ઞાતિબંધુઓ અને એક મિત્ર સાથે અકબરના સૈન્ય સામે યુદ્ધ કરીને ચારણત્વની પ્રતીતિ કરાવેલી. આંબરડીમાં આ વાતની ગવાહી આપતી ખાંભીઓ ઊભી છે. અન્યાય અને અનીતિનો પ્રતિકાર કરવા માટે ચારણોએ ધરણા અને ત્રાગાનું હથિયાર અપનાવેલું, આત્મત્યાગીવૃ િધરાવતા ચારણોથી સમાજનો પ્રત્યેક વર્ગ ડરતો.''[૭૫]

આમ, સમાજ માટે આત્મબલિદાન,સેવા,સર્મપણની ભાવના ધરાવતા ચારણોની આઇ પરંપરાનો ઇતિહાસ સુર્વણાક્ષરે લખાયેલ છે, એ બાબત અહીં નોંધવી જોઇએ કે :

''ચારણ આઇઓના રૂપ-સૌંદર્યની એષણા કરનાર નરપિશાચોને શરણે થવાને બદલે પોતાના શરીરના કટકે-કટકા કરીને લોહી છાંટનાર ચારણ દેવીઓએ દાખવેલ શૌર્ય અને ચારિત્ર્યશીલ પરંપરા જગ વિખ્યાત છે.''[૭૬]

અને આ ચારણ આઇઓના જ વંશજ ચારણો સમાજમાં કેવી પરંપરા પ્રસ્થાપિત કરે તે સહજ સમજાય તેવી વાત છે. જેવી રીતે ભારતીય સમાજમાં વીરતા,શીલ,ઉદારતા જેવા ગુણોથી જે ઉમદા અને ઉદા ા સામાજિક પરંપરાને ચારણોએ જે રીતે વિકસિત કરી છે, તેવી જ રીતે ધર્મક્ષેત્રે પણ એક આગવી પરંપરા વિકસાવી છે.

### *૧.૧૩ ધાર્મિક પરંપરા :*

ભારતીય સંસ્કૃતિ બિનસાંપ્રદાયિકતાને વરેલ સંસ્કૃતિ છે. વિશ્વની મહાન સંસ્કૃતિઓમાંની એક તે ભારતીય સંસ્કૃતિનું મહ વ જ કદાચ એટલા માટે છે કે તેના મૂળમાં 'વસુધૈવ કુટુંબકમ''ની ભાવના રહેલ છે. તેથી જ ભારતવર્ષની અંદર વિવિધ ધર્મો અને સંપ્રદાયો વિકસિત થઇ ભારતીય સંસ્કૃતિને પરિમાર્જિત કરે છે.

ભારતની સંસ્કૃતિના વિકાસમાં અને ધર્મક્ષેત્રે જે કોઇ ધાર્મિક પરંપરાએ મહ વનું યોગદાન આપ્યું છે તેમજ ચારણ સમાજનું પ્રદાન સદા સ્મરણીય અને સરાહનીય જણાય છે. કેમ કે, આજે પણ ચારણોને 'દેવી પુત્રો' ગણાવામાં આવે છે. આ ચારણોએ જે આઇઓના આશ્રયે જે રીતે ધાર્મિક પરંપરાને વિકસાવી છે, તે અન્ય પરંપરાઓથી જુદી જ અને વિશિષ્ટ છાપ ઊભી કરે છે. ચારણોની ધાર્મિક પરંપરામાં વીરતાનાં દર્શન થાય છે. અને તે માટેના ઈતિહાસમાંથી ઘણાં ઉદાહરણો પ્રાપ્ત થાય છે, તેમાંથી અહીં તો ચારણ આઇઓ અને ધાર્મિક પરંપરામાં આપેલ યોગદાન વિશે જ ટૂંકમાં વાત કરી છે.

### **૧.૧૫ ચારણ જ્ઞાતિમાં શક્તિ ઉપાસનાની પરંપરા**

ચારણ જ્ઞાતિ અને ચારણી સાહિત્યને યથાર્થ રૂપે સમજાવવા માટે ચારણોની કુળ પરંપરાને સમજવાનું અત્યંત જરૂરી છે. જગદંબાની ઉપાસના - આરાધનાને જ પોતાનું પ્રથમ અને પરમ કર્તવ્ય માનનાર ચારણોએ એકનિષ્ઠ રીતે પરમેશ્વરીનું પૂજન કર્યું છે. પિતા તુલ્ય પરમાત્માના નામની આરાધના કરવાને બદલે ચારણો જગદંબાનું જ નામ સ્મરણ કરે છે. માતૃશક્તિ પ્રત્યેનો ચારણોનો પક્ષપાત જગવિદિત છે. ચારણો પોતાને જોગમાયાનાં છોરું તરીકે ઓળખાવે છે. આ વાતની યાદ આપતાં સમર્થ કવિશ્રી દુલા કાગ કહે છે કે :

*' ભાન બેભાનમાં માત ! તુજ ને રટયા,*
*વિસારી બાપનું નામ દીધું;*
*ચારણો જન્મેથી પક્ષ પાતી બની,*
*શરણ જનની તણું એક લીધું...'*

'મહિમાવંત માતૃશક્તિની એકનિષ્ઠ આરાધના કરનાર ચારણ જ્ઞાતિમાં ક્ષમા, સંયમ, તપ, ત્યાગ અને શૌર્યના સંસ્કાર સવિશેષ દૃઢમૂળ થયા છે. આત્મ બલિદાન

આપવાની શક્તિ અને તત્પરતા દાખવનાર ચારણોને ત્યાં અનેક યોગમાયાઓએ અવતાર ધારણ કરીને આર્ય સંસ્કૃતિની રક્ષા કરી છે. દિવ્ય સંસ્કાર અને શક્તિના સ્ત્રોત સમી આ ચારણદેવીઓ અન્યાયનો પ્રતિકાર કરવામાં સૌથી મોખરે રહ્યા છે. સમાજનાં શાશ્વત જીવનમૂલ્યોની રક્ષા અને કર્તવ્યપાલનને મહ વ આપનાર આ ચારણ દેવીઓએ ચારણોની વિશિષ્ટ અસ્મિતાને પ્રગટાવી છે. અને સર્વજન હિતાય-સર્વજન સુખાય તપોમય જીવન વિતાવ્યું છે. આથી જ સમાજે ચારણ માતાઓને આઇનું વિરલ અને પૂજનીય બિરુદ આપ્યું છે. ચારણને ત્યાં જન્મ ધારણ કરનાર દીકરીઓ- બહેનો- માતાઓને આઇ તરીકે ઓળખવામાં આવતા.'[૭૭]

ભગવતી મહાશક્તિની ઉપાસનાને મહ વ આપતી ચારણ જ્ઞાતિ શાકત મતાવલંબી છે. પરન્તુ શાક્ત સંપ્રદાયમાં જોવા મળતા ઉપાસના ક્રમને કે અન્ય વિધિવિધાનોને મહ વ આપી તેણે સ્વીકાર્યા નથી. શ્રી શંકરદાનજી દેથા આ બાબતે નોંધે છે કે 'ચારણો શાક્ત છે, તે એટલે સુધી કે ચારણ જાતિની વ્યક્તિને બીજી જાતિના લોકો 'દેવીપુત્રો' તરીકે સંબોધે છે. આ જાતિમાં જન્મ લેતી દીકરીઓને નાનપણથી જ માતાઓ તરફથી એવું શિક્ષણ મળે છે કે 'તું સાક્ષાત્ દેવી છે. ભગવતીએ પોતાના અંશ વડે તને ઉત્પન્ન કરી છે. આ રીતે નિરંતર બોધ થવાથી તે નાનપણથી જ પોતાને 'માતાજીની સુઆસણી' અર્થાત્ દેવીની સહોદર-બહેન-માનતી થઇ જાય છે. સાથે એનો પ્રેમ પણ ઉત્કર્ષતા પામે છે. આ કારણથી ભગવતી મહાશક્તિ અથવા જગદીશ્વરને સ્ત્રી રૂપમાં ઉત્પન્ન થવા માટે ચારણ જાતિ વધુ અનુકૂળ જણાઇ અને વખતો વખત આ જાતિમાં દેવીઓના અવતાર થતા રહ્યા.''[૭૮]

ચારણ જ્ઞાતિમાં દીર્ઘકાળથી ચાલી આવતી શક્તિ પરંપરાનું રહસ્ય સમજાવતા શ્રી રતુદાન રોહડિયા લખે છે કે ''ચારણોના શાકત મતાવલંબને એક ચમત્કાર સર્જ્યો. દેવી ભક્ત ચારણોમાં નારી એ ભોગ્યા નહિ પૂજનીયા બની રહી. એનું પરિણામ એ આવ્યું કે આવા સ્ત્રી સન્માનના પરિતોષને કારણે અને ચારણ આઇઓ પોતાના તપ તેજે સાધના-આરાધના અને મેધાશક્તિથી જગદંબાનું પદ પામીને પૂજાતી થઇ ગઇ. આજેય ચારણકુળમાં જન્મેલી આવડ,ખોડિયાર, પીઠડ અને વરુડી ઇત્યાદિ દેવીઓ લોકોમાં પૂજાય છે.[૭૯]

ચારણત્વ અને શક્તિ પરંપરાનો સુભગ સમન્વય થવાથી ચારણોની પુત્રીઓ અને માતાઓને આઇનું- જગદંબાનું બિરુદ પ્રાપ્ત થતું. ચારણોનો એ સુવર્ણકાળ હતો, કેમ કે,

ચારણોના નેશમાં ભગવતીની ઉપાસના થતી હતી અને ધરોધર લોબડિયાળી ચારણ આઈઓ જન્મ ધારણ કરતી હતી. શ્રી જયમલ્લ પરમાર આઈઓ સંદર્ભે કહે છે કે, 'ધર્મ રક્ષા કાજે સૌથી વધુ ઝુઝયાં છે ચારણ આઈઓ. મહાન ગણાતાં રાજયો સામે, બળવાન ગણાતા રજવાડા સામે અને અન્યાયના પ્રત્યેક પ્રસંગે પણ આ ચારણ્ય સંતોનો ઈતિહાસ ઘણો મહાન છે. એમની ભક્તિ સદાય અપાર્થિવ રહેતી આવેલી. એમાંથી ચમત્કારોના પડળ દૂર કરીને કોઈકે ચારણ આઈઓની આત્મ સાધનાનો મહાન ઈતિહાસ આપવો ઘટે.[૮૦]

શક્તિ પરંપરાના વાહક ચારણ આઈઓની આગવી વિશેષતા એ હતી કે તેઓએ ઉપદેશ આપવાને બદલે જે તે વિચારને આચરણ દ્વારા પ્રત્યક્ષ કરી આપ્યો. તેમણે કયારેય ધર્મો કે સંપ્રદાયોની સ્થાપના ન કરી કે મંદિરો કે મઠો ન બંધાવ્યાં. અને બાહ્ય વિધિ વિધાનોને બદલે અંતઃકરણની શૃદ્ધિ પ્રેમ,દયા,મમતા અને સ્નેહને પ્રાધાન્ય આપ્યું. ભલભલા રાજા-મહારાજાઓ ચરણે નમતા હોવા છતાં રાજય વૈભવ કે ધનસંચયનો વિચાર ન કર્યો. તપ, ત્યાગ, સંયમ અને આતિથ્યપૂર્ણ સાદું જીવન જ સ્વીકાર્યું ને વ્યક્તિને બદલે સમષ્ટિના કલ્યાણને પ્રાધાન્ય આપ્યું. ચારણ સમાજમાં પ્રવર્તતી આઈ પરંપરા સંદર્ભે શ્રી પિંગળશીભાઈ પાયકના વિચારો નોંધવા જેવા છે : ''વેદકાળની જૂની સાદી પ્રણાલિકા એ એમની જીવન પ્રણાલિકા હતી. મહા સરસ્વતીનો ભાવ જીવનમાં ઉતારીને એમણે ચારણોને નિગૂઢ ભક્તિ, સૌમ્યતા, શાંતિ અને વિદ્યાનો વારસો આપ્યો. સરસ્વતીપુત્રો બનાવ્યા અને એમનું મહાલક્ષ્મી સ્વરૂપ કેવું હતું ? ગૃહસ્થાશ્રમની મર્યાદાઓનું રક્ષણ અને પાલન કરીને એમણે સમાજ વ્યવસ્થાને વ્યવસ્થિત રાખવામાં અગ્ર ભાગ ભજવ્યો. સ્વકર્મમાં પુરુષાર્થ એ એમનો જીવનમંત્ર હતો, આતિથ્યની ઉચ્ચ ભાવનાભર્યું અન્નપૂર્ણાપણું એમના જીવનમાં ઓતપ્રોત હતું. રોટલે પહોળાં ન હોય એવાં એકપણ આઈની કલ્પના પણ નથી થઈ શક્તી. ખૂબ ઉદાર,ખવરાવીને,આપીને ખુશ થનારા હતા, આ એમનું મહાલક્ષ્મી સ્વરૂપ હતું. જેનું અનુકરણ કરીને ચારણો દઢ પુરુષાર્થી, મોટા વ્યાપાર વાણિજય ખેડનારા અને માલઢોરના પાલક બન્યા. સાથો સાથ ઉદાર-વિશાળ મનવાળા તથા સંપત્તિના સ્વામી બનેલા. અને આઈઓના જીવનમાં ત્રીજું સ્વરૂપ વિનાશાય ચ દુષ્કૃતામ'નું મહાકાળી સ્વરૂપનું છે. જે એમની ખાસ વિશિષ્ટતા છે.જેના દ્વારા અન્ય જાતિઓના બીજાં પુણ્યવંતા બાઈઓ અને બહેનોથી ચારણ આઈઓ જુદા તરી આવે

છે. જ્યારે કોઇ વ્યક્તિ કે વ્યક્તિઓના અથવા સમાજના હકકો અથવા મર્યાદાઓ પર કોઇ બળવાન રાજા-મહારાજાઓએ કે સ ાાધીશોએ- સમ્રાટોએ તરાપો મારી અન્યાય અનીતિ આચર્યા, ગામ ગરાસ  કે ધર્મ પર ધાડ આવી, આબરુ- પ્રતિષ્ઠા અને જીવનને જોખમમાં મૂકયાં ત્યારે એ સાદા સોયલાં અન્નપૂર્ણાઓએ મહાકાળીના સ્વાંગ સજયા. જુલ્મી સ ાાધીશો અને રાજકર્તાઓને રોળ્યા. તાવડીમાં રોટલો ઉથલાવે તેમ રાજયોની ઉથલપાથલ કરી. ઉપરાંત પ્રસંગ આવ્યે આત્મ બલિદાન આપીને અન્યાય, અનીતિ જુલ્મ અટકાવ્યા અને એ બધું નિરાભિમાન ભાવે અને જગહિતાર્થે કર્યા બાદ સામર્થ્ય હોવા છતાં રાજય કે સંપ િના મોહમાં ન પડયા.[૮૧]

ચારણોની શક્તિ પરંપરાનું જીવતું જાગતું ઉદાહરણ એટલે આઇ સોનબાઇમાં. તેઓ હમણા સુધી હયાત હતાં. આઇ પરંપરાના રહસ્યને તેઓ આ પ્રમાણે સમજાવે છે. '' આપણામાં નવલાખ લોબડિયાળીઉ થઇ છે. એમના પથરા પૂજાય છે. તો જીવતીઉ કેમ ન પૂજાય ? આપણે દેવપણું સાચવીએ તો આજે પણ આપણી બેનું દીકરીઉ જગદંબાઉ બને. જગદંબા એટલે ? જે વિષયને આધીન ન થાય ઇ જગદંબા ને જે વિષયમાં લપેટાય એનું નામ સ્ત્રી.''[૮૨]

આઇ-શક્તિ  પરંપરા વિશે પોતાનું મંતવ્ય રજૂ કરતાં ડૉ. અંબાદાન રોહડિયા લખે છે કે 'ચારણ જ્ઞાતિમાં નવલાખ લોબડિયાળી તરીકે જેનો ઉલ્લેખ થયો છે તે સર્વ આ દૈવી અંશોનો ઉલ્લેખ છે. પરન્તુ જે રીતે સ્તુતિમાં 'ચોર્યાસી ચારણી'નો ઉલ્લેખ થાય છે. તે ચારણજ્ઞાતિમાં થયેલ મહા શક્તિના ચોર્યાસી અવતારના સંદર્ભમાં છે. ચારણ જ્ઞાતિમાં જન્મ ધારણ કરનાર આ ચોર્યાસી બાળાઓ અન્ય ચારણ મહિલાઓની તુલનામાં અસાધારણ શક્તિ સંપન્ન હોવાથી તેને મહાશક્તિ તરીકે ઓળખાવાયા હશે.'[૮૩]

ચારણ સ્ત્રીઓમાં પરંપરાગત રીતે પ્રગટતા આઇ ત વ સંદર્ભે શ્રી પિંગળશીભાઇ પાયક કહે છે કે 'આઇ એટલે માતૃભાવનાની પરાકાષ્ઠા. માનવપણાનો ભાવ, જેમનામાં એવો ભાવ પ્રગટે અને પ્રચ્છન્ન રૂપે છલ્લોછલ ભરપૂર હોય તે આઇ. માતૃત્વનો સર્વો ામ અને સર્વોચ્ચ વિકાસ જેમનામાં થાય તે આઇ.''[૮૪]

ચારણ આઇઓની આગવી વિલક્ષણતા ડૉ. અંબાદાન રોહડિયા આ પ્રમાણે આલેખે છે. 'આર્ય સંસ્કૃતિ અને ચારણત્વના રક્ષણ કાજે જયારે જયારે ધર્મ, સંસ્કૃતિ સ્વાતંત્ર્ય કે ઇજ્જત પર વિધર્મીઓએ આક્રમણ કર્યું ત્યારે તેનો પ્રતિકાર કરવામાં ચારણો

સૌથી અગ્રેસર રહ્યા છે. સત્ય અને સરસ્વતીની ઉપાસના કરનાર ચારણ આઈઓનાં હૃદયો ફૂલ સરખાં કોમળ હોવા છતાં અવસર આવ્યે વ્રજ સરખાં કઠોર પણ બની શક્તાં. ચારણ આઈઓ ઘર અંબિકા અને રણચંડિકા બનાવની ક્ષમતા ધરાવતાં. આથી સિંધના હમીર સુમરાના અમાનુષી શાસનનો પ્રતિકાર કરીને આઇ આવડ-આશાપુરાએ સમાઓને સિંધનું રાજ્ય અપાવ્યું. તો આઇ કરણીજીએ રાજસ્થાનમાં જોધપુર અને બિકાનેરનાં રાજ્યોની સ્થાપનામાં અને સંરક્ષણમાં મહ વનો ભાગ ભજવ્યો. આઇ ખોડિયારે વલ્લભીનાં વાળા શિલાદિત્યને હરાવીને પ્રજાને મુક્તિ અપાવી. આ ઉપરાંત આઇ વરુડી, આઇ પીઠડ, આઇ જાનબાઇ, આઇ કાગબાઇ, આઇ જીવણી, આઇ નાગબાઇ, આઇ રાજબાઇ અને આઇ બેચરાજીએ જુલ્મો અને અત્યાચારનો પ્રતિકાર કરીને રાજયોના સ્થાપન-ઉથાપનમાં મહ વનો ભાગ ભજવ્યો.અલબ ા,આ બધી પ્રવૃ િ પાછળ વ્યક્તિગત સ્વાર્થ કે લાભ મેળવવાની વૃ િ નથી. પરન્તુ સમગ્ર માનવજાતના કલ્યાણાર્થે તેઓએ બલિદાન આપીને પણ સત્ય અને સંસ્કૃતિનું જતન કર્યું છે. પ્રકૃતિના ખોળે રહીને સાદું જીવન જીવતા ચારણ આઇઓનાં કાર્યોનું ઐતિહાસિક દૃષ્ટિએ સવિશેષ મૂલ્ય છે. કેમ કે આખરે તો તેમણે સમાજના ઉત્કર્ષાર્થે જ આ પ્રવૃ િ કરી છે.'[૮૫]

## ૧.૧૬ ચારણી સાહિત્ય

ચારણી સાહિત્ય માટે કહેવાય છે કે જીવન અને જગતથી સંબંધિત કોઈપણ એવો વિષય નહીં હોય કે જેને આ સાહિત્ય સ્પર્શ્યું નહિ હોય! ગુજરાત અને રાજસ્થાનનાં સેંકડો વર્ષોના સંસ્કાર એનું સંઘર્ષમય જીવન અને લોકજીવનનું પ્રતિબિંબ પાડતા આ સાહિત્યમાં લોકોની ભક્તિભાવના, આદર્શ અને ત્યાગની વાતો, વેદના-સંવેદના,પ્રેમ અને વિરહ નિસર્ગ પ્રત્યેનો પ્રેમ, ધર્મવીરો અને દાનવીરોની પ્રશંસા, રણોન્મ ા વીરો અને મરણાતુર મહિલાઓની ખુમારી છલ્લોછલ ભરેલી છે. સાહિત્યિક ગુણવ ાા અને સમૃદ્ધિ બન્નેમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યથી આ સાહિત્ય જરાયે પાછળ નથી. આદિકાળમાં વંશ પરંપરાગત રીતે કંઠ પરંપરામાં જળવાતું, હસ્તપ્રતોમાં સચવાતું ચારણી સાહિત્ય મધ્યયુગમાં પૂર્ણ પણે ફૂલે ફાલે છે. અને રાજદરબારથી માંડીને લોકડાયરા સુધી વ્યાપી જઇ આદર પ્રાપ્ત કરે છે. એવા આ સાહિત્યના નામાભિધાન, ઉદ્ભવ અને વિકાસ, સ્વરૂપ

વૈવિધ્ય અને વિષય વૈવિધ્ય તેમજ આ સાહિત્યની સમૃદ્ધિમાં ઉમેરો કરતા સમર્થ કવિઓનો પરિચય મેળવીએ.

## ૧.૧૭ ચારણી સાહિત્ય નામાભિધાન

વેદની ઋચાઓનું ગાન કરનારા, ઋષિ મુનિ કોટીના તપસ્વી અને અનેક સિદ્ધિઓને વરેલા, સ્વર્ગમાં હિમાલયના શિખરોમાં વસનારા ચારણદેવો પૃથ્વી ઉપર આવીને પણ સરસ્વતીની આરાધના-ઉપાસના અખંડ રાખે છે. જ્યારથી પૃથુ રાજાએ હિમાલયવાસી ચારણોને આર્યાવર્ત નિવાસી બનાવી તેલંગ દેશ આપ્યો ત્યારથી ચારણોનું પરિભ્રમણ ચાલુ રહે છે. તેલંગમાંથી માળવા, કચ્છ, થરપારકર, સૌરાષ્ટ્ર, સિંધ, ગુજરાત અને રાજસ્થાન એમ વિવિધ સ્થળોએ સ્થળાંતર કરવાને કારણે ત્યાંની ભિન્ન ભિન્ન બોલીઓના સંપર્કમાં આવનાર ચારણોએ કાવ્યોમાં જે ભાષા પ્રયોજી તેને વિદ્વાનોએ 'ડિંગળ' નામ આપ્યું છે. અલબ ા, તેના નામાભિધાન અંગે વિદ્વાનોમાં મતૈક્ય નથી. ચારણી સાહિત્યના નામકરણ અંગે વિવિધ વિદ્વાનોનાં મંતવ્યો જોઈએ.

ચારણી કાવ્યભાષાના એક નામ 'ડિંગળ' વિશે પોતાનું મંતવ્ય રજૂ કરતાં શ્રી પુરુષોતમદાસ સ્વામી કહે છે કે, ''ડિંગળ શબ્દ ડિમ ગળથી બન્યો છે. 'ડિમ'નો અર્થ ડમરુંનો ધ્વનિ અને 'ગળ'નો અર્થ ગળુ થાય છે. ડમરુંનો ધ્વનિ રણચંડીનું આહવાન કરે છે. તથા વીરોને પ્રોત્સાહિત કરે છે. ડમરું વીરરસના દેવતા શિવનું વાજિંત્ર છે. જે કવિના ગળામાંથી નીકળીને ડિમ-ડિમની રીતે વીરોનાં હૃદયોને ઉમંગથી ભરી દે એને ડિંગળ કહે છે. ડિંગળભાષામાં એ પ્રકારની કવિતાનું પ્રાધાન્ય છે એ માટે એ ડિંગળ નામથી પ્રસિદ્ધ થઇ.''[૮૬]

શ્રી ગજરાજ ઓઝા નામના રાજસ્થાની વિદ્વાનના મતે ''ડિંગળમાં 'ડ' વર્ણ સવિશેષપણે આવતો હોવાથી તે પણ ડિંગળની એક વિશેષતા થઇ ગયેલ છે. 'ડ' વર્ણની મુખ્યતાને ધ્યાનમાં લઈને પિંગળના સાદૃશ્ય માટે આ ભાષાનું નામ ડિંગળ રાખ્યું છે. જેમ બિહારી 'લ' કાર પ્રધાન ભાષા છે તેમ ડિંગળ 'ડ' કાર પ્રધાન ભાષા છે.'[૮૭]

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના કથન પ્રમાણે ''શરુ શરૂમાં એનું નામ ડગળ હતું પછી પિંગળ શબ્દ સાથે પ્રાસ મેળવવા ડિંગળ કરી નાખ્યું. ડિંગળ કોઇ ભાષાનું નામ નથી કવિતા શૈલીનું નામ છે.''[૮૮]

શ્રી શુભકર્ણ બદરીદાન કવિયાના મતાનુસાર '' અપભ્રંશ કાળ પછીની રાજસ્થાનની લોકભાષા ડિંગળ ભાષાનું ડિંગળ એવું નામ એ જે પ્રદેશમાં પ્રવર્તમાન હતો તે પ્રદેશના નામ પરથી નહિ પણ એની કવિતાની ઉચ્ચારણ શૈલી પરથી પડ્યું છે. વીરરસ પ્રધાન હોવાને કારણે ડિંગળ કાવ્ય ઉચ્ચ સ્વરે લલકારાય છે. મારા મત પ્રમાણે ડિંગળ શબ્દની વ્યુત્પત્તિ 'ડીગવિહાયસો ગતો' પરથી છે. અર્થાત્ ઉચ્ચ સ્વરે બોલાતી ભાષા.'[૮૯]

આ બધી ચર્ચાને અંતે પણ આ સાહિત્યના નામાભિધાનનો પ્રશ્ન અણઉકેલ જ રહે છે. અનુમાનો અને કલ્પનાઓ પર અવલંબેલા વિદ્વાનોના તમામ મતો પર જાણે પડદો પાડતા હોય એમ શ્રી રતુદાન રોહડિયા કહે છે કે''રાજસ્થાની સાહિત્ય માટે ભલે ડિંગળ શબ્દ પ્રયોજ્યો પણ સમગ્ર ચારણી સાહિત્યને ડિંગળનું ભાષાકીય અભિધાન ન લગાડી શકાય. ચારણી સાહિત્ય રાજસ્થાન અને ગુજરાતના સીમાડાને ન ગણકારતા બન્ને પ્રદેશમાં સમાન રીતે પ્રસર્યું છે, વિકસ્યું છે. જેમ ગુજરાત અને રાજસ્થાનની ભાષાનો ઉદ્‌ભવ એક સમાન ભાષામાંથી થયો છે. તેમ ગુજરાત અને રાજસ્થાનના ચારણી સાહિત્યની પરંપરાના મૂળ પણ સમાન જ છે. આ કારણે કોઇ ભાષાકીય કે પ્રાદેશિકપણાના ખોખામાં પૂરી શકાય તેમ નથી. સારું એ છે કે એને પોતાની આગવી વિશિષ્ટતાઓને લઇને ચારણી સાહિત્ય એવું અભિધાન આપવું, એજ સર્વાંશે યોગ્ય છે.[૯૦]

## ૧.૧૮ ચારણી સાહિત્ય ઉદ્‌ભવ અને વિકાસ

વિશ્વ સાહિત્યને વિરલ સંસ્કાર ગંગોત્રીની અપૂર્વ ભેટ ધરનાર ચારણી સાહિત્યને પ્રારંભે કંઠસ્થ રાખવાની પરંપરા હતી. પરિણામે અગિયારમી સદી પહેલાનું ચારણી સાહિત્ય આજે ઉપલબ્ધ નથી. આથી તેના આરંભ અંગે કોઇ નક્કર આધારો આપી શકાય તેમ નથી. પરન્તુ ચારણી સાહિત્યના મૂળ 'ગાથા સપ્તસતિ'માં જળવાયેલ અનેક રચનાઓ સુધી વિસ્તરે છે. ચારણી સાહિત્યના ઉદ્‌ભવ સાથે કચ્છ સંકળાયેલું હોવાની વિગતો પણ સાંપડે છે. કચ્છના રાજવી લાખા ફૂલાણીના કવિ માવલ વરસડાએ ચારણી સાહિત્યના દુહાઓ રચેલા આજે પણ મળે છે. 'ઇતિહાસ પ્રમાણે લાખા ફુલાણીનો સમય વિ.સં.૯૧૧ થી ૧૦૩૫ સુધીનો ગણાય છે.[૯૧] એ પ્રમાણે જોઇએ તો માવલ વરસડાનો પણ એજ સમય ગણાવી શકાય. માવલ વરસડાની રચનાઓને ચારણી સાહિત્યની આદ્ય રચનાઓ ગણીએ તો વિક્રમની દસમી સદીમાં ચારણી સાહિત્યનો આરંભ થયો ગણાય.

શ્રી અગરચંદ નાહટા ચારણી સાહિત્યના આરંભ કાળ વિશે ચર્ચા કરતા લખે છે. ''અનેક જૈનાચાર્યો એ પોતાની રચનાઓમાં સોલંકીકાલીન ચારણી સાહિત્યનાં પદ્યો ઉદાહૃત કર્યાં છે. જેમાં મુખ્યત્વે આચાર્ય હેમચંદ્રજીનું અપભ્રંશ વ્યાકરણ છે. કે, જેમાં અપભ્રંશના સેંકડો દુહાઓ ઉદાહરણ રૂપે સ્થાન પામ્યા છે. આ દુહાઓમાં ચારણી સાહિત્યનાં ઉદાહરણો પણ જળવાયાં છે. તે ઉપરાંત 'પ્રભાવક ચરિત', 'પ્રબંધ ચિંતામણી કોશ', 'પુરાતન પ્રબંધ સંગ્રહ', 'કુમાર પ્રતિબોધ' અને ઉપદેશ સપ્તશતિ' એ રચનાઓમાં પણ એમના રચનારાઓએ આ સમયના અન્ય કવિઓના રચેલ પ્રચલિત એવા અનેક પદ્યોને ઉદાહૃત કર્યાં છે.''[૯૨]

આ સર્વ વિગતોના આધારે વિક્રમની દસમી સદીના ઉ ારાર્ધથી ચારણી સાહિત્યનો ખરો લિખિત સ્વરૂપમાં ઉદ્ભવ થયો હોવાનું મનાય છે.

***વિકાસ :***

વિ.સં.ની દસમી સદીના ઉ ારાર્ધથી આજ પર્યંત ચાલી આવતી ચારણી સાહિત્યની સુદીર્ઘ પરંપરાના વિકાસને ડૉ. અંબાદાન રોહડિયા આ પ્રમાણે ત્રણ કાલ ખંડોમાં વિભાજિત કરે છે.[૭૮]

૧ આરંભકાળ (વિ.સં. ૧૦૦૦ થી ૧૪૦૦ સુધી)

૨ મધ્યકાળ ( વિ.સં. ૧૪૦૦ થી ૧૮૦૦ સુધી)

૩ ઉ ારકાળ ( વિ.સં. ૧૮૦૦ થી આગળ)

ચારણી સાહિત્યના વિકાસના આરંભકાળે એટલે કે વિ.સં. ૧૦૦૦આસપાસ અપભ્રંશથી અલગ તરી આવતી ડિંગળ રચનાઓ મળે છે. અલબ ા, એ સમયે દીર્ઘ રચનાઓને બદલે દુહાઓ, છુટક કાવ્યો-ગીતો અને છંદોમાં રચાયેલી પ્રાસંગિક રચનાઓ જ મળે છે.

આ સાહિત્યના વિકાસનો બીજો તબક્કો છે મધ્યકાળ. આ સમય દરમ્યાન ચારણી સાહિત્યનો ગદ્ય-પદ્ય ક્ષેત્રે ખૂબજ વિકાસ થયો છે. મધ્યકાળ એ ચારણી સાહિત્યનો સુવર્ણકાળ મનાય છે. ચારણ મહાત્મા ઈસરદાસજી, હરદાસ મિસણ અને સાંયાજી ઝૂલા જેવા શતાધિક કવિઓ અને એમણે પ્રયોજેલાં સાહિત્ય સ્વરૂપો મધ્યકાળની દેણગી છે.

ઉ ારકાળમાં ગુજરાત અને રાજસ્થાનની બદલાયેલી રાજકીય પરિસ્થિતિને કારણે ચારણી સાહિત્યના સર્જનમાં ઓટ આવી. જે સ્વરૂપો તેની ટોચ પર પહોચ્યાં હતાં. તેનો

આલેખ ક્રમશઃ નીચે આવવા લાગ્યો. પરન્તુ ચારણોની સાહિત્ય સર્જનની પ્રવૃિ સાવ બંધ ન થતાં મંથર ગતિએ ચાલુ રહી, શ્રી મહેશદાન મિસણ, કવિશ્રી દુલા 'કાગ', ડૉ. શક્તિદાન કવિયા, નારાયણદાન સુરુ, પિંગળશીભાઈ લીલા, અને કવિશ્રી દાદ ઈત્યાદિ તેનું ઉજ્જવળ ઉદાહરણ છે.

## ૧.૧૯ ચારણી સાહિત્યમાં સ્વરૂપ અને વિષય વૈવિધ્ય

મધ્યકાલીન યુગની પરિસ્થિતિ અનુસાર ચારણો એ ગદ્ય-પદ્યનો કલાત્મક ઉપયોગ કર્યો છે. એથી અપાર સ્વરૂપ વૈવિધ્ય જોવા મળે છે. પદ્યમાં વેલી, સાકો, રાસો, વિલાસ, પ્રકાસ, રૂપક, સરોજ, સલોક, ઝમાળ, ઝુલણા, કવિત, નિશાણી અને ગીત ઈત્યાદિ સ્વરૂપો જ્યારે ગદ્યમાં દવાવેત, વચનિકા, ખ્યાત, ઈતિહાસ પ્રસંગ, પટા, હકીકત વાર્તા, વિગત, પિઢયાવળિ, વાકિયા, હાલ અને દશનામા વગેરે સ્વરૂપો પ્રાપ્ત થાય છે.

ચારણી સાહિત્યના જ્ઞાતા, અભ્યાસુ રતુદાન રોહડિયા ચારણી સાહિત્ય સ્વરૂપ વૈવિધ્ય વિશે કહે છે કે ''૮૪ જાતનાં ચારણી ગીતો ચારણી સાહિત્યનું આગવું ધન છે, પણ તે ઉપરાંત અનેક ચારણી છંદો એવા છે કે જેનાં માપતો છંદશાસ્ત્રમાં મળતાં નથી.''[૯૪]

વિષયની દૃષ્ટિએ ચારણી સાહિત્યમાં પ્રચુરમાત્રામાં વૈવિધ્ય છે. દેવ-દેવીઓનાં સ્તવનો, ભક્તિપદો, સંત, સતી અને શૂરવીરોની પ્રશસ્તિઓ, યુદ્ધવર્ણનો, શૌર્યગીતો, મરસિયા અને બોધાત્મકપદો, ચાતુરીનાં સુભાષિતો, પ્રકૃતિ સૌંદર્ય અને પર્વ મહિમા, પ્રેમ અને શૌર્યની વાર્તા, પ્રબંધો, પુર હોનારત કે દુષ્કાળ જેવી કુદરતી આપિઓ આદિ વિષયોને લઈને વિપુલ માત્રામાં સાહિત્ય સર્જન કર્યું છે.

## ૧.૨૦ ચારણી સાહિત્યના સુખ્યાત કવિઓ અને કૃતિઓ

ચારણી સાહિત્યની વિશિષ્ટ પરંપરા પ્રસ્થાપિત કરીને તેને ગૌરવાન્વિત કરવામાં શતાધિક ચારણકવિઓ અને એમની સહસ્ત્રાધિક કૃતિઓએ મહ વનું યોગદાન આપ્યું છે. એકલા ઈસરદાસજી એ જ ૪૦ કે તેથી વધુ રચનાઓનું સર્જન કર્યું છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે ચારસોથીયે વધુ સર્જકો અને એમની સેંકડો રચનાઓમાંથી કોનો ઉલ્લેખ કરવો ? આથી વિષયને મર્યાદાને ધ્યાનમાં લઈ ચારણી સાહિત્યના સુખ્યાત કવિઓ અને એની એકાદ સુખ્યાત કૃતિનો ઉલ્લેખ કર્યો છે.

ભારતની યશોજ્જ્વલ ભવ્યતાનું દર્શન કરાવનારા સાહિત્યની મહ વની ધારા ચારણી સાહિત્યના વાહકોમાં આણંદ-કરમાણંદ મિસણ (દુહાઓ), આસાજી રોહડિયા (ગુણ નિરંજનપુરાણ), ઈસરદાસ રોહડિયા (હરિરસ), હરદાસ મિસણ (જાલંધર પુરાણ), સાંયાજી ઝૂલા (રુક્મિણી હરણ), જીવણ રોહડિયા (રાધા કૃષ્ણની બારમાસી), ગોદડ મહેડુ (છાયા ભાગવત્), હમીરજી રત્નુ (હમીરપિંગળ), કરશનદાસ બાલિયા (ગણ ગોપનાથ રો), ફૂલ વરસડા ( વખત બલંદ), કાનદાસ મહેડુ ( ખોડિયારનો છંદ), શ્રી બ્રહ્માનંદ સ્વામી ( બ્રહ્મ વિલાસ), પીંગળશીભાઈ નરેલા (પિંગલ કાવ્ય), પદ્મ શ્રી દુલા'કાગ' (કાગવાણી ૧-૮), શંકરદાન દેથા (હનુમાનજીનાં છંદો) અને માવદાનજી રત્નુ (યદુવંશ પ્રકાશ) ઈત્યાદિ સર્જકોનું પ્રદાન નોંધનીય છે.

આમ, ચારણોની સાહિત્યિક અને સાંસ્કૃતિક પરંપરાનો વિગતે પરિચય મેળવ્યા પછી હવે દ્વિતીય પ્રકરણમાં લાંગીદાસ મહેડુનાં જીવન અને કવનનો વિગતે પરિચય આપવા વિચાર્યું છે. વસ્તુત : તો કોઈ પણ સર્જક પોતાની કુળ પરંપરા અને સાહિત્યિક પરંપરાને જ અનુસરીને કાવ્યસર્જન કરતો હોય છે. આથી અહીં ચારણો અને ચારણી સાહિત્યની પરંપરાનો પરિચય પ્રસ્તુત કર્યો છે અને એ પરિપ્રેક્ષ્યમાં જ લાંગીદાસ મહેડુનાં સર્જનને તપાસવાની યોજના છે.

***સંદર્ભ નોંધ :***

(૧) શ્રી ભગવતસિંહજી 'ભગવદ્ગોમંડલ'- ભાગ-૪,
(૨) (અ) સર મોનિયર વિલયમ્સ : 'એ સંસ્કૃત- ઈંગ્લીશ ડીક્ષનરી, પૃ ૨૯૩
(બ) ડૉ. અંબાદાન રોહડિયા : 'કાગઆઈ મહાત્મ્ય', પૃ.૨
(૩) શ્રી ઝવેરચંદ મેઘાણી : 'લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય', પૃ ૨૨૪
(૪) શ્રી વામન શિવરામ આપ્ટે : 'સંસ્કૃત હિન્દી કોશ', પૃ ૩૭૮
(૫) શ્રી કેશવરામ કાશીરામ શાસ્ત્રી : 'બૃહદ્ ગુજરાતી કોશ', ભાગ-૧ પૃ.૮૦૨
(૬) શ્રી રામચંદ્ર શર્મા : 'સંક્ષિપ્ત હિન્દી શબ્દ સાગર', પૃ. ૩૧૦
(૭) શ્રી સીતારામ લાળસ : 'રાજસ્થાન શબ્દકોશ', ભાગ-૨ પૃ. ૮૫૬
(૮) વાલ્મીકિ : 'વાલ્મીકિ રામાયણ', બાલકાંડ સર્ગ -૧૭ શ્લોક- ૯,
(૯) વાલ્મીકિ : 'વાલ્મીકિ રામાયણ', ક્રિષ્કંધા કાંડ સર્ગ- ૪૦ શ્લોક -૩૩,
(૧૦) વાલ્મીકિ : 'વાલ્મીકિ રામાયણ', સુંદરકાંડ સર્ગ ૫૫ શ્લોક ૩૫,
(૧૧) વાલ્મીકિ : 'વાલ્મીકિ રામાયણ', યુદ્ધકાંડ સર્ગ- ૨૨ શ્લોક ૮૪-૮૫
(૧૨) મહર્ષિ વેદ વ્યાસ : 'મહાભારત', આદિપર્વ અધ્યાય -૧૨૫ શ્લોક ૧૧
(૧૩) મહર્ષિ વેદ વ્યાસ : 'શ્રીમદ્ ભાગવત', આદિપર્વ અધ્યાય -૧૦ શ્લોક-૨૭
(૧૪) મહર્ષિ વેદ વ્યાસ : 'શ્રીમદ્ ભાગવત', ષષ્ઠ સ્કંધ અધ્યાય -૧૭ શ્લોક -૪
(૧૫) મહર્ષિ વેદ વ્યાસ 'શ્રીમદ્ ભાગવત', દશમસ્કંધ અધ્યાય ૨૫ શ્લોક- ૩૧
(૧૬) 'બ્રહ્મ પુરાણ', અધ્યાય - ૮૭ 'શિવવિવાહ પ્રસંગ'
(૧૭) 'ગણેશ પુરાણ' 'ઉપાસના ખંડ' અધ્યાય -૧૧
(૧૮) (અ) 'સ્કંધ પુરાણ' 'કાશી ખંડ' અધ્યાય - ૮
(બ) સંદર્ભ નોંધ- ૨ (બ) પ્રમાણે પૃ.૫
(૧૯) શ્રી પિંગળશીભાઈ પાયક : પૃ. આઈશ્રી સોનબાઈમાં 'માતૃ દર્શન', પ્રથમ ખંડ પૃ.૫૧
(૨૦) કાલીદાસ : 'અભિજ્ઞાન શાકુંતલ', અંક-૨ શ્લોક - ૧૪
(૨૧) શ્રી લક્ષ્મણભાઈ ગઢવી : 'ચારણોની અસ્મિતા', પૃ.૮
(૨૨) (અ) ભગવતીજીસુત્ર શતક - ૨૦ ઉદેશ - ૯
(બ) સંદર્ભ નોંધ ૨ (બ) પ્રમાણે પૃ.૬

(૨૩) (અ) અગરચંદ નાહટા : 'પરંપરા' - ૧૨, સને ૧૯૬૧, પૃ. ૧૧૨
(બ) શ્રી રતુદાન રોહડિયા 'ગુજરાતના ચારણી સહિત્યનો ઈતિહાસ', પૃ. ૭૨
(૨૪) (અ) સંદર્ભ નોંધ- ૩ પ્રમાણે પૃ.૨૧૯
(બ) સીતરામ લાળશ : 'રાજસ્થાની શબ્દકોશ', પ્રથમ ખંડ પૃ.૧૦૦
(ક) રતુદાન રોહડિયા : 'ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ' પૃ.૭૧
(૨૫) એજન પૃ.૨૨૦
(૨૬) શ્રી સતાનંદ મુનિ : 'સતસંગ જીવન', પ્રકરણ - ૧, અધ્યાય -૩૪ શ્લોક- ૩૬
(૨૭) શ્રી પિંગળશીભાઈ પાયક : 'ચારણ જાતિની શાખા પ્રશાખાઓ', પૃ.૪૫
(૨૮) ડૉ. શિવદાન મ. ચારણ : 'ભક્ત કવિ ઈસરદાસની ભક્તિ ભાવના', પૃ.૩૩
(૨૯) એજન પૃ. ૩૩
(૩૦) (અ) હિરાલાલ માહેશ્વરી 'બારહઠ ઈસરદાસ' પૃ. ૭
(બ) સંદર્ભ નોંધ - ૨(બ) પ્રમાણે પૃ. ૭
(૩૧) સંદર્ભ નોંધ - ૨(બ) પ્રમાણે પૃ. ૭
(૩૨) સંદર્ભ નોંધ - ૩ પ્રમાણે પૃ. ૨૨૧
(૩૩) કવિશ્રી દુલા કાગ : 'ભુદાનમાળા', ભાગ-૬ પ્રસ્તાવના લે. પંડિત સુખલાલજી પૃ.૨૦
(૩૪) સંદર્ભ નોંધ ૧૯ પ્રમાણે પૃ.૫૧
(૩૫) ડૉ. મોહનલાલ જીજ્ઞાસુ : 'ચારણ સાહિત્યકા ઈતિહાસ', ભાગ-૧ પૃ.૨૪
(૩૬) શ્રી ફતેસિંહ માનવ અને ડૉ.ભવરસિંહ સામોર (સં.)'ચારણ બડી અમોલખ ચીજ', પૃ.૫૬
(૩૭) ડૉ. ઈશ્વરલાલ દવે, રતુદાન રોહડિયા : 'ચારણી સાહિત્ય આપણો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો', પૃ. ૬
(૩૮) નવીનદાન રત્નુ : 'સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી જીવન દર્શન', પૃ.૫
(૩૯) ડૉ. અંબાદાન રોહડિયા : 'સાહિત્યાભિમુખ', પૃ.૧
(૪૦) પિંગળશીભાઈ પાયક : 'ચારણ', (દ્વિમાસિક', વર્ષ- ૩, સળંગ અંક ૧૬-૧૭ ઓગષ્ટ-ઓક્ટો. ૧૯૫૭
(૪૧) શ્રી તખતદાન રોહડિયા : 'દુહો દશમો વેદ', પૃ.૨૨૦

(૪૨) સંદર્ભ નોંધ ૨ (બ) પ્રમાણે પૃ.૧૧,
(૪૩) ડૉ. અંબાદાન રોહડિયા : 'હરદાસ મિસણ : એક અધ્યયન', પૃ.૧૨ (અપ્રગટ શોધ નિબંધ)
(૪૪) સં. ડૉ. પ્રભાશંકર તેરૈયા, નરો ।મ પલાણ : 'લોક સાહિત્ય', પૃ.૧૪
(૪૫) એજન પૃ.૧૪
(૪૬) શંભુદાન ગઢવી : 'કચ્છ દર્શન' પ્રસ્તાવના - પિંગળશીભાઇ પાયક, પૃ.૧૧
(૪૭) સંદર્ભ નોંધ - ૨(બ) પ્રમાણે પૃ.૯
(૪૮) સંદર્ભ નોંધ - ૨(બ) પ્રમાણે પૃ.૨૧૦
(૪૯) સૂર્યમલ્લજી મિસણ : 'વંશ ભાસ્કર', પૃ.૨૦
(૫૦) (અ) શ્રી પાતાભાઇ રત્નુ : 'ચારણ જ્ઞાતિનો ઈતિહાસ', (અપ્રગટ)
(બ) સંદર્ભ નોંધ - ૨(બ) પ્રમાણે પૃ.૧૦
(૫૧) શ્રી લક્ષ્મણભાઇ ગઢવીના અંગત સંગ્રહમાંથી
(૫૨) ડૉ. શક્તિદાન કવિયા : 'ડિંગલ કે ઐતિહાસિક પ્રબન્ધકાવ્ય', પૃ.૨૮
(૫૩) માવદાનજી રત્નુ : 'યદુવંશ પ્રકાશ', ખંડ- ૧ પૃ.૩૬
(૫૪) સંદર્ભ નોંધ ૩ પ્રમાણે પૃ.૨૧૮
(૫૫) ડૉ. અંબાદાન રોહડિયા : 'હરદાસ મિસણ કૃત સભાપર્વ', પૃ.૬
(૫૬) સંદર્ભ નોંધ ૫૨ પ્રમાણે
(૫૭) સંદર્ભ નોંધ ૩ પ્રમાણે પૃ.૨૧૪
(૫૮) સંદર્ભ નોંધ ૨૩ (બ) પ્રમાણે
(૫૯) સંદર્ભ નોંધ ૨૭ પ્રમાણે
(૬૦) સંદર્ભ નોંધ ૫૦ પ્રમાણે
(૬૧) 'આઇશ્રી સોનબાઈમાં 'સ્મૃતિગ્રંથ માળા',ખંડ. ૧'ચારણ જાતિની શાખા-પ્રશાખાઓ પૃ.૯
(૬૨) ડૉ. અંબાદાન રોહડિયા : 'સાહિત્યાભિમુખ', પૃ.૧૨
(૬૩) ઝવેરચંદ મેઘાણી : 'સૌરાષ્ટ્રની રસધાર', ભાગ-૨ પૃ.૭૧
(૬૪) બદ્રીપ્રસાદ સાકરિયા : 'મુંહણોત નેણશી રી ખ્યાત', ભાગ -૨, પૃ.૨૩૬
(૬૫) સંપાદક નરો ।મદાસ સ્વામી : 'બાંકીદાસ રી ખ્યાત', પૃ.૧૨૨

(૬૬) શ્રી ભીમજી ભારમલ રાવળદેવના પૂર્વજોએ લખેલ ચારણોની વંશાવળીનો ચોપડો.
(૬૭) ડૉ. અંબાદાન રોહડિયા : 'હરદાસજી મિસણ : એક અધ્યયન', પૃ.૨૯
(૬૮) એજન પૃ. ૨૯
(૬૯) ડૉ. અંબાદાન રોહડિયા : 'સાહિત્યાભિમુખ', પૃ.૧૨
(૭૦) એજન, પૃ.૧૨
(૭૧) એજન, પૃ.૧૩
(૭૨) એજન, પૃ.૧૩
(૭૩) ડૉ. અંબાદાન રોહડિયા : 'સાહિત્યાભિમુખ', પૃ.૧૩
(૭૪) ડૉ. અંબાદાન રોહડિયા : 'ચારણી સાહિત્ય વિમર્શ',પૃ.
(૭૫) ડૉ. અંબાદાન રોહડિયા : 'સાહિત્યાભિમુખ', પૃ.૧૩
(૭૬) એજન, પૃ.૧૩
(૭૭) સંદર્ભ નોંધ - ૨(બ) પ્રમાણે પૃ.૧૫
(૭૮) શ્રી શંકરદાન દેથા : 'આઇશ્રી કરણી ચરિત્ર',
(૭૯) સંદર્ભ નોંધ  ૨૩(બ) પ્રમાણે
(૮૦) જયમલ્લ પરમાર 'ઊર્મિરનવરચના', 'લોક સાહિત્યમાં નારી' વિશેષાંક લેખ 'લોકસાહિત્યમાં નારી અને ભક્તિ પૃ.૫૯૨
(૮૧) સંદર્ભ નોંધ ૧૯ પ્રમાણે પૃ.૮૨
(૮૨) એજન પૃ.૫૧
(૮૩) સંદર્ભ નોંધ - ૨(બ) પ્રમાણે
(૮૪) સંદર્ભ નોંધ ૧૯ પ્રમાણે પૃ. ૭
(૮૫) સંદર્ભ નોંધ - ૨(બ) પ્રમાણે પૃ.૧૮
(૮૬) (અ) શ્રી પુરુષોતમદાસ સ્વામી : 'નાગરી પ્રચારિણી પત્રિકા', ભાગ-૧૪, પૃ.૨૫૫
(બ) સંદર્ભ નોંધ ૨૩(બ) પ્રમાણે પૃ.૧૭ - ૧૮
(૮૭) (અ) ગજરાજ ઓઝા : 'નાગરી પ્રચારિણી પત્રિકા', ભાગ-૧૪ પૃ.૧૨૨
(બ) સંદર્ભ નોંધ - ૨(બ) પ્રમાણે પૃ.૧૭
(૮૮) ડૉ. મોતીલાલ મનોરિયા : 'રાજસ્થાની ભાષા ઓર સાહિત્ય', પૃ.૨૦

(૮૯) 'ચારણ', 'ત્રૈમાસિક' વર્ષ-૩ અંક - ૧,
(૯૦) સંદર્ભ નોંધ ૨૩ (બ) પ્રમાણે પૃ.૨૬ - ૨૭
(૯૧) શ્રી શંભુદાન ગઢવી : 'કચ્છ દર્શન', પૃ.૨૨
(૯૨) સંદર્ભ નોંધ ૨૩(અ) પ્રમાણે પૃ.૯૬
(૯૩) ડૉ. અંબાદાન રોહડિયા : 'અવગાહન', પૃ.૪
(૯૪) શ્રી રતુદાન રોહડિયા : 'ચારણી સાહિત્ય સૌંદર્ય અને સત્ત્વ', પૃ.૩

❀❀❀

# પ્રકરણ - ૨
# લાંગીદાસ મહેડુ : વ્યક્તિત્વ અને વાઙ્મય

૨.૧ ભૂમિકા
૨.૨ લાંગીદાસના પૂર્વજો
૨.૩ લાંગીદાસનું બાળપણ અને શિક્ષણ
૨.૪ વિદ્યાગુરુ લાલભટ્ટ
૨.૫ લાંગીદાસને મળેલા માન–સન્માન
૨.૬ લાંગીદાસની સાહિત્ય સાધના અને કવનકાળ
૨.૭ એકાદશી મહાત્મ્ય
૨.૮ ઓખાહરણ
૨.૯ સત સ્મરણ
૨.૧૦ ગણ બાબી રે
૨.૧૧ રાજ સગણ
૨.૧૨ લઘુકાવ્યો

# પ્રકરણ - ૨
# લાંગીદાસ મહેડુ : વ્યક્તિત્વ અને વાઙ્મય

## ૨.૧ ભૂમિકા

આર્યાવર્તની ધર્મધ્વજાને ગૌરવાન્વિત રાખવા માટે ચારણોએ સરસ્વતી અને શકિતની ઉપાસના કરી છે. નેક, ટેક, સત્ય અને નીતિ કાજે તેમણે મહામૂલા બલિદાનો આપ્યાં છે. કવિતા એનો વ્યવહાર નહીં પણ સંસ્કાર હતો, સ્વભાવ હતો. કવિતા એના મસ્તકમાંથી નહીં પણ રક્તમાંથી ઉછળતી. શૂરવીરો પ્રત્યેનો આદર અને કાયરો પ્રત્યેની એની ઘૃણા ઈતિહાસ વિદિત છે. ચારણ માત્ર શૂરવીરતાની પોકળ વાત કરનાર સાહિત્યકાર ન હતો, પરન્તુ અવસર આવ્યે ખાંડાના ખેલ ખેલી લેવામાં પારોઠના પગલાં ન ભરનાર શૂરવીર સાહિત્યકાર હતો. ધર્મ, ધરા અને ઈજ્જત ખાતર બલિદાનના રાહ પર ચાલતી વખતે તેઓનો અગ્રગામી બનતો. તેથી જ તેની વાણીમાં ખમીર - વીરતા - જુસ્સો - શૌર્ય મર્દાનગી ટપકતાં. વસ્તુત : તો જેની વાણી અને વર્તનમાં વિરોધાભાસ ન હોય તેવાં ચારણકવિઓની એક સુદીર્ઘ પરંપરા છે. ઈસરદાસજી રોહડિયા, હરદાસ મિસણ, સાંયાજી ઝૂલા, દુરસાજી આઢા, ગોદડ મહેડુ, હમીરજી રત્નુ, કરણીદાન કવિયા, બ્રહ્માનંદજી, સ્વરૂપદાનજી દેથા, નરહરદાસ બારહટ, બાંકિદાસ આશિયા, લાંગીદાસ મહેડુ અને સૂર્યમલ્લજી મિસણ જેવાં પ્રથમ પંક્તિના સર્જકોએ આ પરંપરાને સમૃદ્ધ કરી છે, જેમાંથી અહીં લાંગીદાસજી મહેડુના જીવન અને કવનનો વિગતે પરિચય આપવાનો ઉપક્રમ છે.

## ૨.૨ લાંગીદાસના પૂર્વજો

લાંગીદાસ મહેડુ મધ્યકાલીન ચારણો સાહિત્યમાં દીર્ઘકથા મૂલક કૃતિઓના સર્જક તરીકે સૌથી અલગ તરી આવે છે. આ લાંગીદાસ મહેડુના પૂર્વજ ડુંગરશી મહેડુને થળાના તે સમયના રાજવી શતરસાલજી ઝાલાએ દેગામ (હાલના સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં આવેલ ગામ) લાખપસાવ સાથે બક્ષીસમાં આપેલું[૧]. ડુંગરશી મહેડુના વંશજોમાં લુણપાળ મહેડુ નામે પ્રસિદ્ધ ચારણ કવિ થયા. જેમણે ઢોલા - મારુની પ્રસિદ્ધ પ્રેમકથા

લખી. એમણે લખેલા એક ગીતમાં થળાના રાજવી ભીમસિંહે એમને પોતાની સમસ્ત સંપતિ સાથે એમના દેહનું પણ દાન કર્યાનો નિર્દેશ છે[૨]. સોરઠના રાજવી રા,ખેંગારે કવિરાજ લૂણપાળ મહેડુને ૫૦ કરોડ સાથે સોરઠનું રાજ્ય દાનમાં આપ્યાની વિગતો પણ મળે છે[૩]. આ લૂણપાળ મહેડુના વંશમાં જસવંત મહેડુ થયા, એમણે અયાચક વ્રત રાખેલું.[૪] ગેડીના રાજવી વાઘેલા મેકરણજી એ એમનું અયાચકવ્રત તોડાવવા અનુચિત પ્રયાસો કરેલા, અને એથી વાજ આવી જઇ જશવંત મહેડુએ ત્રાગુ કરી આત્મબલિદાન આપેલું.[૫] આ જશવંત મહેડુની સાતમી પેઢીએ માંડણ મહેડુ થયા[૬]. માંડણ મહેડુ પણ કવિ હતા. માંડણ મહેડુને ત્યાં સોનબાઈથી થયેલ ત્રણ પુત્રોમાં લાંગીદાસ સૌથી મોટા હતા.[૭]

## ૨.૩ લાંગીદાસનું બાળપણ અને શિક્ષણ

લાંગીદાસ મહેડુનું બાળપણ દેગામમાં વીત્યું. સાહિત્ય શિક્ષણ અને ડિંગળ છંદશાસ્ત્રનું જ્ઞાન તેમને ચારણ વિદ્વાનો પાસેથી મળ્યું હશે. દેગામમાં એ વખતે મહેડુ ઉપરાંત શામળ અને ઝૂલા શાખના ચારણો રહેતા હતા.[૮] તેમની સાહિત્ય સાધનાના સંસ્કાર બાલ્યાવસ્થામાં લાંગીદાસને સહજ રીતે જ મળ્યા હશે. આપણે ત્યાં દુહામાં કહેવાયું છે કે,

*'ચારણ ચોથો વેદ, વણ પઢયો વાતુ કરે;*
*ભાખે અગમ રા ભેદ, જીભે વસે જોગણીઓ ...'*[૯]

વસ્તુત : તેનો અર્થ એ છે કે ચારણકુળોમાં એ વખતે સાહિત્ય સાધનાની પરંપરા એટલી દૃઢ હતી કે તેઓના પરિવારો જ પાઠશાળા બની રહેતા. આ ઉપરાંત ડિંગળ સાહિત્ય અને પુરાણકથાઓના પ્રકાંડ પંડિત લાલ ભટ્ટ પાસેથી પણ તેમણે શિક્ષણ મેળવેલું. લાંગીદાસે 'એકાદશી માહાત્મ્ય' ગ્રંથના મંગલાચરણમાં જ ગુરુ લાલ ભટ્ટનો ઉલ્લેખ કર્યો છે.

## ૨.૪ વિદ્યાગુરુ લાલભટ્ટ

લાંગીદાસનું બાળપણ દેગામમાં વીત્યું. લાંગીદાસને ડિંગળ સાહિત્યના જાણકાર અને વિદ્વાન બ્રાહ્મણ લાલભટ્ટનું સાંનિધ્ય પ્રાપ્ત થયું. એમની પાસેથી એમણે કાવ્યશાસ્ત્ર અને પુરાણોનો અભ્યાસ કર્યો લાંગીદાસની એક રચના એકાદશી મહાત્મની બે એક પંક્તિઓમાં આ બાબતનો ઉલ્લેખ જોવા મળે છેઃ

*'પ્રથમ લાલ દજ ગર પ્રણમી, પ્રણવાં વળે સરસવતી;*
*દાખી કથ અણઓ દિયે, આખણ સગણ આકત.'*[૧૦]

(પ્રથમ હું બ્રાહ્મણ ગુરુ લાલ ભટ્ટને પ્રણામ કરુ છું, જેમણે મને ઉ ા્મ ગ્રંથની રચના માટે એક કથા કહી.)

## ૨.૫ લાંગીદાસને મળેલા માન–સન્માન

લાંગીદાસની કૃતિઓનાં કેટલાંક આંતરપ્રમાણો અને એમના વિશેની પ્રચલિત અનુશ્રુતિઓના આધારે-એમને હળવદના ઝાલા રાજવંશની ત્રણ પેઢીનો રાજયાશ્રય પ્રાપ્ત થયેલો, એ જ ઝાલા રાજવંશ તરફથી લાખ પસાવ સાથે ગોલાસણ ગામ ગરાસમાં મળેલું,[૧૧] દસાડાના દરબાર રૂસ્તમખાનજી તરફથી પણ કેટલોક ગરાસ પ્રાપ્ત થયેલો,[૧૨] સાણંદ રાજયે એનાં કેટલાંક ગામોમાં એક-એક ખેતર બક્ષીસમાં આપેલું.[૧૩] જોધપુર નરેશ અભેસિંહના શેરબુલંદખાન સુબા સાથેના યુદ્ધમાં મળેલ વિજયને બિરદાવતા કાવ્યોને કારણે સોનાનો સવામણનો હાથી, ચોટીબંધ સોનાની એક છડી અને એક કટિમેખલાના ઈનામનું સન્માન પ્રાપ્ત થયેલું.[૧૪] પોતાના ભાઈ મેઘા મહેડુને દેગામની તમામ જાગીર આપીને મેઘા માટે ચિંતિત માતા-પિતાની ચિંતા દુર કરેલી.[૧૫] ધાંગ્રધા નરેશ તરફથી મળેલ લાખ પસાવ લઈને દેગામ આવતાં પાદરમાં ભરવાડો વચ્ચે પોતાના વિશે થતી વાતચીતમાં અપમાનનો રણકો પામતાં સદા માટે કુટુંબ સાથે દેગામ ત્યજી દીધેલું.[૧૬] બજાણાના જત દરબારના કુંવરે કરેલો પક્ષીનો શિકાર જોઈને એના એવા સંસ્કારો પોતાના સંતાનો પર ન પડે એ માટે દરબાર તરફથી મળેલ ગરાસ અને મકાન ત્યજી દીધેલાં. ગોલાસણ ગામ મળ્યા પૂર્વે મળેલું દુદાપર ગામ પણ, નજીકના જતપીપળીના લોકોના ચોરી-શિકારના સંસ્કારો સંતાનો પર પડે એ ભયે, ત્યજી દીધેલું- વગેરે વીગતો જોવા મળે છે, એ સંદર્ભે એક દુહો પણ મળે છે કે :

*'પાસ જિયાં રે પીપળી, સખ થોડો બહુ દુખ;*
*(તું) આલણ હારો એક હે, (ત્યાં) લેઅણહારા લખ.''*[૧૭]

## ૨.૬ લાંગીદાસની સાહિત્ય સાધના અને કવનકાળ

લાંગીદાસની રચનાઓમાં 'એકાદશી માહાત્મ', 'ઓખા હરણ', 'ગણબાબીરો', 'રાજસગણ' અને 'સત સ્મરણ' એ પાંચ રચનાઓ ઉપલબ્ધ બને છે. આ સિવાય પણ

એમનું સર્જન મળી આવવા સંભવ છે. એમની ઉપલબ્ધ પાંચ રચનાઓ પૈકીની જે રચનાઓમાં લાંગીદાસે રચ્યા સાલ આપલ છે અને જે રચનાઓ અમુક ચોક્કસ સમય ગાળા દરમિયાન રચાઇ હોવાનાં કૃતિમાંથી પ્રમાણો પ્રાપ્ત થાય છે તેને આધારે રતુદાન રોહડિયા અને અંબાદાન રોહડિયા લાંગીદાસનો કવનકાળ વિ.સં.૧૭૭૦ થી વિ.સં.૧૮૨૮ સુધીના ૫૮ વર્ષનો દર્શાવે છે.[૧૮] આમ છતાં ય એમની બધી જ રચનાઓ જયાં સુધી ઉપલબ્ધ ન બને અને એમાં એમના સમય નિર્ધારણ અંગેનો કોઇ ચોક્કસ આધાર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી લાંગીદાસના કવનકાળ કે આયુકાળ વિશે કશું ઠોસપૂર્વક કહી ન શકાય. અને એમ ન થાય ત્યાં સુધી ઉપર કહેલો એમનો કવનકાળ આધાર વડે પ્રમાણિત થયેલો હોઇ, હાલ પૂરતો સ્વીકારવામાં કોઇ બાધ આવતો નથી.

લાંગીદાસની ઉપલબ્ધ રચનાઓને સહેજ વિગતે જોઇએ:

## ૨.૭ એકાદશી મહાત્મ્ય

લાંગીદાસની ઉપલબ્ધ રચનાઓમાં આ સૌથી દીર્ઘરચના છે. જે ૩૫૦ છંદો (કડી)માં છે.[૧૯] આજપર્યંત અપ્રકાશિત રહેલી આ કૃતિની હસ્તપ્રત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઉપલબ્ધ છે.[૨૦] મધ્યકાલીન સમાજમાં પ્રચલિત 'એકાદશી માહાત્મ્ય અને મૂર દાનવ વધ'ની પૌરાણિક કથાને કવિએ ડિંગળ ભાષામાં કલાત્મક રીતે આલેખી છે. કવિએ કૃતિમાં વીરરસ અને શાંતરસનું સૂપેરે નિરુપણ કર્યું છે. કૃતિના અંતે કવિએ કૃતિની રચના સાલ આપી છે. જે એમનો કવનકાળ નિર્ધારીત કરવામાં ઉપકારક બની છે.

લાંગીદાસની ઉપલબ્ધ રચનાઓમાં સૌથી મોટી રચના છે અને એનો વિસ્તાર ૩૫૦ છંદોનો છે. લહિયાઓએ એને 'ગણ અગ્યારસ મહિમા', 'ગણ એકાદશી માતમ' અથવા 'ગણ અગ્યારસ માતમ' એ રીતે અનેક પ્રતોમાં સાચવી રાખ્યું છે. નારી સમાજ પ્રકૃતિએ પ્રથમથી જ ધર્મપરાપણ રહ્યો છે. આ કૃતિની અનેક હસ્તપ્રતો એ બતાવે છે કે એ સમયના ગુજરાતના નારીસમાજમાં આ કૃતિ આદરપૂર્વક અને હોંશે હોંશે વંચાતી-સંભળાતી રહી હશે.

કૃતિમાં, એકાદશી વ્રતનું માહાત્મ્ય અને એની ઉત્પત્તિ વિશેના પુરાણો કથિત કથાનક પરથી મૂર દાનવના વધની કથાને જોડી દઇને એકાદશીના વ્રતનું માહાત્મ્ય રજૂ થયું છે.

એના આરંભે મંગલાચરણમાં કવિએ ગુરુને પ્રણામ કર્યા છે. જે એમના કાવ્યગુરુ લાલ ભટ્ટ હોવાની વીગત પર પ્રકાશ પાડે છે. કૃતિના અંતે કવિએ કૃતિની રચ્યા સાલ નોંધી છે. જે એમનો કવનકાળ નક્કી કરવામાં, હાલ પૂરતી, ઉપકારક બને છે.

મૂર દાનવની કથાને ડિંગળી ભાષામાં વીર અને શાંતરસની છાંટ સાથે કવિએ સુપેરે રજૂ કરી છે. મૂર દાનવના પિતા તાડજંગ દૈત્ય. એમની નગરી ચંપાવાતી. ચંપાવતીનાં અનોખી શોભા-સૌંદર્ય અને વૈભવને કવિએ આવી રીતે શબ્દાંકિત કરી છેઃ

*'પરી જેણ ચંપાવતિ રેણપતિ, ચક્ર ચાલવિ તેણથી ચક્રવતિ;*
*બજારી બજારી બણે ગોખ બારી, ક્રિયા મોલ કારીગરે કેલકારી.'*[૨૧]

(ચક્રવતી રાજાએ ચંપવાતી નગરીમાં આણ વર્તાવી હતી.એ નગરીમાં બજારે બજારે અટારીઓ અને બારીઓ શોભી રહી છે. અને કારીગરોએ કેળવેલ ચુના વડે બંધાયેલ મહાલયો શોભી રહ્યા છે.)

ચંપાવતી નગરીના દૈત્ય રાજા તાડજંગ પાસે અપાર સમૃદ્ધિ છે. એ તાડજંગને ત્યાં મરુર નામે પુત્ર થયો. મરુરે ઘોર તપ કર્યું. એકાસને તપ કરતાં મરુરના સાથળો સોંસરવા વાંસ ઊગી નીકળ્યા તેમજ જટા અને મુછોનાં જાળા જામ્યાં, જેમાં સુઘરીઓએ માળા બાંધ્યા. શિવે પ્રસન્ન થઈને વરદાન માંગવા કહ્યું, ત્યારે કવિએ શિવજીના સ્વભાવને પોતાની ચિત્રાત્મક વર્ણન કલાથી તાદૃશ કર્યો છે, જુઓ :

ચંપાવતીની શોભાથી મોહિત થઈને જગત માત્રની સુંદરીઓ ત્યાં આવીને નગરીની શોભા બની વસી રહી છેઃ

*'મહા સોનમિ નગર જગ મોહિ,*
*સહી સુંદર મંદર તેથ સોહિ.'*[૨૨]

અપ્સરાઓ જેવી સુંદર સ્ત્રીઓ આ નગરમાં સોના ઈઢોણી અને સોના બેડલે પાણી ભરે છે. તે વિમાનની અનેક પતાકાઓ જેવું સુંદર લાગે છેઃ

*'રહી સરથંભ જેસી હુર રંભ, કનકઅ ચંમકી આ સીસ કંભ;*
*અસી હેમ ઉઢુણીએ નીર આણિ, વક હેક અનેક કેતુ વમાણિ.'*[૨૩]

આ નગરીમાં રાજા તાડજંગ, જેને જગત પગે પડે છે તે શોભતા હતો

*'વડો રાઉ સોહિ જગ પાવ વંદિ.'*[૨૪]

તાડજંગ ને મુરુ (મરુર) નામે પુત્ર થયો. મૂરે આકરું તપ કરીને શિવને પ્રસન્ન કર્યા. મૂરના આકરા તપને કવિએ નખશિખ ચિત્રાત્મક બાનીમાં રજૂ કર્યું છે.

*'અળા ઉપરા ચોસરા વાંસ ઊગા,*
*પરા સાથળા સોંસરા પાર પુગા;*
*જડા મુછ્છડા દાઢીઓ હોએ જાળા,*
*મળે સુઘરે ઘાતિઆ તેથ માળા.'*[૨૫]

(એના આસન નીચેની પૃથ્વીમાંથી ચોસરા વાંસ ફૂટી નીકળ્યા. એ વાંસો તપસ્વીની સાથળોને આરપાર વીંધી ગયા. જટા, દાઢી અને મૂછોનાં જાળાં જામ્યાં. એ જાળામાં સુઘરીઓએ માળા રચ્યા.)

શિવ પાસેથી તે તલવારાના બળે શત્રુઓને મહાત કરવાનું અને ધરતી આકાશને પણ સ્થાપી-ઉથાપી શકવાનું વરદાન પામે છે. એના બળે એ દેવોને હરાવે છે દેવો ઇન્દ્ર પાસે જાય છે, ઇન્દ્ર અને મૂર વચ્ચે ભયાનક યુદ્ધ થાય છે. યુદ્ધવર્ણન એ ચારણ કવિની વિશિષ્ટતા રહી છે. યુદ્ધનાં આબેહૂબ, નખશિખ-લાઘવયુક્ત અને કલાત્મક વર્ણનો ચારણકવિઓ જેવા અન્ય કવિઓ ભાગ્યે જ આપી શકે છે.

*'ગડિડિ તકિ નાળ જંબુર ગોળા,*
*ઘડિડિ પડિ આતસાં ઘમરોળા;*
*ખડિડિ તકિ ગગંન પીઠ ખંત,*
*દડિડિ રગત ચડિ જગદંત.'*[૨૬]

(જંબુરો અને બંદુકોના ગોળાની ગડેડાટી મચી રહી. ધગધગતી આગ સૈન્યને ઘમરોળવા લાગી ત્યારે આકાશ જાણે ખડેડીને પૃથ્વીની પીઠ પર પડી રહ્યું હોય એમ લાગ્યું. રણમેદાનમાં ઝૂઝતાં ગજરાજોના દંતશૂળો પરથી રક્ત ધારાઓ વહેવા લાગી.)

મૂર સાથેના આ યુદ્ધમાં પરાજિત થયેલા નારાયણ બદ્રિકાશ્રમની ગુફામાં જઇ પોઢે છે. ત્યાં હરિની અગિયાર ઇન્દ્રિયોમાંથી રૂપરૂપના અંબાર સમી સ્વરૂપવાન અને લોભામણી નારી પ્રગટ થાય છે. લાંગીદાસે એનું કાવ્યાત્મક સરસ વર્ણન કર્યું છે. જે લાંગીદાસની કવિકલમને ઉજમાળે છે. પણ એની સાથે સાથે ચારણી સાહિત્યમાં રૂપ માધુરીના વર્ણનની તાકાત પડી છે એનો ય અછડતો પરિચય આપે છે.

*'નરમળ જામોઅ જાંમ નખત્ર,*
*પરમળ પીઠી સકોમળ પત્ર;*
*વખાંણીઅ તાંણીઅ નાગંદ વેણ,*
*સ રાખડ આણીઅ તેણ સરેણ.'*[૨૭]

(એ સ્વચ્છ આકાશમાં નક્ષત્ર સમાન તેજસ્વી હતી. મહેંકતી કાયાવાળી એ નારીની પીઠ કદલી પત્ર (પાન) સમાન હતી. નાગ સમાન એની વેણી વખાણવાલાયક હતી. એણે પોતાના મસ્તક પર રાખડી ધારણ કરી હતી.)

આવી નારીના સૌંદર્યથી લુબ્ધ બની મૂર ચિત્રવત્ બની ગયો:

*'જવંનહ નારી અને જિમ જોઈ,*
*હલિ નહ ચાલિહે જમ હોઈ;*
*ન પૂછી ગાછિ ગામ સ નાંમ,*
*ચીતારી જાણ કિ ચિત્ર ચિત્રાંમ.'*

(એ દૈત્ય જ્યારે એને જોઇ ત્યારે તે ચિત્રાંકિત ચિત્ર જેવો સ્થિર બની ગયો. એ સુંદરીનું નામ, ગામ કે સ્થળ પણ ન પૂછી શક્યો. આમ આવો અદ્‌ભુત પ્રસંગ ત્યાં બન્યો.)

*''રુદ્ર આંક ધતુર ચિ ફૂલ રીઝિ, રુદ્ર તપ એહો કિઓ કુ ન રિજિ;*
*જડાધાર દીધા તણી વાત જાણિ, જવંન પછી પિડસિ સો ન જાંણિ...''*[૨૮]

વિશ્વ વિજેતા ધરતી અને આકાશને સ્થાપવા - ઉથાટવાનું શિવ પાસેથી વરદાન મેળવીને મરુરે સર્વત્ર ત્રાસ વર્તાવ્યો, દેવો ઇન્દ્ર પાસે રાવ લઇને ગયા. દેવો અને દાનવો વચ્ચે ભીષણ યુદ્ધ લેખાયું. આ પ્રસંગે લાંગીદાસ મહેડુએ યુદ્ધનું અત્યંત રોચક વર્ણન કર્યું છે. વસ્તુત : તો યુદ્ધનાં આબેહૂબ, નખશિખ - લાઘવયુક્ત અને કલાત્મક વર્ણનો ચારણ કવિઓની આગવી વિશેષતા છે. ઇન્દ્ર પરાજિત થતાં શ્રી હરિની અગિયાર ઇન્દ્રિયોમાંથી એક નાથી પ્રગટી, એ કારણે એનું એકાદશી નામ પડયું. કવિએ મોહિનીના સૌંદર્યનું અદ્‌ભુત વર્ણન કરીને પોતાની શૃંગાર નિરુપણ કલાનો પરિચય કરાવ્યો છે. અલબ ા, એકાદશીમાં તેમણે જગદંબાના સ્વરુપનું પ્રાગટય કરાવીને શૃંગારમાં સાત્વીકતા ભક્તિનું નિરુપણ કર્યું છે. એકાદશીને જોતાં જ મોહાસક્ત મરુરની મનોસ્થિતિ જડવત બની જાય છે, જુઓ :

*''જવનંહ નારી અન જિમ જોઇ, હલિ નહ ચાલિહે જમ જોઈ;*
*ન પૂછી ગાછિ ગઈમ સ નાંમ, ચીતારિ જાંણ ચિત્ર ચિત્રાંમ...''*[૨૯]

## ૨.૮ ઓખાહરણ

ભાગવત, શિવ પુરાણ, હરિવંશ, વિષ્ણુ પુરાણ અને પદ્મપુરાણ વગેરે ગ્રંથોમાં આવેલ ઓખાહરણની કથાને આધારે લાંગીદાસે ઓખાહરણની રચના કરી છે. શિષ્ટ સાહિત્યમાં અને ચારણી સાહિત્યમાં ઓખાહરણની કથા અનેક કવિઓના હાથે લખાઇ છે, પરન્તુ એ બધામાં લાંગીદાસની આ રચના અનોખી, અને વિશેષ લોકપ્રિય રહી છે. મેઘાણીએ 'ચારણો અને ચારણી સાહિત્ય' ગ્રંથમાં લખ્યું છે. કે રાજદરબારમાં પ્રેમાનંદનું 'ઓખા હરણ' વાંચવાનું લગભગ નિષિધ ગણાય છે, કેમ કે એમાં શૃંગારનું ત વ વધારે જોરદાર છે. પણ લાંગીદાસનું 'ઓખા હરણ' અંત : પુરોમાં છૂટથી મંડાતું હતું. 'ઓખા હરણ' સાંભળવું હોય તો ગઢવીઓનું સાંભળવું, ઓલ્યું નઇ ! એમ દરબારો પોતાની રાણીઓને કહેતા :''[૩૦] વસ્તુત : તો ક્ષત્રિયોના આ ઉદ્ગારો પાછળ તેમની સંસ્કારપ્રીતિ અને ચારણી સાહિત્યની અસ્મિતાના દર્શન થાય છે. કેમ કે, મધ્યકાલીન પરંપરા અનુસાર ચેત્રમાસમાં 'ઓખા હરણનું શ્રવણ અનિવાર્ય મનાયેલું, પરન્તુ એ કથા તો ક્ષત્રિયાણીઓના ચારિત્ર્ય ઘડતરને પ્રેરક - પોષક ન બને. ધર્મ પોષણની સમાન્તરે ચારિત્ર્ય પોષણ અનિવાર્ય જ હોય. પ્રેમાનંદનું 'ઓખા હરણ' આવી કડક મૂલ્યનિષ્ઠ વિભાવનાને અનુરુપ ન હતું. જ્યારે લાંગીદાસનું 'ઓખા હરણ' એમની સાંસ્કૃતિક વિચારધારાને પ્રેરક - પોષક હતું. શૃંગારનિષ્ઠકથાને મૂલ્યનિષ્ઠકથામાં, શૃંગારનિષ્ઠ વાતાવરણને શીલવાન વાતાવરણમાં અને શૃંગારરસને ભક્તિરસમાં પલટાવી નાખવાની વિરલ તાકાત ચારણ કવિઓની કલમમાં છે, એનું ઉજજવળ ઉદાહરણ લાંગીદાસ મહેડુ કૃત 'ઓખા હરણ' નું કથાનક છે.

૩૩૬ કડીમાં રચાયેલ આ આખ્યાનમાં કવિએ ભગવાન, શંકરનું તપ, નારદની ઉશ્કેરણી, વરદાનથી ગણેશ - ઓખાની ઉત્પાિ, ગણપતિનું મસ્તક છેદન, ઓખાનું મીઠાના ઢગલામાં સંતાઇ જવું વગેરે પ્રસંગો આલેખ્યાં નથી. હાસ્ય અને શૃંગાર પર કવિએ કાબૂ રાખ્યો હોવાથી લગ્નવયસ્ક ઓખાની પરણવા માટેની ઘેલછા અહીં નિરુપાઇ નથી. ઓખા અહીં વધુ સંયમી છે. ઓખાને એકદંડિયા મહેલમાં રાખવાનું કારણ લાંગીદાસે નવું

જ આપ્યું છે. અન્ય આખ્યાનકારો પ્રમાણે ઓખા કોઈ પુરુષના સંસર્ગમાં ન આવે તે માટે બાણાસુરે ઓખા માટે એકદંડીયો મહેલ તૈયાર કર્યો હતો. કારણ કે ઓખા પરણે ત્યારે તેના હાથ ભાગનાર શત્રુ ઊભો થવાની દેવવાણી હતી, જ્યારે લાંગીદાસે એવું નિરુપણ કર્યું છે કે ઓખાએ જાણી જોઈને પુરુષ માત્રનું મુખ ન જોવાનું વ્રત લીધું હતું. તેથી બાણાસુરે એકદંડિયો મહેલ તેને નિવાસ માટે આપ્યો હતો. લાંગીદાસની આ નિજી કલ્પના છે, કવિએ એ દ્વારા બાણાસુરને નિર્દોષ ઠરાવેલ છે. તો ચિત્રલેખાએ આલેખેલ અનિરુદ્ધના ચિત્રને ભેટતી ઓખાને તો ચિત્રલેખાએ કહેવું પડ છે કે 'ન હોય નાથ, વળગ્યામાં કાગળ ફાટે' જ્યારે લાંગીદાસની ઓખા આટલી ઉન્મુક્ત નથી, તે તો ચિત્રલેખા પાસે વાત કરતાં પણ શરમથી નયન નીચા ઢાળે છે. લાંગીદાસે એ પછી અનિરુદ્ધ અને બાણાસુર, કૃષ્ણ અને બાણાસુર તેમજ કૃષ્ણ અને શિવ વચ્ચેના યુદ્ધને પોતાની ચિત્રાત્મક વર્ણન શક્તિ દ્વારા તાદ્‌શ કરેલ છે. વસ્તુત : તો લાંગીદાસે પોતાની વીરરસયુક્ત બાનીથી કથાને બહેલાવી છે. અહીં પ્રેમકથાને બદલે શૌર્યકથા આલેખવા તરફનું તેમનું વલણ પ્રગટ થાય છે. પૌરાણિક પાત્રોનું ગૌરવ જાળવીને લાંગીદાસે વીરરસ અને ભક્તિરસથી સભર કૃતિનું નિરુપણ કર્યું છે. યુદ્ધાંતે બાણાસુરના હાજર હાથ કપાયા પછી શિવજી અનિરુદ્ધ - ઓખાના લગ્ન શાસ્ત્રોક્ત વિધિથી કરવાનો પ્રસ્તાવ મૂકે છે. ઓખાનું કન્યાદાન આપવા માટે બાણાસુરના હાથ પાછા માગવાની આ તર્કસંગત કલ્પના પણ લાંગીદાસની મૌલિક સર્જક શક્તિની પરિચાયક છે. કૃતિમાં પ્રયોજાયેલા વિવિધ છંદો કવિની છંદ નિરુપણકલાના દ્યોતક છે. કૃતિમાં કથા પ્રવાહ અસ્ખલિત ધારાએ વહે છે અને પાત્રો પણ સ્પષ્ટરેખ, જીવંત અને હૃદયસ્પર્શી બન્યાં છે. કૃતિમાં પ્રયોજાયેલ અલંકારો પણ પાત્ર, પ્રસંગ અને પરિસ્થિતિને ચિત્રાત્મક રીતે રજૂ કરે છે. સખીઓ સાથે પાર્વતીજીની પૂજા કરવા ગયેલી ઓખા પાર્વતી પ્રસન્ન થયા પછી પણ વરદાન માંગતા શરમાઈને નીચું જોઈ ઊભી રહે છે. આથી ઓખાની મનઃ સ્થિતિને પામેલા પાર્વતીજી ઓખાને સ્વપ્નપુરુષને વરવાનું વરદાન આપે છે. કવિની સર્ગશક્તિની પરિચાયક કેટલીક પંક્તિ જુઓ :

*'' મખ હરખ ન માઈ, સખી સખી તણ તાલ;*  
*મખ ન મગિ નખમખ, નીચી મખ નિહાળી...''* ૧૦૭  
*'' સમજી પારબતી સતી, જપિ ઈમ જગમાઈ;*  
*તૂં ભાળી સપને તરિ, તું વર વરિ તકાઈ...''*[31] ૧૦૮

ચિત્રલેખાએ ઓખાના સ્વપ્નની વિગત જાણ્યા પછી અનિરુદ્ધનું ચિત્ર દોર્યું ત્યારે પણ તે અનિરુદ્ધને જોતાં જ લજ્જાથી નયનો નીચા ઢાળી દયે છે.

*વર દેખ ઉષા હુઈ લજવેસા, લખંતિ રહી એતરિ ચત્રલેખા...*[૩૨] *૧૪૮*

ઓખાના સ્વપ્નથી માંડીને ઓખાના અનિરુદ્ધ સાથે સંપન્ન થયેલા લગ્ન સુધીની કથા લાંગીદાસે અત્યંત સંક્ષેપમાં રજૂ કરી છે, અને શૃંગાર રસના જમાવટની તક જતી કરી છે, એમનો આશય તો ચારણ સહજ યુદ્ધ વર્ણન દ્વારા વીરરસની જમાવટનો રહ્યો છે. એ એમણે કૃતિમાં પ્રયોજાયેલા યુદ્ધનાં વિવિધ વર્ણનો દ્વારા સિદ્ધ કર્યો છે.

ભાગવત્, શિવપુરાણ, હરિવંશ, વિષ્ણુપુરાણ, પદ્મ પુરાણ વગેરે ગ્રંથોમાં આવેલા ઓખા-હરણની કથાને આધારે લાંગીદાસે ઓખાહરણની રચના કરી છે. ચારણી સાહિત્યમાં ઓખાહરણની કથા અનેક કવિઓના હાથે લખાઈ છે. પરન્તુ એ બધામાં લાંગીદાસની આ રચના અનોખી અને વિશેષ લોકપ્રિય રહી છે.

૩૩૬ કડીના આ કાવ્યમાં કવિએ આરંભે ગણપતિ અને સરસ્વતીનું સ્તવન કર્યું છે, પછી પોતાના આશ્રયદાતા કરણજી ઝાલા સમક્ષ ઓખાહરણ રચવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે એમની સૂચનાથી બાલકૃષ્ણ ભટ્ટે કવિને ઓખાહરણના પૌરાણિક કથાનકથી વાકેફ કર્યા અને એને આધારે કવિએ પ્રસ્તુત રચના કરી એવો નિર્દેશ મળે છે.

*'કરણ જસુ દાતા કરણ, ગાંની જમ ગોવષ;*
*કીધ મંસાગતિ મિ કથી , ઉણી ગર દષ'*[૩૩]*-(૧૪)*

(કર્ણ સમાન દાનેશ્વરી અને ગોરખ જેવા જ્ઞાની કરણજી ઝાલાને મેં મારી ઈચ્છા (ઓખાહરણ લખવાની ) કહી અને તે તેમણે ગુરુને કહી.)

*બાલક્રસન ભટ્ટ અદ્ધ બધ, અણહંદુ અપગાર;*
*હુ ભાષાં ઉષા હરણ, વરણાવરણ વચાર;*[૩૫]*-(૧૫)*

(બૃદ્ધિના સાગરરૂપ બાલકૃષ્ણ ભટ્ટનો આ ઉપકાર છે કે જેને કારણે આ ઓખાહરણ વર્ણ-અક્ષરનો વિચાર કરીને કહું છું.)

એ પછી ઓખાહરણની કથાનો આરંભ કરતાં બલિરાજા અને એના વંશજ બાણાસુરનો ઉદય, બાણાસુરે તપ તપી શિવ પાસેથી હજાર હાથી અને યુદ્ધમાં કોઈ તેને મહાત ન કરી શકે એવાં પ્રાપ્ત કરેલાં વરદાનો, એના પરિણામ સ્વરૂપે એનામાં જાગેલી યુયુત્સા, સમોવડિયો યોદ્ધો મેળવવા એણે કરેલી શિવ આરાધના, રીઝેલા શિવે સમોવડિયો

યોદ્ધો મળી રહેશે એની આપેલી ખાત્રી અને એ માટે નિશાનીરૂપ આપેલ ધજા વગેરે પ્રસંગો કલાત્મક રીતે હૂબહૂ રજૂ કર્યા છે. ઉદાહરણ રૂપે કેટલીક પંક્તિઓ જોઇએઃ

*'વંદ ગંગાધરં એહ માગાં વર, કોઈમ મૂજ હજાર દીજી કરં;*
*જોર હેકં કરં સાહસં કૂજરં, સાર સાહે સડિ કોન માહેસર..*[૩૫] *(૩૧)*

(હે ગંગાજીને ધારવાવાળા ! મને હજાર હાથ આપો એવું વરદાન વંદન કરી માગુ છું. એક એક હાથમાં હજાર હાથીઓનું બળ આપો. હે મહેશ્વર ! કોઇપણ મારી સામે શસ્ત્ર ન ગ્રહણ કરી શકે.)

શિવ પાસેથી વરદાન પામી પાછા ફરેલા બાણાસુરનું નગરજનોએ કરેલ સ્વાગતનું વર્ણન કેવું નખશિખ છે તે જુઓઃ-

*' હાટડે હાટડે થાટ ભીડોહડા, સામ સામં જુએ વાટ માહે બડા;*
*દેખવા કારણે ઉર ઉરં દલિ, મેક જાવે મળિ કેક આવે મળિ,*[૩૬] *૩૭*

(શહેરની દુકાને દુકાને ભીડ જામી ગઇ. સૌ સ્વામીને કુશળ જોતાં રસ્તામાંજ ઊભાં હતાં. બાણાસુરનાં દર્શન કરવા માટે ત્યાં હૈયે હૈયા દળાય એવી ભીડ હતી. એક મળીને જાય ત્યાં અનેક મળવા આવી પહોંચે.)

*'સદ સિણાઈઆં નદ નફેરીઆં, ભૂગળ તૂર ત્રંબાલ કે ભેરીઆં;*
*રાજતે ગાજતે રાજ આઉ વહે, સુંદરિ મંદર વંદ જોઉ સહે.*[૩૭] *૩૮*

(શરણાઈના સૂરો, નફેરીઓ, ભૂંગળો, તૂરઇ, નગારાં અને ભેરીઓના અવાજો સાથે વાજતે ગાજતે રાજા નગરમાં આવ્યો. મહેલોમાં સુંદર એવી રાણીઓએ પતિનાં ઘણે દિવસે દર્શન કર્યા.)

શિવે કરેલ શક્તિપ્રદાનથી એની સામે થનાર કોઇ ન રહ્યું. એનું લાઘવયુક્ત આ વર્ણન જુઓ :

*'કેક ભાજે ગિઆ નેક ભૂકા કિઆ, રુક છોડે બિઆ હાથ જોડે રિઆ;*
*સિર સિરે ભરે આંણ બાંણાસર, ન નકો અનમી કો ન સામુ નર.'*[૩૮] *(૬૨)*

(કેટલાય શત્રુઓ ભાગી ગયા. અનેકના એણે ભુક્કા બોલાવી દીધાં જયારે બીજા હથિયારો ત્યજી હાથ જોડીને ઊભા રહ્યા. માથે માથા પર બાણુસરની આણ ફરી રહી. ન નમે કે સામા થાય એવા કોઇ નર ન રહ્યા.) અને આમ થયું ત્યારે હવે બાણાસુરમાં યુયુત્સા જાગી.

*'જધ ચીતણ લાગી જલણ, હાથી કલણ અથાહ .'*[૩૯] ૭૧

(હૃદયમાં યુદ્ધની ઈચ્છાની જલન જાગી અને હાથમાં અપાર ચળ ઊપડી.)

*'કાઈમ ભજા કળંત, જધ કાજિ દે જલંત;*
*કીજીએ એ વહુ કોએ, સામહું લડંત સોએ.'*[૪૦] ૯૪

(હે અવિનાશી !મારી ભુજાઓ સળવળે છે. સંગ્રામ માટે કાયા પ્રજળે છે. કોઈક એવો નર ઉપજાવો કે જે મારી સામે યુદ્ધ કરે.)

શિવે એને ધરપત આપી અને નિશાની રૂપ ધજા આપીને કહ્યું :

*'પડિ ધજા તણ દીહ પ્રમાંણે , જધ ઉપાઉ હુઉ તબ જાણે ?'*[૪૧] ૯૪

( જે દિવસે ધ્વજાનું પતન થશે તે દિવસે યુદ્ધ ઉત્પન્ન થયેલું જાણજે.)

આ પછીના કાવ્યના મુખ્ય પ્રસંગનું નિરૂપણ છે. બાણાસુરની પુત્રી ઓખા પાર્વતીને પ્રાર્થના કરી પ્રસન્ન કરે છે. પ્રસન્ન થયેલ પાર્વતી ઓખાના મનની વાત જાણી-સમજીને 'સ્વપ્નમાં દેખાનાર યુવકને પરણીશ' એવી વાત કરે છેઃ

*'સમજી પારબતી સતી, જપિ ઈગ જગમાઈ;*
*તૂ ભાળી સપનંતરિ, તુ વર વરિ તકાઈ'*[૪૨] - ૧૦૮

(સતી પાર્વતી ઓખાના મનની વાત સમજ્યાં અને કહ્યું 'તું સ્વપ્નમાં જોઈશ તેને તું વરી જાણજે.)

આ પ્રસંગ પછી ઓખાએ કોઈ પુરુષનું મુખ ન જોવાનું વ્રત લીધું અને એથી કરીને બાણાસુરે એને રહેવા માટે એકદંડિયા મહેલની વ્યવસ્થા કરી આપી. એકદંડિયા મહેલમાં ઓખા સ્વપ્નમાં ઘનશ્યામ વર્ણ વાળા પતિને જુએ છેઃ

*'સમિ નીદ્રચિ તામ લાંધુ સપન, વરં દેષિઉ તાજા ઘન વરને.'*[૪૩] - ૧૨૫

(એક વખત નિદ્રામાં ઓખાને એક સ્વપ્ન આવ્યું તેમાં તેણે ઘનશ્યામ વર્ણનવાળા પતિને જોયો.)

સ્વપ્નની વાત ઓખા ચિત્રલેખાને કહે છે. ચિત્રલેખા ઓખાના સ્વપ્નની વાત-વિગત જાણી સ્વપ્ન પુરુષનાં ચિત્રો દોરી બતાવે છે. સૂર્યવંશી, ચંદ્રવંશી, અન્ય છત્રીસ વંશના રાજકુમારો યાદવ રાજયુવકો, શૂરવીરો, કૃષ્ણ અને અંતે અનિરુદ્ધ ચિત્ર દોરી ઓખા સમક્ષ ધરતાં તે લજવાઈને ઊભી રહે છે.

*'વર દેષ ઉષા હુઈ લજવેશા.'*[૪૪] ૧૪૩

અહી 'દીઠા શ્રી કૃષ્ણને ઓખા ઊઠી..' વગેરે પ્રેમાનંદ કોટિનું વર્ણન નથી અને એવું વર્ણન કરવાનો કવિનો કદાચ, આશય પણ નથી. ચિત્રલેખા અનિરુદ્ધને નિદ્રાધીન કરી હરી લાવે છે અને એકદંડિયા મહેલમાં ઓખા અનિરુદ્ધનાં ઘડિયાં લગ્ન થાય છે. બરાબર એ સમયે બાણાસુરને શિવજીએ આપેલ ધજાનું પતન થાય છે:

*'પડી તેન સમી ધજા દીહ પ્રમ,'*

ઓખાના સ્વપ્નથી માંડીને ઓખાના અનિરુદ્ધ સાથે સંપન્ન થયેલા લગ્નના પ્રસંગ સુધીની કથા લાંગીદાસે અત્યંત સંક્ષેપમાં રજૂ કરી છે અને શૃંગાર રસના જમાવાટની તક જતી કરી છે. એમનો આશય તો ચારણ સહજ યુદ્ધ વર્ણન દ્વારા વીરરસની જમાવટ રહ્યો છે અને એ એમણે આ કૃતિના આરંભે બાણાસુરના વિવિધ રાજવીઓ સામેના યુદ્ધવર્ણનમાં અને ઓખા-અનિરુદ્ધના લગ્ન પછી બાણાસુર-અનિરુદ્ધ અને અનિરુદ્ધની સહાયે આવતા કૃષ્ણના બાણાસુર સાથેના યુદ્ધવર્ણન દ્વારા સિદ્ધ કર્યો છે. બાણાસુરના અનિરુદ્ધ સાથેના યુદ્ધના વર્ણનની આ પંક્તિઓ જુઓ:

*'અસા ઉછળે સાર પારંઅપારં, વા બાર પડે આરંપારં વિહારં;*
*ચલે ર ાધાર ત્રધારં ચુધારં, અડિ સારધારં ઈઆર ઈઆરં.*[૪૫] *૧૬૩*

(આ પ્રકારે હથિયારો ઉછળ્યાં આ શસ્ત્રો યોદ્ધાઓના શરીરને વીધીને રણભૂમિમાં વિહાર કરવા લાગ્યાં, ત્રણ ધારા, ચોધારાં શસ્ત્રો ચાલવાથી રક્તની ધારાઓ વહેવા લાગી. શસ્ત્રધારી યોદ્ધાઓ સામસામે ભીડાયા.)

*'ગૂડારં હડારં મચે રતગારં, પડિ કે ઈઆર સ ધારં પથારં;*
*લડેવા તિઆર લગી લાર લારંડિડિ બંધુક જંબુર અપારં*[૪૬] *૧૬૪*

(કવચધારી હાથીઓનાં અંગોમાંથી વહેતા લોહીને કારણે રણભૂમિમાં કીચડ થયો, કંઈક યોદ્ધા શસ્ત્રોની ધારની પથારી પર સૂતા. લડવા માટે સજ્જ યોદ્ધાઓની લાઈન લાગી. અપાર બંદૂકો અને જંબીશસ્ત્રોની ગડેડાટી થઇ.)

શ્રી કૃષ્ણ બાણાસુરના હજાર હાથ કાપી નાખે છે. બાણાસરુ ભગવાન શિવજીને ફરિયાદ કરે છે, શિવજી તેમના ગણોને બાણનાસુરની સહાયે કૃષ્ણ સામે મોકલે છે. બંને વચ્ચે તુમુલ યુદ્ધ થાય છે, જે જ્વરયુદ્ધના નામથી જાણીતું છે. પૃથ્વી પર પ્રલય થાય એવી

સ્થિતિ સર્જાય છે. બ્રહ્મા આવીને સમાધાન કરાવે છે અને શ્રી કૃષ્ણ બાણાસુરને ચાર હાથ આપી ચતુર્ભુજ બનાવે છે. બાણાસુર ઓખાનું કન્યાદાન કરે છે.

કાવ્યના અંતે કવિએ ઈશ્વરના અવતારોનું સ્તવન કર્યું છે. અને હરિ અને હરનાથના સ્તવન સાથે કૃતિ પૂર્ણ કરી છે.

ભાગવત્માંના કે પુરોગામીઓની રચનાઓમાંના-ઓખાની ઉત્પત્તિકથા, શંકરનું તપ, નારદની ઉશેકરણી, વરદાનથી ગણેશ-ઓખાની ઉત્પત્તિ, ગણપતિનું મસ્તક છેદન, ઓખાનું મીઠાના ઢગલામાં સંતાઇ જવું-વગેરે પ્રસંગો લાંગીદાસના ઓખાહરણમાં નથી. ઓખા એકદંડિયા મહેલમાં રહે છે. એનું કારણ પણ લાંગીદાસે જુદું જ આપે છે (ઓખા કોઈ પુરુષના સંસર્ગમાં ન આવે એ માટે બાણાસુર એકદંડિયા મહેલની રચના કરી એમાં ઓખાને રાખે છે. જ્યારે અહીં ઓખા જાતે જ કોઇ પુરુષનું મુખ ન જોવાનું વ્રત રાખે છે.) આ બધા પરથી લાંગીદાસે શૃંગારની આછી છાંટ સાથે વીરરસને પ્રધાનપણે રાખીને ઓખાહરણની કથા લખી છે. ચારણોમાં અને રજપૂતોમાં કદાચ આથી જ લાંગીદાસની આ રચના લોકપ્રિય બની છે. મેઘાણીએ આ રચના વિશે સાચું જ નોંધ્યું છે કે ‘રાજદરબારમાં પ્રેમાનંદનું ઓખાહરણ વાંચવાનું લગભગ નિષિધ ગણાય છે, કેમ કે, એમાં શૃંગારનું ત વ જોરદાર છે. પણ લાંગીદાસનું ‘ઓખા હરણ’ અંતઃપુરોમાં છૂટથી મંડાતું હતું. ‘ઓખા હરણ’ સાંભળવું હોય તો ગઢવીઓનું સાંભળવું ઓલ્યું નઈ! એમ દરબારો પોતાની રાણીઓને કહેતા.’’[૪૭]

વસ્તુતઃ ચારણ સહજ રીતે લાંગીદાસજી યુદ્ધવર્ણનમાં પર્ણરુપે ખીલ્યા છે. કૃતિમાં પ્રયોજાયેલા રણવાદ્યો અને શાસ્ત્રોના વર્ણનો, પરસ્પર યુદ્ધ ખેલતા યોદ્ધાના વર્ણનો, નાદતત્વો અને અલંકારનો સમુચિત વિનિયોગને કારણે કૃતિ આસ્વાદ્ય બની છે. લાંગીદાસની સર્જનકલાની દ્યોતક આ કૃતિનું સંપાદન ડૉ. ઇશ્વરભાઇ દવે અને રતુદાનજી રોહડિયાએ કર્યું છે જે ઇ.સ. ૧૯૭૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત પ્રકાશિત થયેલ છે.[૪૮]

### ૨.૯ સત સ્મરણ

૧૦૭ દુહામાં રચાયેલ આ ગ્રંથ વિશે એક દંતકથા પ્રચલિત છે કે હળવદના રાજવી જસાજીએ લાંગીદાસ મહેડુ પાસે માળા કરતાં કરતાં પાઠ કરી શકાય એવા ભક્તિ ભાવ

ભર્યા નાના ગ્રંથની માગણી કરી. લાંગીદાસે આ માગણીના સંદર્ભમાં પ્રસ્તુત ગ્રંથની રચના કરી.[૪૯] પરમ વૈષ્ણવ લાંગીદાસજીની ઉત્કટ ભક્તિભાવનાનો પરિચાયક આ ગ્રંથ ઈશ્વર સ્તવનનો છે. પરમાત્માની એકનિષ્ઠ ઉપાસના - આરાધના અને નામસ્મરણ કરનાર વ્યક્તિ ભક્તિના બળે ભવસાગર તરી જાય છે, એ માટેના અનેક ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

ઈશ્વર સ્તવનનો આ ગ્રંથ છે જેમાં કવિ ભક્તિભાવના સુપેરે રજૂ થઈ છે. કેટલાંક ઉદાહરણ જુઓઃ

*'દજ છોડણ દાણવ દહણ. બંધણ આખર બંધ;*
*નમો નમો અજોની નાથ, નર કાઆ નર હે કંધ.'*[૫૦] ૫

(દ્વિજોને અસુરોના ત્રાસમાંથી મુક્ત કરાવનાર, વેદનું હરણ કરનાર શંખાસુરનો વધ કરી વેદવાણી અક્ષર સ્વરૂપે બદ્ધ કરનાર, માનવ શરીર અને અશ્વની ગ્રીવવાળા ભગવાન હયગ્રીવને વંદન હો.)

*'થંભ થકી હરિ પ્રગટ તે, હરણ કંશ અગ;*
*પણ પેલાદ રહાવણ, નમો નમો નરસંગ.'*[૫૧] ૨૫

(સ્થંભમાં પ્રગટ થઈ જેમણે હિરણ્ય કશ્યપનાં અંગોનું હરણ કર્યું છે, એવા ભક્ત પ્રહલાદની પ્રતિજ્ઞાનું રક્ષણ કરનાર ભગવાન નરસિંહને નમન હો)

*' જળ થળ જે થાવર જંગમ, સોખમ થૂળ સમાથ;*
*ઉંચા નીચા સહતું અલખ, નમો વભૂતી નાથ.'*[૫૨] ૨૭

(આ જગતમાં સ્થાવર-જંગમ, સૂક્ષ્મ, ઊંચા-નીચા વર્ણો-જે કંઈ છે તે સર્વ લક્ષમાં ન આવનાર અને સમર્થ એવા પરમેશ્વર, આપ જ છો. સર્વ વિભૂતિઓના સ્વામી આપને નમસ્કાર હો.)

આ લોકમાં જન્મ ધરીને જેણે પરમેશ્વરના ગુણ ગાયા નહિ તેમનો અવતાર એળે ગયો, જેમની જીભે પ્રભુના ગુણ ગાયા નહિ તેમની જીભ મુખમાં ભાર સમાન છે. અને જેમણે પ્રભુનું સંકીર્તન કર્યુ તેમને સંસારમાં જીવતાં પ્રશંસા પ્રાપ્ત થાય છે અને મૃત્યુ પામતાં મોક્ષ મળે છે, મતલબ કે તેમના આ લોક અને પરલોક બંને સુધરી જાય છે.

*'જગત સરાએ જિવતાં, મગતિ મુઆં હી થાઈ.'*[૫૩] ૫૦

## ૨.૧૦ ગણ બાબી રો

જૂનાગઢના બાબી રાજવંશને લગતી આ રચના ૫૭ કડીની છે અને તે નિશાણી છંદમાં રચાયેલી છે. જૂનાગઢના બાબી બહાદુરખાનના પોરબંદરના રાણા ખીમાજી જેઠવા સામે અને પીલાજીરાવ ગાયકવાડ સામે ખેલાયેલ જંગની કથા છે પણ પ્રધાનપણે તે પીલાજીરાવ સામેના યુદ્ધના પ્રસંગને નિરૂપે છે.

મંગલાચરણ પછીની પંક્તિઓ બતાવે છે કે આખી રચના કવિના મુખમાં મૂકાયેલી હોય તેવી રીતે રજૂ થઇ છે. નિસાણી પ્રકારના ચારણી સાહિત્યના બંધની ૫૭ કડીની વીરરસાત્મક આ રચનામાં જૂનાગઢના બાબી રાજવંશની વીરતાને વર્ણવવામાં આવી છે.

મુખ્ય વે જૂનાગઢના નવાબ બહાદુરખાન બાબીનાં પોરબંદરના રાણા ખીમાજી જેઠવા અને વડોદરાની રાજગાદીના આદ્ય પુરુષ પીલાજી રાવ ગાયકવાડ સામેના યુદ્ધોની કથા આ રચનાની વિષયવસ્તુ છે. પણ આમાં સવિશેષપણે તો પિલાજીરાવ ગાયકવાડ સામેના યુદ્ધની કથા વિસ્તરી છે. જ્યારે પોરબંદરના રાણા સાથેના સંગ્રામની કથા સંક્ષેપમાં આપી છે. આ રીતે લાંગીદાસે પિલાજી રાવ ગાયકવાડ સામેના બહાદુરખાન બાબીનાં યુદ્ધને સવિશેષ મહ વ આપ્યું છે. આનાં બે ઉદાહરણ જોઇએ.

*''બાદરખાન મહાબળી, હર જાફર હંદા,*
*કરસી નામા મિ કહું, સબ કોઅ સણંદા.''*[૫૪]

(જાફરખાનનાં વંશજ એવા મહાબળવાન વીર બહાદુરખાનનાં વીર કર્મોનું હું વર્ણન કરું છું, તે સૌ કોઇ સાંભળો.)

આ યુદ્ધમાં નવાબના સૈન્યે મરાઠાઓના સૈન્યને કચડી-નાખેલ તેનો પરાજય કરેલ.

*પીલુકા દળ પીલિઆ,*
*તલ જેમ તણીતણ;*
*બાબી બાદરખાન કી,*
*હુઈ જીત જણોજણ..*[૫૫]

(નવાબે ઘાંચી ઘાણીમાં તલ પીલે તેમ પીલાજીરાવનાં સૈન્યને શસ્ત્ર વડે પીલી નાખ્યું. આ રીતે બહાદુરખાન બાબીની સર્વત્ર જીત થઇ.)

કૃતિના અંતે બહાદુરખાનનાં યશોગાન ગાઇને કવિ, કવિજનોએ કરેલાં પાપ નષ્ટ થઇ જાય છે, એવી ફલશ્રુતિ સાધે છેઃ

*'કરસી નામા આપકી, જ નમે જ જપાઆ;*
*ત્રિખત હતિઆ ઊતરી, કહી પાપ કટાઆ.'*[૫૬]

આ ગ્રંથનાં લહિયા લાંગીદાસ મહેડુના પૌત્ર સગા મહેડુ છે.

## ૨.૧૧ રાજ સગાણ

આની રચના પાછળ લાંગીદાસ મહેડુની દ્વિમુખી મનેચ્છા રહી છે. એક તો પ્રથમ ધ્રાંગધ્રાના ઝાલા રાજવંશનો ઇતિહાસ વર્ણવવો. અને બીજી રાજ પ્રતાપસિંહનાં પોતે જોયેલાં વીરકર્મોને વર્ણાવવાનો છે. જે પ્રારંભમાં જ ઉદ્ઘાટિત કરે છે.

*વધવાણ અપરમ વંદુ .બ્રહ્મ સધુ દિવાંણ;*
*ગાવાં હું પાતલ ગણિ, વંશ વખાણ વખાણ..*[૫૭]

(હું પરમેશ્વરી એવાં બ્રહ્મપુત્રી સરસ્વતીને વંદન કરું છું, પરમેશ્વરી મને વાણી આપો. જેથી હું રાજ પ્રતાપસિંહનાં વીરકર્મનું ગાન કરું.)

આમાં આરંભમાં લાંગીદાસે ઝાલા કુળનો ઇતિહાસ વર્ણવ્યો છે. જે વિસ્તૃત રીતે વર્ણવ્યો છે. ૮૬ ક્રમની કડીથી આ મહ વની ઐતિહાસિક રચના અપૂર્ણ મળે છે. આમાં ઝાલા કુળની ઉત્પ િ અને તેનો વંશ વિસ્તાર વર્ણવતા મુખ્ય મુખ્ય પ્રસંગો વર્ણવ્યા છે. ૮૬ ક્રમની કડી સુધીમાં કેસર મકવાણાએ સિંધના હમીર સુમરાની રાજધાનીમાંથી ૧૪૦ સુમરીઓનું હરણ કર્યાની પરાક્રમગાથા પછી હસ્તપ્રત અપૂર્ણ રહી ગઇ છે. એટલે લાગે છે કે આ કૃતિ સારી પેઠે લાંબી હશે અને લાંગીદાસે રાજ પ્રતાપસિંહ સુધીના ઝાલા રાજવંશનાં વીર કર્મોને આ રચનામાં કાવ્યબદ્ધ કર્યો હશે. પણ ખેદ એ વાતનો છે આ મહ વની ઐતિહાસિક કૃતિની પૂર્ણ હસ્તપ્રત હજી પ્રાપ્ત નથી થઇ. એની ૮૬ કડી પ્રાપ્ત થાય છે જેમાં ઝાલાવંશના પરાક્રમી પૂર્વજોનાં કવિએ યશોગાન ગાયાં છે ૧૦ દુહા અને ૭૬ બિયાખરી છંદો પછીની એની હસ્તપ્રત અધૂરી છે[૫૮] એટલે જ્યાં સુધી એની અન્ય પૂર્ણ પ્રત ન મળે ત્યાં સુધી આ ગ્રંથ વિશે આધારપૂર્ણ કશું કહી ન શકાય.

## ૨.૧૨ લઘુકાવ્યો

હસ્તપ્રતોમાં લાંગીદાસનાં સ્ફૂટ કાવ્યો અંગે શોધ કરતાં નીચે પ્રમાણે સ્ફૂટ કાવ્ય પ્રાપ્ત થયાં છે.

૧. ગુરુ લાલ ભટ્ટની સ્તુતિ ૩ કડી,[૫૯]

૨. સંગ્રામજી જાડેજાએ આપેલ અશ્વદાનના વધાવાનું ગીત, ૭ કડી[૬૦]

૩. આમદખાનની પ્રશંસાની ઝમાળ, ૪ કડી[૬૧]

૪. મહારાજ અભેસિંહની પ્રશંસાનું અમદાવાદ પરના વિજયનું ગીત, ૧૦ કડી[૬૨]

૫. રાજ રાયસિંહજીની પ્રશંસાનું ગીત, ૬ કડી[૬૩]

૬. ભાવનગર નરેશ વખતસિંહની તરવારનું ગીત, ૪ કડી[૬૪]

૭. હરિ ભક્તિ કરવા પ્રબોધતું ગીત, ૫ કડી[૬૫]

૮. પ્રભુ સ્મરણ કરવા પ્રબોધતું ગીત, ૫ કડી[૬૬]

૯. જગદંબા સ્તવનનું ગીત[૬૭]

સ્ફૂટ રચનાઓ આ રીતે ઓછી મળે છે. જે સૂચવે છે કે લાંગીદાસે માનવીની પ્રશંસા પરત્વે ખાસ વિશેષ રુચિ દાખવેલ નથી. પણ પ્રસંગવશ અનિવાર્યપણે સમયાનુસાર એમણે વ્યક્તિપ્રશંસાની રચના કરી છે. જેમાં એમની ગુણાનુગ્રાહી પ્રકૃતિનાં દર્શન થાય છે.

લાંગીદાસનો યુગ જ આજના યુગથી સાવ નિરાળો હતો. પ્રજામાં અભણપણું એ કાળે વ્યાપક પ્રસરેલું હતું. અને લોક શિક્ષણ તથા ધર્મ અંગેના જ્ઞાન માટે સમાજ ભવાયા અને માણભટ્ટોની કથાઓ પર આધાર રાખતો હતો. તે ઉપરાંત ક્યારેક ભાગવાતાદિ પુરાણોની કથાઓ- સપ્તાહો પણ મંડાતી હશે. પણ તે બહુ ઓછા પ્રમાણમાં. માણભટ્ટોની કથામાં શૃંગારનો અતિરેક અને હીનકક્ષાનાં વર્ણનો,અને ભવાઇના ખેલોમાં પ્રવેશેલી અશ્લીલતાને કારણે મર્યાદાશીલ એવા ક્ષાત્ર સમાજમાં માણભટ્ટોની કથાઓ અને ભવાઇની રમતો પ્રત્યે એ કાળે ક્ષાત્ર વર્ણને અરુચિ ઉપજી હશે. અને લાંગીદાસે પણ ઉઘાડી આંખે માણભટ્ટો અને ભવાઇમાં પ્રવેશેલી વિકૃતિઓને જોઇ હશે. આ કારણે દેશ,ધર્મ અને પ્રજાના રક્ષણ અર્થે પેઢીઓથી માથાં ન્યોચ્છાવર કરતા ક્ષત્રિય સમાજનાં સંસ્કાર અને મર્યાદાશીલતાનું રક્ષણ કરે અને ક્ષાત્ર સમાજના વીરોચિત સંસ્કારોને અનુરૂપ

એવાં પૌરાણિક આખ્યાનો રચ્યાં હશે કે જેમાં વીર અને શાંતરસ મુખ્ય છે. લાંગીદાસે 'ઓખાહરણ' અને 'એકાદશી માહાત્મ' જેવાં પૌરાણિક આખ્યાનો 'સત્ સ્મરણ' જેવી ભક્તિ પ્રેરક રચનાઓ અને 'રાજ સગણ' તેમ 'ગણ બાબી રો' જેવી ઐતિહાસિક અને વીરરસાત્મક રચનાઓ આપી એ કાળના ક્ષાત્ર વર્ગની મોટી સેવા તો કરી જ છે. પણ સાથે સાથે ઈતિહાસની પણ ગણનાપાત્ર સેવા કરી  છે.

લાંગીદાસના ઉપલબ્ધ સમગ્ર કવન પર નજર નાખતાં એમણે ચારણ સર્જક સહજ પ્રશસ્તિગીતો કાવ્યો, અને વીરરસ પ્રધાન કૃતિઓ આપી છે. એમની રચનાઓમાં રહેલો ભક્તિભાવ પણ અછતો રહેતો નથી. આવા એક સર્જકની કેટલીક રચનાઓ ચારણો પાસે હસ્તપ્રતોમાં ધૂળ ખાતી પડી હશે અને એ કોઇ ધૂળ ધોયાની રાહ જોતી હશે. એવો કોઇ 'ધૂળ ધોયો' આ બાબતની નોંધ લેશે એવા વિચાર સાથે અસ્તુ.

**સંદર્ભ નોંધ :**

(૧) રતુદાન રોહડિયા, અંબાદાન રોહડિયા, (સંપાદક) લાંગીદાસ મહેડુ : 'સત્ સ્મરણ' પૃ.૧
(૨) એજન, પૃ. ૨
(૩) રતુદાન રોહડિયા : ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ, પૃ. ૫૩
(૪) માવદાનજી રત્નુ : 'શ્રી યદુવંશ પ્રકાશ અને જામનગરનો ઇતિહાસ,' ખંડ-૧ પૃ.૧૪૬-૧૫૨
(૫) એજન, પૃ. ૧૫૨
(૬) રતુદાન રોહડિયા, અંબાદાન રોહડિયા, (સંપાદક) લાંગીદાસ મહેડુ : 'સત્ સ્મરણ' પૃ.૨
(૭) સંપાદકઃ ડૉ. ઈશ્વરલાલ દવે, રતુદાન રોહડિયા : ચારણ કવિ લાંગીદાસ મહેડુ કૃત 'ઓખા હરણ', પૃ. ૪
(૮) લાંગીદાસ મહેડુના વંશજ હરિસંગભાઈ મહેડુની ગોલાસણમાં રૂબરૂ મુલાકાત તા.૮/૧૦/૦૨
(૯) એજન
(૧૦) સંપાદકઃ ડૉ. ઈશ્વરલાલ દવે, રતુદાન રોહડિયા : ચારણ કવિ લાંગીદાસ મહેડુ કૃત 'ઓખા હરણ', પૃ. ૫
(૧૧) એજન
(૧૨) એજન
(૧૩) લાંગીદાસ મહેડુના વંશજ હરિસંગભાઈ મહેડુની ગોલાસણમાં રૂબરૂ મુલાકાત તા.૮/૧૦/૦૨
(૧૪) સંપાદકઃ ડૉ. ઈશ્વરલાલ દવે, રતુદાન રોહડિયા : ચારણ કવિ લાંગીદાસ મહેડુ કૃત 'ઓખા હરણ', પૃ. ૬
(૧૫) એજન
(૧૬) એજન, પૃ. ૭
(૧૭) એજન, પૃ. ૮
(૧૮) રતુદાન રોહડિયા, અંબાદાન રોહડિયા, (સંપાદક) લાંગીદાસ મહેડુ : 'સત્ સ્મરણ' પૃ.૧૫
(૧૯) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ચારણી સાહિત્ય હસ્તપ્રત ભંડારની પ્રત નં. ૨૩/૯૬૯
(૨૦) એજન, પૃ. ૮
(૨૧) એજન, પૃ. ૮
(૨૨) એજન, પૃ. ૯

(૨૩) એજન, પૃ. ૯
(૨૪) એજન, પૃ. ૧૨
(૨૫) એજન, પૃ. ૧૪
(૨૬) એજન, પૃ. ૧૫
(૨૭) એજન, પૃ. ૧૬
(૨૮) એજન, પૃ. ૧૮
(૨૯) એજન, પૃ. ૧૯
(૩૦) ઝવેરચંદ મેઘાણી : 'ચારણો અને ચારણી સાહિત્ય', પૃ. ૬૧
(૩૧) સંપાદકઃ ડૉ. ઈશ્વરલાલ દવે, રતુદાન રોહડિયા : ચારણ કવિ લાંગીદાસ મહેડુ કૃત 'ઓખા હરણ', પૃ. ૧૫૨
(૩૨) એજન, પૃ. ૧૯૨
(૩૩) એજન, પૃ. ૫૮
(૩૪) એજન, પૃ. ૫૯
(૩૫) એજન, પૃ. ૭૫
(૩૬) એજન, પૃ. ૮૧
(૩૭) એજન, પૃ. ૮૨
(૩૮) એજન, પૃ. ૧૦૬
(૩૯) એજન, પૃ. ૧૧૫
(૪૦) એજન, પૃ. ૧૩૮
(૪૧) એજન, પૃ. ૧૩૮
(૪૨) એજન, પૃ. ૧૫૨
(૪૩) એજન, પૃ. ૧૬૯
(૪૪) એજન, પૃ. ૧૮૭
(૪૫) એજન, પૃ. ૨૦૭
(૪૬) એજન, પૃ. ૨૦૮
(૪૭) ઝવેરચંદ મેઘાણી : 'ચારણો અને ચારણી સાહિત્ય', પૃ. ૬૧
(૪૮) સંપાદકઃ ડૉ. ઈશ્વરલાલ દવે, રતુદાન રોહડિયા : ચારણ કવિ લાંગીદાસ મહેડુ કૃત 'ઓખા હરણ', પૃ. ૪
(૪૯) રતુદાન રોહડિયા, અંબાદાન રોહડિયા, (સંપાદક) લાંગીદાસ મહેડુ : ‘સત્ સ્મરણ’ પૃ.૧૨
(૫૦) એજન, પૃ. ૨૬
(૫૧) એજન, પૃ. ૩૧

(૫૨) એજન, પૃ. ૩૧
(૫૩) એજન, પૃ. ૩૭
(૫૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ચારણી સાહિત્ય હસ્તપ્રત ભંડારની ચોપડા નં. ૪૬, હસ્તપ્રત નં. ૨૨૯૦
(૫૫) એજન, પૃ. ૨
(૫૬) એજન, પૃ. ૪
(૫૭) એજન, ચોપડા નં. ૪૬ હસ્તપ્રત નં. ૨૨૮૯
(૫૮) એજન, પૃ. ૯
(૫૯) એજન, ચોપડા નં. ૧૪, હસ્તપ્રત નં. ૪૫૯
(૬૦) એજન, ચોપડા નં. ૧૮, હસ્તપ્રત નં. ૬૬૨
(૬૧) એજન, ચોપડા નં. ૧૯, હસ્તપ્રત નં. ૭૨૭
(૬૨) એજન, ચોપડા નં. ૩૦, હસ્તપ્રત નં. ૧૫૯૬
(૬૩) એજન, ચોપડા નં. ૫૧, હસ્તપ્રત નં. ૨૫૧૯
(૬૪) એજન, ચોપડા નં. ૩૭૭, હસ્તપ્રત નં. ૭૦૪૪
(૬૫) એજન, ચોપડા નં. ૨૧, હસ્તપ્રત નં. ૮૭૫
(૬૬) એજન, ચોપડા નં. ૫૧, હસ્તપ્રત નં. ૨૫૧૩
(૬૭) એજન, ફાટેલ ચોપડાના પાનાની નકલનો ચોપડો, અનં. ૩, પૃષ્ઠ ૫.

❀❀❀

# પ્રકરણ - ૩
# ગણ અગિયારસ માતમ : ભકિતમૂલક ચારણી આખ્યાન

3.૧ ભૂમિકા
3.૨ કથાસાર
3.3 ગુજરાતી સાહિત્યમાં એકાદશી મહિમા
3.૪ 'મત્સ્ય પૂરાણ'ની મૂળ પૌરાણિક કથા
3.૫ મૂળ પૌરાણિક કથામાં કવિએ કરેલી કાંટ–છાંટ
3.૬ ચોટદાર અને હૃદયંગમ વર્ણનકલા
3.૭ બહુ પરિમાણી રસ પ્રયોજન
3.૮ અર્થવાદી અને નાદવૈભવયુક્ત અલંકારો
3.૯ 'ગણ અગિયારસ માતમ'નું છંદો વિધાન
3.૧૦ ઉપસંહાર

# પ્રકરણ - ૩
# ગણ અગિયારસ માતમ : ભક્તિમૂલક ચારણી આખ્યાન

## ૩.૧ ભૂમિકા

ચારણ સમાજ અને ચારણી સાહિત્યમાં લાંગીદાસ મહેડુનું પ્રદાન ગણનાપાત્ર હોવાથી એમનું વિશિષ્ટ સ્થાન અને માન છે.

લાંગીદાસના 'ઓખા હરણ' ને ક્ષાત્રસમાજમાં અને રાજ દરબારોમાં આદરપાત્ર સ્થાન પ્રાપ્ત થયેલું. ક્ષત્રિયોના દરબાર ગઢમાં લાંગીદાસનું 'ઓખા હરણ' રાણીઓ અને રાજવંશી ક્ષત્રિય નારીઓ ખુલ્લાં મને સાંભળતી.[1]

પણ લાંગીદાસની પ્રથમ રચનાનું માન 'ગણ અગિઆરસ માતમ' લઇ જાય છે. એનો રચનાકાળ ગ્રંથાંતે લાંગીદાસે આપ્યો છેઃ

*તવાં સવંતસત્ર ઓગણતેર,*
*વઈસાક ત્રીજ સદ ગરવેર*[2]

(વિ.સં. ૧૭૭૯ ને વૈશાખ સુદી ૩, ગુરુવાર કહીએ.)

ત્યારે 'ઓખા હરણ'નો રચનાકાળ ગ્રંથમાંથી મળે છે જે આ પ્રમાણે છે.

*મહા સવં । સત્ર બાસિઅ માસ,*
*તથી સદ તેરસ સકર તાસ;*[3]

(સંવત સતરબ્યાશી (૧૭૮૨) ના મહા માસે સુદ તેરસની તિથિ અને તેનો વાર શુક્રવાર હતો.) (એ દિવસે આ ગ્રંથની સમાપ્તિ થઇ.)

આ રીતે 'ગણ અગિયારસ માતમ' પછી ત્રણ વરસે 'ઓખા હરણ' રચાયાનું માની શકાય તેમ છે આ 'ગણ અગિયારસ માતમ' માં મુખ્ય ઝોક વીરરસ પ્રત્યે છે. ગુજરાતી ભાષાનાં મધ્યકાલીન આખ્યાનોમાં આ પ્રકારના પૌરાણિક કથાનકોની બોલબાલા હોવાનું જોવા મળે છે.

પ્રસ્તુતઃ 'અગિયારસ માતમ' ની મૂળ પૌરાણિક કથા લાંગીદાસના ગુરુ લાલ ભટ્ટે લાંગીદાસને ડિંગળભાષામાં રચના કરવા માટે સંભળાવેલી અને એ પરથી લાંગીદાસે આ ગ્રંથ રચ્યો. એ વિગતનો લાંગીદાસે ગ્રંથના આરંભે જ ગુરુને પ્રણામ કરતાં. ઋણ સ્વીકાર સાથે ઉલ્લેખ કર્યો છેઃ

*પ્રથમ લાલ દજ ગર પ્રણવાં,*
*પ્રણવાં વલે ગણપતિ;*
*દાખી કથ અણ ઓ દિએ,*
*આખણ સગણ ઓકતિ* [૪]

( પ્રથમ ગુરુ લાલ દ્વિજ (ભટ્ટ ) ને પ્રણામ કરું છું, તે પછી ભગવાન ગણેશને પ્રણામ કરું છું. કેમ કે એ ગુરુ લાલ ભટ્ટે મને આ ઉ ।મ કથા ડિંગળમાં ગ્રંથ રચના કરવા માટે સંભળાવી છે.)

### ૩.૨ કથાસાર

ગણેશ વંદના કર્યા પછી કવિએ ગણેશના સ્વરૂપનું અને પ્રલંબ કાયાનું નમસ્કાર સહ વર્ણન કર્યું છેઃ

*સસહ્ર ચખ મખ સૂંડ*
*નમો નમો તું પંડ નર*
*ચો ભજ ડંડ પ્રંચડ* [૫]

(ચંદ્ર સમાન જેનાં નેત્રો છે. સૂંઢ યુક્ત મુખ છે. એવા માનવ કાયા(ધડ)વાળા અને પ્રલંબ એવી ચાર ભૂજાઓ વાળા ભગવાન ગણેશને વંદન છે.)

એ પછી વિદ્યાનાં અધિષ્ઠાત્રિ એવાં ભગવતી સરસ્વતી દેવીનું વર્ણન કર્યું છે. ભગવતી શારદાના રૂપનું વર્ણન આ રીતે કર્યું છે.

*સકલંબર કલ સોલ સસ,*
*કેસર આડ કપોલ;*
*મંગ ચોલ તંબોલ મખ,*
*બાંહ કંકોલ બંબોલ.*

(શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં, પૂર્ણિમાનાં સોળ કળા યુક્ત ચંદ્ર સમાન મુખવાળાં, કપાળે કેસરની આડવાળાં, કંકુમની માંગ યુક્ત તેમજ પાન પ્રાસન વડે રક્ત મુખવાળાં અને લાલ ચૂડલી યુક્ત હાથ વાળાં.)

એ સાથે ભગવતી શારદાની કૃપા વડે આ 'અગિયારસ માતમ' ગ્રંથની કથાનો આરંભ કર્યો છે. એવું નમ્ર નિવેદન છે. જે કવિની નમ્રતા અને ભક્ત હૃદયનું દ્યોતક છે.

કથારંભે લાંગીદાસ મહ વની વાત એ કરી છે કે તેમણે એકાદશી મહાત્મની સંસ્કૃત પુરાણોમાં કહેવાયેલી આ કથા સાંભળીને અને તેને ડિંગળ ભાષામાં તેમની મતિ અનુસાર વિસ્તારથી રજૂ કરી છેઃ

*એકાદશ મિહમા અનંત,*
*પણિઓ કથા પરાંણ;*
*પણિઓ સણિઓ હું પણાં,*
*જથા સક્ત મત જાણ.*[૬]

(એકાદશીનો મહિમા અપાર છે. જે કથા પુરાણમાં કહેવાયેલી છે. એ કથા જે રીતે કહેવાઈ છે. અને મેં શ્રવણ કરી છે. એને હું મારી યથા બૃદ્ધિ હવે કહું છું.)

એ પછી અર્જુન કૃષ્ણ પાસે જઇ એકાદશીના વ્રતનો મહિમા પૂછે છે. તે પણ સ્તવન સહ. અહી ંલાંગીદાસનું ભક્ત હૃદય આ હરિ સ્તવનમાં પોતાની લાગણી વહાવે છે. અને કદાચ એ કારણે આ ભક્તિભાવ સભર સ્તવન ટૂંકું ન બનતાં વિસ્તાર પામ્યું છે. પણ આ કારણે કથા પ્રવાહ નીરસ નથી થતો એ લાંગીદાસની સિદ્ધિ છે.

એથી ભગવાન કૃષ્ણ અર્જુનને એકાદશીના વ્રતની વિધિ કહેતાં માઘ માસથી એકાદશીનું વ્રત આરંભ કરવાનું કહે છે.

*પિહલિ સીતલ કાલ વ્રખંપ્રત,*
*તિ પ્રત હુવે રત હિમત;*
*માઘી માસ સિહ માસ સરોમણિ,*
*તાસ માસ માહી અજુ આસ પકં તાણિ.*[૭]

(વર્ષના પ્રથમ શૈત્યકાળની હેમંત ઋતુની માસો ।મ માઘ માસના શુકલ પક્ષની એકાદશીથી વ્રત પ્રારંભ કરવું. )

*સો પખ વ્રત એકાદશ સાર,*

*ધરવો વરત સોએ નરધાર*[૮]

(એ શુકલ પક્ષની અગિયારસથી કે જે સર્વ એકાદશીના  સાર રૂપ છે. તે એકાદશીથી આખા વર્ષની એકાદશીઓ કરવાનું વ્રત ધારણ કરવું.)

એ પછી પ્રત્યેક માસની બબ્બે એમ આખાવર્ષની ૨૪ એકાદશીઓ થતી હોવાનું પ્રબોધતાં ભગવાન અર્જુનને પ્રબોધે છે કે એકાદશીની કાયા તો એક જ છે. પણ તેના પ્રત્યેક માસે અભિધાન બદલાતાં રહે છે.

*વપ એક નાંમ ચત્ર વીસ,*

*દો દો માસ કહિ જગદિસ.*[૯]

( ભગવાન કહે છે : અગિયારસની કાયા તો એક જ છે. પણ પ્રત્યેક માસની બબ્બે થઇ કુલ બાર મહિનાની ચોવીસ અગિયારસોનાં ચોવીસ જુજવાં નામો છે.)

આમ વ્રત એક હોવા છતાં પ્રત્યેક માસમાં એનાં નામો જુદાં જુદાં પડયાં છે.

એ પછી ભગવાન એકાદશીનાં એ ચોવીસ નામો પણ અનુક્રમે જણાવે છે. માઘ માસથી એકાદશીનાં શુકલ અને કૃષ્ણ પક્ષના કુલ બે બે નામો જણાવવાનો આરંભ કરતાં કયા માસની શુકલ પક્ષની એકાદશીનું કયું નામ ? તે દર્શાવ્યું છે. છેલ્લે કાર્તિક માસની બે એકાદશીઓનાં નામ આપી આ અભિધાન પ્રસંગ પૂર્ણ કર્યો છે.

એ પછી એકાદશીને દિવસે સ્નાનનો મહિમા કહેતાં નદી જળમાં સ્નાન કરવાનું સર્વો ।મ મહાત્મ્ય કથે છે. અને તેનાથી ઉ ।રતું વાવના જળનું સ્નાન કહેવાય. વાવ કરતાં કૂવાના જળનો મહિમા ઓછો, અને ઘરનાં પાણી વડે સ્નાન કરવાનો ઘણો અલ્પ મહિમા માન્યો છે.

ટૂંકમાં સરિતા જળને બ્રહ્મ, વાવનાં જળને ક્ષાત્ર વર્ણ, કૂવાના જળને વૈશ્ય વર્ણ અને ઘરનાં જળને શૂદ્ર વર્ણમાં ગણેલ છે. અને વ્રત રહેનાર માટે સ્નાન અનિવાર્ય હોવાનું જણાવેલ છે.

એ પછી વ્રતના નિયમો આપ્યા છે. ત્યાજય આહાર અંગે પણ જણાવ્યું છે.

શારીરિક,માનસિક,પાવિત્ર્ય  જાળવવાનો પ્રબોધ આપેલ છે. અને વ્રત સાથે હરિ કીર્તન, ધ્યાન, પૂજન અને નિવેધ કરવાનો પણ પ્રબોધ કર્યો છે. એ વ્રત સિદ્ધિ માટે આવશ્યક પણ ગણ્યાં છે.

એ સાથે વ્રત કરનારે ક્રોધ, લોભ, વાદ, વિવાદ, વિષયવાસના, પલંગ, પાન, તેલ,વૈર, ઝઘડા અને ચોપાટની રમત ઇત્યાદિ ત્યજી દેવાં, તેમજ અહિંસાનું પાલન કરવું એમ પણ કહ્યું છે.

આ ઉપરાંત ક્ષુધાર્તો ને અન્નદાન કરવાથી મહાપુણ્ય મળે છે, એમ પણ સૂચવ્યું છે.

*વાંટણ ભોજન હેક ખધાવન,*
*પણિઉ તણ હી તણુ ઘણો પન;*

(એક ભૂખ્યાંને ભોજન આપવાનું ઘણું પૂણ્ય હોવાનું (શાસ્ત્રોમાં ) કહેવાયું છે.)

*એકાદશી તણે અપવાસી,*
*ઓ ચરણાં ભેટે મટે ચુરાસી.*

(એકાદશીએ અપવાસ કરનારની ચરણ રજનો સ્પર્શ થાય તો પણ ચોરાશી લાખ જન્મ-મરણના ફેરા ટળે છે.)

એકાદશી વ્રતનો મહિમા શ્રવણ કરીને એ પછી અર્જુન એકાદશીની ઉત્પત્તિની કથા શ્રવણ કરવાની અભિલાષા સવિનય પ્રગટ કરે છે.

*પ્રથમ કણી રેણ થે સપ્રવીતં,*
*જગં કેણ માંહી હવુ જગજીત;*
*અપ્રમ કઠાંહુ હુવુ વ્રત એહો,*
*તવો જેમ જેહો હુવે તેમ તેહો.*

( આ પવિત્ર વ્રત કયારે કયા યુગમાં પ્રથમ વાર પ્રગટયું તે હે જગવિજેતા! પરમેશ્વર! તે મને કહો. આ વ્રત કયા સ્થળે પ્રગટ થયું તે મને જેવું હોય તેવું જ યથાતથ કહો.)

ત્યારે ભગવાને એકાદશીની ઉત્પત્તિની કથા અર્જુનને કહી, આ કથા આ પ્રમાણે છે.

સત્ય યુગમાં વિકટ એવો તાડજંગ નામે દાનવ થયો.ચંપાવતી નામે નગરી તેની રાજધાની હતી. જે નગરી વૈભવપૂર્ણ હતી, તેનો મરુર નામે વંશનો સૂર્ય રૂપ પુત્ર થયો.

એ મરુર દાનવે ભગવાન શિવની તપસ્યા આરંભી. ભગવાન શિવ એ તપસ્યાથી પ્રસન્ન થયા અને જે ઇચ્છા હોય તે વરદાન માગવા કહ્યું. ત્યારે દાનવે ભગવાન શિવ પાસે માગ્યું કેઃ

*અળા વોમ રો પીઠ મંડાં ઉમંડાં,*
*થપાં ઉથપાં હુ જ કે અંદ્ર થાપિ;*
*થપાં ગૂજ દુજો નકોહી ઉથાપિ,*
*નર હાથ મોરો મૃત નાંહિ.*[૧૦]

(હું આકાશ અને પૃથ્વીની પીઠની ઉથલ પાથલ કરી શકું. ઈંદ્રિ જેને સ્થાપેલ હોય તેને હું ઉથાપી શકું. પણ મારા સ્થાપેલને બીજા કોઇ ન ઉથાપી શકે. અને પુરુષને હાથે મારું મૃત્યુ જ ન થાય.)

ભગવાન શિવે મરુરની ઈચ્છા પ્રમાણે વરદાન દીધું. અને મરુર વનમાંથી પોતાની નગરીમાં આવ્યો. અને એના પિતા તાડજંગે પુત્રને રાજ સોંપી પોતે નિવૃ િલીધી.

શિવજીના વરદાન વડે સબળ થયેલા મરુર દાનવે તે પછી સબળ સૈન્ય લઇને દેવલોક પર ચડાઇ કરી અને દારુણ યુદ્ધ કરીને દેવો પર વિજય મેળવ્યો. દેવો નાસી ગયા. અને દાનવોએ દેવલોકને કબજે કરી ત્યાં પોતાની સ ા જમાવી દીધી.

દેવતાઓએ ઈંદ્ર પાસે જઇ મરુર દૈત્યની ચડાઇ અને દેવોનાં પરાજયની વાત કરી. ઈંદ્ર સૈન્ય સજજ કરી મરુર ઉપર ચડયો. દાનવ રાજ પણ સસૈન્ય ઈંદ્ર સામે આવ્યો. આ દારુણ યુદ્ધમાં ઈંદ્ર પરાજિત થયા અને ઈંદ્રાસન ગુમાવી નાસી ગયા.

*કળે દેવતા ઉપરાં હોળ કીધું,*
*લોહાં પ્રાણ અંદ્રાસણ તાણ લીધું;*[૧૧]

( સંગ્રામમાં દેવતાઓ માથે આક્રમણ કર્યું. અને શસ્ત્રો ચલાવીને ઈંદ્રનું ઈંદ્રાસન ખૂંચવી લીધું.)

દેવતાઓ ભગવાન શિવ પાસે આવ્યા. અને પોતાના માથે આવેલ આપ િઅંગે નિવેદન કરીને પોતાને એ દાનવોની આપ િમાંથી છોડાવવા અરજ ગુજારી.

આ પ્રસંગે પણ ભક્ત હૃદયી લાંગીદાસે દેવોના મુખમાં દીર્ઘ એવું શિવ સ્તવન મૂકયું છે, અને ભક્તિરસની રેલમ છેલ કરી છે.

પણ ભગવાન શિવ દેવોને એમના કર્મનું જ ફળ મળી રહ્યું છે, એમ ઠપકો આપી કોઇ મદદ કરતા નથી. આથી નિરાશ થયેલા દેવોને ભગવાન વિષ્ણુ પાસે જવાનું સૂચવે છે.

એથી દેવો જળ શય્યા પર નિદ્રાધીન એવા ભગવાન વિષ્ણુને શરણે આવે છે.

અહીં પણ લાંગીદાસનું ભક્ત હૃદય દેવતાઓને મુખે હરિ સ્તવન મૂકે છે. અને એ સ્તવનથી પ્રભુ જાગૃત થઇ પૂછે છે કે : એવો કોણ શત્રુ છે જે મારા ભક્ત દેવતાઓને દુઃખ દે છે? હું દાનવોનો સંહાર કરીશ.

અને દેવતાઓ સાથે ભગવાન વિષ્ણુ તાડજંગ માથે ચડે છે. એ દેવ સૈન્ય સામો તાડજંગ પણ સૈન્ય સાથે ચડે છે. અને દેવો અને દાનવો વચ્ચે પુનઃ ભયાનક યુદ્ધ ખેલાય છે. જે એક હજાર વર્ષો સુધી ચાલે છે.

આ યુદ્ધમાં પણ દેવતાઓ પરાજય પામીને નાસી જાય છે. ખુદ ભગવાન વિષ્ણુ પણ નાસી છૂટે છે.

*લડતે વ્રખ હેક હજાર લગા,*
*અપરંમ ન જીતા દઈત અગા;*

( એક હજાર વર્ષો વીત્યાં તો પણ પરમેશ્વર દૈત્ય પર વિજય ન મેળવી શકયા.)

અંતે દેવતાઓ અને ભગવાન વિષ્ણુ નાશી છૂટે છે. ભગવાન દેવતાઓનાં સૈન્યને મૂકીને ભાગીને બદ્રિકાશ્રમમાં આવે છે. ત્યાં ગુફામાં જઇ નિદ્રાધીન થઇ જાય છે.

ભગવાનને શોધતાં અને ભગવાનનું પગેરું લઈને મરુર દૈત્ય ભગવાન સૂતા હતા ત્યાં આવે છે. અને ભગવાન વિષ્ણુનો વધ કરવા ઇચ્છે છે. ત્યારે પરમેશ્વર પોતાની કાયાના મેલમાંથી એક સુંદરી સર્જે છે.

ત્યાં મરુરનું સૈન્ય પણ આવી જાય છે. અને એ સુંદરી દાનવ સૈન્ય સાથે દારુણ યુદ્ધ કરે છે. અને એ યુદ્ધમાં દાનવરાજ મરુરનો વધ થાય છે. દેવતાઓ એ નારીનાં યશોગાન ગાય છે. જે સાંભળીને ભગવાન વિષ્ણુ યુદ્ધ સ્થળે આવે છેઃ

*મણે જસવાસ સર મખ મખ,*
*અસુ સણિ આઉ આપ અલખ.*

(દેવતાઓના મુખે ગવાતો એ સુંદરીનો યશ શ્રવણ કરી ભગવાન ત્યાં પધાર્યા.)

ભગવાને પણ એ સુંદરી એકાદશીનાં વીરકર્મને વખાણ્યાં :

*વખાણે તામ વળે રઘવીર,*
*ઘનો મર લોક સમાપણ ધીર;*
*કિઉ અદભુત પરાક્રમ કોએ,*
*હોઅંત ન ભૂત ભવેસ ન હોએ.*[૧૨]

(ત્યારે ભગવાન વિષ્ણુએ પણ એ સુંદરી એકાદશીની પ્રશંસા કરતાં કહ્યું: ‘દેવ લોકને ધૈર્ય આપનારી નારી તને ધન્ય છે. તે એવું તો અદ્‌ભુત પરાક્રમ કર્યું છે કે એવું તો બીજા કોઇ એ ભૂતકાળમાં કર્યું નથી. અને ભવિષ્યમાં કરશે પણ નહીં.)

અને ભગવાને વિચારીને દેવતાઓને કહ્યું. ‘સંગ્રામ કરતાં (ભોજનનો સમય ન મળવાથી) આ સુંદરી એકાદશીને ઉપવાસ થયો. એ ઉપવાસને કારણે શત્રુઓ સંગ્રામમાં ભયાતુર થઇ ગયા. આ કારણે અગિયારસનું વ્રત અને ઉપવાસ મહાન અને જગતોદ્ધારક છે. માટે આ વ્રતથી માનવો પૂણ્ય અને દાનવો (શત્રુઓ) ત્રાસ પામશે.

અને ભગવાને એકાદશીને વરદાન માગવાનું કહેતાં એકાદશીએ માગ્યું કે મારું (એકાદશીનું) વ્રત સર્વ વ્રતોમાં પવિત્ર અને ઉ ામ બને, અને મોક્ષ,અર્થ,ધર્મ અને કામની પ્રાપ્તિ કરનારું બને. આ વરદાન ભગવાન એકાદશીને આપે છે. અંતમાં હરિમહિમાનાં ગાન વડે લાંગીદાસ આ કથાની પૂર્ણાહુતિ કરતા રચના-સમય અને કથાશ્રવણનું ફળ કથે છે :

*તવાં સવંત સત્ર ઓગણતેર;*
*વૈઈસાક ત્રીજ સદ ગર વેર.*[૧૩]

(વિ.સં. ૧૭૭૯ ના વૈશાખ સુદ ત્રીજને દિવસે આ ગ્રંથની રચના પૂર્ણ થઇ તેમ કહીએ.)

*સગે ગણ સીખે માંડે સાણે એ,*
*જગો જગ પાપ કિઆં મટ જાએ;*[૧૪]

(જે કોઇ આ એકાદશી માહાત્મની કથા સાંભળશે. શીખશે કે પછી નકલ કરી ઉતારો કરશે. એમના અનેક યુગોના (સંચિત) પાપ નાશ પામશે.)

## ૩.૩ ગુજરાતી સાહિત્યમાં એકાદશી મહિમા

ગુજરાતી ભાષામાં ‘એકાદશી માહાત્મ’ની નામી-અનામી કર્તાઓની તેર જેટલી રચનાઓ મળે છે. [૧૫] જે હિંદુ ધર્મમાં એકાદશીના વ્રતની લોકપ્રિયતાની સૂચક છે. નામી કર્તાઓમાં ચતુર્ભૂજ,[૧૬] ભૂષણ, [૧૭]અને શાર્દૂલિયા [૧૮] નો સમય પ્રાપ્ત થતો નથી. એટલે તેઓ લાંગીદાસના પુરોગામી હોવાનો કોઇ આધાર નથી. જ્યારે કૃષ્ણનો સમય

વિ.સં.૧૮૫૦-૭૫ છે. અને લાંગીદાસના 'એકાદશી માહાત્મ'નો રચના કાળ આપણે આગળ જોયું તેમ વિ.સં. ૧૭૭૯ છે, એ દ્દષ્ટિએ કૃષ્ણ લાંગીદાસનો અનુગામી થાય.

જ્યારે કહાનનાં 'એકાદશી મહાત્મ'નો પ્રતિલિપિકાળ વિ.સં.૧૭૪૮ છે.[૧૯] ગોવિંદે વિ.સં.૧૬૮૦ માં 'એકાદશી માહાત્મ' રચ્યું છે.[૨૦] તો શિવદાસનું 'એકાદશી માહાત્મ' વિ.સં.૧૬૭૦, [૨૧] માં રચાયું. આ દ્દષ્ટિએ એ બધા લાંગીદાસના પુરોગામી થાય છે. એટલે લાંગીદાસે એમનો કોઇ પ્રભાવ ઝીલ્યો હશે કે કેમ? એ પ્રશ્ન અત્રે ચર્ચી લઇએ.

આમાં ગોવિંદના વતન વિષે કોઇ વિગત પ્રાપ્ત થતી નથી.[૨૨] તો કહાન અમદાવાદનો છે.[૨૩] અને શિવદાસ ખંભાતનો વતની છે.[૨૪] આ રીતે એ સૌરાષ્ટ્રના નથી. એટલે ગુજરાતના કવિની રચનાઓ સૌરાષ્ટ્રના ચારણ કવિ લાંગીદાસને પ્રાપ્ત થવાની કોઇ શકયતા એ યુગમાં જણાતી નથી.

પ્રેમાનંદ પછી ગુજરાતમાં ઉદય પામેલો અને લોકમાં પ્રસરેલો માણભટ્ટોનો આખ્યાન યુગ સૌરાષ્ટ્રમાં પ્રસર્યાનાં કોઇ પ્રમાણ નથી. વળી એ માણભટ્ટોનાં આખ્યાનો ક્ષત્રિયોના ડાયરાઓમાં કે રાજદરબારે નહોતાં પ્રવેશી શકયાં. જ્યારે સૌરાષ્ટ્રમાં તો એ યુગમાં લોકડાયરાથી લઇને રાજદરબારો સુધી સર્વત્ર ચારણ અને બારોટો વ્યાપી ગયેલા. આ કારણે પણ ગુજરાતી આખ્યાનોને સૌરાષ્ટ્રમાં કોઇ ખાસ પ્રતિભાવ મળ્યાનું જણાતું નથી.

લાંગીદાસ ચારણ છે. એમના વતન દેગામમાં ચારણો અને જત દરબારોની વસ્તી છે. એ જત દરબારો પણ વીરતા અને ચારણી સાહિત્યના પૂજક હતા. એમના ડાયરે કાયમ ચારણ કવિઓનાં બેસણાં થતાં રહેતાં. અને ત્યાં ચારણી સાહિત્ય રેલાતું રહેતું. એવી જ રીતે દેગામના ચારણ ડાયરે કાયમ ચારણી સાહિત્યની રેલમ છેલ થતી રહી હતી. જેના સંસ્કાર બાળવયથી લાંગીદાસ ઝીલતા રહ્યા.

તે ઉપરાંત લાંગીદાસના ક્ષત્રિય દરબારોને ડાયરે અને રાજકચેરીએ બેસણાં હતાં. હવે સૌરાષ્ટ્રના ક્ષત્રિયોમાં અને રાજવીઓમાં એ કાળે શૃંગારના અતિરેક વાળાં ગુજરાતી આખ્યાનો પ્રત્યે ભારે સુગ હતી.[૨૫] એટલે કોઇ પણ ગુજરાતી આખ્યાન અને તેમાં પણ 'એકાદશી માહાત્મ' નું આખ્યાન લાંગીદાસે વાંચ્યું કે શ્રવણ કર્યું. હોય તેમ માની શકાય તેમ નથી. કેમ કે ચારણોને પણ ગુજરાતી ભાષાના સાહિત્ય પ્રત્યે કોઇ ખાસ આકર્ષણ એ

કાળે ન હતું. એમની સાહિત્યિક અભિરુચિ ચારણી અને વ્રજભાષા પ્રત્યે સવિશેષ રહેતી હતી. ગુજરાતી ભાષાના પ્રેમાનંદના શૃંગારરસના અતિરેકવાળા અને સ્થળે સ્થળે શિષ્ટતાની મર્યાદા ઓળંગી જતાં આખ્યાનો અને એવાં જ બીજા આખ્યાનો પ્રત્યે ચારણો,ક્ષત્રિયો અને નાગર જેવા શિષ્ટતા અને મર્યાદાશીલતાનાં આગ્રહી ઉચ્ચ વર્ણોને કોઇ અભિરુચિ ન હતી. તે ઉપરાંત આહિર,રજપૂત કાઠી અને વહીવંચા જેવી ક્ષાત્રવૃિ ધરાવનારી જ્ઞાતિઓ માટે પણ માણભટ્ટોનાં મર્યાદાવિહિન વર્ણનો વાળાં આખ્યાનો અણગમતાં બની રહેલાં. આ બધા કારણોસર સૌરાષ્ટ્રમાં ગુજરાતની જેમ માણભટ્ટો અને તેમનાં આખ્યાનોને પ્રોત્સાહન ન મળેલું. પણ ચારણી સાહિત્ય અને બારોટી સાહિત્યે સૌરાષ્ટ્રનાં જન હૃદયમાં પોતાની શિષ્ટતા,સૌષ્ઠવતા અને મર્યાદાશીલ રસાળતાને કારણે સ્થાન જમાવી દીધેલું.

આટલી ચર્ચાનો સાર તારવીએ તો તે એ છે કે, લાંગીદાસે પોતાના 'એકાદશી માહાત્મ' ગ્રંથમાં ગુજરાતી ભાષાનાં કોઈપણ 'એકાદશી માહાત્મ' ગ્રંથનો પ્રભાવ ઝીલ્યાનું માનવાનું કોઇ કારણ નથી. આ દૃષ્ટિએ લાંગીદાસનું 'એકાદશી માહાત્મ' મૂળ પુરાણ કથા આધારિત મૌલિક સર્જન છે. આથી તેમની રચના પર ગુજરાતી સાહિત્યકારોનો પ્રભાવ જણાતો નથી, પરન્તુ તેમણે સંસ્કૃત સાહિત્યની રચનામાંથી પ્રેરણા મેળવીને તેની પોતાની વિશિષ્ટ અને વિલક્ષણ સર્જક પ્રતિભાથી આલેખી છે. આ લાંગીદાસની વિશેષતા છે.

### ૩.૪ 'મત્સ્ય પૂરાણ'ની મૂળ પૌરાણિક કથા

લાંગીદાસે આ 'એકાદશી માહાત્મ' ની મૂળકથા 'મત્સ્ય પુરાણ' માંથી શ્રવણ કરી હોવાનું 'એકાદશી માહાત્મ' માં જ કહ્યું છે. અને તે પણ ગુરુ લાલ ભટ્ટના મુખ દ્વારા જ વ્યક્ત થાય છે, જુઓઃ

*પ્રથમ લાલ દજ ગર પ્રણવાં,*
*પ્રણવે વળે ગણપતિ;*
*દાખી કથ અણ ઓ દિએ,*
*આખણ સગણ ઓકતિ.*[૨૬]

(પ્રથમ ગુરુ લાલ ભટ્ટને વંદન કરું છું, પછી ભગવાન ગણેશને વંદુ છું, કેમ કે ગુરુ લાલ ભટ્ટે આ ઉ ામ ગ્રંથની રચના અર્થે મને મૂળ પુરાણ કથા સંભળાવેલી.)

*' જગ એ દંતકથા મત જાણે,*
*પાણિઉ સણિઉ મછ પરાંણે.'*

( સંસાર આને (એકાદશી મહાત્મને) દંતકથા-ગપ્પાં ન માને. આ કથા તો મત્સ્ય પુરાણમાં કહેવાઇ છે. જે મેં સાંભળી છે.)

*એકાદશ મિહમા અનંત,*
*પણિઓ કથા પરાંણ;*
*પણિઓ સણિઓ હું પણાં,*
*જથા સક્ત મત જાણ.*[૨૭]

(એકાદશી મહિમા અપાર છે. જેની કથા પુરાણમાં કહેવાઇ છે. એ કહેવાયેલી કથા શ્રવણ કરીને હું મારી મતિ પ્રમાણે આ ગ્રંથમાં કહું છું.)

*કથા સંખેપે સાંસકૃત,*
*પ્રાકત પ્રઘલ પ્રિઆસ;*
*અભિઆ વ્રત એકાદશી,*
*વંચા તત જસ વાસ.*[૨૮]

(મૂળ સંસ્કૃત પુરાણ કથાને સંક્ષેપમાં સાંભળીને હું તેને પ્રાકૃત (ડિંગળ) ભાષામાં વિસ્તૃત રીતે રચવાનો પરિશ્રમ કરું છું. પાતક સામે અભય આપનારાં એકાદશીનાં આ વ્રતનાં આ રીતે હું આ ગ્રંથ દ્વારા યશોગાન કરીશ.)

આટલી ચર્ચાની ફલશ્રૃતિ એ છે કે 'મત્સ્ય પુરાણ' ની મૂળકથા સંક્ષેપમાં લાંગીદાસે ગુરુ લાલ ભટ્ટ પાસેથી શ્રવણ કરી અને એને આ 'એકાદશી માહાત્મ' ગ્રંથમાં વિસ્તૃત રીતે વર્ણવી.

આમ તક ઉપલબ્ધ બનતાં લાંગીદાસે આ કથામાં મૂળ કથાને બાધ ન આવે એ રીતે પોતાના તરફથી મૌલિક ઉન્મેષોનું પણ ઉમેરણ કરીને આ કથાને પોતાના યુગને અનુરુપ અને ક્ષાત્રવર્ણના શ્રોતાઓ માટે પ્રેરણા દાયક બને એવી રીતે સર્જી અને એમાં અરુચિકરતા ન પ્રવેશે તેની ખાસ કાળજી રાખી.

મૂળકથામાં આરંભમાં એકાદશી વ્રતના વિધિ વિધાન છે. જે સંક્ષેપમાં આ પ્રમાણે છે.

૧. દશમીને દિવસે સૂર્યાસ્ત પહેલાં ભોજન કરવું આને નક્ત ભોજન કહે છે.

૨. અગિયારસને દિવસે સવારમાં વ્રતનો સંકલ્પ કરવો. બપોરે સ્નાન કરવું. નદી સ્નાન ઉ ામ છે. તળાવમાં સ્નાન કરવું એ મધ્યમ છે. અને વાવમાં સ્નાન કરવું એ અધમ છે. પણ જો બીજા જળાશય ન હોય તો કૂવામાં સ્નાન કરવું એ શ્રેષ્ઠ છે.

૩. પાપી લોકો સાથે વાત ન કરવી, તેમનાં દર્શન ન કરવાં, એ શકય ન બને તો પ્રાયશ્ચિત કરવું.

૪. ભગવાન વિષ્ણુનું પૂજન કરવું. નૈવૈધ ધરવાં. સંયમ પાળવો. રાત્રે જાગરણ કરવું. બ્રાહ્મણોને દક્ષિણા આપવી.[૨૯]

એ પછી એકાદશી વ્રતનું ફળ કથન છે. જે આ પ્રમાણે છે.

૧. દ્વારકાની યાત્રા કરતાં એકાદશીના વ્રતનું ફળ સો ગણું વધારે છે.

૨. વ્યતિપાતના દિવસનાં સ્નાન, સંક્રાંતિનાં દાન, સૂર્ય અને ચંદ્ર ગ્રહણ સમયનાં કુરુક્ષેત્રમાં આપેલ દાન જેટલું જ પૂણ્ય એકાદશીનું વ્રત કરવાથી થાય છે.

૩. અશ્વમેધ યજ્ઞ કરવાથી થતાં પુણ્યથી સો ગણું પુણ્ય એકાદશીનું વ્રત કરવાથી થાય છે.

૪. એક લાખ તપસ્વીઓને સાઠ હજાર વર્ષો લગી ભોજન કરાવનારના જેટલું જ પુણ્ય એકાદશીના ઉપવાસ માત્રથી મળે છે.

૫. સર્વોચ્ચ દાન અન્નદાન છે. એનું પુણ્ય અનંત છે. એવું જ અનંત પુણ્ય એકાદશીના વ્રતનું છે. એ સર્વોતમ વ્રત છે.[૩૦]

એ પછી અર્જુન અને ભગવાન કૃષ્ણના સંવાદે એકાદશીની ઉત્પ િની કથા વર્ણવાઇ છે. જેમાં અર્જુન ભગવાન કૃષ્ણને એકાદશીની ઉત્પ િ કઇ રીતે થઇ? એવો પ્રશ્ન કરે છે. ઉ ારમાં ભગવાન કૃષ્ણ એકાદશીનાં પ્રાગટયની કથા કહે છે. જે ટૂંકમાં આ પ્રમાણે છે :

૧. પૂર્વે સત્ય યુગમાં મૂર નામે વિકટ દૈત્ય થયો. એણે સર્વ દેવતાઓને જીતી લીધા.

૨. ઈંદ્રે ભગવાન શિવ પાસે જઇને આ પરાજયની વાત ભગવાન શિવને કહી.દેવોએ શું કરવું ? એમ પૂછ્યું.

૩. ભગવાન શિવે દેવોને ભગવાન વિષ્ણુને શરણે જવાની સલાહ આપી.

૪. ભગવાન વિષ્ણુ જલશૈયા પર પોઢયા હતા. ત્યાં દેવતાઓ ગયા ત્યાં તેમણે સ્તવનસહ્ ભગવાનની સહાય માગી.

૫. ભગવાને દેવતાઓ પાસે મૂર દાનવનો પરિચય માગ્યો.

૬. દેવતાઓએ મૂર દાનવનો આ રીતે પરિચય આપ્યો, પૂર્વે બ્રહ્માએ સર્જેલો તાલજંઘ નામનો ઉગ્ર દૈત્ય હતો, તેનો આ દેવ પીડક પુત્ર મૂર છે. એ ચંદ્રાવતી નામની નગરીમાં નિવાસ કરે છે. એ દુષ્ટ દૈત્યે પ્રબલ પરાક્રમથી સમગ્ર જગતને જીતી લીધું છે. અને દેવોને સ્વર્ગમાંથી હાંકી કાઢયા છે. એ સર્વ દેવો માટે અજેય છે. હે ભગવાન વિષ્ણુ આપ એ દૈત્યનો વધ કરો.

૭. ઈંદ્રનાં વચન સાંભળી કોપાયમાન થયેલા ભગવાન વિષ્ણુ મૂર દાનવ પર દેવતાઓ સાથે ચડયા. દારુણ યુદ્ધ થયું. તેમાં મૂર દાનવ પર શસ્ત્ર પ્રયોગ નિષ્ફળ જતાં ભગવાન વિષ્ણુએ દાનવ સાથે દિવ્ય સહસ્ત્ર વર્ષો લગી બાહુયુદ્ધ કર્યું.

૮. આ બાહુ યુદ્ધથી અતિ શ્રમિત થયેલા ભગવાન વિષ્ણુ યુદ્ધ ત્યજી બદ્રિકાશ્રમ પાસેની હૈમવતી ગુફામાં જઇ વિશ્રાંતિ લેવા સુતા.

૯. ભગવાન વિષ્ણુનો પીછો કરતાં મૂર દાનવ ભગવાન સૂતા હતા એ ગુફામાં આવ્યો. અને ભગવાનનો વધ કરવા ઇચ્છા કરી.[૩૧]

૧૦. દાનવે એવો દુષ્ટ વિચાર કરતાં જ ભગવાન વિષ્ણુની કાયામાંથી એક રૂપવાન કુમારિકા પ્રગટ થઇ.

૧૧. એ રૂપવાન કુમારિકાએ મૂર દાનવ સાથે વીરતાપૂર્વક યુદ્ધ કરી મૂર દાનવનો વધ કર્યો.

૧૨. ભગવાન વિષ્ણુ જાગૃત થયા ત્યારે તેમણે મૂર દાનવને મૃત્યુ પામેલો જોયો. એમણે કન્યાને પૂછ્યું : ‘આ અજેય દાનવનો વધ કોણે કર્યો ?

૧૩. ત્યારે કુમારિકાએ પોતે દાનવને હણ્યો હોવાનું નિવેદન કર્યું. અને પોતે ભગવાનના અંશમાંથી ઉદ્ભવી હોવાનું પણ કહ્યું.

૧૪. ત્યારે પ્રસન્ન થયેલા ભગવાન વિષ્ણુએ એ કુમારિકાને વરદાન માગવા કહ્યું.

૧૫. એ કુમારિકાએ વરદાન માગ્યાં કે જે મનુષ્ય મારુ (એકાદશીનું) વ્રત કરે તે કરોડો વર્ષ લગી વૈકુંઠમાં સુખપૂર્વક વસે. અને તેને ધર્મ,ધન અને મોક્ષ મળે.

૧૬. ભગવાને એ કુમારિકાએ માગેલ વરદાન આપ્યાં. અને એકાદશી (૧૧ મી) તિથિએ જન્મેલ હોવાથી એ કન્યાનું નામ એકાદશી રાખ્યું.[૩૨]

## ૩.૫ મૂળ પૌરાણિક કથામાં કવિએ કરેલી કાંટ–છાંટ

આ કથામાં લાંગીદાસે મૂળ પૌરાણિક કથાને યથાતથરૂપે જાળવીને પોતાના તરફથી અનેક મૌલિક ઉમેરણો કર્યાં છે. તેમ તેમાં યથાસ્થાને રસ નિષ્પત્તિને વર્ણનો વડે સબળ બનાવી છે. અત્રે લાંગીદાસે 'એકાદશી માહાત્મ' માં જે મૌલિકતા અને વિશેષતા બતાવી છે તે જોઈએ.

લાંગીદાસની રચનાને ગુજરાતી આખ્યાનકારોની રચના સાથે સરખાવી શકાય તેમ નથી. આપણે આગળ જોયું તેમ સૌરાષ્ટ્રમાં ગુજરાતી ભાષાના પ્રેમાનંદ અને અન્ય કવિઓના આખ્યાનો પ્રત્યે કોઈ આકર્ષણ કે ઉમળકો ન હતો. તેમ ચારણોને પણ ગુજરાતી ભાષાના આખ્યાનો કે સાહિત્યમાં કોઈ રસ ન હતો. એમને પોતાના પરંપરાગત ચારણી સાહિત્યમાં જ સર્વોચ્ચ રસ હતો કે, જેને કારણે ક્ષાત્ર વર્ગ તરફથી તેઓ દાન અને માનના અધિકારી બનતા હતાં. આ કારણે લાંગીદાસની આ રચનાને કોઈ ગુજરાતી આખ્યાન સાથે સરખાવીને ચર્ચા કરવી નિરર્થક છે. આ ચારણી પરંપરાનું આખ્યાન છે. અને તે ચારણી સાહિત્યની વિશિષ્ટ લાક્ષણિકતા ધરાવે છે. ચારણી સાહિત્યની આખ્યાન પરંપરાનાં મૂળ ચારણી સાહિત્યના આદિ કવિ ઈસરદાસ રોહડિયાના કવનમાં છે. ઈસરદાસે 'ગરુડ પુરાણ' અને 'રાસ ક્રીલા' નામની બે રચનાઓ દ્વારા ચારણી સાહિત્યમાં પૌરાણિક કથાની રચનાનો ગુજરાતમાં પાયો નાખેલો.[૩૩]

ચારણી સાહિત્યનાં આખ્યાનો રાજદરબારે અને ક્ષાત્ર વર્ગના ડાયરાઓમાં મંડાતાં. એ આખ્યાનો ક્ષાત્રધર્મનો પ્રબોધ કરવા સાથે વીરરસ પ્રેરક હતાં. કેમ કે ચારણી સાહિત્યમાં વીરરસ પ્રધાન સ્થાને છે. આ કારણે આ 'એકાદશી માહાત્મ' માં પણ લાંગીદાસે વીરરસને પ્રાધાન્ય આપ્યું છે.

હવે મૂળકથા અને લાંગીદાસના 'એકાદશી માહાત્મ'ની કથાની તુલના કરીએ અને એમાં લાંગીદાસે પ્રયોજેલા મૌલિક ઉન્મેષો જોઈએ.

લાંગીદાસે ગ્રંથારંભે મંગલાચરણમાં ગુરુ લાલ ભટ્ટ, ભગવાન ગણેશજી અને ભગવતી શારદાના સ્તવન પછી પુરાણોક્ત રીતે અર્જુન અને ભગવાન કૃષ્ણના સંવાદે કથારંભ કર્યો છે.

પ્રથમ એકાદશીનાં વિધિ વિધાનનું કથન છે. તેમાં મૂળકથામાં અર્જુનને કૃષ્ણનું પ્રથમ સ્તવન કરીને પછી પ્રશ્ન પૂછતો બતાવ્યો નથી. પણ 'એકાદશી માહાત્મ' માં લાંગીદાસે અર્જુન દ્વારા ભગવાન કૃષ્ણની સ્તુતિ કરાવી છે. જે બિયાખરી પ્રકારના બાર જેટલા બંધોમાં વિસ્તરેલી છે. જે લાંગીદાસનો મૌલિક ઉમેરો ગણાય. તે ઉપરાંત લાંગીદાસે ભગવાન કૃષ્ણના મૂખે પ્રારંભમાં જ ચોવીસ એકાદશીઓનાં નામ આપી દેવરાવ્યાં છે. તેમાં દરેક માસની શુક્લ અને કૃષ્ણ પક્ષની એકાદશીનાં નામો દર્શાવ્યાં છે, જે પુરાણોમાં દર્શાવેલ છે,[૩૪] તેમ પ્રત્યેક એકાદશીની ભિન્ન ભિન્ન વ્રતકથાઓ આપી નથી.[૩૫] આ રીતે લાંગીદાસે પોતાની કૃતિમાં અનુચિત લંબાણ અને એ લંબાણજન્ય નીરસતા અને કથાની રસ શિથિલતા આવવા દીધાં નથી.

એ પછી કથાનો આરંભ થાય છે. પુરાણોક્ત મૂર દાનવ એવું નામ છે. અને આરંભમાં મૂર દાનવથી હારેલાં દેવો ભગવાન વિષ્ણુ પાસે જાય છે. એ કથાં લાંગીદાસે જરા જુદા સ્વરૂપે આ ગ્રંથમાં આપી છે. લાંગીદાસ કથારંભ મૂર દાનવના પિતા જેને પુરાણ કથામાં 'તાલજંઘ' [૩૬] અને 'નાડી જંઘ'[૩૭] એવાં બે નામ આપ્યાં છે. તેના વડે થાય છે. જેને 'તાડ જંઘ' એવું અભિધાન આપેલ છે.

*ક્રત જગ માંહે અગે ક્રત કાલં,*
*વડો જમજાલ કરાલ વકરાલ;*
*અરી તાડ ઉનાડ અંગ અભંગ,*
*જમં જાડ દૂતં હુઉ તાડજંગ..*[૩૮]

( સત્ય યુગમાં કાળ સમાન, મહા મૃત્યુની જાળ રૂપ ભયાવહ,વિકટ,શત્રુઓને શોધનારો વીર અને અભંગ એવી દૃઢ કાયાવાળો, મૃત્યુની દાઢો રૂપ તાડજંગ નામે દૈત્ય થયો.)

પુરાણોમાં એ દાનવની રાજધાનીનું નામ ચંદ્રાવતી જણાવ્યું છે.[૩૯] લાંગીદાસે એ નામ બદલીને ચંપાવતી એવું ઉચ્ચારમાં સરળ નામ આપ્યું છે.

*'પરી જેણ ચંપાવતી રેણ પતી,*
*ચક્ર ચાલવિ તેણ થિ ચક્રવતી'..*[૪૦]

(જેની ચંપાવતી નામે નગરી છે. એ પૃથ્વીપતિ અને ચક્રવતી રાજવી એ નગરીમાંથી પોતાનું શાસન ચલાવતો હતો.)

પુરાણકથા પ્રમાણે એ દાનવનો એક પુત્ર થયો. પુરાણોમાં એનું નામ 'મૂર' એવું આપ્યું છે. [૪૧] તો લાંગીદાસે તાડજંગના એ પુત્રનું નામ 'મરુર' એવું કર્યું છે. જુઓઃ

*સપૂત મરુર જસો વંસ સૂર,*
*નલિ બાર સૂરં તસો પૂર નૂરં.*

(એને ત્યાં વંશના સૂર્ય રૂપ મરુર નામે પુત્ર હતો. જે બાર સૂર્યો સમાન તેજસ્વી હતો.)

પુરાણો પ્રમાણે આ મૂર દાનવ બ્રહ્મા પાસેથી વરદાન પામીને અત્યંત ઉત્કટ અને ઉગ્ર થયો છે.[૪૨] (પણ પુરાણોક્ત એ કથનમાં મૂર દાનવે બ્રહ્મા પાસેથી કયા પ્રકારનું વરદાન મેળવ્યું તે જણાવ્યું નથી.) [૪૩]

જ્યારે લાંગીદાસ મરુર દાનવે શિવજીને પ્રસન્ન કરવા માટે તપ કરીને શિવજીને પ્રસન્ન કર્યાનું કથ્યું છે.

*વખિ વંનરિ આસણ આવ વાળી;*
*કરિ તપ બિઠો વંન તિ કમાલી.*[૪૪]

( એ વનમાં આવી આસન વાળીને ભગવાન શિવની તપસ્યા કરવા બેઠો.)

અને ભગવાન શિવ પાસેથી એ મરુર દાનવે કયું વરદાન માગ્યું તે પણ લાંગીદાસ કથે છે.

*થપાં ઉથપાં હુ જકે અંદ્ર થાપિ,*
*થપાં મૂઝ દુજો ન કોહિ ઉથાપિ;*
*નર હાથ મારો હર મુત નાહી,*
*સરં અસરં નાગ નમિ સબાંહી'..*[૪૫]

(હું ઈંદ્ર જેવાને પણ સ્થાપી કે ઉથાપી શકું. પણ મારા સ્થાપેલને બીજો કોઇ ઉથાપી ન શકે. મારું મૃત્યુ પુરુષને હાથે ન થાય. મને દેવો,દાનવો અને નાગો નમતા રહે.)

પુરુષ હાથે ન મરવાનું વરદાન જ એકાદશીની ઉત્પત્તિનું કારણ બને છે. જે વાત લાંગીદાસે વગર કીધે અત્રે કહી દીધી છે. આ લાંગીદાસની ચાતુર્ય ભરી વિશેષતા છે.

આ સ્થળે લાંગીદાસ ભગવાન શિવની અપ્રતિમ ઉદારતા અને ભોળા સ્વભાવની વિગત દર્શાવતાં કહે છે. ભગવાન ભક્તને વરદાન આપતી વખતે કોઇ લાંબો વિચાર કરતા નથી. તેમ વરદાન દેવાથી અજય બનેલો દાનવ પાછળથી પોતાને જ સંકટમાં મૂકશે એ વાતનો વિચાર પણ નથી કરતાં એ તો કેવળ દેવાની જ વાત જાણે છે.

*જડાધાર દીધા તણિ વાત જાણિ,*
*જવંન પછિ પીડસિ સો ન જાંણિ..*[४६]

(જટાધારી ભગવાન શિવ કેવળ માંગ્યુ દઈ દેવાની જ વાત જાણે છે. પણ પછી દાનવ પોતાને હેરાન કરશે એ વાતનો વિચાર જ નથી કરતા.)

લાંગીદાસના આ કથનમાં ભગવાન શિવે દાનવ ભસ્માસુરને આપેલ વરદાન અને પછી એ વરદાનને કારણે ભગવાન શિવને સંકટગ્રસ્ત થવું પડેલું એ પૌરાણિક કથા પ્રત્યે છૂપો સંકેત કર્યાનું જોવા મળે છે. જે લાંગીદાસના પૌરાણિક કથાનકોના જ્ઞાનને ઉજાગર કરે છે.

પુરાણોક્ત કથામાં મૂર દાનવ પ્રથમ યુદ્ધમાં જ સર્વ દેવો સહિત ઈંદ્રને જીતી લ્યે છે.[४७]

જ્યારે લાંગીદાસની કથામાં પ્રથમ મરુર (મૂર) દાનવ દેવોને જીતી લ્યે છે. એટલે દેવતાઓ ઈંદ્ર પાસે જઇને દાનવના ત્રાસની રાવ કરે છે. એટલે ઈંદ્ર દેવતાઓ સાથે મરુર દાનવ પર ચડાઇ કરે છે. આ રીતે લાંગીદાસ યુદ્ધની કથાનું એક વિશેષ ઉમેરણ કરે છે. જેને કારણે લાંગીદાસની રચનામાં વીરરસનું વહન સવિશેષ સબળપણે વહે છે.

*માહા અંદ્ર આગી મણિ ચુથ માથાં,*
*હવિ તંન દેવાં તણી વાત હાથાં..*[४८]

(દેવતાઓએ ઈંદ્ર પાસે આવી પોતાનાં માથાં કુટતાં કીધું, હવે દેવતાઓની વાત તમારા હાથમાં છે.)

અને પછી દેવરાજ ઈન્દ્ર મરુર દાનવ ઉપર ચડે છે. અને યુદ્ધમાં પરાજિત થઇ નાસી જાય છે.

પરાજિત થઈ નાસી છૂટેલો ઈંદ્ર ભગવાન શિવ પાસે આવે છે. અને હવે શો ઉપાય કરવો? એમ ઈંદ્ર ભગવાન શિવને પૂછે છે. અને ભગવાન શિવ દેવોને ભગવાન વિષ્ણુના શરણે જવાની સલાહ આપે છે, એમ પુરાણોક્ત કથામાં છે.

લાંગીદાસ પણ દેવેન્દ્ર ભગવાન શિવ પાસે ધા નાખવા આવ્યાની વાત કરે છે. પણ એ વેળા પણ દેવતાઓ ભગવાન શિવની સ્તુતિ કરે છે. એમ પણ લાંગીદાસની કથામાં છે. આ રીતે દેવોને મુખે શિવ સ્તવન મૂકવાની વાત લાંગીદાસનું મૌલિક ઉમેરણ છે. અને એ રીતે લાંગીદાસ શાંતરસને વીરરસની જોડા જોડ વહાવે છે.[૪૯]

લાંગીદાસનું મૌલિક ઉમેરણ અત્રે એ છે કે ધા નાખતાં દાનવો વિરુદ્ધ મદદ માંગવા આવેલા દેવોને ભગવાન શિવ ફિટકાર આપે છે. જે પુરાણકથામાં નથી.

*કરિઉ હર ઉપરાંત ન કાંઈ,*
*કહિ મખિ મખિ ધખિ સરાં કમાઈ.*[૫૦]

(ભગવાન શિવે ઈંદ્રનો કોઈ પક્ષ ન લીધો. એમણે દેવોને મોઢામોઢ સંભળાવ્યું : 'તમારાં કર્મો ને તમારી કમાઈને ધિક્કાર છે.)

અને દેવતાઓની લાખ વિનવણી છતાં રૂદ્ર ભગવાને સહાય કરવાની ના પાડી અને દેવોને ભગવાન વિષ્ણુ પાસે જવાનું કીધું.

*અપરમ મન ફર ઠાઠિ ન આઉ,*
*લખમી વર ગરધરણ વતાઉ.*[૫૧]

(ભગવાન શિવ માન્યા જ નહીં. એમણે તો ભગવાન વિષ્ણુ તરફ આંગળી ચીંધી.)

નિરાશ થયેલા દેવતાઓ ઈંદ્ર સાથે ભગવાન વિષ્ણુ પાસે આવે છે. અને સ્તવન સાથે ભગવાનની સહાય માગે છે, ત્યારે ભગવાન મૂર (મરુર) દાનવનો પરિચય માગે છે. ત્યારે પુરાણો વિસ્તૃત રીતે મૂર દાનવનો પરિચય આપે છે. પણ લાંગીદાસ ટૂંકાવીને પરિચય આપે છે.[૫૨] આ રીતે એમણે કથામાં એકના એક પ્રસંગના પુનરાવર્તનને ટાળીને રસક્ષતિ અને કથા પ્રવાહને નબળું પાડતું લંબાણ નિવાર્યું છે.

ઈંદ્રની વહારે ચડેલા ભગવાન વિષ્ણુ સાથે મરુર દાનવને યુદ્ધ થાય છે. જેનું પુરાણમાં વર્ણન છે. લાંગીદાસે પણ એ સંગ્રામનું ઔજસ્વી વર્ણન કરેલ છે. જે રોમાંચક છે.

પુરાણકથન પ્રમાણે એ યુદ્ધ સહસ્ત્ર વર્ષ સુધી ખેલાયું. લાંગીદાસે પણ એજ સમય આંકયો છે. યુદ્ધાંતે લાંગીદાસ અને પુરાણકથન પ્રમાણે ભગવાન વિષ્ણુ પણ સંગ્રામ ત્યજીને પલાયન થઇ બદ્રિકાશ્રમમાં વિશ્રામ કરે છે.

ત્યાં ભગવાન વિષ્ણુનું પગેરું લઇ પાછળ પડેલો મૂર દાનવ પણ ત્યાં આવે છે. એણે ભગવાન વિષ્ણુનો વધ કરવા ઇચ્છયું, પુરાણકથન પ્રમાણે એ સમયે પ્રભુની કાયામાંથી એક કન્યા પ્રગટી.[૫૩]

આ કન્યાના પ્રાગટય અંગે લાંગીદાસે મૌલિક અને પુરાણ કથનથી જુદી પડતી વાત કરી છે. તેઓનું કથન છે કે પોતાની કાયાનો મેલ લઇ ખુદ ભગવાને જ એ કન્યાનું સર્જન કર્યું. સાથે ભગવાન દાનવથી ભય પામ્યાનું પણ લાંગીદાસ જણાવે છે. જે એમનું મૌલિક ઉમેરણ છે.

*પ્રમ તબ ઊર અંતર ડર પાણું.* [૫૪]
(પરમેશ્વર ત્યારે હૃદયમાં ભય પામ્યા.)
*અપરંપર કરેઉ ઉપાસં.* [૫૫]
(ત્યારે પ્રભુએ ઉપાય કર્યો.)
*અપ્રંપર દેહીઅ મેલ ઉતારિ*
*સનેહીઅ કેહીઅ નાર સનારિ.*[૫૬]

(ત્યારે પરમેશ્વરે કાયાનો મેલ ઉતારીને તેમાંથી પ્રેમપૂર્વક એક સુંદરીનું સર્જન કર્યું.)

પુરાણ કથન પ્રમાણે એ કન્યાના પ્રાગટય સમયે તો ભગવાન વિષ્ણુ સુતા હોય છે. દાનવના વધ પછી ભગવાન જાગે છે. અને ‘આ દાનવને કોણે હણ્યો ? એવો પ્રશ્ન કરે છે. જેના પ્રત્યુ ારમાં પાસે ઊભેલી કન્યા પોતે દાનવને હણ્યાની વાત કરે છે. અને પોતે પોતાનું નામ ‘એકાદશી’ હોવાનું જણાવે છે.નિદ્રાધીન ભગવાને તો એ કન્યાનું નામ પાડયું હોવાનું પુરાણ કથતાં નથી. અને ભગવાન અને એકાદશી સિવાય ત્યાં કોઇ ત્રીજું હોવાનું પુરાણકથામાં જણાવાયું નથી. એટલે પેલી કન્યાનું નામ કોણે પાડયું ? તે પ્રશ્ન ઊભો થાય છે. એટલે પુરાણોક્ત એકાદશીએ પોતે જ પોતાનું નામ પાડયું હોય તેમ જણાય છે.

આની સામે લાંગીદાસ વાસ્તવિક અભિગમ અપનાવે છે. તેઓ કહે છે કે. પરમેશ્વરે પોતાના મેલ  વડે ઉત્પન્ન કરેલી એ કન્યામાં અગિયાર કળાઓ તિથિઓ સંમલ્લિત કરીને એનું 'અગિયારસ' એવું નામકરણ કર્યું.

*અળા ધર મેલ કલા અગિઆર,*

*તવિ તણ નામ અગારસ તાર.*[૫૭]

(ત્યારે એ ધરણી પર ભગવાને એ કન્યામાં અગિયાર કલા-તિથિઓ સંમિલ્લિત કરીને તેનું અગિયારસ એવું નામકરણ કર્યું.)

એકાદશી ભગવાન વિષ્ણુના શરીરમાંથી સ્વેચ્છાથી પ્રગટ થઇ હોય તેમ પુરાણો જોતાં લાગે છે, કેમ કે પુરાણ પ્રમાણે ભગવાન વિષ્ણુની ઇચ્છાથી એ કન્યાનું પ્રાગટ્ય થવાનું જણાતું નથી.[૫૮] પણ લાંગીદાસે આ બાબતે વાસ્તવિક અભિગમ અપનાવીને ભગવાન વિષ્ણુએ પોતાની ઇચ્છાથી એ કન્યાને ઉપ્તન્ન કરી તેવું વર્ણન કર્યું છે. વસ્તુતઃ તો ભગવાનની ઇચ્છા વિના કશું જ બની શકતું નથી. એ તથ્યને ધ્યાનમાં લઇએ તો લાંગીદાસનો આ અભિગમ વાસ્તવિક અને ઉચિત જણાય છે.

*ઉપાઇઅ ચાઇઅ રંભ અચંભ,*

*ખરુ વન જાંણ કિ સો વ્રન ખંભ..*[૫૯]

(ભગવાને પોતાની ઇચ્છાથી વનમાં ઊભેલી એ સુવર્ણ સ્થંભ સમાન અજાયબ કન્યાને ઉત્પન્ન કરી.)

પૌરાણિક કથાનુસાર એ એકાદશી નામની કન્યા મૂરુ દાનવ સાથે એકલી જ યુદ્ધ કરે છે. અને એ યુદ્ધમાં એકાદશી મૂર દાનવનો વધ કરે છે.[૬૦]

લાંગીદાસ આ પ્રસંગને અલગ રીતે આલેખે છે. મરુર (મૂર) દાનવ મુગ્ધપણે એ એકાદશીને જોઇ રહ્યો છે. ત્યાં તો દાનવોનું સૈન્ય પણ ત્યાં આવી પહોંચે છે. એ વેળાએ ભયંકર યુદ્ધ થાય છે અને એકાદશી દાનવોને અને મરુર દાનવને હણી નાખે છે.

*તઠિ સિહિ સેન ઇઆ તણ તાલ.*[૬૧]

(એ સમયે સઘળું દાનવ સૈન્ય પણ ત્યાં આવી પહોંચ્યું ?)

*કેતા અસરાણ સંઘારણ કજ,*

*સમિ તણ સુંદર હોઇઅ સજ..*[૬૨]

(અનેક દાનવનોને હણવા અર્થે એ સમયે એ સુંદરી અગિયારસ સજ્જ થઇ.)

*મરુર પ્રજાળીઅ મોહન મન.* [૬૩]

(એ મન મોહી લેનારી સુંદર એકાદશીએ મરુર દાનવનો સંહાર કર્યો.)

પુરાણકથા અુનસાર મરુર-મૂર દાનવના વધ પછી એ રણભૂમિમાં ભગવાન વિષ્ણુ અને એકાદશી બે જ ઉપસ્થિત હતાં. [૬૪]

પણ લાંગીદાસે આ પ્રસંગનું નિરાળું નિરૂપણ કર્યું છે. તેઓ આ પ્રસંગે દાનવોના સંહાર પછી રણભૂમિમાં ઊભેલી એકાદશી સામે દેવ સમૂહને હાજર રાખે છે. અને એ દેવ સમાજના મુખે પરાક્રમી એવી એકાદશીનું સ્તવન વહાવે છે.

*તિઆં સર ક્રોડ ઈઆ ખટ ત્રીસ,* [૬૫]
*સહી ગણ ગાવે નામેઅ સીસ..*

(ત્યાં છત્રીસ કરોડ દેવો આવ્યા. અને મસ્તક નમાવી એકાદશીનાં ગુણ (સ્તુતિ) ગાન કર્યાં.)

પૌરાણિક કથા પ્રમાણે ભગવાન મૂર દાનવના વધ પછી જાગૃત થઈ એકાદશીને દાનવનો વધ કોણે કર્યો. ? એમ પૂછે છે. [૬૬]

પણ અત્રે લાંગીદાસ નિરાળી કલ્પના કરે છે. દેવોને મુખે ગવાતી એકાદશીની સ્તુતિ શ્રવણ કરીને ભગવાન વિષ્ણુ પણ રણભૂમિમાં આવે છે. અને તેઓ ખૂદ પણ એકાદશીની પ્રશંસા કરે છે.

*મણિ જસ વાસ સરં મખ મખ,*
*અસુ સણિ આઉ આપ અલખ;*
*વખાંણિ તાંમ વણે રઘવીર,*
*ધનો મર લોક સમાપણ ધીરં..* [૬૭]

(દેવતાઓના મુખે ત્યાં એકાદશીનાં યશોગાન થયાં તે સાંભળી ખૂદ ભગવાન ત્યાં (રણક્ષેત્રમાં) પધાર્યાં. અને તેમણે પણ એકાદશીની પ્રશંસા કરતાં કહ્યું, દેવ લોકને ધૈર્ય બંધાવનાર એવી તને ધન્ય છે.)

*કિઉ અદ્‌ભૂત પરાક્રમ કોએ,*
*હોઅંત ન ભૂત ભવિસ ન હોએ..* [૬૮]

(તેં જે અદ્‌ભુત પરાક્રમ કર્યું છે. તેવું ભૂતકાળમાં કોઈએ કરેલ ન હતું અને ભવિષ્યમાં કોઈથી થશે પણ નહિ.)

પુરાણ કથા પ્રમાણે એકાદશીનાં પરાક્રમથી પ્રસન્ન થયેલા ભગવાન વિષ્ણુ એકાદશીને વરદાન માંગવાનું કહે છે. અને એકાદશી પોતાનું વ્રત પુણ્ય અને સિદ્ધિ દાયક બને એવું વરદાન માંગે છે. જે ભગવાન તેને આપે છે.[૬૯]

આમ, લાંગીદાસે પરમેશ્વર વિષ્ણુને પુરાણના વિષ્ણુ ભગવાન કરતાં સવિશેષ ઉદાર અને કદરદાન નિરૂપ્યા છે. તેઓ એકાદશીને વગર માગ્યે જ સામે ચાલીને વરદાન આપે છે. તે પણ સયુક્તિ ચાતુર્ય ભરી રીતે કે સંગ્રામમાં રત રહેવાને કારણે એ એકાદશીથી (ભોજન લેવાનો સમય ન મળતાં) ઉપવાસ થઇ ગયો છે. એ ઉપવાસને લીધે તો દાનવો ત્રસ્ત થઇ ગયા છે. માટે એકાદશીનું વ્રત અને ઉપવાસ મોટું સુકૃત્ય ગણાશે.

*તઠિ મનમાં ઇ વચારીઅ તાંમ,*
*સણિ સર સાથ મણે ધન સાંમ;*
*વઢંત એજ સ હુવુ અપવાસ,*
*તણી અપવાસ હુવા ખલ ત્રાસ;*
*વડો અપવાસ અગારસ વ્રત,*
*જપિ હર તારણહાર જગત;*
*એકાદસ તૂજ કરે અપવાસ,*
*નરાં ધ્રમ તેણ હોવિ ખલ નાસ..*

(ત્યાં પરમેશ્વરે મનમાં વિચારી લીધું અને દેવતાઓના સાંભળતાં ભગવાને કહ્યું. સંગ્રામ કરતી વખતે આ એકાદશીને નિરાહાર રહેવાને લીધે ઉપવાસ થયો છે. એ ઉપવાસને કારણે તો દાનવો ત્રાસ પામ્યા છે. આ કારણે એકાદશીનું વ્રત અને ઉપવાસ ઉ ામ અને મહાન છે. વળી જગતને તારવાવાળા ભગવાન કહે છે : 'હે એકાદશી ! જે માનવો એકાદશીનું વ્રત-ઉપવાસ કરશે એમનાં એ પુણ્યને લીધે એમના શત્રુઓ નાશ પામશે.)

આટલું વગર માગ્યે આપ્યા પછી પણ ભગવાન વિષ્ણુનો ઉમળકો ઓછો થતો નથી. એટલે તેઓ એકાદશીને વધુ જે કાંઇ વરદાન જોતું હોય તે માગી લેવા કહે છે. ત્યારે એકાદશી પોતાનું વ્રત અન્ય વ્રતો કરતાં સવિશેષ પવિત્ર અને મહિમાવંત હોય તેવું માંગે છે, જે ભગવાન આપે છે,

*મનછા જાણ જકે મન માંએ,*

*તકે તું માગ દિઆં હું તાંએ,*

(તારા મનમાં જે ઇચ્છા હોય તે તું માંગ. હું તે વરદાન તને આપીશ.)

*વદિ અગિઆરસ મોરું વ્રત,*

*સહી વ્રત હુંત હવે સ પ્રવત;*

(ત્યારે એકાદશીએ કહ્યું, મારું વ્રત સર્વ વ્રતોમાં સૌથી પવિત્ર અને પ્રચલિત બને.)

અંતે હરિસ્તવન ગાઇ. રચના કાળ આપીને લાંગીદાસ આ ગ્રંથની પૂર્ણાહુતિ કરે છે.

ગ્રંથાન્તે લાંગીદાસે મૌલિક અને ચતુરાઇ પૂર્ણ તર્ક કર્યો છે કે પરેશ્વર પોતે તો સર્વ શક્તિમાન છે. તેઓ જો મરુર દાનવ સામેનું યુદ્ધ જીતી જાત તો એકાદશીનું મહિમાવંતુ વ્રત કઇ રીતે પ્રગટ થઇ શકત ? બાકી તો નાસી જનારો અને નશાડનારો પણ તું જ છો. તારા આ લીલા ચરિત્રોનો મર્મ કોણ જાણી શકે ?

*જડે તૂઅ જીપત આપ જવન,*

*વડુ વ્રત હોઅત કેમ વ્રસંન ?*

*એકાદશ તૂહી જ આપ અપ્રંમ,*

*મરુર તૂહી જ કુણ જાંણિ મરંમ;*

*અસંમર ખેડા તૂહી અનંત,*

*ભજાવણ ભાજણ તૂ ભગવંત..*[૭૦]

( હે ભગવાન ! જો તમે જ યુદ્ધમાં મરુર દાનવ સામે જીત મેળવી હોત તો. આ એકાદશીનું મહા વ્રત કઇ રીતે શરૂ થઇ શકયું હોત? પરમેશ્વર ! તમે પોતે જ એકાદશી રૂપ બન્યા છો. એજ રીતે મરુર દાનવનું રૂપ પણ આપે જ ધારણ કરેલું. આ રહસ્યને કોણ જાણી શકે ? અનંત એવા પ્રભુ તમે અનંત સંગ્રામો ખેલ્યા છે. ભાગી છૂટનાર ભગવાન વિષ્ણુ, અને નસાડનાર મરુર દાનવ તમે પોતે જ છો, ભિન્ન નથી.)

*કહિ કુણ ભાગો તુ કરનાર,*

*હરિ જગં તૂ ઘડ ભંજણ હાર..*[૭૧]

(હે પરમેશ્વર ! તમે યુદ્ધમાંથી નાસી ગયા હતા તેમ કોણ કહી શકે ? કેમ કે તમે જ જગતનું સર્જન અને વિસર્જન કરવા વાળા છો.)

એકાદશી વ્રતનો મહિમા વધારવા અર્થે જ પ્રભુએ આ લીલા કરી હોવાનો લાંગીદાસનો તર્ક ચતુરાઇ ભર્યો અને વાસ્તવિકતા પૂર્ણ છે. કેમ કે સર્વ શક્તિમાન એવા પરમેશ્વર એક દાનવથી પરાજિત થાય એ વિગતમાં વાસ્તવિકતાનો અભાવ છે.

### ૩.૬ ચોટદાર અને હૃદયંગમ વર્ણનકલા

ચારણી સાહિત્યની રજૂઆત માટે મેઘ કંઠની આવશ્યકતા રહે છે. ચારણ માટે આવો બુલંદ ઉદ્‌ઘોષી કંઠ વારસા ગત છે. આ કંઠ અને એની સાથે ચારણી કહેણી એક એવું વાતાવરણ સર્જે છે. જે ડાયરાને ડોલાવી દે છે. અને શ્રોતાઓના મુખેથી 'વાહ વાહ' ના ઉદ્‌ગારો વરસાવે છે. આ ચારણી કથન શૈલીમાં વર્ણનકલા મહ વનો ભાગ ભજવે છે.

'એકાદશી માહાત્મ' માં લાંગીદાસની વર્ણન પ્રતિભાનાં દર્શન થાય છે. સ્થળે સ્થળે પોતાના કથનને ચોટદાર અને હૃદયગંમ બનાવવા માટે લાંગીદાસે વર્ણ્ય વિષયનાં વર્ણનો આપ્યાં છે.જેની રજૂઆત શ્રોતા સમૂહને જીતી લેનારી છે.

અત્રે લાંગીદાસનાં 'એકાદશી માહાત્મ' માંથી કેટલાંક વર્ણનો અત્રે પ્રસ્તુત છે.દૈત્યરાજ તાડજંગની સમૃદ્ધ નગરી ચંપાવતી નું વર્ણન જુઓઃ

*બજારી બજારી બણે ગોખ બારી,*
*કિઆ મોલ કારીગરે કેલ કારી;*
*મહા સોનમિ નગર જગ મોહે,*
*સહી સુંદર મંદર તેથ મોહે..*[૭૨]

(પ્રત્યેક બજારમાં મેડીઓના ગોખની બારીઓ બની, આ રીતે કારીગરોએ ચૂનાના ચણતરના પાકા કલામય મહાલયો બનાવ્યા. એ સોનાની નગરી જગત માત્રને મોહ પમાડનારી હતી. તે ઉપરાંત ત્યાં બીજા આવાસો પણ સુંદરતા વડે શોભતા હતા.)

*ઝરૂખે ઝરૂખે છજાં હેમ ઝલે,*
*ફલી નગરી સાવ સોવ્રન ફુલે..*[૭૩]

(ત્યાં મેડીઓના ઝરુખાઓ પર સોનાનાં છજાં હતાં. આ રીતે એ ચંપાવતી નગરી સુવર્ણના ફૂલે ફળી હતી.)

મરુર દાનવે ભગવાન શિવજીને પ્રસન્ન કરવા માટે કરેલ ભગીરથ તપનું વર્ણન પણ બહુ તાદશ રીતે લાંગીદાસે કર્યું છે.

*વખિ વંનરિ આસંણ આવ વાલી,*
*કરિ તપ બિઠો વનંમિ કમાલી;*
*અળો ઉપરાં ચોસરા વાંસ ઊગા,*
*પરા સાથળાં સોંસરા પાર પૂગા..*[૭૪]

(ત્યારે મરુર દાનવ વન મધ્યે આવ્યો. અને ત્યાં આસનસ્થ થઇ ભગવાન શિવ ઉપર તપ કરવા બેઠો. વનની ધરતીમાં ચોસરાં વાંસો ઊગ્યા. જેણે તપસ્વી મરુરના સાથળોને આર પાર વીંધી નાખ્યા.)

*જડા મૂછડાં દાઢીઓ હોએ જાળા,*
*મળે સુઘરે ઘાતિઆ તેથિ માળા;*
*સિહિ તપસી તપસા તપ સાધિ,*
*અસો એક મનુ અપ્રમ આરાધિ..*[૭૫]

(તે મરુરના જટા,મૂંછ અને દાઢી બોરડીનાં જાળાં જેવાં થઇ ગયાં. તેમાં સુઘરી નામે પક્ષીએ માળા બાંધ્યા. આ રીતે એક ચિ ો એ તપસ્વી તપની સાધના કરતાં પરમેશ્વર શિવની આરાધના કરે છે.)

મરુર દાનવથી પરાજિત થઇ પરમેશ્વર વિષ્ણુ બદ્રિકાશ્રમમાં નાસી આવે છે. એ પ્રસંગે લાંગીદાસે પ્રકૃતિ વર્ણન- વન વર્ણનની તક ઝડપી છે. બદ્રિકાશ્રમના ગાઢ વનનું વર્ણન જુઓઃ

*અવળા સવળા વન એક હટા,*
*પન પિન થઇ અલટા પલટા;*
*કોલંબ તલંબ ફળે કુપટા,*
*લેહ લંબ ઝળંબીઅ અંબ ઘટા..*[૭૬]

(ત્યાં વન એક બીજા પર ખડકાઇ ગયું હોય તેવી વૃદ્ધિ પામીને વૃક્ષો અને વેલો એક બીજાં પર છવાઇ ગયાં હતાં. ત્યાં લાંબી ડાળો વાળા,કુંપળો વાળાં ફળો વડે લુંબ ઝૂંબ થયેલ આમ્ર વૃક્ષોની ઘટા છટામય રીતે ઝળુંબતી હતી.)

ગાઢ વનરાજીમાંનાં વૃક્ષોનાં નામો ગણાવીને લાંગીદાસ વનનું વૃક્ષ વૈવિધ્ય વર્ણવવાની પણ તક ઝડપે છે.

*અરડુસી વમે ખરણી અરણી,*
*વઘ વઘ ફળે વરણા વરણી;*
*બીજોરીઅ દાડમ ધ્રાખ બહુ,*
*મઝ આગર નારગ વેલ મહુ..*[૭૭]

(ત્યાં અરડુશી, તેમ ખરણી અને અરણીનાં વૃક્ષો વિવિધ રંગી ફૂલો વડે ફાલ્યાં હતાં. એ વનમાં બીજોરી,દાડમ,દ્રાક્ષ,અગર, મહુડાં અને નાગરવેલ વિપુલ પ્રમાણમાં હતાં.)

*સોપારીઅ સીસ બિઆ સૂવ્રંન,*
*વખિ ધ્રામણ ધાવડ સાગ વનં;*
*ફળ જાંબુઅ લીબ બહુ ફળીઅં,*
*પ્રઘલ વળિ આમલ પીપળિઅ..*[૭૮]

(એ ઉપરાંત સોપારી,સોના સરખી શીશમ, તેમ ધ્રામણ,ધાવડા અને સાગ એ વનમાં હતાં. ત્યાં વિપુલ ફળો વાળાં જાંબુડાંનાં, લીબડાનાં તથા વિશાળ એવાં આંબલીનાં તથા પીપળીનાં વૃક્ષો પણ હતાં.)

એ વનની પક્ષી સૃષ્ટિને પણ લાંગીદાસે વર્ણવી છે.

*કેઅ કોયલ મોર ઝીગોર કરિ,*
*ફલ ફૂલ ચરિ વન વન ફરિ;*
*કલ કલા ચીબર કાબરિઅં,*
*લખ લેલાં તેતર લાબરિંઅં..*[૭૯]

(કયાંક કોયલ અને મોર ટહૂકા કરતા હતા. અને તેઓ ફળ-ફૂલનો આહાર કરતા વનમાં વિચરતા હતાં. વળી એ વનમાં કલકલિયા,ચીબરીઓ,કાબરો,લેલાં,તેતરો,અને લાબરિયાં પણ હતાં.)

લાંગીદાસ ચારણ છે. એમની આ ‘એકાદશી માહાત્મ’ ચારણી સાહિત્યની રચના છે. ચારણી સાહિત્યમાં વીરરસને વિશેષ મહ વ આપેલ છે. ક્ષાત્ર સમાજને ડાયરે મંડાતી આ રચનામાં લાંગીદાસે મુક્તમને વીરરસ વહાવ્યો છે.

સંગ્રામ કથાઓ વીરરસનું ઉદ્ભવ સ્થાન છે. એ તથ્યને સ્વીકારીને લાંગીદાસે આ ધાર્મિક વ્રત કથામાં અન્ય રસોને ગૌણ સ્થાને મૂકીને આ ધર્મ કથા-વ્રતકથાને વીરરસમય યુદ્ધ કથાનાં બીબાંમાં ઢાળી છે.

પુરાણોક્ત એકાદશીની કથામાં ત્રણ યુદ્ધ પ્રસંગો આવે છે. :

(૧) મૂર દાનવનું દેવતાઓ સાથેનું પ્રથમ યુદ્ધ. જેમાં ઈંદ્ર સહિત સર્વ દેવો પરાજ્ય પામે છે.

(૨) દેવતાઓ અને ભગવાન વિષ્ણુનું મૂર દાનવ સાથે યુદ્ધ આમાં પણ દેવેન્દ્ર અને ભગવાન વિષ્ણુ હાર પામે છે.

(૩) એકાદશી અને મૂર દાનવનું ત્રીજું યુદ્ધ જેમાં એકાદશી દ્વારા મૂર દાનવનો વધ થાય છે.[૮૦]

આની સામે લાંગીદાસે પોતાના તરફથી કથાને બાધ ન આવે એવી ચતુરાઇ ભરી રીતે પ્રથમનું યુદ્ધ દેવતાઓનાં થાણાં ઉથાપવા માટેનું પ્રયોજ્યું છે. જેમાં પરાજિત થયેલ દેવતાઓ ઈંદ્ર પાસે રાવ કરે છે. એથી ઈંદ્ર દેવ સૈન્ય લઇને મરુર (મૂર) દાનવ પર ચડાઇ કરે છે. એમાં હારી જાય છે. આ બીજું યુદ્ધ થયું. ત્રીજું યુદ્ધ ભગવાન વિષ્ણુ અને મરુર (મૂર) દાનવનું છે. જેમાં ભગવાનનો પરાજ્ય થતાં વિષ્ણુ ભગવાન પલાયન થાય છે. છેલ્લું અને ચોથું યુદ્ધ એકાદશી સાથેનું છે. જેમાં દાનવનો વધ થાય છે. [૮૧]

આ રીતે વીરરસોત્પાદક સંગ્રામ કથા રચવામાં લાંગીદાસ પુરાણકથા કરતાં એક ડગલું આગળ નીકળી ગયા છે. જે લાંગીદાસના ક્ષત્રિયોને ડાયરે વીરરસપ્રેરક પુરાણકથા રજૂ કરવાના ચારણોચિત અભિગમની દ્યોતક બની રહે છે.

હવે આપણે લાંગીદાસે વીરો,અને એમનાં સંગ્રામ, તેમજ એ સંગ્રામની તૈયારી અંગેનાં કરેલાં વર્ણનોને જોઇએ. વસ્તુત : ચારણોએ ક્ષત્રિયો સાથે ખભેખભો મીલાવીને સમરાંગણમાં ભાગ લીધો છે. આથી તેમનાં યુદ્ધવર્ણનો કાલ્પનિક કે અવાસ્તવિક નથી, પરન્તુ તેમાં યથાર્થતાનો અહેસાસ થાય છે.

લાંગીદાસે પોતાના યુગનાં યુદ્ધો અને એ યુગના શસ્ત્ર-સરંજામનો ગાઢ પ્રભાવ આ પૌરાણિક કથામાં ઝીલ્યો છે. પરિણામે આપણને આ 'ચારણી સાહિત્ય' ના આખ્યાનમાં પૌરાણિક શસ્ત્રો જેવાંકે ધનુષ્ય,બાણ,અગન્યાસ્ત્ર,બ્રહ્માસ્ત્ર, તેમ મોહાસ્ત્રનાં દર્શન નથી થતાં, પણ મધ્યકાલીન શસ્ત્ર-સરંજામ અશ્વો,ઊંટો અને વીરોનાં દર્શન થાય છે.

યુદ્ધભૂમિનું વર્ણન પણ તેમણે મધ્યકાલીન ચારણી પરંપરાને અનુસરીને કર્યું છે. આ રીતે કાળ વ્યુતિક્રમ કરીને પણ લાંગીદાસે પોતાના યુગના ક્ષત્રિય સમાજ સામે એ યુગના જ વીરો,અને ક્ષાત્ર સંસ્કારો રજૂ કર્યા છે.

લાંગીદાસના યુગમાં હિંદુ રાજવીઓનાં સૈન્યમાં તેમ મુસ્લિમ રાજવીઓના સૈન્યમાં આરબ,પઠાણ,મકરાણી જેવા વિદેશીઓ હતા તે વાત સર્વ વિદિત છે. એ વિદેશીઓના સૈન્યનું લાક્ષણિક વર્ણન અત્રે 'એકાદશી માહાત્મ' માં લાંગીદાસે દૈત્ય સૈન્યના વર્ણનમાં આપ્યું છે.

*માહા મંજરી ચખ કે રત મખા,*
*રણજીત અજીત હે આપ રખાં;*
*વેધાળ ખેધાળ વડા વકરાળ,*
*પ્રથી રખપાળ વડા ડગપાળ..*[૮૨]

(જે માંજરાં નેત્રોવાળા, લાલ મુખોવાળા વીરો સંગ્રામ વિજયી, કોઈનાથી ન જીતાય તેવા, અને પોતે જ પોતાની રક્ષા કરવા વાળા છે. એ વીરો મહાવિકટ, કોપ રૂપ અને વૈર ભર્યા  હતા. દિકપાળોની જેમ તેઓ પોતાના માલિકની ધરતીનું રક્ષણ કરનારા પણ હતા.)

*વડા ઝુઝાળં સભ્ભટ વસાળં,*
*જડેવા વખાલં વડા જમ જાળં..*

(એ મહા યોદ્ધાઓ મહાકાય અને દારુણ યુદ્ધ કરનારા હતા. મહાકાળ રૂપ એ વીરો યુદ્ધની તૃષ્ણાવાળા હતા.)

એ વીર યોદ્ધાઓનાં શસ્ત્રો લાંગીદાસે આ રીતે વર્ણવ્યાં છે. જે શસ્ત્રો પણ લાંગીદાસના સમયમાં પ્રચલિત મધ્યયુગનાં શસ્ત્રો છે.

*ખગ ખંજર વંજર સેલ ખેડા,*
*ત્રસીગાં છરા લોહરા સોહ તેડા;*
*જર કંમર કંમર ખૂબ જોપિ,*
*અનોપે સર ઉપર ટોપ ઓપિ..*

(તરવાર, કટાર, ઘૂઘરિયાળ ભાલાં (વંજર) અને બરછી, ત્રિધારા, પોલાદના છરાઓ, એ બધાં શોભતાં શસ્ત્રો મંગાવ્યાં સાથે લોહના કમર બંધો કે જે વીરોની કમ્મરે અતિ શોભે છે. તે ઉપરાંત મસ્તક પર અનૂપમ ટોપ (શિરસ્ત્રાણ) શોભતા હતા.)

*બણે બાંણ કબાંણ મેં કુક બાંણ,*
*જંબૂર ગપતી ગદા લે જુઆણં;*
*ગજે હોક હવાઈઆં નાળ ગોળા,*
*સજે આઉધા દાંણવાં વીસ સોળા..*

(ત્યાં કમાન,બાણ અને એમાં કુહક બાણ પણ શોભ્યાં. તેમ જંબુર (શસ્ત્ર વિશેષ) ગુપ્તી અને ગદાને વીરોએ ગ્રહણ કર્યા. એ સમયે હોકા,હવાઈઓ અને ઝંઝાળોના ગોળા છૂટવાના ધ્વનિ થયા. આ રીતે દાનવ વીરો છત્રીસ પ્રકારનાં આયુદ્ધો ગ્રહણ કરીને શસ્ત્ર સજ્જ થયા.)

એ વીરોને સવારી અર્થે મહા મૂલ્યવાન અશ્વો આપ્યા. તેનું વર્ણન પણ લાંગીદાસ આ પ્રસંગે આપે છે.

*વડા વાજન પાખરે લાખ વાલા,*
*સરે સોહતા મંડિઆ જીણ સાલા;*
*સજે મંકડા મહુડા બોર સેતં,*
*કરીડા હરીડા સપેતે કુમેતં..*[૮૩]

(ત્યારે ગજાદાર અને લાખોનાં મૂલ્યના અશ્વોને કવચ વડે સજ્જ કર્યા. એમના પર શોભાયમાન જીન નાખ્યાં. આ રીતે ઘેરા લાલ વર્ણના (માંકડા), મહુડાંનાં અને બોરડીનાં પુષ્પો સમાન વર્ણના, કયાડા (ભૂરા) વર્ણના,લીલા,ધવ્વલ, અને આછા વાદળી વર્ણના અશ્વોને સજ્જ કર્યા.)

*અલલ કધાલં વડા લટીઆલં,*
*ફરિ મઝ થાલં ભરિ તેક ફાલં;*
*ગલાં નાંગલાં જાંગલાં નાખ ગ્રાવિ,*
*પંખાલાં પગલાં ન કો જાણ પાવિ..*

(જાડાં કાંધવાળા, મોટી કેશવાળી અને લટો વાળા છલાંગો મારનાર અને ફેરવ્યા થાળમાં ફરનારા, ભાગતાં હરણોને પકડી તેમનાં ગળામાં ગાળિયો નાંખી દેવાય તેવા વેગવંતા, પાંખો વાળા હોય તેમ, અતિ વેગને લીધે જેમનું પગેરુ જાણી શકાતું નથી તેવા.)

*કછીછાં ડરંતા ભરંતા કલોટાં,*
*કરિ ચોટ દોટ માંહિ લોટ કોટાં;*

(પોતાની છાયાથી પણ ભડકતા અને તેથી છલાંગો દેતા એ અશ્વો પોતાના દોડવાના વેગની ચોટ વડે શત્રુના ગઢોને દળીને લોટ કરી નાખનારા હતા.)

*વડો વાજન છોડિઓ ક્રોડ વાલુ,*
*ઢલાં લાંગલાં લેઅતુ આપ ઢાલુ;*

(ત્યારે મહા મૂલ્યવાન એવા કરોડોનાં મૂલ્યનો થનગનતો અશ્વ પોતાના પાસે છોડીને લઇ આવ્યા.)

દેવરાજ અને દાનવરાજનાં બીજા યુદ્ધ પ્રસંગમાં આવતું અશ્વવર્ણન પણ આસ્વાદ્ય છે.યથાઃ

*માહા મેમતા ઉમતા મદમતા,*
*યણે ઉપરાં મંડતા ખેંગ તતા;*
*છતા વગતા ધીંગ ત્રોડ છોડે,*
*ઘણા મૂલરા ઘાતિઆ જિણ ઘોડે..*

(ઘણા યશસ્વી, ઘણા ઉન્મંત અને મદ વડે મસ્ત થયેલા, ત્રિલોકમાં યશમંડિત વંશવાળા એ પાણીદાર અશ્વોને યુદ્ધ અર્થે પ્રસિદ્ધ પણે પીછોડી (પાછલા પગને ખીલા સાથે બાંધતું સુતરનું લંગર છોડીને છોડયા,અને એના પર મૂલ્યવાન સાજ નાખ્યો.)

ભગવાન વિષ્ણુ દાનવ મરુર પર ચડે છે. ત્યારે પણ એમનાં સૈન્યમાં પણ મધ્યકાલીન અશ્વો પ્રવેશી જાય છે, અને પુરાણકાળ વિસરાઇ જાય છે. એ ત્રીજાં યુદ્ધના અશ્વોનું વર્ણન પણ દૃષ્ટવ્ય છેઃ

*લખ કોડ અરબ તણા લિહણા;*
*અસ ઉમત મિમત ઉડહણા..*

( જે લાખો,કરોડો અને અબજો સુધીનાં મૂલ્યને પાત્ર હતા. એવા મૂલ્યવાન અશ્વો ઉન્મંત, મદોન્મ । તથા 'ઉડણા' નાં બિરુદ વાળા હતા, કર્યું એમનાં ગજ કવચોમાં

ઘૂઘરાઓના રણઝણાટ થઇ રહ્યાં હતો. આ રીતે જળ ભર્યા વાદળ જેવા ગજરાજો સુવર્ણના સાજ વડે શોભતા હતા.)

ભગવાન વિષ્ણુ દેવરાજ ઈન્દ્રની મદદ કરવા દાનવરાજ મરુર પણ ચડે છે. ત્યારે પણ લાંગીદાસે દેવ સૈન્યના ગજસૈન્યનું વર્ણન કરવાની તક ઝડપી છે, યથાઃ

*સજ્જિઆ વલ ગિમલ તેણ સમિ,*
*દલ રૂપ દમંગલ થાટ દમિ;*
*સિહલૂર પિઅં ખલકિ લંગરાં,*
*ઝંડ ઝૂરત નેક ગરાં ઝંગરાં..*

(વળી તેમણે તે વેળા ગજરાજોને પણ સજ્જ કર્યા. જેઓ સૈન્યની શોભારૂપ અને વિપુલ શત્રુસૈન્યને પરાજિત કરનારા હતા. એમના પગોનાં લંગરો વિપુલ પ્રમાણમાં ખળકતાં હતાં. એવા એ ગજરાજો ઝૂલતા પહાડોના સમૂહ જેવા હતા.)

મધ્યકાળે અશ્વોની જેમ જ સૈન્યમાં હાથીઓને પણ સામેલ કરવામાં આવતા. ગજરાજો પણ એ કાળે સંગ્રામનું એક અંગ ગણાતું. દેવતાઓ અને દાનવોના સંગ્રામમાં સામેલ હાથીઓનું વર્ણન કરવાનું પણ લાંગીદાસ ચૂકયા નથી. અત્રે કવિઓએ ગજરાજોનું વર્ણન પણ તાદ્ર્શ અને કાવ્યમય રીતે કર્યું છે.

*સતં હસત માહા મદ મતં,*
*રજિ સૂંડ સતં માહા સટેઅં કરંત;*
*ભજિ દઘ સત માહા અદ્ભત,*
*ઘરિ આંકસાં કે કરિ ઘત ઘત..*

(મદ વડે મત થયેલો એ મોટો ગજરાજ પોતાની સૂંઢ વડે મસ્તક પર ધૂળ ઊડાડતો હતો. એ રીતે એ ઐરાવત હાથી અદ્ભુત રીતે શોભતો હતો. મહાવતોએ ‘ઘત ઘત’ એવા શબ્દો બોલતાં ગજરાજો પર આરૂઢ થઇ અંકુશો ગ્રહણ કર્યાં હતા.)

*અનોપમ ઝાડી વછાડી ઓછાડી,*
*ચંમીર અંબાડી વળે સીસ ચાડી;*
*પલંબ ખળકિ અગાડી પછાડી,*
*અડર મંનિ અંક્સ તન આડી..*

( એ ગજરાજને ઉપમા ન આપી શકાય તેવી બહુમૂલી ઝૂલ ઓઢાડી, પછી એના પર અંબાડી મૂકી. એની આગળ-પાછળ ઘૂઘરાઓનો વિપુલ ધ્વનિ થયો. એ ગજરાજ નિર્ભય મનનો હતો તો પણ એ પોતાની કાયાને અંકુશને વશ રાખતો હતો.)

*ઘરિ જોર પટાઝરં ઘોર ઘટા,*
*કિઆ રૂખ ઘટા સજં ગજ કટા;*
*ઘણા ઘૂઘર પાખર ઘમં ઘોરં,*
*જળાબંબ હેમ વળા સાજ જોપે..*[૮૪]

(ત્યારે એ ગજરાજ ઐરાવત સાથેની ગજ સેનાએ સજ્જ થઇને મેઘ ઘટાનું રૂપ ધારણ કર્યું. એમના ગજ કવચોમાં ઘુઘરાઓનો રણઝણાટ થઇ રહ્યો હતો. આ રીતે જળભર્યાં વાદળો જેવા ગજરાજો સુવર્ણના સાજ વડે શોભતાં હતાં.)

સંગ્રામ વર્ણન ચારણી સાહિત્યમાં મહ વનું સ્થાન ધરાવે છે. ઘણી બધી ચારણી સાહિત્યની ઐતિહાસિક અને પૌરાણિક રચનાઓમાં  સંગ્રામ વર્ણન વિશેષ હોય જ છે. આ પરિપાટીને લાંગીદાસે પણ નિભાવી છે. તેમણે ‘એકાદશી માહાત્મ’ની આ રચનામાં ચાર યુદ્ધો અને એ ચારેય યુદ્ધોનાં વર્ણનો મુક્ત મને કરીને અસ્ખલિતપણે વીરરસનો પ્રવાહ વહેવડાવ્યો છે. અત્રે આપણે સંગ્રામનું વર્ણન જોઇએઃ

*હુવુ દાંણવાં દેવતા હલકારં,*
*પડિ માર સાર પખિ સંખ પારં;*
*બહુ હોક હવાઇઅં સોક બાંણાં,*
*નરાં રુક વાલાં જડે રોસ નાણાં..*

(ત્યાં દેવતાઓ અને અસુરો સંગ્રામમાં ભીડાયા,હાકલા-પડકારા થયા, બંને પક્ષે અસંખ્ય એવા શસ્ત્રોના પ્રહારો વરસવા લાગ્યાં, હોકા (શસ્ત્ર વિશેષ) હવાઇઓ, શોકબાણો સહ ખડગધારી અને રોષાળ વીરો સામસામે ભીડાઇ ગયા.)

*પડિ માર પણાં જડિ જમરાંણાં,*
*વહિ કોપરાં ત્રૂટ કેવાણ વ્રાંણાં;*
*સોહિ સભટ વાહતા ઘાઉ સૂકા,*
*ઝટ ભગટં કોપટં ઝૂક ઝૂકા..*

(ત્યાં એટલા બધા શસ્ત્ર પ્રહારો થયા કે તેને આ સમયે કાળ સામે કાળ ભીડાયો હોય  તેમ લાગ્યું. તલવારો ચાલી,તેના પ્રહારોએ ખોપરીઓ તૂટવા માંડી, સુકકાં લોઢાંના ઘા ઝીક્તા વીરો શોભા પામ્યા અને મસ્તકની ખોપરીઓ ઝાટકાથી તૂટી પડવા માંડી.)

ચારણી સાહિત્યમાં નાદ વૈભવનું મહ વ ઘણું છે. મેઘ કંઠી ચારણ નાદ વૈભવ અને મેઘ જેવા બુલંદ કંઠને કારણે ડાયરાઓમાં પોણા ભાગનું મેદાન સર કરી લ્યે છે. બાકી રહેલું પચ્ચીસ ટકા મેદાન એની કાવ્યમયતા કબજે કરી લ્યે છે.

લાંગીદાસે પણ યુદ્ધ વર્ણનમાં નાદ વૈભવને સંમિલ્લિત કરી વર્ણનને સવિશેષ પ્રભાવક અને રોચક બનાવ્યું છે.

*હડેડે બરંગાં હોએ વીર હંક,*
*તડેકે રણતૂર ત્રૂહી ત્રહકં;*
*ગડેડ તઠિ નાલ જંબુર ગોલા,*
*ધડેરો પડિ આતસાં ધમશૈલા..*[૮૫]

(ત્યાં તોપો હડેડતી હતી. તેની સામે વીરહાકો પણ (અવિરત) ગાજતી હતી. ત્યાં યુદ્ધનાં વાજિંત્રો અને નગારાંઓનો ધ્વનિ થતો હતો. તેમ ત્યાં અગન્યાસ્ત્રોને ગડેડાટી પણ થઇ રહી હતી. એ રણભૂમિમાં એ રીતે આગની ધડેડતી વર્ષા રણભૂમિને ધમરોળતી હતી.)

જ્યાં વીરો તલવારની ધારે કપાઈને સ્વર્ગવાસી થતાં હતાં. એ રણભૂમિનું વર્ણન પણ તાદૃશ રીતે આ ગ્રંથમાં લાંગીદાસે કરેલ છે. જે મધ્યકાલીન ચારણી પરંપરાને અનુસરે છે.

*હચે સેન દોલા મચે બોળ હોળા,*
*ભિઆ મન વોળા નચે વીર ભોળા;*
*રચે કીચ ચોળા રળે સીસ રોળાં,*
*લિએ ગ્રીધ ટોળા મળે મંસ લોળા.*

(ત્યાં વસમા સૈન્યો સંગ્રામમાં ટકરાયાં, અને વિપુલ હાકલા-પડકારા થયા. ત્યારે ભગવાન શિવના વીરોનાં દિલ પ્રફલ્લિત થતાં એ શિવ ગણો નાચવા લાગ્યાં. રણભૂમિમાં લોહીનો કીચડ થયાં. મસ્તકો કપાઈને દડદડવા લાગ્યાં. ગીધડાઓનાં ટોળાં માંસના ટુકડાઓ ગળવા લાગ્યાં.)

*હોએ કોપરં ઝેઝરં ગુડ હડં,*
*ખગ વાંતર પુરિ આ નડ ખડં;*
*પલ પ્રધલ સંમલ ભ્રખ પૂરા,*
*સરં અસરે આવટે થાટ સૂરાં..*[८६]

(ત્યાં પગનાં હાડકાંઓનો કૂચ્ચો થઈ ગયો. તલવાર વડે નળાઓ વેતરીને ધરતીના ખાડા અને વહેળાઓને પૂરી દેવાયા. વિપુલ માંસ વડે સમળાઓને ભક્ષ આપ્યો. આ રીતે સંગ્રામમાં દેવો અને દાનવોનાં સૈન્યો અરસ-પરસ આફળ્યાં.)

*હરં ચોસર ચોસર હાર હોએ,*
*જખ કંનર સાથ ભારાથ જોએ;*
*ભરિ ખપરં ત્રપરં પ્રેત ભૂતં,*
*દળ કંદળ માચિઉ દેવ દુતં..*[८७]

(ભગવાન શિવ માટે ત્યાં નરમૂંડોનો ચોસરો હાર થયો. તેઓ યક્ષો અને કિન્નરો સાથે લડાઈ જોવા લાગ્યા. ત્યાં ભૂતો અને પ્રેતો રક્તનાં ખપ્પરો ભરી પીવા લાગ્યા. આ રીતે દેવો અને દાનવોનાં સૈન્યો વચ્ચે સંહારક યુદ્ધ મચ્યું.)

એકાદશીના પ્રાગટ્ય પ્રસંગે લાંગીદાસે એ નારીનાં રૂપ વર્ણનની તક ઝડપીને કથામાં આછા એવા શૃંગાર રસની છાંટ નાખી છે.

*સીંદુરિઅ પૂરીઅ મંગ સમારિ,*
*નીલંબર અંબર પેરીઅ નારિ;*
*નીલવટ કેસર આડ નાઘટ,*
*નલવટ ટીલીઅ ખૂબ નપટ..*

( એ સુંદરીએ સિંદુર વડે પોતાનાં સેંથાને સજ્જ કરેલો હતો. એણે આસમાની વર્ણનાં વસ્ત્રો પહેર્યાં હતાં. કપાળે કેસરની આડ કરવા સાથે કુંમકુમ ચંદ્રક પણ કરેલો જે શોભાપ્રદ હતો.)

*નરમલ ચોલ નલવટ નૂર,*
*સસી કળ સોળ અભેખટ સૂર;*
*ફબે સર ઉપર સહસ ફૂલ,*
*અનોપમ ઓપત મૂલ અમૂલ...*

(એનાં રક્ત વર્ણો લલાટમાં નિર્મળ તેજ હતું. જે ચંદ્રની સોળ કળાઓ અને બાર સૂર્યો સમાન હતું. એના મસ્તકે સહસ્ત્ર ફૂલ (આભૂષણ વિશેષ) અનુપમ રીતે શોભતું હતું. એ આભરણ મૂલ્ય થઈ શકે નહિ તેવું અણમોલ હતું.)

*ઉપાઈઅ ચાઈઅ રંભ અચંભ,*
*ખરુ વન જાણ કિ સ્રોવન ખંભ;*
*સકોમલ રૂપ નરમલ સોઅ,*
*હર મલ હુંત પરમલ હોઅ..*

(ત્યાં પરમેશ્વરે પોતાની ઈચ્છાથી એ અજાયબ એવી સુંદરી ઉત્પન્ન કરી. જાણેકે વનમાં સાચે જ સુવર્ણ સ્થંભ રોપ્યો તે સુંદરી સુકોમલ અને નિર્મલ રૂપવાળી હતી. પરમેશ્વરના મેલમાંથી સર્જાયેલી એ નારીની કાયા કમળની સુગંધ વાળી હતી.)

*નરમલ જાંમોઅ જાંમ નખત્ર,*
*પરમલ પીઠિ સકોમલ પત્ર;*
*વખાંણિઅ તાંણીઅ નણંદ વેણ,*
*સ સેખ આણીઅ તેણ સરંણ..*

(એ સુંદરીનું નિર્મળ મુખ નક્ષત્ર સમાન તેજસ્વી હતું. એની પીઠ નિર્મળ એવાં સુવાસિત કમળ પત્ર જેવી સુકોમળ હતી. એની વેણીને વખાણીએ તે જાણે નાગરાજ શેષને શીર પર આરોપ્યો હોય તેવી લાંબી હતી.) પુનઃ

*ઝલમલ કાંનેઅ કુંડલ ઝાલ,*
*વણે મુગતા ફલ વાલ સવાલ;*
*સંચાલીઅ નાસક કીર સુહાઈ,*
*મોતાહલ વાલીઅ વાલીઅ માઈ..*

(એના કાને કુંડળ ઝળહળતાં હતાં, સાથે મોતીમય ઝાલ (આભૂષણ વિશેષ) પણ હતી. એ નારી મનોહર અને સુંદર ચાલ વાળી હતી. એની નાશિકા પોપટની ચાંચ સમાન સુંદર હતી. અને એના વાળે વાળે મોતીઓ હતાં.)

*બણે રંગ ચોલ અધુર બંબોલ,*
*તિઆં વલ ચાવિ ચોલ તંબોલ;*
*હરસીઅ હસીઅ નાર હોઅંત,*
*દરસીઅ જસી દાડમ દંત..*

(એના ઓષ્ઠો લાલ રંગના હતા, તેમ છતાં તે પાન ચાવતી હતી. એ સુંદરી હર્ષમય થઈને હસતી હતી ત્યારે તેના મુખમાંના દાંતો દાડમના દાણા સમાન દર્શાતા હતા.)

પુનઃ

*નારંમલ ઉજલ ડાબરનિણ,*
*વલે કંઠ હોઅલ કોહલવિણ;*
*બંધે બહુ બાજુઅ બાજુઅ બંધ,*
*વરાજુઅ કાજુઅ ચુડ સ વધ..*

(એ સુંદરીનાં નિર્મળ અને ઊજળાં નેત્રો કાજલ આંજેલાં હતાં. એના કંઠમાંથી કોકિલા સમાન વાણી થતી હતી. એણે બંને બાહુઓમાં બાજુ બંધો ધારણ કર્યા હતા. અને સાથે ઉ ામ પ્રકારે હાથમાં કંકણો ચૂડીઓ શોભતી હતી.)

*સ કાજુઅ ઉજલ બાંહ સજોપિ,*
*અનંપેઅ તાજૂઅ ત્રોપ અનોપિ;*
*અંગૂઠીઅ સોવ્રન અંગલીઆંહ,*
*ફવંદીઅ આંગલીઆં ફલીઆંહ..*

( સુકાર્યો કરનારી એની ઉજ્જ્વલ,ધવલ ભૂજાઓ શોભતી હતી. એના પર ત્રાજવાં ત્રોફાવેલાં હતાં, જેને કોઇ ઉપમા આપી શકાય તેમ ન હતી, એની આંગળીઓમાં સુવર્ણની અંગૂઠીઓ હતી. અને એ સુંદરીની આંગળીઓ પણ ચોળાફળીની જેમ શોભતી હતી.)

*ઊર થલ ઉજલ તાલ ઉલટ,*
*સકોમલ કોમલ ઘટં સંઘટ;*
*ગહૂર ગઉર સ થૂર ગઅંદ,*
*મદ ભર લંક સલંક મિઅંદ..*

( એ સુંદરીનાં ધવલ સ્તનો ઊંધા કટોરા સમાન હતાં. કાયા કોમળ ઘાટીલી હતી. તેથી તે મસ્ત હાથિણી સમાન શોભતી હતી. તેની પાતળી અને સુંદર કટી, સિંહની કટી સમાન સુંદર હતી.)

*સરખીઅ કેલીઅ જંગ સચંગ,*

*સવેલણ પીંડીઅ ચોલ સરંગ;*
*ચંદાડણ પાઉસ ચખડીઆંહ,*
*જસા નખ જાંણ નગાં જડીઆંહ..*

(એ સુંદરીની જંઘાઓ કદલી સ્તંભ સમાન સુંદર હતી. ઉ ામ વેણી વાળી એ સુંદરીના પગની પીંડીઓ રક્ત વર્ણ હતી. એ ચંદ્રવદનીના પગમાં સરસ ચાખડીઓ હતી. અને તેના પગનાં આંગળાનાં નખ હીરાકણીઓ જડી હોય તેવા હતા.)

*રમઝમ ઘૂઘર નેવર રોલ,*
*કરંતીઅ હાલીઅ નાર કલોલ;*
*હીંડોલત દોવલ્લ હાર હમેલ,*
*ભજ ગ્રિહ ભાલીઅ ગિલ ભરેલ..*

(એ સુંદરી હર્ષોલ્લાસ પ્રગટ કરતાં પગનાં નૂપૂરોના ઘૂંઘરાઓને રણઝણાવતી ચાલી. એનાં હૈયે દોવળા હાર અને હમેલ (આભૂષણ વિશેષ)ને ઝૂલાવતી હતી. એ રમતિયાળપણું ભરેલી સુંદરીએ હાથમાં ભાલોડિયું (નાનું તીર) ગ્રહણ કર્યું હતું.

*સરખીઅ કોએ ન એણ સંસાર,*
*નરખીઅ સોલ વરખીઅ નાર;*
*વડી કોએ કાંમણ મોહણ વેલ,*
*ગજ ગત હાલ જ લાડ ગહેલ..*

( એ સુંદરી એકાદશી સમાન આ જગતમાં બીજી કોઇ સોળ વરસની સુંદરી જોવા મળે તેમ નથી. એ નારી મહા મોહ પમાડનારી મોહન વેલી સમાન હતી. એ લાડ ઘેલી નારી ગજ ગતિથી ચાલતી હતી.)

આ સમગ્ર રૂપ વર્ણનમાં શૃંગારરસ રેલાયો છે. છતાં તે શિષ્ટતાની મર્યાદા સાંચવે છે. એમાં ક્યાંય શૃંગારરસનો અતિરેક થયો નથી. જે લાંગીદાસની મર્યાદાશીલતા અને શિષ્ટતાના આગ્રહની પ્રતીતિ કરાવે છે.

સમગ્ર તયા જોઇએ તો લાંગીદાસની વર્ણનકલા કાવ્યમય સચોટ અને નાદ વૈભવ પૂર્ણ રહી છે. જેના દ્વારા તેઓ ભાવક પર ધાર્યો પ્રભાવ પાડીને તેમનાં મનને કથા પ્રવાહ સાથે ગાઢ પણે સાંકળી રાખે છે. જે લાંગીદાસની ગણનાપાત્ર સિદ્ધિ છે.

❀ ***પ્રતાપ વર્ણન :***

તાડજંગના પ્રતાપનું વર્ણન પ્રભાવશાળી રીતે થયું છે યથાઃ

***ભજિ તાડજંગ જસો રૂપ ભૂપ,***
***રજે તેવહો નગરં જગ રૂપં;***
***વડો રાઉ સોહે જગં પાવ વંદે,***
***નરંદ નકંદિ ઉરંદ વકં દે..***

( જેવો તાડજંગ રાજવીઓની શોભા રૂપે શોભતા હતો. એવુંજ એનું નગર જગતની શોભા લેખે શોભતું હતું. એ રાજવી તાડજંગે વીરરસથી વિકસિત હૃદયે બીજા રાજવીઓને ઉથલાવી નાખ્યા. આ રીતે એ રાજવી તાડજંગ શોભતો હતો. જગત એનાં પગે નમતું હતું.)

એ તાડજંગને પુત્ર મરુર થયો. એ મરુરનાં વ્યક્તિત્વનું પણ લાંગીદાસે ઓજસ્વી વાણીમાં ચિત્રાંકન કર્યું છે.

*સપૂત મરુર જસો વંસ સૂરં,*
*નલિ બાર સૂર તસો પૂર નૂરં;*
*ધરા રખ તારી વડો ગાંન ધારી,*
*વડો વ્રમ ચારી આચારી વચારી…*

( એ તાડજંગને ત્યાં વંશના સૂર્ય રૂપ અને સપૂત એવો મરુર થયો. જે બારેય સૂર્ય સમાન તેજ પૂર્ણ, પૃથ્વીનો પાલણહાર,મહા જ્ઞાનિ, મોટો બ્રહ્મચારી અને ઉ ।મ આચાર વિચાર વાળો હતો.)

*ક્લા સોળ ધારી વડો મખે જોતકારી,*
*ભજિ એણ વારી માહા ભૂપ ભારી;*
*નકં રેણ સારી નિહારી નિહારી,*
*તવિ પૂતલું સામનું અવતારી..*

( સોળ કળાના ચંદ્ર સમાન,તેજસ્વી મુખમુદ્રા વાળો, એ મરુર એ સમયના રાજવી લેખે અતિશય શોભાને પામ્યો. સમગ્ર પૃથ્વીના માનવીઓ એને જોઇને કહેવા લાગ્યા. આ તો સાક્ષાત્ ઇશ્વરી પ્રતિમાનો અવતાર છે.)

*લખ લાવંન કંદ્રપ લીલ લાડો,*

*અળા વંસ પેખે વલિ આંક આવો..*

( એનું રૂપ જોતા એ કામદેવ-લીલના લાડા સમાન હતો. અને જોઇને પૃથ્વીના લોક કહેતા દૈત્ય વંશમાં તો આણે આડો આંક વાળ્યો-સર્વો ામમાં સર્વો ામ નિવડયો.)

એ મરુર દાનવ જ્યારે તપ દ્વારા ભગવાન શિવને રીઝવીને વનમાંથી પુનઃ પોતાની રાજધાનીમાં આવે છે. ત્યારે નગરજનોના ઉત્સવમય સામૈયાનું વર્ણન પણ રમ્ય અને હૃદયગંમ છે યથાઃ

*અપ્રંમ પ્રણાંમ કરે ગ્રેહ આઓ,*
*વહે સ્રોવન તાર ફૂલે વધાઓ;*
*લખ કોડ રા મોતીઆં થાલ લીધા,*
*કેતે આવ વધામણાં તેથિ કીધા..*

(ત્યારે મરુર ભગવાન શિવને વંદન કરીને વનમાંથી પોતાની નગરીમાં આવ્યો. ત્યારે એને ત્યાં નગરમાં સોનાનાં ફૂલે વધાવ્યો કેટલીયે તો લાખો-કરોડોનાં મૂલ્યનાં મોતીઓનાં થાળ ભરીને આવીને મરુરને વધાવ્યો.)

*કરિ ભૂણ ઉતારણ આવ કેરી,*
*લખ નારીઆં વારણાં આવ લેતી;*
*પીઈ આવ ઉ ાારિઆ નેક પાંણિ,*
*વધિ દુલતાં હોઅ નકીબ વાંણી..*

( કેટલીક નારીઓ આવીને લૂણ ઉતારવા લાગી,લાખો નારીઓએ આવીને મરુરનાં વારણાં લેવા માંડી, તો કેટલીક નારીઓએ મરુર માથેથી પાણી ઉતારીને પીધું ત્યાં ચોપદારોએ ‘દોલતમાં વધારો હોજો’ એવી નકીચો (છડી) પોકારી.)

*વંડા વાજિઆ નેક નીસાંણ વાજા,*
*રુદ્ર રિઝવે આવિઓ દૂત રાજા;*
*હુવા હેત માંહી મલે આવ હસે,*
*કંનકે વધાઓ કટમે કલસે..*

(ત્યાં નગરાંઓનાં પ્રલંબ નાદ સાથે અનેક વાજિત્રો વાગ્યાં આ રીતે ભગવાન શિવને પ્રસન્ન કરીને દૈત્યપતિ આવ્યાં, ત્યાં સૌ કુટુંબે તેને સ્નેહપૂર્વક કલશધારી, કુમારિકાઓ દ્વારા સુવર્ણ પુષ્પો વડે વધાવ્યો.)

*હુવા ધમલ મંગલ ગ્રેહ ગ્રેહ.*
*આઉ વાજતે ગાજતે દઈત એહ;*

(ત્યાં નગરીમાં ઘરોઘર વધામણાંના ઘોઈ મંગળ ગવાયાં. આ રીતે દાનવ મરુર સ્વગૃહે પૂરા ઠાઠમાઠથી વાજતે ગાજતે આવ્યાં.)

સમગ્ર તયા જોઈએ તો લાંગીદાસની વર્ણનકલા કાવ્યમય, સચોટ અને નાદ વૈભવ પૂર્ણ રહી છે. જેના દ્વારા તેઓ ભાવક પર ધાર્યો પ્રભાવ પાડીને તેમનાં મનને કથા પ્રવાહ સાથે સાંકળી રાખે છે. જે એમની ગણનાપાત્ર સિદ્ધિ છે.

## ૩.૭ બહુ પરિમાણી રસ પ્રયોજન

હવે 'એકાદશી માહાત્મ'માં લાંગીદાસે રસ,અલંકાર અને છંદ નિરૂપણનું કરેલ આયોજન તપાસીએ અને એ અંગે ચર્ચા કરીએ, કૃતિમાં પ્રયોજાયેલ રસવૈવિધ્ય, ઔચિત્યપૂર્ણ અલંકાર નિરૂપણ અને છંદ વિનિયોગ કૃતિને વિશિષ્ટ પરિમાણ આપે છે, તે બાબત વિગતે જોઈએ.

### *૩.૭.૧ રસ વિનિયોગ :*

કાવ્યાચાર્યો એ કાવ્યના નવ રસ વર્ણવ્યા છે, યથાઃ (૧) શૃંગાર (૨) શાંત (૩) હાસ્ય (૪) કરુણ (૫) રૌદ્ર (૬) વીર (૭) ભયાનક (૮) બીભત્સ, અને (૯) અદ્‌ભુત

આ રસની નામાવલિનો એક દુહો 'પ્રવીણ સાગર' ગ્રંથમાં છે.

*હે શૃંગાર અર હાસ્યરસ,*
*કરુના રૂદ્ર અરુ બીર;*
*ભય બિભત્સ અદ્‌ભુત ભયે,*
*શાંતસુ સુભગ શરીર...*[૮૮]

ચારણી સાહિત્યમાં પણ ઉપરના નવેય રસોને સ્થાન મળ્યું છે. યથાઃ

*ભણૈ સિંગાર બિભચ્છ,*
*ભય સાંત સુ અદ્‌ભુત સાર;*
*કરુણ વીર રુદ્ર હાસરસ,*

*નવ રસ ઉક્ત નિહાર..*[૮૯]

*૩.૭.૨ વીરરસ :*

સમગ્રલક્ષી રીતે 'એકાદશી માહાત્મ'ને જોઈએ છીએ તો એમાં મુખ્યરસ વીરરસ છે. આદિથી અંત સુધી આ રચના સંગ્રામલક્ષી બની રહી છે. આ કારણે આમાં વીરરસને ખીલવાનો વિપુલ અવકાશ મળ્યો છે. વળી આ પૌરાણિક આખ્યાન મૂળમાં પણ યુદ્ધ કથા છે. આમાં મૂર દાનવ અને દેવોના સંગ્રામ જ મુખ્ય રહ્યા છે. વચમાં કયાંય આડકથા નથી આવતી. વળી પૌરાણિક કથાના રણ સંગ્રામમાં આપણે આગળ જોયું તેમ મૂળ કથાને બાધ ન આવે તે રીતે લાંગીદાસે પોતાના તરફથી એક યુદ્ધ ઊમેરીને આ કથાને ચાર યુદ્ધવાળી બનાવી છે. આને કારણે વીરરસ સવિશેષ પ્રબળ બન્યો છે અને મુખ્યરસનું સ્થાન પામી ગયો છે. અત્રે થોડાં ઉદાહરણો જોઈએઃ

*ગર ઝંગર વમર થાટ ગાહે,*
*સરં ઉપર આવિઉ ખગ સાહે;*
*હોએ સુરધીર તણી વીર હકં,*
*છકિ દેવતા દૈત બંબાલ છાક..*[૯૦]

(પર્વતો અને વનોના વિકટ રસ્તા પરથી મરુર દાનવ તરવાર ઝાલી દેવતાઓ ઉપર આવ્યો. ત્યારે ત્યાં ધૈર્યવાન શૂરવીરોની વીરહાકો થઈ. અને વીરરસના નશાને કારણે દેવો અને દાનવો મસ્ત થઈ ગયા.)

ઈંદ્રને જયારે દેવતાઓના મરુર દાનવ દ્વારા થયેલ બૂરા હાલની જાણ થાય છે. ત્યારે એ જે વાણી વદે છે. તે વીરરસમય છે.

*સંગ્રામ રચાડાં સભ્ભટ સજાડાં,*
*પ્રભ્ભા સોહ ચાડાં ખગાં રીઠ પાડાં;*
*જવન વભ્ભાગાં ભજે ભાજી જાડાં,*
*નહિ જો સરંદ ઓનાડ નમાડાં..*[૯૧]

(હું મારા સુભટોને યુદ્ધાર્થે સજ્જ કરીને યુદ્ધ ખેલીશ. તરવારના પ્રહારો વડે ગૌરવ પ્રાપ્ત કરીશ. જો હું સબળ દાનવોને મારી ભૂજાઓ વડે ભાંગી નાંખીને જો અનમી વીરોને નમાડું નહીં તો માનવું કે હું ઈંદ્ર નથી.)

દેવ સૈન્ય પોતાના પર ચડી આવ્યું છે, તે જાણતાં મરુર દાનવ તેની સામે સજ્જ થતાં મરદોને શોભે તેવો લલકાર કરે છે, તે ધ્યાનાર્હ છે.

*તઠે સામ હો દાંણવા ભૂપ ત્રાડે,*
*જડેવા હુવું સાબદ્દુ થાટ જાડે;*
*અસો ચાહતુ વાહતુ દાઢ આગે,*
*મળે જેવહો તેવહો મન માગે..*[૯૨]

(ત્યારે દેવતાઓ સામે દાનવપતિએ યુદ્ધ ગર્જના કરી. અને સંગ્રામ અર્થે સબળદાવ સજ્જ કરીને તૈયાર થયો. એણે કહ્યું હું તો પ્રથમથી જ આવું યુદ્ધ ઈચ્છતો હતો. હું પ્રથમથી જ શસ્ત્રો ચલાવનારો છું. આજે તો મને મન માગ્યું જ મળ્યું છે.)

મરુર દાનવ ભગવાન વિષ્ણુને શોધતો બદ્રિકાશ્રમ આવે છે. અને ભગવાન વિષ્ણુને વીરતાપૂર્વક લલકારતો એ વીરોચિત વચનો કહે છે.

*જવન કહિ મર મારે જાણાં,*
*નામે સર હું નમે ન જાણાં;*
*હું મારાં અબ જોઅ કરુ હરિ,*
*કરણુ હોએ સતો સતુ કરિ..*[૯૩]

(દાનવ કહે છે : હું શત્રુઓ સામે લડીને તેમને મારી જાણું છું, કાં સંગ્રામમાં મરી જાણું છું. પણ હું મારું મસ્તક શત્રુને નમાવવાનું જાણતો નથી. માટે હું હવે તમને હણીશ તો હવે તમે જે કરવું હોય તે કરી લો.)

એકાદશી અને મરુર દાનવના યુદ્ધમાં મરુરના વધ અને યુદ્ધ વિજય પછી લાંગીદાસે એ વીરાંગના એવી એકાદશીના વીરરસ પૂર્ણ રૂપ છટાને આ રીતે આલેખેલ છે.

*મરુર પ્રજાળિઅ મોહન મન,*
*વચાળિઅ આવીઅ બાળિઅ વંન;*
*કરારીઅ ઊભીઅ જધ કરેઅ,*
*દમે ખલ સીગણ ટંકીઅ દેઅ..*[૯૪]

(મનને મોહી લેનારી એ સુંદરીએ મરુર દાનવનો વધ કર્યો. આ રીતે એ વિકટ વીરબાળા સંગ્રામ કરીને, શત્રુઓને હણીને વન મધ્યે આવીને ધનુષનો ટેકો લઈને (છટાદાર રીતે ) કાયાને ધનુષના છેડા પર ટેકવીને ઊભી.)

*૩.૭.૩ શાંતરસ :*

'એકાદશી માહાત્મ' નો એક કાંઠો વીરરસ છે. બીજો કાંઠો શાંતરસ છે. આ બંને રસોનો વ્યાપ જ ગ્રંથમાં સમાનપણે છે. અને બંને રસોનું મહ વ પણ સવિશેષ છે. કેમ કે ચારણી સાહિત્યમાં વીરતા અને ભક્તિને સમાન મહ વ અપાયેલ છે. એથી પરાપૂર્વથી ચારણ કવિઓ ક્ષત્રિય માતાઓને પ્રબોધતા આવ્યા છે. કેઃ

*''જનની જણે તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;*
*નહિ તો રહજે વાંઝણી, મત ગુમાવે નૂર''..*

આ રીતે ક્ષાત્ર ગુણોમાં ભક્તિ,વીરતા અને દાતારી સમાઇ જાય છે. ચારણ પરંપરા અનુસાર સાચા ક્ષત્રિયના એક હાથમાં તરવાર હોય અને બીજા હાથમાં માળા હોય તે પણ આજીવન. દાતારી એ તો શૂરવીરો અને ભક્તોનો જન્મજાત ગુણ છે.

'એકાદશી માહાત્મ' નો આરંભ જ ગ્રંથ મંગળ અર્થે ગુરુ,ગણેશ અને સરસ્વતી સ્તવનથી થાય છે. જેમાં ભક્તિભાવ છે. ભક્તિરસ અને શાંતરસ બંને એકજ અર્થ વ્યક્ત કરે છે. પ્રેમ લક્ષણા સિવાયની વંદન,દાસ્ય,પૂજન,અર્ચન,આત્મનિવેદન જેની અધિકાંશ ભક્તિ શાંતરસમાં આવી જાય છે. 'એકાદશી માહાત્મ'માં સ્થળે સ્થળે તીર્થ સ્તવનો આવે છે. જે ભાવકને શાંતરસમાં ઝબોળે છે. અને એના દિલમાં જાણ્યે અજાણ્યે ભક્તિના અંકુરોને પાંગરવા પોષણ આપે છે. અત્રે શાંતરસનાં થોડાં ઉદાહરણો જોઈએ.

એકાદશી વ્રત વિધિનાં વિધાનો જાણવાની જિજ્ઞાસા સાથે કૃષ્ણ ભગવાન પાસે આવેલ અર્જુન પ્રથમ હરિ સ્તવન વડે જ પ્રશ્નારંભ કરે છે.

*તુહ સમરણાં દુતર તરણાં..*[૯૪]
*ધરણી ધરણાં હે ગરધારણ,*
*મર પર લોક જીવાડણ મારણ...*[૯૫]

(પૃથ્વી અને ગૌવર્ધન પર્વતને ધારણ કરનાર હે પ્રભુ ! આપ જ વિશ્વને જીવાડનારા અને મારનારા છો.)

*અણકળ તૂજ તણા ગણ આલમ,*
*મર પર ઘણી કણી નહ માલમ;*
*નગમે અગમ કિઓ નારાઈણ,*

*પસતગ પાને પરખ પારઈણ..*[૯૬]

(હે પરમેશ્વર ! તમારાં ચરિત્રો કોઈનાથી કળી ન શકાય તેવાં છે. વૈકુંઠ પતિ, આપને કોઈ જાણી શકતું નથી. વેદોએ આપને અગમ (અણકળ) કહ્યા છે. હે નારાયણ ! આ વાતની પ્રતીતિ ધર્મગ્રંથો અને શાસ્ત્રોનાં પાનાંઓમાં થાય છે.)

ભગવાન પ્રથમ એકાદશીના વ્રતનાં વિધિવિધાન કથે છે. જે પણ શાંતરસમાં આવી જાય છે. એ પછી અર્જુન એકાદશીની ઉત્પત્તિની કથા કહેવા વિનંતિ કરે છે. આ વિનંતી પણ સ્તુતિ સહ હોય છે.

*તૂ જાણિ ક્રત તાહરા, સંકર વ્રહમ સરંદ;*
*પાર ન પ્રમિ જગતપંત, ગત અવગત ગોવિંદ..*[૯૭]

(હે જગતપતિ, હે ગોવિંદ ! તમે જ તમારી ગતિને જાણો છો. બાકી શિવ,બ્રહ્મા કે ઈંદ્ર પણ તમારી લીલાઓનો પાર નથી પામ્યા. તમારી ગતિ જાણી ન શકાય તેવી અકળ છે.)

મરુર દાનવથી પરાજય પામેલો ઈંદ્ર ભગવાન શિવની સહાય માગવા જાય છે. એ પ્રસંગે લાંગીદાસે દેવોને મુખે શિવ સ્તવન મૂક્યું છે. આ રીતે આ ગ્રંથમાં લાંગીદાસે કૃષ્ણભક્તિની યમુના સાથે શિવ ભક્તિની ગંગાનો સુભગ અને સુખદ સંગમ પ્રયોજ્યો છે. આનો પણ આસ્વાદ લઈએ.

*તોરિત ન કાઈઅ, તાત ન માઈઅ;*
*હે વરદાઈઅ દંદ હર;*
*અપરંમ એકાઈઅ ભણિ ન ભાઈઅ;*
*સેણ ન સાંઈઅ તૂજ સરં..*[૯૮]

( હે ભગવાન ! આપને કોઈ નિયમો કે રીત-ભાત નથી. તેમ આપને માતા અને પિતા પણ નથી. આપ ભક્તને વરદાન આપનારા અને તેમનાં દુઃખ દર્દો હરનારા છો. પરમેશ્વર ! આપને કોઈ ભાઈ અને બહેન નથી. તેમ આપને સ્નેહી અને સ્વામી પણ નથી. આપ એક અને અદ્વિતીય છો.)

*પરંમ જગ પાલંઅ, પાઓ પિઆલએ,*
*ભાલં વોમ મિઅં ભવિઅં;*
*વખં ઝાલ વિઆલંએ, દીન દીઆલએ,*

*કાલ કરાલં કંઠ કિએ..*[૯૯]

( જે જગતના પાલનહાર છે. જેમના પગ પાતાળે અને લલાટ આકાશે જઇ છબે છે. એ ગરીબો પ્રત્યે દયાળુ એવા ભગવાન શિવ કંઠમાં ભયાનક સર્પ અને વિષને ધારણ કરે છે.)

ભગવાન વિષ્ણુ પાસે દેવો મરુર દાનવની ફરિયાદ કરવા જાય છે. ત્યારે પણ લાંગીદાસ દેવોના મુખ દ્વારા પ્રભુ સ્તવન કરાવી શાંતરસ વહાવે છે, જુઓઃ

*નિરધાર નરંજણ નાથ નમો,*
*નર નાંમ નકાંમીઅ નામ નમો;*
*નજ બાપ નમો નકલંક નમો,*
*નરલેપ નખેધ નવેધ નમો..*[૧૦૦]

(જે કોઇના આધારરહિત છે. એવા નિરંજન ભગવાનને નમસ્કાર છે. જે પુરુષ (પુરુષો ૧મ) નામ ધારી હોવા છતાં નિષ્કામ એવું પણ જેમનું નામ છે. તે તથા ભગવાન નકલંક અને તેમની વિશાળ ભૂજાઓને નમસ્કાર હો. જે વિષય વાસનામાં લોભાતા નથી. ઈર્ષા અને વેર રહિત છે. એ ભગવાન વિષ્ણુને વંદન હો.)

*હો નાથ અનાથાં દેવ હરિ,*
*કેતાં ભગતાં તે ભીર કરિ;*
*અણભીરણ ભીર કલં અકલં,*
*અપખં પખ નાથ બલં..*[૧૦૧]

(હે અનાથના નાથ એવા ભગવાન ! તમે કેટલાય ભકતોની ભેર કરી છે. કોઈના કળ્યામાં ન આવે એવા હે શ્રી હરિ ! તમે જેનું કોઇ મદદગાર નથી, પક્ષ ખેંચનાર નથી, એમનાં બળ રૂપ અને પક્ષ લેનારા છો.)

પ્રારંભનું અર્જુન દ્વારા થતું ભગવાન કૃષ્ણનું સ્તવન શાંતરસ રેલાવે છે. યથાઃ

*ધરણી ધરણા હે ગરધારણ,*
*મર પર લોક જીવાડણ મારણ;*
*સાહસ નાંમી કાજ સકાજ,*
*મર ગાંમી ભાંમી માહારાજ..*

(પૃથ્વી તથા પર્વતોને ધારણ કરનાર લોક માત્રને જીવન તથા મૃત્યુ પ્રદાન કરનાર,સહસ્ત્રોનામ ધારી, સુકાર્યો કરનાર, એવા ધરતી પર વિચરનાર હે ભગવાન કૃષ્ણ, આપ પર હું ઓળઘોળ થાઉં છું.)

*અણકલ ભૂજ તણા ગણ આલમ,*
*મરપર ઘણી કણી નહ માલમ;*
*નગમે અગમ કિઓ નારાઈણ,*
*પસતગ પાને પરખ પારાઅણ..*

( હે પરમેશ્વર આપના ગુણો જાણી શકાય તેવા નથી, અકળ છે. હે પરલોકના પતિ, તમને કોઈએ પૂર્ણ પણે ઓળખ્યા જ નથી. વેદોઓ તમને અગમ્ય કહેલ છે.જેની પારાયણ શાસ્ત્રોમાં થતી રહી છે.)

*આઉ ચરચે અંદ્ર અંદ્રાણી,*
*પાઓ પખાવિ સારંગ પાણી;*
*સર તેત્રીસે ક્રોડ સબાંહી,*
*સાસ ઉસાસ જપંદા સાંઈ..*

(ઈન્દ્ર અને ઈંદ્રાણી આવીને તમારા ચરણોને પખાળીને ચંદનાદિથી ચરચે છે. બધા તેત્રીશ કરોડ દેવતાઓ પણ શ્વાસોશ્વાસ સાથે તમારા નામને સ્મરે છે.)

*જગત વિઆપિ ઠાકર જનાં,*
*તૂઝ તણા સૂઝિ ક્રત તૂનો;*
*આસ અંત ન મધ અલખ,*
*પારખ થિએ ન આદ પરખ..*

( હે જગત વ્યાપી પુરાણા જગદીશ, તમારાં કર્મોની સૂઝ-સમજણ તો કેવળ તમને જ પડે છે. આપને આદિ,મધ્ય અંત નથી. તેમ તમને કોઈ જાણી પણ શકયા નથી.)

*તૂં જાણે ક્રત તાહરા, સંકર વ્રહમા સરંદ;*
*પાર ન પ્રેમ જગત પત, ગત અવગત ગોવંદ..*

( હે ગોવિંદ, તમે જ તમારાં કાર્યોને જાણો.બ્રહ્મા,શિવ અને ઈન્દ્ર પણ તમારો પાર પામી શકયા નથી. જગદીશ્વર ! તમારી ગતિને કોઈ કળી શકાય જ નથી.)

આ કૃષ્ણ ભગવાનનાં સ્તવન રૂપી યમુના જળનું સ્નાન થયું. આગળ જતાં દેવતાઓ દ્વારા ભગવાન શિવનું સ્તવન કરાવીને લાંગીદાસ ભાવકને શિવ સ્તવન રૂપ ગંગામાં પણ સ્નાન કરવાનો લ્હાવો આપે છે. યથાઃ

*તોરિ તન કાઈઅ, તાત ન માઈઅ;*
*આવ આગાઈઅ, હે વરદાઈઅ..*

( હે ભગવાન શિવ, આપ નિરાકાર છો, આપને કોઈ માતા કે પિતા નથી.આપની પાસે અમે આવ્યા છીએ. તો ભગવાન અમારી વિટંબણા દૂર કરો.)

*અપરંમ એકાઈઅ, ભેણ ન ભાઈઅ;*
*સિણ ન સાઈઅ, તૂજ સરં..*

( પરમેશ્વર તમે કેવળ એકલાજ છો. તમારે કોઈ ભાઈ અને બહેન નથી. તમે કોઈ સગાં અને સંબંધીઓ પણ તમારે માથે કોઈ જ નથી.)

*સરકાજ સધારણ, દાંણવ ડારણ,*
*પાર ઉતારણ, તીન પરં;*
*જિ જિ જડધારણ, કંદ્રપ મારણ,*
*અજર જારણ ઈસવરં..*

( તમે દેવતાઓનાં કાર્યો સુધારનારા અને દૈત્યોને ભય પમાડનારા છો. ભગવાન તમે જ ત્રિલોકનો ઉદ્ધાર કરનારા છે. કામદેવનો સંહાર કરનાર, પચાવી ન શકાય એવા વિષને પચાવી જનારા, અને જટાધારી એવા ભગવાન તમારો જય હો.)

*સવ સીસ સકારણ, નીઝર ઝારણ,*
*સાગર ગંગંજલ સજલં,*
*જગચા તૂંઈ મારણ, જગ જીવાડણ;*
*કારણ રૂપ કલ અકલં..*

( ભગવાન શિવ, તમે પાપીઓનો ઉદ્ધાર રૂપ સત્કાર્ય અર્થે આપની જટામાંથી ગંગાનો પ્રવાહ વહેવરાવો છો. ગંગાજળને લીધે જ સમુદ્ર જળ પણ પવિત્ર બન્યું છે. આપ જગતના જીવાડણહાર છો, તેમ જગતનો નાશ પણ તમે જ કરો છે. કારણ રૂપ એવા તમે કળી ન શકાય તેવા અકળ છો.)

*કલિ ઉ કંણ નાઈઓ સઘ સઘાંઈઅ;*

*ગમ ન કાંઈઅ પ્રમં ગરં,*
*સવ સ કર સાઈઅ, જગ જગાઈઅ;*
*પાર ન પાઈઅ તીન પરં..*

( સિદ્ધો અને સાધકોમાંથી કોઇ તમને જાણી શકયા નહીં, એમને હે પરમગુરુ, તમારા વિષે કંઇ જ સમજણ નથી પડી. ભગવાન શિવ, હવે તમે અમારો હાથ પકડો, જગતને જાગૃત કરો બાકી તો ત્રિલોક પણ આપનો પાર પામી શકયું નથી.)

*જમીએ ડગ જાઈઓ વોમ જ કાઈઅ,*
*નાઈઁઅ જાઈઅ લોક નગ;*
*ત્રિલોચન તાઈઅ, એક સગાઈઅ..*

( આ પૃથ્વી ડોલાયમાન થાય, સાથે આભ પણ ખડેડી પડે, તો પણ દિગંબર એવા તમે શાશ્વત છો. હે ત્રિલોચન આદિ કાળથી આજ પર્યંત તમે અચલ જ છો.)

*ડગપાલ ડગંમર, ડૂરુઅ ડંમર,*
*અંમર ચંમર ઓપવણં;*
*ધતુઆ હર આહર, દેવ મદાહર;*
*જાહર પીઠ હરંજ ગણં..*

(દિશાઓ રૂપ વસ્ત્રો વાળા,દિગંબર ડમરું નાદ કરનારા, ચર્મ વસ્ત્રોને શોભાવનારા તથા ધતુરાનો આહાર કરનારા, નશો ધારનારા એવા હે ભગવાન આપ પ્રસિદ્ધ તીર્થ રૂપ પણ છો.)

*સાંમી સવ સંકર, ભોલા અચર,*
*કમરખૂ બજરં કમરં,*
*ભવ ભૂપ ભિઅંકર, જગ જિઅંકર,*
*પાપ ખિઅંકર પ્રમં પરં..*

( હે સ્વામી શિવ, ભોળા શંકર કમરે લોહ જંજીર બાંધનારા પ્રભુ આપ વિકટ રૂપ ધારી છો, અને જગતને જીતનારા-અથવા જગતને જીવાડનારા પણ છો. આપ પાપોનો નાશ કરવાવાળા પરમેશ્વર છો.)

*પરંમ જગ પાલં, પાઓ પિઆલંઅં,*
*ભાલ વોમિઅં ભવિઅં,*

*વખઝાલ વિઆલઅં દીન દીઆલઅં;*

*કાલ કરાલઅં કંઠ કિઅં,*

(જે વિરાટ પુરુષ એવા ભગવાન શિવ કે જેમના પગ પાતાળમાં સ્થિત છે. તેઓ જગતના પાલક પણ છે. એ પરમેશ્વરનું કપાળ આકાશને છબે છે. એ દીનજનો પ્રત્યે દયાળુ એવા પરમેશ્વરે કંઠમાં વિષની જવાળાઓ ફૂંકતા નાગોને ધારણ કરેલ છે.)

*વણિ વિકરાલઅં, બબ માલંઅં,*

*રત બંબાલિઅ અણ તિ રજિ;*

*ગરુઆ ગિહિરાલંઅ, ડાક ડચાલઅં,*

*ભજ કપાલં તૂજ ભજિ..*

(ભગવાન આપના કંઠમાં વિકરાળ એવી રક્તબંબોળ રૂંઢમાળા શોભે છે. ગંભીર પ્રકૃતિના અને ગરવા એવા આપ ડમરુંનો શબ્દ કરો છે. અને આપના હાથોમાં (પાત્ર લેખે) ખોપરી શોભે છે.)

*ભજ ભૂપ ભવેસંઅ, રૂપ રવેસંઅ,*

*વકલ વેસઅં ઈસવરં;*

*જ જિ જોગેસઅં, કાલ કલેસઅં,*

*ચખ દેનસ વખચરં..*

(ભવેશ, આપ રાજવી રૂપ છો. તમે જ સૂર્યના ઇશ્વર અને વિકલ વેશધારી પ્રભુ છો. યોગેશ્વર આપનો જય હો. આપ મૃત્યુને પણ ત્રસ્ત કરનારા અને નેત્રોમાં સૂર્ય તથા અગ્નિ ધારણ કરનારા છો.)

ગ્રંથની પૂર્ણાહુતિ પણ લાંગીદાસે હરિ સ્તવન વડે કરી છે. આ રીતે શાંતરસના સંપુટમાં આ ‘એકાદશી માહાત્મ’ની કથા વહે છે. વીર અને શાંતરસનું આમ લાંગીદાસે આ ગ્રંથમાં રસમય સંમિલ્લન કર્યું છે. જે એમના કવિકર્મના કૌશલ્યને ઉજાગર કરે છે. રસ નિષ્પ િમાં લાંગીદાસ ઊણા ઉતર્યા નથી.

વીર અને શાંત રસ આખી કૃતિમાં વ્યાપક હોવા છતાં સ્થળે સ્થળે અન્ય રસોનો પણ આસ્વાદ માણવા મળે છે. તેનાં પણ થોડાં ઉદાહરણો જોઈએ.

### ૩.૭.૪ અદ્‌ભુત :

એકાદશીની ઉત્પ િનો પ્રસંગ અદ્‌ભુતરસ નિષ્પન્ન કરે છે. શરીરના મેલમાંથી જુવાન અને રૂપવાન નારીનું તત્કાળ સર્જન કરવું એ ચમત્કાર થયો. એમાં આશ્ચર્યનું ત વ છે. જે અદ્‌ભુત રસને જન્માવે છે. મૂર દાનવને પોતાની પાછળ પડી ને ઠેઠ બદ્રિકાશ્રમની ગુફામાં આવી ગયેલો જોઇને ભગવાન વિષ્ણુ પોતાની કાયાના મેલમાંથી એક નારીનું તત્કાળ સર્જન કરે છે.

*'અપ્રંપર દેહીઅ મેલ ઉતારિ,*
*સનેહિ કેહીઅ નાર સનારિ;'* [૧૦૨]

(પરમેશ્વર કાયાનો મેલ ઉતારીને સ્નેહપૂર્વક ઉ ામ એવી રૂપવાન નારીનું સર્જન કર્યું.)

**શૃંગાર :**

દાનવરાજ તાડજંગની રાજધાની ચંપાવતી નગરીનાં વર્ણનમાં જળ ભરવા જતી નગર નારીના વર્ણનમાં શૃંગારરસની આછી છાંટ છે, જુઓ:

*રહી સૂર થંભ જસી હુર રંભ,*
*કંનક અચંભ કિઆ સીસ કંભ;*
*અસી હેમ ઊંઢુણીએ નીર આણે,*
*વક હેક અનેક કેતુ વખાંણે..* [૧૦૩]

(એ નગરીમાં પોતાનાં રૂપ અને યૌવન વડે મોહ પમાડીને ભગવાન સૂર્યને પણ થોભાવી દેનારી અપ્સરા સમાન નારીઓ રહેતી હતી. તે સુંદરીઓ અજાયબ એવા સુવર્ણ કુંભો (હાંડાઓ)અને ગાગરો વડે માથે સોનાની ઈંઢોણી મૂકીને જળ ભરી લાવતી હતી. મારા એક જ મુખ વડે આવી અનેક નારીઓની કઇ રીતે પ્રશંસા કરું ?)

ભગવાન વિષ્ણુના અંગના મેલ વડે ઉત્પન્ન થયેલી સુંદરી એકાદશીના રૂપવર્ણનની તક ઝડપી લેતાં લાંગીદાસ મહેડુએ એ પ્રસંગ રસમય બનાવ્યો છે.

*અંગુઠીઅ સોવ્રન અંગલિઆંહ,*
*ફવંદિઅ આંગલીઆ ફળિઆંહ,*
*ઊર થલ ઉજલ તાલ સઘટ,*
*સકોમલ કોમલ ઘટ સઘટ..* [૧૦૪]

(એની આંગળીઓમાં સોનાની વીટીઓ અંગૂઠીઓ હતી. એની આંગળીઓ ચોળા ફળીની જેમ શોભતી હતી. એના ઊરોજો ઊંધા મૂકેલા ધવલ (ચાંદીના) કટોરા સમાન હતા. અને એની કાયા ઘાટીલી અને કોમળ હતી.)

### *૩.૭.૫ બીભત્સ :*

જેના થકી સૂગ-જુગુપ્સા જન્મે તેને બીભત્સ રસ કહે છે. આ બીભત્સ રસનાં છાંટણાં લાંગીદાસે યુદ્ધ ભૂમિનાં વર્ણનમાં છાંટયાં છે.

*અંત્રા ઓળ ગૂડલ કંદલ અત,*
*ખળપળ રત રળ પળ ખત;*
*મલા મલ કોહલ સુમલિ આંહ,*
*ડળાડળ મંસ ડળડળિઆંહ..*[૧૦૫]

(ત્યાં આંતરડાંઓ અને ગૂડલ(મળ)નો અતિ ઘણો કાદવ થઇ ગયો હતો. ખળખળ કરતા પૃથ્વી માથે રક્ત  પ્રવાહ વહેતા હતા. સમડીઓ કોલાહલ કરતી ઝડપથી માંસના લોચા આરોગતી હતી.)

આમાં આંતરડાંઓ અને આંતરડાંના મળનો કાદવ થયો, રક્ત પ્રવાહ વહેવો, અને સમડીઓનું માંસ ભક્ષણ જૂગુપ્સા જનક છે. આથી અત્રે બીભત્સ રસ થયો.

### *૩.૭.૬ કરુણ :*

દાનવરાજ મરુર (મૂર) સામેના યુદ્ધમાં પરાજિત થઇ ગયેલા દેવોની કરુણ સ્થિતિનું વર્ણન કરુણરસની આભા પ્રગટાવે છે, જુઓઃ

*ટળે વાસ ચાસં ધરા હોએ ત્રાસં,*
*સર ઓદર માંએ માએ ન સાસં;*
*ઈઆ  તૂટતા ફાટતા અંદ્ર આગી..*[૧૦૬]

(જેમનાં ઘરબાર અને ગામ-ગરાસ લૂંટાઇ ગયા છે. જેઓ ત્રસ્ત થઇ ગયા છે. એવા એ દેવતાનાં ઉદરમાં શ્વાસ માતો ન હતો. તેઓ ભયથી ફાટી પડતાં હોય તેવી સ્થિતિમાં ઈંદ્ર પાસે ગયા.)

*'મહા અંદ્ર આગી મણી ચૂંથ માથાં.'*[૧૦૭]

(મહાન એવા ઈંદ્ર પાસે તેઓ પોતાનાં મસ્તકો કૂટતાં-માથાના વાળ ચૂંથતા બોલ્યા.)

આમાં દેવતાઓનું ઘરબાર વિહીન થવું,ત્રાસ પામી જવું અને ભય ત્રસ્ત સ્થિતિમાં છાતીમાં શ્વાસ ન સમાવો. તેમજ પોતાનાં માથાં કૂટવાં એ બધું જ વર્ણન કરુણ રસોત્પાદક છે.

*૩.૭.૭ રૌદ્ર :*

દૈત્યરાજ મરુરના દેવતાઓ પરના કોપમાં રૌદ્ર અને વીરરસનો સુભગ સમન્વય થતો જોવા મળે છે. યથાઃ

*હતી આગલિ ઊઠણ આગહારી,*
*વલે ત્રપરારી તઠિ નાખ વારી;*
*ચામધાર ચિ ઉપરાં વેણ ચાહિ,*
*વડ દઈત દેવાં સરિ દાઢ વાહિ..*

( પ્રથમથી જ દૈત્યો અને દાનવોનાં જૂના વૈરની આગ પ્રજલી ઊઠવાની હતી, તેમાં ભગવાન શિવે વરદાન રૂપી બળતણ ઓર્યુ. આ વીરે શિવનું વરદાન પામીને એ મહાદૈત્ય દેવતાઓ પર વૈરાગ્નિ પ્રગટાવી.)

*ભજાલો અજાજૂત આકૂત ભૂત,*
*ધજાલુ અહુ તો વડુ અબધૂત;*
*રઢાલુ દઢાલુ દૂત રૂ તં,*
*દજાં ડારણ કારણ જમ દૂતં..*

( એ દૈત્યરાજ મહાભૂજ હતો. પ્રલંબ કાયા વાળો હતો. તરવાર ધારી એ વીર અવધૂત યોગી રૂપ પણ હતો. એ કાયા અને મનના મજબૂત હતો, તેમ કોપ વડે બ્રાહ્મણોને ભયાતુર કરી મૂકનાર કાળદૂત હતો.)

*મહા કાલ રૂપી હુવો કોપ માંન,*
*દિઈ કોપિઓ દેવતા મ્રત દાંન..*

( મહા કાળ રૂપ એવો એ મરુર કોપાયમાન થયો. એ કોપાયમાન થયેલ દૈત્યરાજ દેવોને સંગ્રામમાં મૃત્યુનું દાન દેવા માંડયો.)

મરુરથી પરાજિત થયેલા દેવો સંગ્રામમાંથી નાશીને દેવરાજ ઈન્દ્ર પાસે આવીને દાનવરાજ મરુરના વિજય અને દેવોના પરાજયની વાત કહે છે. એ સાંભળી દેવરાજ ઈન્દ્ર કોપાયમાન થાય છે. તે પ્રસંગમાં પણ લાંગીદાસે રૌદ્રરસની છાંટ નાખી છે. વીરરસ પણ સાથો સાથ પ્રગટે છે.

*લલેક સરાં સંભલે આગ લાગી,*
*વલે પાગ હુ સીસ ગેણાંગ વાગી;*
*સત્રુ કુણ એહો સરાં મૂઝ સલે,*
*પૂજા માહરી કુણ જે આજ પલે..*

(દેવતાઓનો પોકાર સાંભળી ઈન્દ્રનો ક્રોધાગ્નિ પ્રજવલ્લિત થઇ ગયો. એ કોપાનલ પગથી માથા સુધી પ્રગટયો અને ત્યાંથી જઇ આકાશને આંબ્યો.)

*સંગ્રામ રચાડાં સભ્ભટ સજાડાં,*
*પ્રભ્ભા સોહ ચાડાં ખગાં રીઠ પાડાં;*
*જવનાં વભાડાં ભડે ભાજિ જાડાં,*
*નહીં જો સરંદ ઓનાડાં નમાડાં..*

( એણે કહ્યું : હું સંગ્રામ કરીશ,વીરોને સજ્જ કરીશ, શસ્ત્રોની મેહ ઝડી વર્ષાવીને દેવોનું ગૌરવ વધારીશ સંગ્રામ કરી સબળ એવા દાનવોનો સંહાર કરીશ. જો અનમી વીરોને ન નમાડું તો હું દેવોનો રાજવી જ નહિ.)

એકંદરે જોઇએ તો ‘અગિયારસ માહાત્મ’માં લાંગીદાસે વીર અને શાંતરસ પર વધુભાર મૂકયો છે. જે ચારણી સાહિત્યની પરંપરાને અનુરૂપ છે. અને પછી કથા પ્રવાહમાં પ્રસંગ પુષ્ટિ અર્થે અન્ય રસોનાં પણ છાંટણાં નાખ્યાં છે. શૃંગારરસ મર્યાદાશીલ રીતે એકાદશી અને ચંપાવતીની નગર નારીઓનાં રૂપ વર્ણનમાં પ્રગટતો જોવા મળે છે.

*જસો બાપ આગિ તસો આપ જગે,*
*પુહ આવ લગે ખગ છોડ પગે..*

(જેવો મરુરનો પિતા તાડજંગ મહા કોપમય વીર હતો તેવો જ આ મરુર થયો એના રોષથી ભયભીત થઇને અનેક રાજવીઓએ શસ્ત્રો ત્યજીને તેને પગે હાથ મૂકી સલામ કરી.)

*વજે ભૂંગલાં ભેર નકેર વાજાં,*

*રીસાણું સરાં ઉપરાં દઈત રાજા;*
*નર લકો હિ કંપિઆ મન માંહી,*
*નર હેમર ગેમર પાર નાંહી..*

( ત્યાં બૂંગયાં,ભેરીઓ અને નફેરીઓ જેવાં યુદ્ધનાં વાજિંત્રો વાગ્યાં. આ રીતે દૈત્યપતિ દેવો પર કોપાયમાન થતાં મૃત્યુ લોકના માનવોનાં પણ કાળજા કંપી ઊઠયાં. દાનવરાજનાં સૈન્યના અશ્વો, હાથીઓ અને સુભટ સૈનિકોનો પાર પામી શકાય તેમ ન હતું.)

એજ રીતે ભગવાન વિષ્ણુ ઈન્દ્રની રાવ સાંભળી દાનવો પર કોપ કરે છે. એ પણ રૌદ્ર રસ નિષ્પન્ન કરતો પ્રસંગ છે.

*સરં અદ તણું મણિઉ સણિઉ,*
*અપિઅંદ તઠિ છણ ઉફણિઉ;*
*સર કીધ જતી અણહી જ સરાં,*
*નહ જો કરતાર તતી ન કરાં..*

(દેવરાજનું કથન સાંભળીને એ જ ક્ષણે ભગવાન વિષ્ણુ કોપાયમાન થઈ ગયા. એમણે કહ્યું: ‘દાનવોએ દેવતાઓ પર જેવું વિતાવ્યું છે. જો એવું જ હું દાનવો પર ન વિતાડું તો હું પરમેશ્વર નહીં.)

*ધખિઉ જવનાં સર ખેધ ધરિ,*
*કિરતાર તઠિ સજ સેન કરિ;*

(આ રીતે દૈત્યો પર વૈરજન્ય કોપ કરીને ભગવાને દેવ સૈન્યને સજ્ઝ કર્યું.)

યુદ્ધમાં પરાજિત થઈને ભગવાન વિષ્ણુ બ્રદ્રિકાશ્રમમાં જાય છે. ત્યાં પણ દાનવરાજ મરુર એમનો પીછો કરતાં ત્યાં આવે છે. અને રૌદ્ર રસમય વચનો કહે છે.

*જવન સતિ દહિઆરણ જાગાં,*
*માહરો વેર તે કિ હું માગાં..*

(ત્યાં દૈત્યે સાચે જ યુદ્ધ જગાડયું. તેણે કહ્યું હું મારું વેર માગું છું.)

એકંદરે જોઈએ તો ‘અગિયારસ માહાત્મ’માં લાંગીદાસે વીર અને શાંતરસ પર વધુ ભાર મૂકયો છે. જે ચારણી સાહિત્યની પરંપરાને અનુરૂપ છે. અને પછી કથાપ્રવાહમાં પ્રસંગ પુષ્ટિ અર્થે અન્ય રસોનાં પણ છાંટણાં નાખ્યાં છે. શૃંગારરસ મર્યાદાશીલ રીતે

નારીનાં રૂપવર્ણનમાં પ્રગટાવ્યો છે. આ કારણે ગ્રંથમાં એકધારા પણાનું નિવારણ થયું છે. અને રસ વૈવિધ્યનો પ્રવેશ થયો છે. જેને કારણે શ્રોતાઓ માટે કથા રસપ્રદ અને ઔત્સુકતા જાળવી રાખનારી બની છે. જે લાંગીદાસની કવિત્વ કલાની એક સિદ્ધિ છે.

## ૩.૮ અર્થવાદી અને નાદવૈભવયુક્ત અલંકારો

'જેના વડે કાવ્ય અલંકૃત થાય તે અલંકાર' એવી ટૂંકી વ્યાખ્યા અલંકાર અંગે આપી શકાય.

કાવ્ય શાસ્ત્રમાં ત્રણ પ્રકારના અલંકારો માન્યા છે. (૧) શબ્દાલંકાર (૨) અર્થાલંકાર (૩) ઊભયાલંકાર..[૧૦૮]

પણ સંસ્કૃત કે હિન્દી, ગુજરાતી સાહિત્યના કાવ્યાલંકાર ચારણી સાહિત્યમાં ઓછા પ્રયોજાય છે. ચારણી સાહત્યિના આગવા અલંકારો છે. જે પોતાની રીતે નિરાળા પણ છે. છતાં લાંગીદાસે ચારણી સાહિત્યના અને હિંદી કાવ્ય શાસ્ત્રના બંને પ્રકારના અલંકારો પોતાના ગ્રંથમાં પ્રયોજ્યા છે. જેની સોદાહરણ ચર્ચા કરવાનો અત્રે ઉપક્રમ સેવ્યો છે. પ્રથમ ચારણી સાહિત્યની દૃષ્ટિએ લાંગીદાસનું કવનને જોઈએ.

ચારણી સાહિત્યના અલંકારોમાં મુખ્ય અલંકાર વયણ સગાઈ છે. આમાં કાવ્યના પ્રત્યેક ચરણનો પ્રથમના અક્ષર જે તે ચરણમાં છેલ્લા શબ્દમાં આવે છે.[૧૦૯]

આ વયણ સગાઈ અલંકારના ત્રણ ભેદો છે. (૧) પ્રત્યેક ચરણનો પ્રથમાક્ષર જે તે ચરણના અંતિમ શબ્દમાં પ્રથમ આવે તેને ઉ ામ વયણ સગાઈ કહે છે. યથાઃ

*વિકટ કહો તીરથ વરત,*
----- -----
*ધરા ભેખકે ધાર;*
----- ----
*વિનૈ નામ રઘુવીર રૈ,*
*પરત ન આવૈ પાર..*[૧૧૦]

આમાં પ્રત્યેક ચરણના પ્રથમ શબ્દના પ્રથમાક્ષરો પ્રત્યેક અંતિમ શબ્દમાં પ્રથમ છે. જે ઉ ામ વયણ સગાઈ થઈ.

બીજો ભેદ 'સમ અખરોટ' તો છે . જે તે મધ્યમ પ્રકારની વયણ સગાઈ માનવામાં આવી છે. તેમાં ચરણનો પ્રથમાક્ષર જે તે ચરણના અંતિમ શબ્દની મધ્યમાં આવે છે. યથાઃ

*નામ લિયાંથી માનવા,*
*સરકૈ કલુષ વિસાલ,*
*મહ જૈસે મેટૈ તિમિર,*
*રસમ પરસ કિરમાલ..*[૧૧૧]

ઉપરોક્ત ઉદાહરણમાં દુહાનાં ચારેય ચરણોના પ્રથમાક્ષરો જેતે ચરણના અંતિમ ચરણના પ્રથમાક્ષરના દ્વિતીય સ્થાને-મધ્યમાં આવેલા છે. આને મધ્યમ વયણ સગાઈ કહીશું.

ત્રીજા ભેદને 'ન્યુન અખરોટ' એટલે કે અધમ પ્રકાર કહ્યો છે. જેમાં પદ્યના ચરણનો પ્રથમાક્ષર તે તે ચરણના અંતિમ શબ્દમાં છેલ્લે આવે. યથાઃ

*મરદ જિકે સંસાર મેં,*
*લખજે જીવ વિસાલ;*
*રાત દિવસ રઘુનાથ રા,*
*લેવૈ નામ રસાલ..*[૧૧૨]

ઉપરોક્ત દુહાનાં ચારેય ચરણોના પ્રથમાક્ષરો જે તે ચરણના અંતિમ શબ્દમાં છેલ્લે આવ્યા છે. અતઃ આ અધમ વયણસગાઈ થઈ.

આ રીતે સમગ્ર રચનામાં 'વયણ સગાઈ'નો નિર્વાહ કરવો કઠીન છે. એમાંયે ઉ ।મ પ્રકારની 'વયણ સગાઈ'નો નિભાવ કરવો અતિ કઠિન છે. સમર્થ વિદ્વાનો જ આમ કરી શકે છે. લાંગીદાસે 'એકાદશી માહાત્મ' માં અધિકાંશ ઉ ।મ પ્રકારની 'વયણ સગાઈ' નો નિભાવ કર્યો છે. યથાઃ

*ભજિ આગ ઝાળાં ભડતાં ભોપાલા,*
*હડિડે બરંગા હોએ વીર હકં,*
તડિડિ રણતૂર ત્રૂહી ત્રહકં..[૧૧૩]

ઉપરોક્ત ઉદાહરણનાં ત્રણે ચરણોના પ્રથમાક્ષરો જે તે ચરણોમાં અંતિમ શબ્દમાં પ્રથમ સ્થાને છે. તે ઉ ।મ 'વયણ સગાઈ' થઈ.

બહુ ઓછા સ્થળે મધ્યમ પ્રકારની 'વયણ સગાઈ' જોવા મળે છે. યથાઃ

*જેઠ સ કોમલ પાખ નરજલ..*[૧૧૪]

\+ + +

*સો તથ ચીણુ સાદા મસુર..*[૧૧૫]

\+ + +

*કરણા એ વ્રત એણ પ્રકાર..*[૧૧૬]

ઘણી મહેનત પછી આ ત્રણ ઉદાહરણો શોધી શકાયાં છે. જે લાંગીદાસનાં વિશાળ ભાષાજ્ઞાન અને વિપુલ શબ્દ ભંડોળ અને શબ્દ ચયન શક્તિનાં દ્યોતક છે.

ઉપરોક્ત ઉદાહરણોમાં પ્રથમ ઉદાહરણમાં પ્રથમ શબ્દ 'જેઠ' નો 'જ' અક્ષર એ ચરણનાં 'નરજલ' શબ્દમાં ત્રીજા ક્રમે આવેલ છે. બીજાં ઉદાહરણનો 'સૌ' શબ્દનો 'સ' અક્ષર એ ચરણના અંતિમ શબ્દ 'મસુર' માં મધ્યમાં આવે છે. એવું જ ત્રીજા ઉદાહરણનાં પ્રથમ 'શબ્દ કરના' નો 'ક' અક્ષર અંતિમ શબ્દ 'પ્રકાર' માં મધ્યમાં આવે છે. આ પ્રમાણે આ ત્રણેય ઉદાહરણોમાં મધ્યમ પ્રકારની 'વયણ સગાઈ' થઈ.

મધ્યમ પ્રકારની 'વયણ સગાઈ'નાં ઉદાહરણો શોધવામાં જે શ્રમ પડયો એથી 'અદ્યમ પ્રકારની' 'વયણ સગાઈ' શોધવી એ 'ઘાસની ગંજી માંથી સોય શોધવા જેવું કઠિન કાર્ય છે. એથી એ પ્રયાસને નિરર્થક સમજી પ્રયાસ કરવાનું માંડી વાળું છું.

'એકાદશી માહાત્મ'માં પૌરાણિક કથા છે. એ દૃષ્ટિ સમક્ષ રાખીને 'વયણ સગાઈ' સિવાયના ચારણી સાહિત્યના બીજા અલંકારો દા.ત. ચાર પ્રકારની ઉક્તિઓનો[૧૧૭] પ્રયોગ લાંગીદાસે નથી કર્યો.

ચારણી સાહિત્યમાં આપણને અલંકાર પ્રાચુર્ય જોવા નહિ મળે. આ સાહિત્યભાવને પ્રાધાન્ય આપે છે. એમાં સાદગી અને વન કન્યા સમાન નિરાડંમ્બરનો સ્વીકાર થયો છે. છતાં કયાં કયાંક અનાયાસે રૂપક,ઉપમા જેવા અલંકારોનો પ્રયોગ અનાયાસ થઈ ગયો છે, તે પણ થોડા પ્રમાણમાં. આ કારણે ચારણી કાવ્ય અનાયાસે એક-બે વન ફૂલોને કર્ણ પર ધારણ કરેલી, પણ પોતાનાં ભાવ સૌંદર્યને રૂપ શરીર સૌંદર્ય વડે સહજપણે શોભતી વનકન્યા સદ્દશ બની રહે છે.

'એકાદશી માહાત્મ' માં આવા અનાયાસે પ્રયોજાઈ ગયેલા થોડા અલંકારો શોધવા અત્રે પ્રયત્ન કર્યો છે.

શબ્દાલંકારની દૃષ્ટિએ 'એકાદશી માહાત્મ' સમૃદ્ધ છે. એમાં વર્ણાનુપ્રાસ છવાયેલો જોવા મળે છે. આ વર્ણાનુપ્રાસ નાદવૈભવનો પણ જનક છે.પણ આ કારણે તે ભાવ અને

અર્થને નબળો નથી પાડતો. તેમ નિરર્થક શબ્દાડમ્બર પણ નથી સર્જતો. આને આપણે લાંગીદાસના કવિ કર્મની એક સિદ્ધિ ગણીશું.

વર્ણોનું પુનરાવર્તન એ વર્ણાનુપ્રાસ અલંકાર થયો. એને છેકાનુપ્રાસ પણ કહે છે.[૧૧૮] થોડાં ઉદાહરણો જોઇએ :

*'કૃત જગ માંહે કૃત કાલ'*[૧૧૯]

આમાં 'ક' 'ત' અને 'ગ' વર્ણોનું પુનરાવર્તન થાય છે.

*રીતે કેણ કણ રેણ..*[૧૨૦]

આમાં 'ર' 'ક' અને 'ણ' વર્ણોનું આવર્તન થાય છે. 'કેણ' અને 'રેણ' યમક છે.

*અરિ તાડ ઉનાડ અંગ અભંગ..*[૧૨૧]

આમાં અ,ડ,ગ વર્ણોનું આવર્તન થાય છે. તો 'તાડ' અને 'નાડ' તેમ 'અંગ-ભંગ' ની યમક સાંકળી રચાઇ જાય છે.

*ગરં ઝંગર વમર થાટ ગાહે..*[૧૨૨]

આમાં 'ગ' 'ર' વર્ણોનાં આવર્તન દ્વારા વર્ણાનુપ્રાસ રચાય છે.

વર્ણાનુપ્રાસ અલંકારમાં જેમ વર્ણોનું આવર્તન થાય છે. તેમ યમકાલંકારમાં શબ્દોતું પુનરાવર્તન થાય છે. આનો પણ લાંગીદાસે 'એકાદશી માહાત્મ' માં સ્થળે સ્થળે પ્રયોગ કર્યો છે. યથાઃ

*વડો વ્રમચારી આચારી વચારી..*[૧૨૩]

આમાં 'ચારી' શબ્દની યમક સાંકળી રચાઇ ગઇ છે.

*પરંમ પરંમ પરંમ પિઅંપિ..*[૧૨૪]

આમાં પણ 'પરમ' શબ્દનાં આવર્તનો વડે યમકાલંકાર થાય છે.

'એકાદશી માહાત્મ'માં કયાંક કયાંક ઉપમાલંકાર પણ પ્રયોજાયો છે. યથાઃ

*ખરું વન જાણ કિ સોવ્રન ખંભ..*[૧૨૫]

આમાં સુંદરી એકાદશીને વનમાં સ્થાપિત સોનાના સ્થંભની ઉપમા આપી છે.

*હરસીઅ હસીઅ નાર હોઅંત,*
*દરસીઅ જસીઅ દાડમ દંત..*[૧૨૬]

હર્ષપૂર્વક હાસ્ય કરતી સુંદરી એકાદશીના દાંતોને દાડમના દાણાની ઉપમા આપી છે.

*જસા નખ નગાં જડિઆંહ..*[૧૨૭]

મનોહર એવી સુંદરી એકાદશીનાં આંગળાના નખોને રત્ન જડયા હોવાની ઉપમા આપી છે. વસ્તુતઃ આમાં કયાંક કયાંક રૂપકાલંકારનો પણ પ્રયોગ થયો છે. એનાં પણ થોડાં ઉદાહરણો અત્રે પ્રસ્તુત કર્યાં છે.

*સલ વિજલ સાબલ તેથ હણે..*[૧૨૮]

વીંઝાતાં ભાલાંઓ અને તેના પ્રહારોને અત્રે વીજળી રૂપક આપ્યું છે.

*વખાંણિઅ તાંણીઅ નાગંદ વેણ..*[૧૨૯]

આમાં સુંદરી એકાદશીની વેણીને નાગરાજ રૂપક વડે વર્ણવી છે.

*મદ ભર લંક સલંક મિઅંદ..*[૧૩૦]

અત્રે યૌવન મદ ભરી સુંદરી એકાદશીની પાતળી કરી વનરાજ સિંહની કટી રૂપે વર્ણવી છે. અતઃ રૂપકાલંકાર થયો.

## ૩.૯ 'ગણ અગિયારસ માતમ'નું છંદો વિધાન

'એકાદશી માહાત્મ' માં છંદ વૈવિધ્યમાં પણ સારી પેઠે છે. આ ગ્રંથમાં લાંગીદાસ નીચે દર્શાવ્યા પ્રમાણેના છંદો પ્રયોજેલ છે.

(૧) દુહા (૨) બિયાખરી (૩) ભૂજંગી (૪) ગાહા (૫) દોમલિઆ (૬) આરજા (૭) ત્રોટક અને (૮) મોતીદામ.

આ બધા છંદોના બંધારણને તપાસીએ અને તે અંગે ચર્ચા કરીએ.

આમાં દુહા,આરજા અને ગાહા પ્રકારનો પ્રયોગ લાંગીદાસે પ્રસંગારંભ અને પ્રસંગ પરિવર્તન માટે કર્યો છે. એ સિવાયના બાકીના છંદોનો ઉપયોગ કથાના આલેખન અર્થે કર્યો છે.

### *૩.૯.૧ દુહો :*

આ માત્રિક છંદ છે. કીસનાજી આઢા કૃત 'રઘુવર જસ પ્રકાશ' અનુસાર ચાર ચરણોનો છંદ છે.તેનું પ્રથમ અને ત્રીજું ચરણ ૧૩-૧૩ માત્રાનાં હોય છે. તો બીજું અને ચોથું ચરણ ૧૧-૧૧ માત્રાનું હોય છે. બીજા અને ચોથા ચરણોના પ્રાસ મળે છે.

ચારણી સાહિત્યમાં દુહાના ચાર ભેદો મળ્યા છે. (૧) દુહો (૨) સોરઠો (૩) સાંકળિયો (૪) તૂંવેરી.[૧૩૧]

લાંગીદાસે 'એકાદશી માહાત્મ'માં પ્રથમ પ્રકારના દુહાનો પ્રયોગ કર્યો છે. યથાઃ

*ગવરી નંદન સદન ગણ, ગણપત વંદ ગિઅંદ,*
*જગ વંદન કનદર જિઓ , સધ બંધ વંદ સરંદ..*[૧૩૨]

માત્રા મેળની રીતે તપાસતાં આ દુહાના ૧-૩ ક્રમનાં ચરણો ૧૩-૧૩ માત્રાનાં છે, તો ૨-૪ ક્રમનાં ચરણો ૧૧-૧૧ માત્રાનાં છે. જે બરાબર માપસરનાં છે.

### ૩.૯.૨ *બિયાખરી :*

કવિ કીસનાજી આઢાએ આનું બંધારણ આ પ્રમાણે આપ્યું છે.

*લઘુ ગુરુ અનિયમ સોળ મતા ગણ,*
*છંદ બૈઆખરી સોળ બિચખણ..*[૧૩૩]

(લઘુ અને ગુરુના કોઇ નિયમ વગર જેમાં સોળ માત્રાઓ હોય એને વિચક્ષણોએ બિયાખરી છંદ ગણવો.)

લાંગીદાસે 'એકાદશી માહાત્મ' માં પ્રયાજેલા બિયાખરી છંદને તપાસતાં એ ઉપરોક્ત પ્રત્યેક ચરણમાં ૧૬-૧૬, માત્રાવાળો અને પ્રત્યેક બબ્બે ચરણોના પ્રાસ મેળ વાળો છે. યથાઃ

*જિ જગવંદન અંતર જામી;*
*કાલ નકંદન કાંમ ન કામી..*[૧૩૪]

હિંદીના ચોપાઇ છંદને આ બિયાખરી કંઇક રીતે મળતો આવે છે. ચોપાઈમાં પ્રત્યેક ચરણમાં ૧૫-૧૫ માત્રાઓ હોય છે. અને પ્રત્યેક બબ્બે ચરણોના પ્રાસ મળે છે. એટલે ચોપાઇ કરતાં બિયાખરીના પ્રત્યેક ચરણમાં એક-એક માત્રા વધુ હોય છે. વધુમાં કીસનાજી આઢા ચરણોને અંતે જગણ (બે લઘુ વચ્ચે એક ગુરુ હોય તે) હોવાનું જણાવે છે.[૧૩૫]

પણ ચરણોને જગણના નિયમને બધાએ સ્વીકાર્યો નથી. પ્રત્યેક ચરણમાં ૧૫-૧૫ માત્રાના અંતે એક જ નિયમને મધ્યકાલીન કવિઓએ સ્વીકાર્યો છે. યથાઃ

*સોહ હંસ સાંભળ તુંરાય,*
*નિરભે નિરાધાર કહેવાય..*[૧૩૬]

ઉપરોક્ત ઉદાહરણમાં ચરણોને બે લઘુ માત્રા વચ્ચે એક ગુરુ માત્રા કે જેને જગણ કહે છે. તે નથી. એટલે ટૂંકમાં એમ કહી શકાય કે જ ગણનો નિયમ સર્વ સ્વીકાર્ય નથી.

### *૩.૯.૩ ભુજંગી :*

કવિ હમીરજી રત્નુ એ ભુજંગી છંદનું માપ આ પ્રમાણે દર્શાવ્યું છે.

*ચ્યાર યગણ પાયે અચલ;*
*છતા ભુજંગી છંદ..*[૧૩૭]

(ચાર યગણ જેના પ્રત્યેક ચરણમાં હોય તે ભૂજંગી છંદ થયો.)
કવિ કુંવર કુશળ પણ ઉપરોકત મતને અનુસરે છે.

*સુદંતા કરો ચ્યાર પા સુહાયૌ;*
*ભુજંગ પ્રયાતે યહે મન ભાયે..*[૧૩૮]

(ચાર યગણ સહ વીસ માત્રા જેના પ્રત્યેક ચરણમાં હોય છે. તેવો આ ભુજંગ પ્રયાત છંદ છે. તેનાં પ્રત્યેક બબ્બે ચરણોના પ્રાસ મળે છે.)
કીસનાજી આઢાનો પણ મત ઉપરોક્ત મતાનુસાર છે.

*ચ્યાર યગણ પદ પ્રત ચવાં,*
*છંદ ભુજંગ પ્રયાત..*[૧૩૯]

(જેના પ્રત્યેક ચરણમાં ચાર યગણ હોય એને ભૂજંગી છંદ કહેવો.)

મહાકવિ ચિમનાજી કવિયાએ પણ ભુજંગી છંદનું માપ ચાર યગણ વાળાં ચરણનું જણાવ્યું છે.

*છાવી બાધૈ પાંચસૌ,*
*ચ્યાર યગણ કર ચંદ..*[૧૪૦]

( આ ભુજંગીમાં પ્રત્યેક ચરણમાં ચાર યગણ અને બારવર્ણ હોવા જરૂરી છે.)

યગણ એટલે પ્રથમ એક લઘુ પછી બે ગુરુ આવે તેવું પાંચ માત્રાનું ચોસલું. પ્રત્યેક ચરણમાં વીસ માત્રા અને બાર વર્ણો આવે. હવે લાંગીદાસનો ભુજંગી છંદ આ માપમાં ફીટ થાય છે કે કેમ ? તે જોઈએ :

*પરી જેણ ચંપાંવતી રેણ પતી,*
*ચક્ર ચાલવે તેણ થી ચક્રવતી..*[૧૪૧]

ગણત્રી કરતાં બંને ચરણોમાં નિયમાનુસાર ૧૨-૧૨ વર્ણો તો આવે છે. પણ સાથે બંને ચરણોમાં ૧૯-૧૯ માત્રા આવે છે. એટલે પ્રત્યેક ચરણમાં ૨૦-૨૦ માત્રા હોવી જોઈએ. તે નિયમ સચવાયો નથી. અને ચાર 'યગણ'નો નિયમ પણ સચવાયો નથી. આ રીતે આ ભૂજંગી બંધારણની દૃષ્ટિએ શિથિલ લાગે છે. સંભવ છે કે પ્રતિલિપિ કરતાં લહિયાએ કરેલી ભૂલોને કારણે આમ બન્યું હોય.

*૩.૯.૪ ગાહા :*

કીસનાજી આઢાએ ગાહાનું માપ આ પ્રમાણે આપ્યું છે.

*ગાહા માત્ર સતાવન ગાવૈ,*

(ગાહાની ૫૭, માત્રા થાય છે.)

*આદ બાર મત દુવૈ અઠારહ,*

*બાર ત્રતીય ચવ પનરહ વિચારહ..*[૧૪૨]

(ગાહાનું પ્રથમ ચરણ ૧૨ માત્રાનું , બીજું ચરણ ૧૮ માત્રાનું, ત્રીજું ૧૨ માત્રાનું, અને ચોથું ૧૫ માત્રાનું વિચારવું.)

હવે લાંગીદાસે 'એકાદશી માહાત્મ' માં પ્રયોજેલ એક ગાહાનું એક ઉદાહરણ જોઈએ.

*મિહ સિહ તજે મરુરં,*

*દેવ સહે તજે ગીઆ દૂરં;*

*અઈઅ કરમઅ કૂરં,*

*જા સરીઅંદ તઠે જળનાણં..*[૧૪૩]

ગણત્રી કરતાં આમાં પ્રથમ ચરણ ૧૨ માત્રાનું બીજું ૧૭ માત્રાનું ત્રીજું ૧૨ માત્રાનું અને ચોથું ૧૬ માત્રાનું છે. સરવાળો કરતાં કુલ : ૫૭, માત્રા થાય છે. જે બરાબર છે. પણ બીજા ચરણમાં ૧૮, ને બદલે ૧૬, માત્રા છે. પણ ગાહા ની ૫૭, માત્રા સમગ્ર છંદમાં પૂર્ણ થાય છે. એટલે માત્રા મેળની દૃષ્ટિએ બંધ પૂર્ણ છે. બીજા ચરણની એક ખૂટતી માત્રાને ચોથા ચરણમાં ઉમેરીને ૧૫ ને બદલે ૧૬ માત્રા કરી લાંગીદાસે હિસાબ સરભર કરી લીધો છે. આ રીતે બંધારણને જાળવી લીધેલ છે. બીજી એક વાત વિચારણીય છે કે પ્રતિલિપિ થતાં લહિયાની ભૂલને કારણે માત્રાની હેરફેર થઇ ગઇ હશે.

### *૩.૯.૫ દોમલિઆ :*

છંદશાસ્ત્રમાં તપાસ કરતાં ‘દોમલિયા’ નામે કોઇ છંદ મારા જોવામાં ન આવ્યા. આ‘દોમલિયા’નામને મળતા એક માત્રિક અને બીજો વાર્ણિક એમ બે બંધોનો ‘દુમિલા’ નામે મળ્યા.

આમાં માત્રિક ‘દુમિલા’ નું માપ દર્શાવતાં કવિ કીસનાજી આઢાએ આ પ્રમાણે દર્શાવ્યું છે.

*દસ વસુ ખટ ઠાંણૌ, ફિર વસુ આંણૌ,*
*દુમિળા ઠાંણો કરણંતા..*[૧૪૪]

(જેનાં પ્રત્યેક ચરણમાં ૧૦-૧૪-૮ માત્રા હોય, અને ચરણાંતે બે ગુરુ હોય, એ દુમિલા છંદ છે.)

બીજો વર્ણિક દુમિલા છંદ છે. તેના પ્રત્યેક ચરણમાં આઠ સગણ હોય છે. અને તેના પ્રત્યેક બબ્બે ચરણોનો પ્રાસ મળે છે.[૧૪૫]

આમાં માત્રિક દુમિલાના પ્રત્યેક ચરણમાં ૩૨ માત્રા આવે છે. તો વાર્ણિક દુમિલાના પ્રત્યેક ચરણમાં ૨૪ માત્રા હોય છે.

હવે લાંગીદાસના ‘એકાદશી માહાત્મ’ના દોમલિયાની એક કડીનું ઉદાહરણ લઇ તેનું વિશ્લેષણ કરીને એનો પ્રકાર નક્કી કરીએ.

*જડધાર જડાઈઅ, કાઅંમ કાઈઅ,*
*સવ તઠાઈઅ જાઈ સરં;*
*ફરિઆદ લગાઈઅ, આવ અગાઈઅ,*
*આરત ગાઈઅ ખોજ અરં..*[૧૪૬]

માત્રમેળની દૃષ્ટિએ આમાં પ્રત્યેક ચરણમાં ૩૨-૩૨ માત્રા છે. પણ ચરણાંતે બે ગુરુ નથી. તેમ ૧૦-૧૪-૮ માત્રાએ યતિ નથી. પણ ૧૦-૮-૧૪ માત્રાએ યતિ છે. અતઃ માત્રા મેળની દૃષ્ટિએ આ માત્રિક દુમિલા છંદ જ છે. પણ એમાં ૮ અને ૧૪, માત્રાના યતિ ખંડો બદલાઇને ૮ વાળો બીજે અને અને ૧૪ વાળો ત્રીજે સ્થાને આવી ગયા છે.

### *૩.૯.૬ આરજાઃ*

આ અર્ધમાત્રિક છંદ છે. આચાર્ય કવિ કુંવરકુશળે 'લખપત પિંગળ'માં ગાહાને આર્યા કહેલ છે. [૧૪૭] એટલે સમજાય છે કે ગાહા અને આર્યા-એક જ છંદ છે. આર્યાનું સરલીકરણ થતાં 'આરજા' એવું રૂપાંતર થઈ ગયું છે.

છંદશાસ્ત્રમાં સાત પ્રકારના ગાહાનું નિરૂપણ થયું છે. (૧) ગાહા (૫૭ માત્રા) (૨) ગાહો (એમાં ગાહાનાં ચરણો ઊલટાં થાય છે. માત્રા તો ૫૭ જ રહે છે.) (૩) ગાહુ (૫૪ માત્રા) ઉગાહો (૬૦ માત્રા) [૧૪૮]

'એકાદશી માહાત્મ'ના આરજાનું ઉદાહરણ લઈને પછી તેનું માત્રામેળની દૃષ્ટિએ વિશ્લેષણ કરીને તે કયા પ્રકારના ગાહામાં આવે છે. તે જોઈએ :

*કરિઉ હર ઉપરાંત ન કાંઈ,*
*કહિ મખિ ધખિ ધખિ કમાઈ;*
*વલિઆ સરરાઈ વરચાઈ,*
*ગત ભતિ ગર ભગવાંન ગમાઈ..* [૧૪૯]

આમાં પ્રત્યેક ચરણ ૧૫-૧૫ માત્રાનું છે. આ રીતે ચારેય ચરણની ૬૦ માત્રા થઈ અતઃ આ ઉગાહા પ્રકારનો ગાહા છંદ લાંગીદાસે પ્રયોજ્યાનું નિશ્ચિત થાય છે.

*૩.૯.૭ ત્રોટક :*

કીસનાજી આઢાએ ત્રોટક છંદ વાર્ણિક છંદનો પ્રકાર ગણી એનું બંધારણ આ પ્રમાણે આપ્યું છે.

*ચ્યાર સ તોટક* [૧૫૦]

(તોટક છંદમાં પ્રત્યેક ચરણમાં ચાર સગણ હોય છે.)

આચાર્ય કવિ હમીરજી રત્નુ પણ ઉપરના મતને અનુસરે છે.

*ચ્યારી સગણ પય સંચરે, ત્રોટક રૂપક તાઈ..* [૧૫૧]

(જેમાં પ્રત્યેક ચરણમાં ચાર સગણ હોય તે છંદ ત્રોટક છે,)

'એકાદશી માહાત્મ' માં લાંગીદાસે પ્રયોજેલો ત્રોટક છંદ ગણ મેળ અને માત્રા મેળની દૃષ્ટિએ ક્યાંક ક્યાંક બરાબર ન હોવાનું જણાય છે. યથાઃ

*કેદાર વખે જત સેજ કરે..* [૧૫૨]

આને તપાસીએ છીએ ત્યારે એમાં ત્રણ સગણ છે.
(બે લઘુ પછી એક ગુરુ આવે તેવાં એક ઘટકને સગણ કહે છે.) પ્રથમ કેદાર શબ્દમાં બે ગુરુ આવતા હોવાથી તે સગણ નથી બનતો આ કારણે પ્રત્યેક ચરણમાં ૧૨-૧૨ વર્ણો આવવા જોઈએ તેને બદલે ઉપરના ચરણમાં ૧૧ વર્ણો છે. આવાં થોડાં ચરણોને બાદ કરતાં અધિકાંશ ચરણો માપસરનાં છે. યથાઃ

*ભવ તાર ઈઆ હવ તૂઝ ભણી,*
*સવ મૂઝ તણી નહ ધાહ સણી..*[૧૫૩]

ઉપરોક્ત ઉદાહરણમાં બંને ચરણોમાં ચાર-ચાર સગણ અને બાર-બાર વર્ણો છે. જે ત્રોટકના બંધારણ અનુસાર છે.

### *૩.૯.૮ મોતીદામ :*

આ પણ વાર્ણિક પ્રકારનો બંધ છે. પિંગળાચાર્યોએ એને ચાર જગણ યુક્ત ચરણો વાળો કહ્યો છે. કવિ ચિમનાજી આઢા મોતીદામનું બંધારણ આ રીતે દર્શાવે છે.

*પ્રગટ જગણ ચત્ર પાયમેં, દીસૈ મોતીદામ..*[૧૫૪]

આચાર્ય કવિ કુંવરકુશળ પણ એ મતને ટેકો આપે છે.

*''પયોધર વેદ પરે જુ પ્રસિદ્ધ;*
*કવિ ઈમિ મુતિયદામ હિ કીધ.''*[૧૫૫]

આચાર્ય કવિ હમીરજી રત્નું નો પણ મત છે કે

*દીસૈ મોતીદામ રૈ, પ્રગટ જગણ ચત્ર પાય..*[૧૫૬]

બે લઘુની મધ્યમાં એક ગુરુ હોય એવાં ઘટકને પિંગળ શાસ્ત્રમાં જગણ કહ્યો છે.

આ રીતે આ મોતીદાંમ છંદનાં પ્રત્યેક ચરણમાં ૧૨ વર્ણો સાથે જ, જગણ હોય છે. લાંગીદાસે પ્રયોજેલા આ છંદનું ઉદાહરણ લઈને તે બંધારણાનુસાર છે કે કેમ ? તે જોઈએ.

*અપ્રંપર દેહિઅ મેલ ઉતારિ,*
*સનેહિ અકેહિઅ નાર સનારિ;*
*અલા ઘર મેલ કલા અગિઆર,*
*તવે તણ નાંમ અગારસ તાર..*[૧૫૭]

આ ઉદાહરણનું વિશ્લેષણ કરતાં તેના પ્રત્યેક ચરણમાં ૪-૪ જગણ અને ૧૨-૧૨ વર્ણો બરાબર બંધારણ અનુસારના છે. આ રીતે લાંગીદાસે મોતીદાંમ છંદને તેનાં ઉચિત રૂપે પ્રયોજેલો છે. જે લાંગીદાસનાં છંદશાસ્ત્ર પરનાં પ્રભુત્વને સૂચિત કરે છે. જ્યારે બંધોમાં જોવા મળતી થોડી ભૂલો ‘એકાદશી માહાત્મ’ના પ્રતિલિપિકારની અપરિપકવતા સૂચવે છે.

### ૩.૧૦ ઉપસંહાર

પૌરાણિક એકાદશીની ઉત્પ િની કથામાં લાંગીદાસે કથાના મૂળ કથાનકમાં વાંધો ન આવે તે રીતે ઉચિત ફેરફારો કરેલા છે. અને એમાં સવિશેષ વીરરસાત્મકતા આવે એનું ધ્યાન રાખેલ છે. એ કારણે આપણને મૂળ પુરાણકથા કરતાં લાંગીદાસની રચનામાં સવિશેષ વીરરસ જોવા મળશે. જે લાંગીદાસનું ચારણોચિત પ્રદાન છે.

એકાદશીના વ્રતનાં વિધિ-વિધાન પણ લાંગીદાસે કથામાં આપ્યાં છે. અને એ રીતે ક્ષાત્ર વર્ગનાં શ્રદ્ધાળુઓને પૌરાણિક એકાદશીનાં વિધિ-વિધાનોનું જ્ઞાન આપીને વિધિપૂર્વક આ એકાદશીનું વ્રત કરવાનું શીખવ્યું છે.

એ પછી એકાદશીની ઉત્પ િની કથાને વિસ્તારથી વર્ણવી છે. જેમાં દાનવરાજ મરુરની વીરતાને પણ લાંગીદાસે મુક્ત મને વર્ણવી છે. આ રીતે કથાનાયકના પાત્રાલેખનમાં લાંગીદાસે આપણી સામે મધ્યકાલીન ક્ષત્રિય વીરનુ એક આદર્શપાત્ર ઉપસ્થિત કર્યું છે. આ રીતે લાંગીદાસે પોતાના યુગનો પ્રભાવ ઝીલ્યાનું ‘એકાદશી માહાત્મ’માં પ્રતિબિંબિત થાય છે.

તો બીજી બાજુ સ્તવનો પણ ‘એકાદશી માહાત્મ’માં એકાધિકપણે આવ્યાં છે. એમાં ભગવાન શિવ,ભગવાન વિષ્ણુનાં સ્તવનો છે. જે પણ ઠીક ઠીક લાંબાં છે. આ સ્તવનો દ્વારા ભક્તિભાવનો શાંતરસ રેલાવ્યો છે. જે સૂચવે છે કે લાંગીદાસ માત્ર કવિ અને આખ્યાનકાર જ નથી, પણ સાથે સાથે ભક્ત પણ છે. આ રીતે આપણે લાંગીદાસને ‘ભક્ત કવિ’ નું બિરુદ આપી શકીએ.

આખાય ગ્રંથમાં ભાવક ને જકડી રાખે તેવો સબળ વીર અને શાંતરસનો પ્રવાહ વહે છે. અને એમાં અત્ર તત્ર અન્યરસોનાં છાંટણાં છે. પણ એમાં શૃંગારરસનું ત વ ઓછું છતાં

અતિ મર્યાદાશીલ તથા મન ભાવન છે. તે પણ નારીનાં રૂપ વર્ણનનું. આને કારણે રસિક શ્રોતાઓને કથામાં કંટાળાનો અનુભવ નથી થતો જે લાંગીદાસના કવિકર્મની સિદ્ધિ છે.

લાંગીદાસ મહેડુની આ પૌરાણિક રચનાનો વિગતે અભ્યાસ કરતાં કવિની સર્જક પ્રતિભાનો પરિચય થાય છે. કવિએ પૌરાણિક કથાનકની પસંદગી કરીને પોતાની ભક્તિભાવનાનો પરિચય આપ્યો છે. તો એ કથાનકમાં આવશ્યક કાંટ - છાંટ કરીને પોતાની સર્જક - સૂઝની પ્રતીતિ કરાવી છે. કવિએ પ્રયોજેલાં છંદો, વિવિધ અલંકારો અને રસ વૈવિધ્ય પણ તેમની કવિત્વ કલાનાં દ્યોતક છે. આથી ચારણી પરંપરાનું એક ઉત્તમ ભક્તિમૂલક આખ્યાન મળ્યું છે. હવે આગામી પ્રકરણમાં લાંગીદાસજીની અત્યંત લોકાદર પામેલી કૃતિ ‘ઓખા હરણ’ વિશે વિગતે વાત કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

**સંદર્ભ નોંધ :**

૧. ઝવેરચંદ મેઘાણી : 'ચારણો અને ચારણી સાહિત્ય' પૃ.૬૧
૨. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર.ભંડાર : ૧૬/૭૬૦
૩. ડૉ ઈશ્વરલાલ ર. દવે -રતુદાન રોહડિયા : 'ઓખા હરણ' પૃ.૩૭૭
૪. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૫. એજન.
૬. એજન.
૭. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૮. એજન
૯. એજન
૧૦. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૧. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૨. એજન.
૧૩. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૪. એજન.
૧૫. કે.કા.શાસ્ત્રી ગુજરાતી હાથ પ્રતોની સંકલિત યાદીઃ પૃ.૩૧૦/૩૧૧
૧૬. એજન પૃ.૩૭
૧૭. એજન પૃ.૧૪૬
૧૮. એજન પૃ.૨૨૫
૧૯. એજન પૃ.૨૦
૨૦. એજન પૃ.૩૪
૨૧. એજન પૃ. ૨૨૫
૨૨. કે.કા.શાસ્ત્રી ગુજરાતી હાથ પ્રતોની સંકલિત યાદી : પૃ.૩૪
૨૩. એજન પૃ.૧૭
૨૪. એજન પૃ.૨૨૫
૨૫. ઝવેરચંદ મેઘાણી : 'ચારણો અને ચારણી સાહિત્ય' પૃ.૬૧
૨૬. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૨૭. એજન.
૨૮. એજન.

૨૯. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૭૧
૩૦. એજન પૃ.૨૭૧/૨૭૨
૩૧. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૭/૨૭૩
૩૨. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૭૨/૨૭૪
૩૩. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૭૨/૨૭૪
૩૪. એજન : પૃ.૨૭૪/૩૨૩
૩૫. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૩૬. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૬૬
૩૭. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૭૨
૩૮. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૩૯. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૪૦. એજન : ૧૬/૭૬૦
૪૧. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૭૨
૪૨. એજન : પૃ.૨૬૬
૪૩. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૪૪. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૪૫. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૪૬. એજન : ૧૬/૭૬૦
૪૭. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૭૨
૪૮. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૪૯. એજન : ૧૬/૭૬૦
૫૦. એજન : ૧૬/૭૬૦
૫૧. એજન : ૧૬/૭૬૦
૫૨. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૫૩. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૬૬/૨૭૩
૫૪. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૫૫. એજન : ૧૬/૭૬૦
૫૬. એજન : ૧૬/૭૬૦
૫૭. એજન : ૧૬/૭૬૦

૫૮. પ્રા.શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૬૬/૨૭૩
૫૯. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૬૦. પ્રા.શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૬૬/૨૭૩
૬૧. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૬૨. એજન : ૧૬/૭૬૦
૬૩. એજન : ૧૬/૭૬૦
૬૪. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૬૬/૨૭૩
૬૫. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૬૬. પ્રા.શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૬૬/
૬૭. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૬૮. એજન : ૧૬/૭૬૦
૬૯. પ્રા.શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૬૬/૨૭૩
૭૦. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૭૧. એજન : ૧૬/૭૬૦
૭૧. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૬૬/૨૭૩
૭૨. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૭૩. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૭૪. એજન : ૧૬/૭૬૦
૭૫.સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૭૬. એજન : ૧૬/૭૬૦
૭૭. એજન : ૧૬/૭૬૦
૭૮. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૭૯. એજન : ૧૬/૭૬૦
૮૦. એજન : ૧૬/૭૬૦
૮૦. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૮૧. પ્રા. શૈલેન્દ્ર ઠાકુર : 'વ્રતરાજ' પૃ.૨૬૬/૨૭૩
૮૨. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૮૩. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૮૪. એજન : ૧૬/૭૬૦

૮૫. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૮૬. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૮૭. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૮૮. શ્રી નટુભાઈ મહેડુ રે. પાંદડ તા.ખંભાતની 'પ્રવીણ સાગર' ગ્રંથની હસ્તપ્રતને આધારે
૮૯. મહેતાબચંદ ખારોડ : 'રઘુનાથ રુપક ગીતાં રો' પૃ.૪૯
૯૦. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૯૧. એજન : ૧૬/૭૬૦
૯૨. એજન : ૧૬/૭૬૦
૯૩. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૯૪. એજન : ૧૬/૭૬૦
૯૫. એજન : ૧૬/૭૬૦
૯૬. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૯૭. એજન : ૧૬/૭૬૦
૯૮. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૯૯. એજન : ૧૬/૭૬૦
૧૦૦. એજન : ૧૬/૭૬૦
૧૦૧. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૦૨. એજન : ૧૬/૭૬૦
૧૦૩. એજન : ૧૬/૭૬૦
૧૦૪. એજન : ૧૬/૭૬૦
૧૦૫. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૦૬. એજન : ૧૬/૭૬૦
૧૦૭. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૦૮. રાજકવિ નથુરામ સુંદરજી : 'કાવ્યશાસ્ત્ર' પૃ.૩૧૩
૧૦૯. મહેતાબચંદ ખારોડ : 'રઘુનાથ રુપક ગીતાં રો' પૃ.૩૩
૧૧૦. એજન પૃ.૩૪
૧૧૧. મહેતાબચંદ ખારોડ : 'રઘુનાથ રુપક ગીતાં રો' પૃ.૩૪
૧૧૨. એજનઃ પૃ.૩૪

૧૧૩. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૧૪. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૧૫. એજન : ૧૬/૭૬૦
૧૧૬. એજન : ૧૬/૭૬૦
૧૧૭. મહેતાબચંદ ખારોડ : ‘રઘુનાથ રુપક ગીતાં રો’ પૃ.૩૮/૪૯
૧૧૮. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૧૯. એજન : ૧૬/૭૬૦
૧૨૦. એજન : ૧૬/૭૬૦
૧૨૧. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૨૨. એજન : ૧૬/૭૬૦
૧૨૩. એજન : ૧૬/૭૬૦
૧૨૪. એજન : ૧૬/૭૬૦
૧૨૫. એજન : ૧૬/૭૬૦
૧૨૬. એજન : ૧૬/૭૬૦
૧૨૭. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૨૮. એજન : ૧૬/૭૬૦
૧૨૯. એજન : ૧૬/૭૬૦
૧૩૦. એજન : ૧૬/૭૬૦
૧૩૧. સીતારામ લાળસ : ‘રઘુવરજસપ્રકાસ’ પૃ.૬૨/૬૩
૧૩૨. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૩૩. સીતારામ લાળસ : ‘રઘુવરજસપ્રકાસ’ પૃ.૪૭
૧૩૪. સંદર્ભ નોંધ : ૧૩૨ પ્રમાણે :૧૬/૭૬૦
૧૩૫. સંદર્ભ નોંધ : ૧૩૩ પ્રમાણે પૃ.૭૧
૧૩૬. લાલ બાપુ : ‘ભાણગીતા’ (અમદાવાદ) પૃ.૭૧
૧૩૭. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૩૮. એજન : ૫૩/૨૭૬૦
૧૩૯. સીતારામ લાળસ : ‘રઘુવરજસપ્રકાસ’ પૃ.૧૩૬
૧૪૦. ડૉ.શક્તિદાન કવિયા : ‘સોઢાયણ’ પૃ.૧૦૨
૧૪૧. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦

૧૪૨. સીતારામ લાળસ : 'રઘુવરજસપ્રકાસ' પૃ.૮૨/૮૩
૧૪૩. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૪૪. સીતારામ લાળસ : 'રઘુવરજસપ્રકાસ' પૃ.૫૪
૧૪૫. એજન : પૃ.૧૫૮
૧૪૬. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૪૭. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૫૩/૨૭૬૦
૧૪૮. સીતારામ લાળસ : 'રઘુવરજસપ્રકાસ' પૃ.૮૨/૮૩
૧૪૯. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૫૦. સીતરામ લાળસ : 'રઘુવરજસપ્રકાસ' પૃ.૧૩૬
૧૫૧. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૩૨૮/૪૩૯૮
૧૫૨. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦
૧૫૩. એજન : ૧૬/૭૬૦
૧૫૪. શક્તિદાન કવિયા : 'સોઢાયણ' પૃ.૧૦૨
૧૫૫. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૫૩/૨૭૬૦
૧૫૬. એજન : પૃ.૩૨૮/૪૩૯૮
૧૫૭. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૬/૭૬૦

❀❀❀

# પ્રકરણ - ૪
# 'ઓખાહરણ' : સંસ્કૃતિમૂલક ચારણી આખ્યાન


૪.૧ ભૂમિકા
૪.૨ 'ઓખા હરણ'નો કથાસાર
૪.૩ મૂળ કથામાં કવિએ કરેલ ફેરફારો અને તેનું ઔચિત્ય
૪.૪ 'ઓખા હરણ'ની પાત્ર સૃષ્ટિ
૪.૫ 'ઓખા હરણ'માં રસવૈવિધ્ય
૪.૬ 'ઓખા હરણ'માં અલંકાર નિરૂપણ
૪.૭ 'ઓખા હરણ'નું છંદોવિધાન
૪.૮ ઉપસંહાર

# પ્રકરણ - ૪
# 'ઓખાહરણ' : સંસ્કૃતિમૂલક ચારણી આખ્યાન

## ૪.૧ ભૂમિકા

'ઓખા હરણ'ની મૂળકથા 'ભાગવત'ના 'દશમ સ્કંધ'ના ઉ ારાર્ધમાં ૬૨ - ૬૩ અધ્યાયમાં નિરુપાયેલી છે. આ સિવાય પણ આ કથા 'શિવ પુરાણ', 'હરિવંશ પુરાણ', 'વિષ્ણુ પુરાણ', 'પદ્મ પુરાણ', ઈત્યાદિ ગ્રંથોમાં પણ જોવા મળે છે. આમ 'ઓખા હરણ'ની આ કથા પ્રાચીન કથા છે. 'ઓખા હરણ'ની આ પ્રાચીન કથાનો આધાર લઈ ગુજરાતીમાં ભાલણ, નાકર, વિષ્ણુદાસ, વીરસિંહ અને પ્રેમાનંદે મધ્યકાળમાં આખ્યાન રચનાઓ આપી છે. આ સંદર્ભમાં આરતી ત્રિવેદીનું આ વિધાન જોવા જેવું છે. 'અનેક કવિઓ દ્વારા આ કથા કહેવાઈ છે. તે ઘટના જ મધ્યકાળમાં ઓખાની કથાની લોકપ્રિયતાની સાહેદી પૂરે છે. મધ્યકાળમાં કેટલાક કવિઓએ 'ઓખા હરણ'ના શીર્ષકથી તો કેટલાકે વળી 'ઉષાહરણ' શીર્ષકથી કાવ્યો રચ્યાં છે.'[૧] આ મૂળકથા અને પુરાણોમાંની કથાનો આધાર લઈ ચારણ કવિ લાંગદાસ મહેડુએ 'ઓખા હરણ' વિ.સં. ૧૭૮૨ માં લખી. અહીં એક બાબત એ નોંધવા જેવી છે કે લાંગીદાસને આ કથા લખવાની ઈચ્છા થઈ. એમણે પોતાની ઈચ્છા પોતાના આશ્રયદાતા કરણજી ઝાલાને કહી સંભળાવી. કરણજીએ બ્રાહ્મણ ગુરુ બાલકૃષ્ણ ભટ્ટને લાંગીદાસની ઈચ્છા વિશે કહ્યું. બાલકૃષ્ણ ભટ્ટે 'ઓખા હરણ'ની પૌરાણિક કથા લાંગીદાસને કહી સંભળાવી. બાલકૃષ્ણે લાંગીદાસને આ કથા 'દશમ સ્કંધ' 'હરિવંશ' કે 'શિવ પુરાણ', ને આધારે કહી હોય એવો સંભવ દર્શાવ્યા પછી સ્વ. ઈ. ર. દવે અને રતુદાન રોહડિયા અહીં પ્રમાણમાં ઓછા પ્રસંગો લીધા છે. તેથી ભાગવત - દશમ સ્કંધને આધારે બાલકૃષ્ણ ભટ્ટે ઓખાહરણની કથાના પ્રસંગો કહ્યા હોય તેવો સંભવ વિશેષ છે.'[૨] એમ કહે છે. પરિણામે લાંગીદાસે ભાગવતમાંની મૂળ કથા અને પુરાણોની કથાઓનો આધાર લઈ 'ઓખા હરણ' લખ્યું એમ કહેવા કરતાં બાલકૃષ્ણ ભટ્ટના મુખેથી કહેવાયેલી આ પુરાણકથાને આધારે શ્રવણ કરી 'ઓખા હરણ' લખ્યું છે. એમ કહેવું વધુ વ્યાજબી અને સાર્થક છે. જુઓ :

*'બાલ ક્રસન ભટ અધ્ધ બધ,*
*અણહુંદુ અપગાર;*
*હું ભાષાં ઉષા હરણ,*
*વરણાવરણ વચાર...'*[૩]

(બુદ્ધિના સાગર રૂપ બાલકૃષ્ણ ભટ્ટનો આ ઉપકાર છે કે જેને કારણે હું આ 'ઓખા હરણ' વર્ણ - અક્ષરનો વિચાર કરીને કહું છું.)

બાલકૃષ્ણ ભટ્ટે કવિને 'ઓખા હરણ' અંગને પૌરાણિક કથા કહી, જેને આધારે કવિએ આ કૃતિની રચના કરી છે. કવિના 'ઓખા હરણ'ની કડી ૧૪-૧૫માં આ પ્રકારનો ઋણ સ્વીકાર કરેલો છે. કવિએ બાલકૃષ્ણ ભટ્ટને 'અદ્ધ બધ' (બૃદ્ધિનો ઉદધિ-બૃદ્ધિસાગર) કહ્યા છે તે ગુરુ પ્રત્યેની ભક્તિભાવના ગણીએ તોપણ પૌરાણિક કથાકાર તરીકે કે સંસ્કૃત સાહિત્યના જ્ઞાતા તરીકે તે પ્રસિદ્ધ હશે તેમ અનુમાની શકાય. અહીં બાલકૃષ્ણ ભટ્ટે માત્ર કથાનો આધાર સંસ્કૃતને આધારે આપ્યો તેમ જ કહ્યું છે. કૃતિની રચનામાં અંતર્ગત અન્ય સહાય કરી તેમ કહ્યું નથી. બાલકૃષ્ણ ભટ્ટે કવિને 'ઓખા હરણ' ના જે પ્રસંગો કહ્યા હશે તે ભાગવતના દશમ સ્કંધ, હરિવંશ કે શિવપુરાણને આધારે કહ્યા હોય. અહીં પ્રમાણમાં ઓછા પ્રસંગો લીધા છે, તેથી ભાગવત-દશમ સ્કંધને આધારે બાલકૃષ્ણ ભટ્ટે ઓખાહરણની કથાના પ્રસંગો કહ્યા હોય તેવો સંભવ વિશેષ છે.

પ્રસ્તુત રચનાના શીર્ષક સંદર્ભે 'ઓખા હરણ'ના સંપાદકોએ અત્યંત રસપ્રદ ચર્ચા કરતાં નોંધ્યું છે કે, 'આ કથા 'ઓખા હરણ' ની કહેવાય છે, પણ ખરેખર અહીં હરણ ઓખાનું થાય છે કે અનિરુદ્ધનું ? ઓખાના કહેવાથી ઓખાની સખી ચિત્રલેખા દ્વારકામાંથી પલંગ પર સૂતેલા અનિરુદ્ધનું આકાશમાર્ગે હરણ કરી જાય છે. (એક પ્રકારનું 'હાઈજેકિંગ'છે.) એટલે વાસ્તવમાં અનિરુદ્ધનું હરણ થાય છે. 'ઓખા હરણ' એટલે ઓખાનું હરણ નહીં, પણ ઓખાએ કરાવેલું કે કરેલું હરણ એમ સમાસ ઘટાવવો પડે. એમ કહી શકાય કે સ્થૂળ રીતે ભલે અનિરુદ્ધનું હરણ થયું. પણ સૂક્ષ્મ રીતે જોઇએ તો ઓખાના ચિ ત્તનું હરણ પહેલાં અનિરુદ્ધે કર્યું, અને તેને પરિણામે અનિરુદ્ધ પર વારી ગયેલી ઓખાને અનિરુદ્ધનું હરણ કરાવવું પડયું. આ દૃષ્ટિએ 'ઓખા હરણ કહી શકાય તેમ છે. ઓખાના ચિ ત્તનું હરણ કરવાનો કોઇ સભાન પ્રયત્ન મિલન પહેલાં અનિરુદ્ધે કર્યો નથી. ઓખાને સ્વપ્ન આવ્યું તેમાં તેનાં લગ્ન અનિરુદ્ધ સાથે થયાં, તેમાં અનિરુદ્ધનો કોઇ દોષ નથી. તેમ

છતાં દલીલ કરી શકાય કે મુગ્ધાના સ્વપ્નમાં પણ પ્રવેશ મેળવી લેવાનું કોઇ યુવક માટે મુનાસિબ ખરું ? એ રીતે કોઇના સ્વપ્નમાં આવી જવું અને વરરાજા તરીકે બેસી જવું તે પણ હરણ જ કહેવાય ને? આ સંબંધમાં કવિ લાંગીદાસનું એક આગવું દૃષ્ટિબિંદુ છે. પંક્તિ ૨૧૮માં કવિએ ‘હરણ કરિ હલેં અ આપ હરી’ એમ કહીને અનિરુદ્ધને બંધન મુક્ત કરી. ઓખા તથા અનિરુદ્ધને રથમાં બેસાડી ભગવાન કૃષ્ણે (ઓખાનું) હરણ કર્યાનું કહ્યું છે. કવિ ઓખાનું હરણ કર્યાનો યશ ભગવાન કૃષ્ણને આપે છે. ઓખાનું હરણ કૃષ્ણનું એક પરાક્રમ હોય તેવી તેની રજૂઆત છે. ‘દશમ સ્કંધ’માં જેટલાં કથાનકો છે તે બધાં ભગવાન કૃષ્ણનાં જ પરાક્રમો છે અને ભગવાન કૃષ્ણની જીવનલીલાનાં વિવિધ પાસાં તેમાં રજૂ થયાં છે. તે રીતે પિતામહ તરીકે પૌત્રના પ્રેમપ્રકરણમાં તેમને મહ વનો ભાગ ભજવવો પડયો, તેની કથા ‘ઓખા હરણ’ માં છે. આજના યુગમાં પણ પ્રેમપ્રકરણમાં પડેલ યુવાન પુત્રને મુશ્કેલીમાંથી ઉગારવા  પિતાએ આડકતરી રીતે ભાગ ભજવવો પડે છે અને છૂપી રીતે લગ્ન ગોઠવી દેવાની યોજના કરવી પડે છે તેમ પૌત્રને સહાય કરવા પિતામહને વચમાં આવીને હરણની પ્રક્રિયા પૂરી કરવી પડે છે, તે અર્થમાં ‘ઓખા હરણ’ કૃષ્ણે કર્યું, તેવી લાંગીદાસની માન્યતા સ્વીકારી શકાય. જેવું પોતાના પૂર્વજે (કૃષ્ણે) ‘રુક્મિણી હરણ’ કર્યું હતું, તેવું આ ‘ઓખા હરણ’ કરવાનો અનિરુદ્ધનો પ્રયત્ન છે. રુક્મિણીની સંમતિ કૃષ્ણને મળી હતી તેમ ઓખાની સંમતિ અનિરુદ્ધને મળેલી છે. બન્ને કિસ્સામાં સંમતિ જ નહિ, પ્રારંભ પણ સ્ત્રીપક્ષેથી જ થયો છે. ‘સીતા હરણ’ કે ‘દ્રૌપદીહરણ’માં જે હરણ થયાં છે તેમાં સ્ત્રીનો વિરોધ છે, અને તે માટે સંગ્રામો થયા છે. હોમરના ‘ઇલિયડ’માં હેલનનું હરણ થયું છે, પણ ત્યાં હરણ થયાનો હેલનને બહુ અફસોસ નથી. આપણા આખ્યાન-સાહિત્યમાં ‘હરણ’ કાવ્યનો એક પ્રકાર છેક સંસ્કૃત સાહિત્યથી ચાલ્યો આવે છે અને મધ્યકાલીન આખ્યાનમાં ફાલેફૂલે છે. આ ‘હરણ’ કાવ્યોમાં કવિને શૃંગાર, વીર અને હાસ્ય રસ બહેલાવવાની ઘણી તક મળે છે, તેથી ‘હરણ’ કાવ્યો સારા પ્રમાણમાં રચાયાં છે. ‘હરણ’ કર્યા બાદ થતાં લગ્નને સ્મૃતિઓએ પણ સ્વીકાર્યા છે; ભલે એને ઉ ׀મ લગ્નપ્રકાર ન ગણતાં રાક્ષસ વિવાહ કહ્યો હોય, પણ આવી ઘટનાઓ વારંવાર બનતી હતી, તેથી સ્મૃતિઓએ પણ લગ્નના ચોકઠામાં તેને બંધ બેસતાં કર્યા વગર છૂટકો ન હતો. પ્રેમપ્રકરણના આ કિસ્સાઓમાં માનવનો મૂળભૂત રંગ ખીલતો હોવાથી કવિઓને પણ કવનવિષય માટે એ અનુકૂળ જણાયેલ છે.’[૪]

અહીં લાંગીદાસે બાલકૃષ્ણ ભટ્ટ દ્વારા ઓખા હરણ (ઉષા હરણ) ના વિગતે કહેવાયેલી કથા વસ્તુની સાભાર નોંધ લીધી છે.

મધ્યકાળમાં અત્યંત લોકાદર પામેલ 'ઓખા હરણ'ના કથાનકને આધારે એ કથાનકનો સુંદર ભાવવાહી વિનિયોગ કરી લાંગીદાસે 'ઓખા હરણ'ની રચના કરી છે. મધ્યકાળમાં ગુજરાતીમાં અને ચારણી સાહિત્યમાં 'ઓખા હરણ'ની આ કથા અનેક કવિઓના હાથે લખાઈ છે. એ સૌમાં લાંગીદાસની આ કથા વિશિષ્ટ અને અનોખી બની રહી છે. એ કાળે ક્ષાત્રસમાજમાં આ કથા અત્યંત લોકપ્રિય બની હતી. સ્વ. ઝવેરચંદ મેઘાણીએ આ સંદર્ભમાં માર્મિક વાત કરી છે. 'રાજ દરબારમાં પ્રેમાનંદનું 'ઓખા હરણ' વાંચવાનું લગભગ નિષિધ ગણાય છે. કેમ કે એમાં શૃંગારનું તત્ત્વ વધારે જોરદાર છે. પણ લાંગીદાસનું 'ઓખા હરણ' અંતઃ પુરોમાં છૂટથી મંડાતું હતું. 'ઓખા હરણ' સાંભળવું હોય તો ગઢવીઓનું સાંભળવું ઓલ્યું નઈ ! એમ દરબારો પોતાની રાણીઓને કહેતા.'[૫] ચારણ સમાજ અને ક્ષત્રિય સમાજના ઊંડા અભ્યાસી  અને લોક સાહિત્ય - ચારણી સાહિત્યના અભ્યાસી સંશોધકના અને ધર્મપ્રીતિનાં દર્શન થાય છે. ક્ષત્રિય સમાજે લાખ પસાવ - કરોડ પસાવથી નવાજેલ ચારણ કવિઓની વાણીમાં સંયમ, સંસ્કારિતા અને સાંસ્કૃતિક અસ્મિતાનાં દર્શન થાય છે.

આપણે ત્યાં ચૈત્ર માસમાં 'ઓખા હરણ'ની કથાનું શ્રવણ હજી આજે પણ થાય છે. મૂળ કથા અને એને આધારે લખેલી અન્ય કવિઓની કથામાં શૃંગારનું પ્રાધાન્ય સવિશેષ છે. આવી કથા રાણીવાસમાં યથાતથ સ્વરૂપમાં રજૂ થાય તો ક્ષત્રિયાણીઓના ચારિત્ર્ય ઘડતરને કદાચ પ્રેરક - પોષક ન બને ! ધર્મ પોષણની સમાંતરે ચારિત્ર્ય ઘડતર પણ અનિવાર્ય રૂપે થતું હોય છે. લાંગીદાસનું 'ઓખા હરણ' ચારિત્ર્ય ઘડતરની વિભાવનાને પ્રેરક - પોષક છે. બીજી રીતે કહીએ તો શૃંગારનિષ્ઠ કથાને મૂલ્ય નિષ્ઠ કથામાં ફેરવી નાખવાની વિરલ તાકાત ચારણ કવિઓમાં છે. એ વાતની 'ઓખા હરણ' ની આ કથા સાહેદી પૂરે છે. આટલી ભૂમિકા પછી 'ઓખા હરણ' નો કથાસાર, એનું મૂળ કથાનક, લાંગીદાસે એમાં કરેલ કાંટ - છાંટ અને કૃતિમાંથી પ્રગટ થતું લાંગીદાસના કવિત્ત્વ વગેરેની વિગતે ચર્ચા કરીએ.

## ૪.૨ 'ઓખા હરણ'નો કથાસાર

'ઓખા હરણ' ૩૩૬ કડીમાં લખાયેલું ચારણી પરંપરાનું આખ્યાન છે. આખ્યાન સામાન્ય રીતે કડવામાં વિભાજિત હોય છે, પરંતુ લાંગીદાસે ચારણી પરંપરા પ્રમાણે એમના 'ગાહા' અને 'પૂર્વ છાઈ દુહા કે દુહા વડે પ્રસંગ પલટા યોજી આ કથા રજૂ કરી છે. એ રીતે મધ્યકાલીન આખ્યાન પરંપરાથી આ કથા જુદી પડે છે. મધ્યકાળમાં લખાયેલાં આખ્યાનોમાં જોવા મળતું વલણ એ દુહાનો સગોત્ર પ્રકાર છે. એમાં ત્રીજા અને ચોથા ચરણમાં અમુક ગૈતિક માત્રાઓને જોડી દેવામાં આવેલી હોય છે.[૬]

લાંગીદાસે ભાગવતમાંની કથા પુરાણોમાંની કથા અને પુરોગામીઓની રચનાઓ તથા બાલકૃષ્ણ ભટ્ટના મુખે સાંભળેલી કથા પરથી પ્રસ્તુત આખ્યાનની પોતાની રીતે રચના કરી છે. એમણે મધ્યકાલીન આખ્યાનકારોની જેમ કાલ્પનિક પ્રસંગોનું ઉમેરણ કર્યું નથી. ઓખાની ઉત્પ િની કથા અને શંકરનું તપ, નારદ મુનિની ઉશ્કેરણી, વરદાન દ્વારા ગણેશ - ઓખાની ઉત્પ િ, ગણપતિનું મસ્તક છેદન, ઓખાનું મીઠાના ઢગલામાં છૂપાઈ જવું - આદિ પ્રસંગો ત્યજી દીધા છે.

લાંગીદાસની આ કથાના મુખ્ય પ્રસંગો આ મુજબ છે.

### *(૧) કૃતિનો આરંભ :*

મધ્યકાલીન આખ્યાન પરંપરામાં આખ્યાનનો પ્રારંભ મંગલાચરણથી થાય છે. મંગલાચરણમાં કવિ એની રચના માટે પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરે છે, પોતે હાથ ધરેલ કાર્ય નિર્વિઘ્ને પૂરું થાય એ માટે વિનંતી કરે છે અને લખવા ધારેલ કૃતિની રચના માટેનાં શક્તિ - સૂઝ - સમજ - સદબુદ્ધિ આપે તે માટે પ્રાર્થના કરતો હોય છે. લાંગીદાસે પોતાની પ્રસ્તુત કડીઓમાં ગણેશ અને સરસ્વતીની વંદના કરી છે. ભક્ત કવિ રૂપે પરમેશ્વરને પ્રાર્થના કરી છે. ભક્તિનો મહિમા ગાયો છે, ભક્તિ કરવાથી જન્મ મરણના ફેરા ટળી જાય છે. ભક્તિ ન કરનાર દુષ્કર્મોમાં ફસાય છે. એ પછી કવિ ભક્તિ કરનારા ચુમોજી ચારણ, ઈસરદાન, નરસિંહ મહેતા, પરીક્ષિત ધ્રુવ, પ્રહલાદ, નામદેવ વગેરે ભક્તિ થકી તરી ગયેલા સંતોને યાદ કરે છે. આટલી ભૂમિકા પછી કર્ણ સમાન દાનેશ્વરી પોતાના આશ્રયદાતા કરણજી ઝાલા તથા એમના થકી પ્રાપ્ત થયેલા અને ઓખાહરણની કથાનું

શ્રવણ કરનાર ગોરખ જેવા જ્ઞાની બાલકૃષ્ણ ભટ્ટના ઋણનો સ્વીકાર કરે છે. અહીં કવિની ભક્તિ ભાવના સાથે ચારણ સમાજની વિનમ્રતાનાં દર્શન થાય છે.

'ઓખા હરણ'ની આ રચના માટે તો પોતે નિમિત્ત માત્ર છે. એનાં ખરાં રચનારાં તો મા ભગવતી શારદા જ છે એમ કહે છે.

*સારદા વદિઆ સમપિ સકલંબરી સમતિ,*
*મણાં હુઈ મૂ સારમતિ સરજણહાર*[૭]

(હે શારદા ! મને વિદ્યા આપો. હે શ્વેતાંબરી મને સદ્‌બુદ્ધિ આપો. હું મારી મતિ પ્રમાણે ગ્રંથ કહીશ. બાકી ગ્રંથનાં સાચાં રચનારાં તો દેવી સરસ્વતી છે.)

ચારણી સાહિત્યમાં લાંગીદાસ ભક્ત કવિ તરીકે જાણીતા છે. 'ઓખા હરણ'ની પ્રસ્તુત કથા એમને માટે તો સાધન છે, એ દ્વારા એમનું સાધ્ય તો પરમતત્ત્વની આરાધનાનું છે. પ્રભુ ભક્તિ દ્વારા જ આવા - ગમનના ફેરા ટળે છે. પ્રભુ સ્મરણ કરનારા, પ્રભુના ચરણોમાં સ્થાન પામનારોને ફરીથી જન્મ ધારણ કરવો પડતો નથી એ વાતની એમને ખાતરી છે. એથી જ પોતાની આ અંતરભાવનાને વ્યક્ત કરતાં કહે છે :

*પગ સાજે અપરમપર જગવિહ આવિ જોએ,*
*લખ ચુરાસી લાંગડિ, આવાગમણ ન હોએ*[૮] ...૧૦

(જગત વચ્ચે આવીને જોતાં પરમેશ્વરનાં ચરણોરૂપ સાધન વડે ઓ લાંગીદાસ ! ચોરાશી લાખ યોનિઓમાં પુનઃ આવાગમન થવાનું રહેતું નથી.)

આ રીતે આરંભની સોળ કડીઓમાં કવિએ મંગલાચરણ ભક્તિનો મહિમા ભક્તોના ઉલ્લેખો વગેરે રજૂ કરીને કથા માટેની ઉચિત ભૂમિકા બાંધી છે.

### ❀ ***સંવાદથી કથારંભ :***

મંગલા ચરણ પછી તુરત જ કથારંભ થાય છે. કથારંભ શુકદેવમુનિ અને પરીક્ષિત રાજાના સંવાદથી આરંભાય છે. પરીક્ષિત શુકદેવજીને પ્રશ્ન કરે છે કે શિવજી અને કૃષ્ણનો સંગ્રામ શા કારણે થયો તે આપ મને કહો. (' હરિ હર કમ ભારથ હઉ') પરીક્ષિતના પ્રશ્નનાં ઉ ારમાં શુકદેવજી એમને 'ઓખા હરણ'ની કથા ખૂબ ભક્તિભાવપૂર્વક કહી સંભળાવે છે.

બાણાસુરના દાદા બલિદાનવ અત્યંત પરાક્રમી અને ત્રિલોક વિજેતા હતા. ત્રિલોક વિજયી બન્યા પછી શોણિતપુર નગરીના રાજા બલિદાનવે નવસો નવાણું યજ્ઞો કર્યા. યજ્ઞોની સાથે દાનનો પ્રવાહ વહેવડાવ્યો. આવનાર કોઈપણ યાચક કયારેય બલિ દાનવને ત્યાંથી ખાલી હાથે કદી પાછો ફરતો નહિ. ભગવાન વિષ્ણુ વામનરૂપે યાચક બની બલિદાનવને ત્યાં આવ્યા. શુક્રાચાર્યે બલિદાનવને આ અંગે ચેતવ્યો છતાં બલિદાનવે વામન સ્વરૂપે આવેલા. વિષ્ણુને સર્વસ્વનું દાન કરી દીધું :

*' નાઉ મટે બીલી રાઉ રિ નાવિઉ,*
*વામણ નાથના હાથ ઓડાવિઉ;*
*જેણ દીધી દ i રેણ સિ જાચિઆં,*
*કીજીઇ મીઢ સો ઈઢ નાવિ કિઆં... '*[૯]

(બલિરાજાના મુખે કયારેય ન કાર વાચક શબ્દ આવ્યો નહિ. એણે વામન રૂપ જગતનાથને પોતાની સમક્ષ હાથ લંબાવતા કર્યા. યાચવા માત્રથી જેણે સમસ્ત પૃથ્વી દાનમાં આપી દીધી. એની જોડ માટે પ્રયત્ન કરીએ પરંતુ કયાંય એની બરોબરી નજરે આવે નહિ)

અનન્ય દાતા બલિદાનવનો પુત્ર વિરોચનની જેમ પ્રતાપી રાજવી હતો. એ વિરોચનનો પુત્ર બાણાસુર તો પિતા કરતાં ય સવાયો શૂરવીર હતો. એણે શોણિતપુરની ગાદી સંભાળી. ગાદી સંભાળ્યા પછી તેણે ઉગ્ર તપશ્ચર્યા કરી શિવજીને પ્રસન્ન કર્યા. પ્રસન્ન થયેલા શિવજીએ વરદાન માગવાનું કહેતાં બાણાસુરે કહ્યું :

*' વંદ ગંગાધર એહ માગા વરં,*
*કાઈમ મૂઝ હજાર દીજિ કરં;*
*જોર હેકં કરં સાહસં કૂંજરં,*
*સાર સાહે સકિ કોને માહેસર... '*[૧૦]

(હે ગંગાજીને ધારણ કરનારા ! મને હજાર હાથ આપો. એવું વરદાન વંદન કરીને માંગુ છું. એક એક હાથમાં હજાર હજાર હાથીઓનું બળ હોય. હે મહેશ્વર ! કોઈ મારી સામે શસ્ત્ર ગ્રહણ ન કરી શકે )

### ❀ *વરદાન પ્રાપ્તિથી બાણાસુર ત્રિલોક વિજેતા બન્યો :*

હજાર હાથ અને એક એક હાથમાં હજાર હાથીનું બળ પ્રાપ્ત કરનાર બાણાસુરે ત્રિલોકનું રાજ્ય મેળવી લીધું. દેવો - દાનવો અને માનવોમાંથી કોઇ એની સામે યુદ્ધ કરવા સમર્થ ન બન્યો. યુદ્ધ માટે સમોવડિયો મહારથી ન મળતાં બાણાસુર નિરાશ થયો. યુદ્ધ કરવાની ઇચ્છાવાળો તે પુનઃ શિવજી પાસે ગયો. શિવજીને પ્રસન્ન કરવા માટે તેણે નૃત્ય આરંભ્યું. દેવો દાનવો, માનવો બાણાસુરના એ નૃત્યને જોવા લાગ્યા. નૃત્યથી શિવજી પ્રસન્ન થયા અને પ્રસન્ન થયેલા શિવજીએ બાણાસુરને વરદાન માગવા કહ્યું :

*‘ કાઈમ ભજા કળંત, જધ કાજિ હે જલંત,*
*કીજીએ એવહુ કોએ, સભ્ભહુ લડંત સોએ... ’*[૧૧]

(હે અવિનાશ ! મારી ભુજાઓ સળવળે છે. સંગ્રામ કરવા માટે કાયા તડપે છે. કોઇ એવો નર આપો કે જે મારી સામે યુદ્ધ કરે)

બાણાસુરની આ માગણીથી શિવજી નારાજ થાય છે. તે બાણાસુરને બીજું કંઇ માગવા સમજાવે છે. પરંતુ કમનસીબે બાણાસુર શિવજીની વાત સમજી - સ્વીકારી શકતો નથી. પરિણામે શિવજી તથાસ્તુ - તારી ઇચ્છા મુજબ થશે એમ કહે છે. પોતાની વાતના સમર્થનમાં એંધાણ રૂપે શિવજી બાણાસુરને એક ધ્વજ આપે છે અને કહે છે કે આ ધ્વજનું પતન થાય ત્યારે માનજે કે તને મનવાંછિત યુદ્ધ આપનારો મળનાર છે. શિવજીના વરદાનથી પ્રસન્ન થયેલો બાણાસુર શોણિતપુરમાં પાછો ફરે છે.

### ❀ *ઓખાનો એકદંડિયા મહેલમાં વાસ અને અનિરુદ્ધ સાથે લગ્ન :*

બાણાસુરની પુત્રી ઓખા યુવાવસ્થામાં આવે છે. ઓખા એની સખીઓ સાથે ગૌરીવ્રત રહે છે. ગૌરી વ્રત નિમિ ો સખીઓ સાથે તે પૂજનાર્થે મંદિરે જાય છે. ઓખાની પ્રાર્થનાથી પાર્વતી પ્રસન્ન થાય છે. પ્રસન્ન થયેલાં પાર્વતી ઓખાને વરદાન માગવા કહે છે. શરમની મારી ઓખા મૌન રહે છે. પાર્વતીજી ઓખાના મનની ઇચ્છા જાણી વરદાન આપે છે.

*સમઝી પારબતી, સતી, જપિ ઇમ જગમાઇ;*
*તૂ ભાળી સપનંતરિ, તુ વર વરિ તકાઇ... ’*[૧૨]

(સતી પાર્વતી ઓખાના મનની વાત પામી ગયાં, અને જગદંબાએ એમ કહ્યું : 'તું સ્વપ્નામાં જેને જોઇશ તે વરને તું વરીશ એમ જાણજે.)

પાર્વતીજીના મુખે વરદાનની વાત સુણી ઓખા શૂન્યમનસ્ક થઇ ગઇ ઓખાની સખીઓએ તેને ફરીથી વરદાન માગવા સમજાવી, પરંતુ ઓખા તો કહે : 'મારા માટે આ વરદાન જ અભિશાપ જેવું થઇ ગયું છે.' ઓખાએ હવે કોઇ પુરુષનું મુખ ન જોવાનું વ્રત લીધું. સખીઓ સાથે તે ઘેર આવી. ઓખાના વ્રતની વાત જાણી સૌ ચિંતાતુર બની ગયાં. ઓખાની માતા, કાકી અને અન્ય સખીઓએ ઓખાને આવું કઠિન વ્રત ન લેવા સમજાવી. ઓખાએ કોઇની વાત કાને ધરી નહિ. એ પછી સૌ એ સાથે મળીને ઓખાને શુભાશિષ આપી.

વ્રત પાલન માટે ઓખાએ એકદંડિયા મહેલમાં રહેવાની ઇચ્છા પ્રગટ કરી. બાણાસુરે પુત્રીની ઇચ્છાનુસાર તેને એકદંડિયા મહેલમાં રહેવાની વ્યવસ્થા કરી. એકદંડિયા મહેલમાં ઓખા સાથે એની સખી ચિત્રલેખા રહેવા લાગી. એકદંડિયા મહેલ ફરતે સ્ત્રીઓનો ચોકી - પહેરો ગોઠવ્યો. પુરુષ તો શું પણ પંખી યે એ મહેલમાં પ્રવેશી ન શકે એવી કડક વ્યવસ્થા ગોઠવાઇ.

એકદંડિયા મહેલમાં રહેતી ઓખાએ એક દિવસ સ્વપ્નમાં એક પુરુષને જોયો અને સ્વપ્નમાં જ તે તે પુરુષને પરણી, જાગી ત્યારે સ્વપ્નમાંના પુરુષની વેદનામાં તડપવા લાગી. ચિત્રલેખાને વાત કરી. ચિત્રલેખાએ સમગ્ર સૃષ્ટિનું ચિત્ર દોર્યું. અનિરુદ્ધનું દોરાયેલું ચિત્ર જોતાં જ ઓખા તે સ્વપ્ન પુરુષને ઓળખી જાય છે. ચિત્રલેખા કહે એ કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધ છે. તું કહે તો એને હું લઇ આવું કેમ કે એ મારે માટે સાધ્ય છે. (એ અછિ સાધિ મોરિ') ઓખા એને લઇ આવવા કહે છે. ચિત્રલેખા જાય છે, પણ દ્વારિકા નગરીનું રક્ષણ કરતું કૃષ્ણનું સુદર્શન ચક્ર ફરી રહી હતું. અંતરિક્ષ માર્ગે ફરતી ચિત્રલેખા ગોમતીમાં સ્નાન કરતા નારદજીને જુએ છે. તેમની પાસે જઇ લળી લળીને પાય લાગે છે. પ્રસન્ન થયેલા નારદ વચન માગવા કહે છે ત્યારે ચિત્રલેખા 'સુદર્શન ચક્રનો ભય મટે' એવું માગે છે. ('મટિ ચક્ર ચો ડર એહ માંગા') નારદની સહાયથી ચિત્રલેખા અનિરુદ્ધનું હરણ કરે છે અને તેને ઓખા પાસે લઇ આવે છે. ઘડિયાં લગ્ન લઇ ચિત્રલેખા ઓખાને અનિરુદ્ધ સાથે પરણાવે છે. ઓખા અને અનિરુદ્ધનાં લગ્ન થતાં જ બાણાસુરને શિવજીએ આપેલી ધ્વજાનું પતન થયું. ('પડી તેણ સમિ ઘજા દીહ પ્રભં')

### ❀ *બાણાસુર - અનિરુદ્ધનું યુદ્ધ :*

શિવજીએ આપેલી ધજાનું પતન થતાં જ બાણાસુરને ખ્યાલ આવી ગયો અને તે યુદ્ધ માટે સજ્જ થયો. બીજી બાજુ કોઇ દૂતે આવીને, એકદંડિયા મહેલમાં કોઇ પુરુષ પ્રવેશ્યાની વાત કરી. ક્રોધિત થયેલો બાણાસુર સૈન્ય લઇ એકદંડિયા મહેલ પર ચડી આવે છે. અનિરુદ્ધ તો નિઃશસ્ત્ર હતો, પણ ભોગળ લઇ વીરતાપૂર્વક સામે ધસ્યો. ભોગળ લઇ લડતા અનિરુદ્ધનું કવિએ એક જ પંક્તિમાં સ્પષ્ટ રેખ સજીવ ચિત્ર આપ્યું છે.

*' અસુ ફેરવિ ભોગલં આરિં પારં,*
*કરિ લોહ તંન, તંન લોહ કારં... '*[૧૩]

(ચારેય બાજુ ભોગળ ફેરવતા તેણે શસ્ત્રો શરીર મય અને શરીર શસ્ત્રોમય કરી દીધાં.)

અપૂર્વ શૌર્ય દાખવતા અનિરુદ્ધનું નખશિખ સુંદર વર્ણન લાંગીદાસની કવિત્વ શક્તિનું ઉ ।મ ઉદાહરણ છે.

બાણાસુર અનિરુદ્ધ સામે નાગપાશનો ઉપયોગ કરે છે. નાગપાશ વડે તે અનિરુદ્ધને બાંધે છે અને કેદ કરે છે.

### ❀ *બાણાસુર - કૃષ્ણનું યુદ્ધ :*

દ્વારિકામાં અનિરુદ્ધ ગુમ થતાં યાદવોએ એની શોધખોળ આદરી પરન્તુ અનિરુદ્ધ વિશેના કોઇ સમાચાર તેમને પ્રાપ્ત થયા નહિ. આમ કરતાં ચારેક માસ વીતી ગયા. એવામાં નારદ મુનિ દ્વારિકા આવ્યા. નારદે અનિરુદ્ધને બાણાસુરે કેદ કર્યો છે. એવા સમાચાર આપ્યા. કૃષ્ણ, બળરામ અને યાદવ સૈન્ય શોણિતપુર પહોંચ્યું બાણાસુરે યુદ્ધ આરંભ્યું, કૃષ્ણ અને બાણાસુર વચ્ચે ભયાનક યુદ્ધ થયું, અંતે કૃષ્ણે સુદર્શન ચક્ર વડે બાણાસુરના હજાર હાથ કાપી નાખ્યા અને તેને ઢાળી દીધો :

*'અણ ગાલ લગે ચક્ર કાલ અરં,*
*કેરિઆ ઢગ મારિ હજાર કરં;*
*સર પાઉ રિઆ બલિ રાઉ સતં,*
*કરિ ઢાઉ દિઆ હરિ ધાઉ ક્રતં... '*[૧૪]

(બાણાસુર પર શત્રુઓના કાળરૂપી ચક્રનો પ્રહાર થયો અને તેના હજાર હાથ કાપી ઢગલો કરી દીધો. વિરોચનપુત્રનાં શીશ અને પગ જ બાકી રહ્યા ઘા કરી કૃષ્ણ બાણાસુરને ઢાળી દીધો.)

બાણાસુરની માતાની પ્રાર્થના અને વારંવારની કરુણાજનક વિનંતીથી કૃષ્ણે બાણાસુરને જીવતો જવા દીધો.

### ❀ *બાણાસુરની વહારે શિવજીનું ચઢવું, પરિણામે શિવ - કૃષ્ણનું યુદ્ધ :*

કૃષ્ણથી પરાભવ પામેલો બાણાસુર શિવજીને શરણે ગયો. અનેકવાર વિનંતી કરી શિવજીને પ્રસન્ન કર્યા. પ્રસન્ન થયેલા શિવજી બાણાસુરની વહારે ચડી કૃષ્ણ સાથે યુદ્ધમાં ઊતર્યા. બંને વચ્ચે ભયંકર યુદ્ધ શરૂ થયું. કૃષ્ણે શિવજીનો મુકાબલો કરી તેમને મોહબાણ થકી ઘાયલ કર્યા. આને પરિણામે શિવજીએ જ્વરનું સર્જન કર્યું. કૃષ્ણે પણ શિવજી સામે જ્વર છોડયો. પરિણામે ત્રિલોક હાલક - ડોલક થવા માંડયું. બ્રહ્માજી અને દેવો સાથે મળી સમરાંગણમાં આવ્યા. બધા દેવો સહિત બ્રહ્માજીએ કૃષ્ણ અને શિવજીને શાંત પાડયા. અંતે સમાધાન થયું.

એ પછી શિવજીએ કૃષ્ણને વિનંતી કરી કે હે પ્રભુ ! બાણાસુરને હાથ આપો કે જેથી એ કન્યાદાન કરી શકે. કૃષ્ણે બાણાસુરને ચતુર્ભૂજ બનાવ્યો. ઓખા - અનિરુદ્ધનાં લગ્ન લેવાયાં અને ચતુર્ભૂજ બનેલા બાણાસુરે કન્યાદાન દીધું.

એ પછી દુહા ૩૨૬ થી દુહા ૩૩૬ એમ અગિયારેક દુહાઓમાં ભગવાનનાં જુદાં જુદાં સ્વરૂપોને નમન કર્યા છે. ૩૩૧મા દુહામાં કવિ, કૃષ્ણ અને શિવ (હરી હર) સો કોઈની આશા - કોડ પૂરા કરે એવા આશીર્વાદ ફલશ્રુતિરૂપે આપે છે.

'ઓખા હરણ'ની ફલશ્રુતિ સંદર્ભે વિદ્વાન સંપાદકોએ નોંધ્યું છે કે : 'આપણી પૌરાણિક કૃતિઓમાં ફલશ્રુતિનો ઉલ્લેખ થયા વગર રહેતો નથી. 'સુદામાચરિત' વાંચો કે સાંભળો તો દારિદ્રય ન આવે, તેવી રીતે 'ઓખા હરણ' ની ફલશ્રુતિ પણ આપવામાં આવે છે.'ઓખા હરણ' માં શિવ-કૃષ્ણ (વિષ્ણુ) વચ્ચેના સંગ્રામમાં જ્વરયુદ્ધ આવે છે, તેથી 'ઓખા હરણ' વાંચે તેને જ્વરપીડા ન થાય તેવી ફલશ્રુતિ આપવામાં આવે છે. ૨૮૪ મી કડીમાં લાંગીદાસે 'ઓખા હરણ'ના શ્રોતાઓને જ્વર-મુક્તિ આપી દીધી છે. જો કે લાંગીદાસે એક શરત મૂકી છેઃ 'ઓખા હરણ' એક વાર નહીં પણ સાત વાર વાચવાનું કહ્યું

છે. સામાન્ય રીતે ફલશ્રુતિ ગ્રંથના આરંભ કે અંતમાં આવે, પણ લાંગીદાસે જવરના શસ્ત્ર તરીકેના ઉપયોગનો પ્રસંગ પૂરો થાય છે ત્યાં આ ફલશ્રુતિ કથા પ્રવાહ અંતર્ગત આપી છે. કથાની સમાપ્તિ (કડી ૩૩૪ માં એક સામાન્ય ફલશ્રુતિ પણ લાંગીદાસે આપી છે કે આ કથા કહેનાર અને સાંભળનારનાં પાપ નષ્ટ થશે. એ સામાન્ય રૂપની ફલશ્રુતિ છે, વિશિષ્ટ રૂપની ફલશ્રુતિ જવર-મુક્તિ છે. કૃતિના આરંભે (કડી ૧૦) કવિએ શ્રદ્ધા વ્યક્ત કરી છે કે પરમેશ્વરનાં ચરણ ગ્રહવાથી ચોરાશી લાખ યોનિના ફેરા-આવાગમનના ફેરા રહેતા નથી.[૧૫]

'ઓખા હરણ' કૃતિનો કથાસાર જોયા પછી લાંગીદાસે મૂળકથામાં કરેલા ફેરફારો અને તેના ઔચિત્યની આપણે સંક્ષેપમાં તપાસ કરીએ.

## ૪.૩ મૂળ કથામાં કવિએ કરેલ ફેરફારો અને તેનું ઔચિત્ય

લાંગીદાસ ચારણી પરંપરાના સર્જક છે. એમની 'ઓખા હરણ' રચના ચારણી પરંપરાની ઢબે રચાયેલી છે. આ કથાનું મૂળ ભાગવતના 'દશમ સ્કંધ' માં અને 'હરિવંશ પુરાણ', 'વિષ્ણુ પુરાણ', 'શિવ પુરાણ', આદિમાં મળે છે. પરંતુ લાંગીદાસે તો આ રચના બાલકૃષ્ણ ભટ્ટના મુખેથી સાંભળીને લખી છે. ભાગવત, શિવપુરાણ, હરિવંશ,વિષ્ણુ પુરાણ, પદ્મ પુરાણ, બ્રહ્મ પુરાણ વગેરેમાં આ કથાનાં મૂળ રહ્યાં છે. ભાગવતમાં એ ભગવાન કૃષ્ણના એક પરાક્રમની ઉપકથા માત્ર છે. 'શિવ પુરાણ'માં શિવના મહિમા તરીકે આ કથા આલેખાઇ છે. 'હરિવંશ'માં આ કથા વધારે વિસ્તારથી મળે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જનાર્દન, નાકર,વિષ્ણુદાસ આદિ અનેક કવિઓએ આ વિશે આખ્યાનો રચ્યાં છે અને કૈંક ઉમેરો દરેકે પોતાની દ્રષ્ટિ મુજબ કર્યા છે. આ કથામાં વધારેમાં વધારે રસસ્થાનો વિકસાવનાર કવિ પ્રેમાનંદ છે.

લાંગીદાસનું 'ઓખા હરણ' સં.૧૭૮૨ માં અને પ્રેમાનંદનું 'ઓખા હરણ' સં.૧૭૨૩ આસપાસ રચાયું છે. પ્રેમાનંદનું 'ઓખા હરણ' જોયું હોય તેમ લાગતું નથી કારણકે જો જોયું હોત તો અમુક રસસ્થાનોને સ્પર્શવાનું તેને જરૂર ગમત. પ્રેમાનંદ અને લાંગીદાસ વચ્ચે બહુ અંતર નથી, એટલે પ્રેમાનંદની કૃતિ તેના જોવામાં ન આવી હોય તેમ માની શકાય, તેમ છતાં પ્રેમાનંદના પુરોમાંગીઓ જનાર્દન, નાકર વિષ્ણુદાસ, હીરાસુત કહાન, નરસિંહ નવલ, માધવદાસ આદિ કોઇનું પણ 'ઓખા હરણ' લાંગીદાસે જોયું

જણાતું નથી. 'બાલકૃષ્ણ ભટ્ટે કવિને ઓખા હરણ અંગેની પૌરાણિક કથા કહી જેને આધારે કવિએ આ કૃતિની રચના કરી છે.'[૧૬]

કૃતિનો આરંભ લાંગીદાસે ગણપતિ અને સરસ્વતીના સ્તવનથી કર્યો છે, જે મૂળ કથામાં નથી. લાંગીદાસે ભક્તિનો મહિમા ગાયો છે અને રામ, ચૂમાજી, ગોદડજી, ઈસરદાસ, નરસિંહ, ધ્રુવ, પ્રહલાદ, નામદેવ આદિ ભકતોને યાદ કર્યો છે. આ પ્રકારનું નિરુપણ પણ મૂળકથામાં કયાંય જોવા મળતું નથી. કવિનું આ મૌલિક ઉમેરણ છે. જે દ્વારા કવિએ ભક્તોને યાદ કરી ભક્તિનો મહિમા રજૂ કર્યો છે.

કવિએ ઓખાહરણની આ કથા લખવાની એમની ઈચ્છા એમના આશ્રયદાતા રાજવી કરણજીને કરેલી. રાય કરણજીએ એની વ્યવસ્થા કરી આપી. પોતાને આવી વ્યવસ્થા કરી આપનાર રાય કરણજી અને કથા સંભળાવનાર બાલકૃષ્ણ ભટ્ટ તરફની અહેસાનની લાગણી સહજ રૂપમાં અહીં વ્યક્ત કરી છે, જે મૂળમાં ન હોય તે સમજી શકાય તેવી બાબત છે.

ઓખાની ઉત્પ઼ાિની કથા મૂળમાં આપવામાં આવી છે. લાંગીદાસે ઓખાની ઉત્પ઼ાિની કથા અને તેની સાથે શંકરનું તપ, નારદની ચડવણી, ગણેશની ઉત્પ઼ાિ, ગણેશનું મસ્તક છેદન, ઓખાનું મીઠાના ઢગલામાં સંતાઈ જવું - ઈત્યાદિ પ્રસંગોનું નિરુપણ કરવાનું પણ છોડી દીધું છે.

બાણાસુર આ કથાનું મુખ્ય અને ચાલકબળ છે. મૂળકથામાં એનું નિરુપણ અસુર સ્વરૂપે થયું છે. લાંગીદાસ બાણાસુરને ધર્મવીર, કર્મવીર અને પ્રતાપી વ્યક્તિ તરીકે રજૂ કરે છે. બાણાસુરનું અન્ય રાજાઓ સાથેનું યુદ્ધ લાંગીદાસનું ઉમેરણ છે. એ પછી શિવ પાસે જઈ બાણાસુર એમને પ્રસન્ન કરી પોતાને સમોવડિયો યોદ્ધો મળી રહે એવું વરદાન પ્રાપ્ત કરે છે તે પણ લાંગીદાસનું નિજી ઉમેરણ છે. પ્રસન્ન થયેલા શિવજી બાણાસુરને સમોવડિયો યોદ્ધો પ્રગટ થયાની નિશાની રૂપે એક ધ્વજ આપે છે અને કહે છે કે આ ધ્વજનું પતન થતાં તારે સમજવું કે તારો સમોવડિયો યોદ્ધો પેદા થયો છે. આ પ્રસંગને અન્ય કવિઓએ માત્ર સંકેત સ્વરૂપે રજૂ કર્યો છે. લાંગીદાસે તેનું પોતાની રીતે નિરુપણ કર્યું છે.

મૂળ કથામાં ઓખાના અલુણાવ્રતની વાતનું નિરુપણ છે. લાંગીદાસે અલુણાવ્રતની વાત છોડી દીધી છે. ઓખા સહજરૂપે સરળતાથી પાર્વતીજી પાસે વરદાન માગે છે. જ્યારે અન્ય કવિઓએ ઓખાને પાર્વતીજી પાસે ભરથાર - પ્રાપ્તિની ઈચ્છા દર્શાવતી રજૂ કરી છે.

લાંગીદાસની ઓખા પાર્વતી સમક્ષ ભરથાર અંગે કશું બોલતી નથી આ અંગેનો એક એવો ખુલાસો 'ઓખા હરણ'ના સંપાદકો સ્વ. ઇ. ર. દવે અને રતુદાન રોહડિયાએ રજૂ કર્યો છે. કે લાંગીદાસે આ ઓખાહરણ 'ક્ષાત્રવર્ગ' માટે રચ્યું છે. તેમાં મધ્યકાલીન ક્ષત્રિય રાજકુળોના આચાર મર્યાદાશીલતાનું પ્રતિબિંબ ઓખા પર પડે એ સ્વાભાવિક છે.'[૧૭]

લાંગીદાસે ઓખાની વ્રત ઘટનાના આલેખનમાં અને તેના પાત્ર નિરુપણમાં કેટલાક મહ વના ફેરફારો કર્યા છે. ઓખા પુરુષનું મુખ ન જોવાનું વ્રત લે છે અને તે માટે તે પોતે જ એકદંડિયા મહેલમાં રહેવાનું પસંદ કરે છે, જ્યારે અન્ય કથાઓમાં ઓખા પુરુષનું મુખ ન જોઇ શકે તે માટે બાણાસુર એકદંડિયા મહેલમાં તેને રાખે છે કેમ કે ઓખા સાથે લગ્ન કરનાર પોતાનો ઘાતક થશે એવો તને ભય હતો. ઓખાના પાત્ર ચિત્રણમાં આ મહ વનો ફેરફાર પણ એ વખતના ક્ષાત્ર સમાજને નજર સમક્ષ રાખીને લાંગીદાસે કર્યો હશે એવું લાગે છે.

યુદ્ધ માટેની પૂર્વ તૈયારી તેમજ રણસંગ્રામમમાં ખેલાતાં યુદ્ધોનાં તાદશ વર્ણનો લાંગીદાસનું નિજી ઉમેરણ છે. મૂળકથામાં કે અન્ય કોઇ કવિની રચનામાં આ પ્રકારનું નિરુપણ નથી. 'ઓખા હરણ'ની આ કથાને પ્રણયકથા કરતાં શૌર્યકથા બનાવવા તરફનું કવિનું વલણ તરી આવે છે.

યુદ્ધની તૈયારીનાં તેમજ રણસંગ્રામમમાં ખેલાતાં યુદ્ધોનાં તાદશ વર્ણનો એ લાંગીદાસનો વિશિષ્ટ ઉમેરો છે. જ્યાં યુદ્ધની ઘટનાઓ છે ત્યાં લાંગીદાસે વીરરસ-ભરી બાનીથી તેને બહેલાવી છે. પ્રેમકથાને બદલે શૌર્યકથા આલેખવા તરફ તેનું વલણ વધારે છે. શૂરવીરોનાં વર્ણનોને પણ એણે વિસ્તર્યાં છે, બહેલાવ્યાં છે. અનિરુદ્ધનું ચિત્ર ચિત્રલેખાએ આલેખ્યું છે, તે લઇને ઓખા એને છાતી સાથે ચાંપે છે, અને 'વળગ્યાંમાં કાગળ ફાટે' એમ ચિત્રલેખા કહે છે તેવા પ્રકારના ઉન્મ । શૃંગારનું આલેખન લાંગીદાસમાં નથી.[૧૮] ઉષાના સૌંદર્યને જોઇને ખુદ શંકર મોહિત થયા અને પાર્વતીને ઈર્ષા થઇ-એવી તરંગમય ઘટનાઓ કલ્પવા સુધી અમુક આખ્યાન કારો ગયા છે, તેવું લાંગીદાસમાં ક્યાંય નથી. પૌરાણિક પાત્રોનું-અને ખાસ કરીને શિવ અને કૃષ્ણ જેવા ઈષ્ટદેવોનું-ગૌરવ એણે ક્યાંય ખંડિત થવા દીધું નથી. કલહપ્રિય નારદને તે થોડા વિનોદથી પેશ કરે છે, પણ તે થોડા સમય માટે જ. વળી, નારદની એ પ્રકારની પ્રતિષ્ઠા મુલ્કમશહૂર છે, તેમ છતાં નારદના પાત્રને એણે બહુ વિકસાવ્યું નથી.

સ્વપ્નમાંના પુરુષના પ્રેમમાં પડેલી અને તેને સ્વપ્નમાં જ પરણી ચૂકેલી પોતાની સખી ઓખા માટે અનિરુદ્ધનું હરણ કરવા ચિત્રલેખા દ્વારિકા જાય છે. દ્વારિકાનું રક્ષણ કરતું શ્રી કૃષ્ણનું સુદર્શન ચક્ર ફરી રહ્યું છે. સુદર્શન ચક્રનો ભય મટે એવો મંત્ર ચિત્રલેખાને નારદ આપે છે, અને અનિરુદ્ધ - હરણમાં નારદ સહાય રૂપ બને છે એવું લાંગીદાસનું નિરુપણ પણ એમને મૂળકથા અને અન્ય કવિઓ કરતાં જુદા પાડે છે.

અલબ ા, અનિરુદ્ધના સ્વપ્નનો પ્રસંગ અને તજ્જન્ય શૃંગાર - વર્ણનો પણ કવિએ છોડી દીધાં છે. શ્રી કૃષ્ણ અને શિવજી વચ્ચેના યુદ્ધવર્ણનમાં પણ કવિએ કયાંય કૃષ્ણ કે શિવના ગૌરવનો ભંગ કે હાનિ થાય એવું નિરુપણ કર્યું નથી. બંને વચ્ચેનું જવરયુદ્ધ પરંપરાગત કોટિનું છે. શ્રી કૃષ્ણની સ્તુતિ નિમિ ો કવિએ કૃષ્ણના દશાવતારનું નિરુપણ કરી એમની સ્તુતિ ગાઈ છે. બ્રહ્માની સ્તુતિ વિસ્તારથી રજૂ કરી ઉત્કટ ભક્તિનો મહિમા કવિએ ગાયો છે, જે લાંગીદાસનું નિજી ઉમેરણ છે.

યુદ્ધમાં શ્રી કૃષ્ણ બાણાસુરના હજારો હાથો, સુદર્શન ચક્ર વડે છેદન કરી કાપી નાખે છે અને તેને હાથ વગરનો બનાવી મૂકે છે. હાથ વિનાનો બાણાસુર પુત્રી ઓખાનું કન્યાદાન કેવી રીતે કરી શકે ? આથી શિવ બાણાસુરને એના હાથ પાછા આપવાની વાત યુક્તિ પૂર્વક રજૂ કરે છે. શિવ શ્રી કૃષ્ણને કહે છે કે ઓખા - અનિરુદ્ધનાં લગ્ન થશે અને એમાં બાણાસુર જ કન્યાદાન આપશે,પરંતુ હાથ વગરનો બાણાસુર કન્યાદાન કરે તો તે શાસ્ત્રોક્ત કહેવાય - ગણાય નહિ. આ માટે જરૂરી એવા હાથ બાણાસુરને આપવાની વાત શિવ કહે છે અને શ્રી કૃષ્ણ એના જવાબમાં બાણાસુરને ચતુર્ભૂજ બનાવે છે. અહીં લાંગીદાસે શાસ્ત્રોક્ત લગ્નવિધિની ક્રિયા સાથે બાણાસુરને ચતુર્ભૂજ બનાવ્યાની ઘટના જોડી દીધી છે, જે અન્યત્ર કયાંય જોવા મળતી નથી.[૧૯]

પ્રસ્તુત નિરુપણ સંદર્ભે ઓખા હરણના સંપાદકોએ નોંધ્યું છે કે, ‘‘ લાંગીદાસ મહેડુ કૃત ‘ઓખા હરણ’ ચારણી પરંપરાનું આખ્યાન છે. મધ્યકાળે અનેક ચારણ કવિઓએ આ સ્વરૂપનો કલાત્મક વિનિયોગ કર્યો છે. પ્રસ્તુત રચનાને અભ્યાસની એરણ પર ચડાવનારા સંપાદકોએ યથાર્થ જ કહ્યું છે કે, ‘લાંગીદાસના ‘ઓખા હરણ’ ને કયા સાહિત્યસ્વરૂપની કૃતિ ગણવી તે વિચારણીય છે. કવિએ પોતે તેને ‘કથા’ કહી છે, પણ તે સામાન્યરૂપનું વિધાન છે. શરૂઆતમાં કવિએ કહ્યું છે કે તે ‘ઉષાહરણ’ કહેશે (કડી૧૫). પરીક્ષિત શુકદેવને કહે છે કે એ ‘કથા’ મને કહો (કહું પ્રકાશે કથા - કડી ૧૭). લાંગીદાસે

તેના વિશિષ્ટ સાહિત્યપ્રકારનો નિર્દેશ કર્યો નથી. ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય અને મહાકાવ્ય, આ પ્રકારોમાંથી તેને ઊર્મિકાવ્યમાં ન મૂકી શકાય. ખંડકાવ્ય કરતાં આ કાવ્ય વધારે વ્યાપ ધરાવે છે, મહાકાવ્ય કરતાં તેનો વ્યાપ ઓછો છે. મહાકાવ્યની ફાળ ઘણી જબરી હોય છે. આને આખ્યાનકાવ્ય કહેવું કે પ્રબંધના સ્વરૂપની કૃતિ ગણવી તે પ્રશ્ન છે. મધ્યકાલીન સાહિત્યમાં જે રીતે આખ્યાનોમાં ભાલણ,નાકર,પ્રેમાનંદાદિ કવિઓ પૌરાણિક કથાનકોને સ્વતંત્ર કૃતિરૂપે વિસ્તારીને કહેતા, તેવી આ કૃતિ છે. પુરાણમાં જે ઉપાખ્યાન કે ઉપકથા હોય છે તે આખ્યાનમાં મુખ્ય વિષય બને છે. આખ્યાનમાં મોટે ભાગે પૌરાણિક કથા હોય છે. લાંગીદાસના સમકાલીનો તથા પુરોગામીઓએ આખ્યાનો રચ્યાં છે, પણ લાંગીદાસે એ પરંપરા જાળવી નથી. આ ચારણી પરંપરાનું આખ્યાન છે. ભાલણથી શરૂ થયેલા અને પ્રેમાનંદમાં પરાકાષ્ઠા પામેલા મધ્કાલીન આખ્યાનમાં કથાનું 'કડવાં' માં વિભાજન હોય છે તેમ વલણ વગેરે હોય છે, તેવું અહીં નથી, પણ ચારણી પરંપરા પ્રમાણે લાંગીદાસે 'ઓખા હરણ'માં ગાહા અને પૂર્વ છાઇ દુહા કે દુહા વડે પ્રસંગ-પલટા આણીને વિભાજન કર્યું છે. એ રીતે આ કથા મધ્યકાલીન ગુજરાતી આખ્યાનકારોથી જુદી પડે છે. જો કે મધ્યકાલીન ગુજરાતી આખ્યાનકારોએ પ્રયોજેલ વલણબધ એ દુહાનો સગોત્ર પ્રકાર છે, જેમાં ત્રીજા-ચોથા ચરણમાં અમુક ગૈતિક માત્રાઓને જોડી દેવામાં આવેલી હોય છે, જે દુહાની મૂળ ૪૮ માત્રાઓ ઉપરાંતની હોય છે. યુદ્ધાદિનાં વર્ણનો અને વીરરસના નિરૂપણ પરથી અહીં પ્રબંધની પદ્ધતિ જણાય છે, પરંતુ પ્રબંધો બહુધા ઐતિહાસિક હોય છે અને તેનો વિસ્તાર વિશેષ હોય છે, આથી આ કૃતિને પ્રબંધ-પદ્ધતિની આખ્યાન-કલ્પ રચના ગણી શકાય. જેવી રીતે પ્રેમાનંદ આદિના 'ઓખા હરણ' સામાન્ય જનસમાજમાં-ખાસ ચૈત્ર મહિનામાં પ્રચલિત હતાં તેવી રીતે લાંગીદાસનું 'ઓખા હરણ' સૌરાષ્ટ્ર-ગુજરાતના વિશિષ્ટ ક્ષાત્રવર્ગના દરબારગઢોમાં સવિશેષ પ્રચલિત હતું. આની રજૂઆત કરવાનું બ્રાહ્મણ આખ્યાનકારો માટે શક્ય નહોતું, ચારણ કવિઓ જ તેમની બુલંદ વાણીમાં ક્ષાત્ર શ્રોતા સમક્ષ તેની રજૂઆત કરી શકતા.'[૨૦]

મધ્યકાળે અત્યંત લોકાદર પામેલ ગુજરાતી અને ચારણી આખ્યાન પરંપરામાં મહદ અંશે તો પૌરાણિક કથાનકનો વિનિયોગ થતો. અલબ । આ પૌરાણિક કથા સાથે અનેક ઐતિહાસિક સંદર્ભો વણાયેલા - સંકળાયેલા હોય એ સહજ અને સ્વાભાવિક છે. ઓખા હરણ સાથે સંકળાયેલ ઐતિહાસિક સંદર્ભો વિશે ડૉ. ઇશ્વરલાલ દવે અને રતુદાન

રોહડિયાએ નોંધ્યું છે કે, '' 'ઓખા હરણ' પૌરાણિક આખ્યાન છે. પરંતુ તેના પૌરાણિક કથાનક પાછળ કેટલાક ઐતિહાસિક અંશો રહ્યા છે, કૃષ્ણ અને તેમની રાજધાની દ્વારકાથી ગુજરાતનો ગૌરવપૂર્ણ ઈતિહાસ આરંમાય છે. દ્વારકા પાસે ઓખા બંદર છે અને આસપાસનો પ્રદેશ 'ઓખા મંડળ' તરીકે ઓળખાય છે. 'ઓખા હરણ'ની ઓખા સાથે આ પ્રદેશને કૈંક પ્રાચીન સંબંધ છે. અત્યારે જે દ્વારકા છે, તે મૂળ દ્વારકા નથી; કહેવાતી સોનાની દ્વારકા દરિયામાં ડૂબી ગયેલી છે, એવો એક મત છે. બીજો મત એવો છે કે મૂળ દ્વારકા વેરાવળ બાજુના દરિયાકિનારે હોવી જોઈએ. બાણાસુરની નગરી શોણિતપુર આસામમાં હતી, એવો એક મત છે. હિમાલયના કૈલાસ શિખર પર રહેલા શિવની આરાધના કરવા જવાનું આસામના બાણાસુરને વધુ અનુકૂળ બન્યું હોય. આસામ અને સૌરાષ્ટ્રના ભરતકામમાં ઘણું સામ્ય છે. આસામ-મણિપુરની નૃત્ય પરંપરા ઓખા (ઉષા) દ્વારા અહીં આવી હોય તેવો સંભવ છે. સૌરાષ્ટ્રમાં જે રાસનૃત્ય છે, તેની સાથે ઉષાને સંબંધ છે. ઉષાએ નૃત્ય પિતૃગૃહેથી લાવી હોય તેવો સંભવ છે. રાસનૃત્ય કૃષ્ણે ઉષાને શીખવ્યું અને ઉષા દ્વારા સૌરાષ્ટ્રમાં પ્રચલિત થયું એવી પણ એક માન્યતા છે. પાર્જિટર નામના વિદ્વાને સંશોધન કર્યું છે તે મુજબ બેબિલોનના રાજવંશની વંશાવળિ અને બાણાસુરની ભાગવતાદિમાં આપેલી વંશાવળિ ઘણી જ મળતી આવે છે. એ વીરે વિચારીએ તો અસુરો મૂ એસીરિયા-બેબિલોનના હતા અને ઉષા એસીરિયા-બેબિલોનથી સૌરાષ્ટ્રમાં આવી છે. પરંપરામાં પ્રતિષ્ઠિત રાજવંશમાં માન્યતા મેળવવામાં કૃષ્ણને જરાસંઘ જેવા ઘણા રાજવીઓનો સામનો કરવો પડયો હતો.''[૨૧]

આમ લાંગીદાસે મૂળકથામાંની કેટલીક વિગતો છોડી દીધી છે, કેટલીક પોતાની સૂઝ - સમજ અને હેતુ માટે ઉમેરી છે ને એ બધાને 'ન સાંધો ન રેણ' મુજબ રજૂ કરી છે.

### ૪.૪ 'ઓખા હરણ'ની પાત્ર સૃષ્ટિ

લાંગીદાસના 'ઓખા હરણ' માં બાણાસુર, અનિરુદ્ધ, કૃષ્ણ, શિવજી, બ્રહ્મા અને નારદ એમ છએક પુરુષ પાત્રો અને ઓખા, ચિત્રલેખા, પાર્વતી એમ ત્રણેક સ્ત્રી પાત્રો જોવા મળે છે.

### *૪.૪.૧ ઓખા :*

જેના પરથી કૃતિનું શીર્ષક અપાયું છે અને કૃતિમાં કયાંય જેનું હરણ થતું નથી. એ ઓખા કૃતિની નાયિકા છે. બાણાસુરની એ વહાલ સોયી પુત્રી કૈલાસ પર્વત પર પાર્વતીની વંદના કરવા માટે જાય છે. આ પ્રસંગ નિરુપણમાં ઓખાની ધાર્મિકતાનાં દર્શન થાય છે. ઓખાની વંદના - પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા પાર્વતીજી ઓખાને વરદાન માંગવાનું સામેથી કહે છે. શરમ - સંકોચથી ઓખા કઇ ન માંગતા નીચા વદને પગના નખને નિહાળી રહે - 'મષ ન મગિ નષ મષ, નીચી ચષ નિહાળી' (દુહો ૧૦૭) પરિણામે પાર્વતી તેને કહે છે : 'તૂ ભાળી સપનંતરી, તુ વર વરિ તકાઈ' (તું સ્વપ્નમાં જેને જોઇશ તે વરને તું વરીશ એમ માનજો' દુહો : ૧૦૮ ) ઓખા આ વાતને શાપ ગણે છે અને કોઇ પુરુષનું મુખ ન જોવાનું નક્કી કરે છે. એના પિતા બાણાસુર તેને એકદંડિયા મહેલની સગવડ કરી આપે છે. આ મહેલમાં તે તેની સખી ચિત્રલેખા સાથે રહે છે.

એકદંડિયા મહેલમાં રહેતી ઓખા સ્વપ્નમાં એક પુરુષને જુએ છે અને તેની સાથે સ્વપ્નમાં પરણે છે. સ્વપ્નભંગ થતાં તે સ્વપ્નમાંના પુરુષના વિરહમાં તડપન અનુભવે છે. એના વિરહમાં પ્રાણત્યાગ કરવા તત્પર બને છે. ચિત્રલેખા એને સમજાવે છે.

એ પછી ચિત્રલેખા દ્વારા દોરાયેલાં સજીવ સૃષ્ટિનાં પાત્ર - ચિત્રોમાંથી તે સ્વપ્ન પુરુષ અનિરુદ્ધને ઓળખી જાય છે. ચિત્રલેખા ઓખાની સંમતિથી અને નારદની સહાયથી અનિરુદ્ધનું હરણ કરી ઓખા પાસે લઇ આવે છે. બાણાસુરને જાણ થતાં તે અનિરુદ્ધને નાગપાશ વડે બાંધીને કેદ કરે છે. અંતે કૃષ્ણ વડે મુક્ત થયેલા અનિરુદ્ધ સાથે બાણાસુર એનાં લગ્ન કરાવી આપે છે. ઓખા આમ સ્વપ્નમાં, એકદંડિયા મહેલમાં ચિત્રલેખા દ્વારા લવાયેલા અને ગોઠવાયેલા લગ્નમાં અને અંતે પિતા દ્વારા કરાયેલા લગ્નમાં એમ ત્રણ વખત અનિરુદ્ધને પરણે છે. સ્વભાવે સાલસ, ભોળી, શરમાળ પ્રકૃતિની છે. સૌંદર્યમાં તે અજોડ હતી

*'કસી મી ઢિ કીજિ અસી નાઈ કોઇ'*[૨૨] *(દુહો ૧૫૭)*

(ઓખા જેવી અન્ય કોઇ સ્ત્રી એ સમયે ન હતી)

આમ ઓખાનું પાત્ર અત્યંત રસપ્રદ અને હૃદયસ્પર્શી જણાય છે. એ અંગે 'ઓખા હરણ'ના સંપાદકો નોંધે છે કે, 'આ કૃતિની નાયિકા ઓખા મોહક સૌંદર્ય ધરાવે છે. મુગ્ધવયની યુવતીમાં યૌવનને કારણે પ્રણયસ્પંદનો જાગે તેના બધા પ્રશ્નો એની બાબતમાં

પણ ઉપસ્થિત થાય છે. પાર્વતી પાસે પ્રાર્થના કરે છે. પણ લજ્જાવશ થઈ સ્પષ્ટ માંગી શકતી નથી. (લાંગીદાસની ઓખા વિશિષ્ટ રૂપે સંયમી છે.) પુરુષમાત્રનું મુખ ન જોવાનું એ વ્રત લે છે. પાર્વતીએ વરદાન આપ્યું છે કે, સ્વપ્નમાં તું જેને પરણીશ તેને જીવનમાં પણ પરણીશ. તેથી તેને ચિંતા એ રહે છે કે સ્વપ્નમાં ગમે તેવો પુરુષ આવે તેને પરણવું પડશે? આ તે શાપ કહેવાય કે વરદાન? પણ સદ્‌ભાગ્યે સ્વપ્નમાં કામદેવ(પ્રદ્યુમ્ન)નો પુત્ર (કૃષ્ણનો પૌત્ર) અનિરુદ્ધ આવે છે. ચિત્રલેખા દ્વારા તેનું અપહરણ કરાવીને પણ તે એને મેળવે છે. એનું દુર્ભાગ્ય છે કે એના પ્રણય-પ્રકરણને કારણે પિતાના હાથ કપાય છે. ઓખા પ્રમાણમાં ઘણી ભોળી, નિર્દોષ,પ્રણયમગ્ન નાયિકા છે. એની સખી ચિત્રલેખા ઘણી કાર્યશીલ અને સખી માટે અદ્‌ભૂત કાર્યો પાર પાડનાર છે. એની અનુપમ ચિત્રકલાથી, તે અનિરુદ્ધને ઓખા સ્વપ્નમાં પરણી હતી; તે બાબત નક્કી કરી આપે છે. બાકી ઓખાને ખબર પણ નથી કે સ્વપ્નમાં તે કોને પરણી છે. અનિરુદ્ધને સ્વપ્નમાં પરણી છે તે નક્કી થયા બાદ, અનિરુદ્ધનું દ્વારકામાંથી વાયુમાર્ગે અપહરણ કરવાનું કાર્ય પણ તેનું છે. પૂજા કરતી ઓખાને પાર્વતી વરદાન આપે છે કે સ્વપ્ન પુરુષ તેને મળશે. આ સ્વપ્નસુંદરી અને આ સ્વપ્નપુરુષનું મિલન અને લગ્ન કૃતિનું લક્ષ્ય છે.'[૨૩]

### ૪.૪.૨ *ચિત્રલેખા :*

કાવ્યનાયિકા ઓખાની સખી અને તેનો પડછાયો બની રહી તેની સાથે એકદંડિયા મહેલમાં રહેતી ચિત્રલેખા નામ પ્રમાણે ગુણ ધરાવે છે. હૂબહૂ ચિત્રકળા તેને વરેલી છે. તે ઓખા સાથે એકદંડિયા મહેલમાં રહે છે. ઓખા સ્વપ્નમાં કોઈ પુરુષના પ્રેમમાં પડે છે. સ્વપ્નભંગ થતાં સ્વપ્ન પુરુષના પ્રણયમાં તડપતી ઓખાને તે સાંત્વન આપે છે, અને સજીવ સૃષ્ટિનાં પાત્રોનાં ચિત્રો તૈયાર કરી એક પછી એક ઓખાને બતાવે છે. ઓખાને સાંત્વન આપવાનું અને તેની તડપન અવસ્થામાં તેને ટકાવી રાખવાનું સખી સહજ ઉમદા કાર્ય ચિત્રલેખા બજાવે છે.

ઓખાની વિરહવેદના જોઈ તે ઓખાની સંમતિથી દ્વારિકા જાય છે અને નારદની સહાયથી ઊંઘતા અનિરુદ્ધનું હિંડોળા સાથે હરણ કરી ઓખા પાસે એકદંડિયા મહેલમાં લઈ આવે છે. એ પછી ચિત્રલેખા ઓખાનાં અનિરુદ્ધ સાથે ઘડિયાં લગ્ન કરાવી આપે છે. આમ ચિત્રલેખા 'ઓખા હરણ'ની કથામાં વેગ આપનારું એક મહ વનું ચાલક બળ બની રહે છે.

### ૪.૪.૩ *પાર્વતી :*

ત્રીજું ગૌણ સ્ત્રી - પાત્ર પાર્વતીજીનું છે. ઓખાની પ્રાર્થના સાંભળીને પ્રસન્ન થયેલાં તે ઓખાને વરદાન માગવા કહે છે અને જ્યારે લજ્જા - શરમ - સંકોચને કારણે ઓખા અનુ ։ર રહે છે ત્યારે પાર્વતીજી એને 'તૂ ભાળી સપનંતરિ, તુ વર વરિ તકાઇ' (તું સ્વપ્નમાં જેને જોઇશ તે વરને વરીશ એવું વરદાન આપે છે.) આમ સ્વપ્ન પુરુષ અને તેનું મિલન થતા લગ્ન એ કૃતિમાંની મુખ્ય કથામાં પાર્વતીજી ગૌણ પણ ચાવીરૂપ પાત્ર બની રહે છે.

### ૪.૪.૪ *અનિરુદ્ધ :*

'ઓખા હરણ'નાં પુરુષ પાત્રોમાં અનિરુદ્ધ કથાનો નાયક છે. અલબ । કથામાં એનો પ્રવેશ ઓખાને આવતા સ્વપ્ન પછી થાય છે. હિંડોળા પર સૂતેલા અનિરુદ્ધનું ઓખાની સખી ચિત્રલેખા હરણ કરે છે અને તેને ઓખાના એકદંડિયા મહેલમાં લાવી ઊતારે છે. ઓખાના સૌંદર્યથી અભિભૂત થઇ તેની સાથે લગ્ન કરે છે. સ્વપ્નમાં પ્રેમમાં પડેલી અને સ્વપ્નમાં જ અનિરુદ્ધને વરેલી ઓખા વાસ્તવમાં જ અનિરુદ્ધને જોયા પછી એના તરફ ખેંચાય એટલો અનિરુદ્ધ સૌંદર્યવાન છે. એ કામદેવનો પુત્ર હોઇ સૌંદર્યવાન હોય એ પણ સહજ બાબત છે. સૌંદર્ય સાથે સાથે એનામાં શૂરવીરતા પણ છે.

શંકરે આપેલી ધ્વજાનું પતન થતાં એનો એકદંડિયા મહેલમાં કોઇ પુરુષે પ્રવેશ કર્યો છે એવા સમાચાર મળતાં બાણાસુર અનિરુદ્ધ પર ચડી આવે છે. અનિરુદ્ધ આ સમયે નિઃશસ્ત્ર હતો, પણ હાથમાં ભોગળ લઇ સૈનિકો સામે ધસી જાય છે અને એકલ હાથે માત્ર ભોગળ વડે જ તે અનેક સૈનિકોનો ખાત્મો બોલાવી દે છે. ભોગળ લઇ લડવા આવતા અને સૈનિકો સામે એકલ હાથે મર્દાનગીપૂર્વક ઝઝૂમતા અનિરુદ્ધનાં સુંદર ચિત્રો લાંગીદાસે આપ્યાં છે.

*'લડેવા ઈઉ ભોગલં ભજ લીધિ,*
*કમંષે ચષ ચોલ કીકલ કીધિ...'* [૨૪]

(એ યુદ્ધ કરવા આવ્યો. તેણે હાથમાં ભોગળ લીધી. કોપાયમાન થઇ તેણે લાલઘૂમ નેત્રો કરી યુદ્ધ કર્યું.)

*'અસૂ ફેરવિ ભોગલં આરિંપારી*

*કરિ લોહ તંન તંન લોહ કારં...'* [૨૫]

(લડતો અનિરુદ્ધ ચારેય બાજુ ભોગળ એવી રીતે ફેરવતો હતો કે તેણે તેને કારણે શસ્ત્રો, શરીરમય અને શરીર શસ્ત્રમય કરી દીધાં)

શૌર્ય અને વીરતાથી તરબતર અનિરુદ્ધને બાણાસુર નાગપાશ વડે બાંધીને કારાવાસમાં કેદ કરે છે. કૃષ્ણ બાણાસુર સાથે યુદ્ધ કરી તેને હરાવી અનિરુદ્ધને બંધન મુક્ત કરે છે અને તેનાં ઓખા સાથે લગ્ન થાય છે. આમ અનિરુદ્ધ ધીર, વીર, લડાયક, સુંદર અને ગંભીર યુવક સ્વરૂપે કૃતિમાં નાયક રૂપે રજૂ થયો છે.

અલબ ા પ્રસ્તુત રચનાનો ખરો નાયક કોણ ? એ અંગે પણ ડૉ. ઈશ્વરલાલ દવે અને રતુદાન રોહડિયાએ અત્યંત રસપ્રદ ચર્ચા કરતા નોંધ્યું છે કે, 'પુરુષ પાત્રોમાંથી નાયક લેખે કોને ગણીશું ? બાણાસુર,અનિરુદ્ધ કે કૃષ્ણને? સારીયે કથામાં કેન્દ્ર સ્થાને બાણાસુર છે, તેથી એ દૃષ્ટિએ એને  નાયક ગણી શકાય. પરંતુ ભાવકની સહાનુભૂતિ અનિરુદ્ધ પક્ષે છે, તેથી નાયકપદનો અધિકારી અનિરુદ્ધ ઠરે છે. ભગવાન કૃષ્ણ 'દશમ સ્કંધ' ના નાયક ખરા, પણ આ પરાક્રમ મુખ્તત્વે એમના પૌત્રનું હોવાથી કૃષ્ણ અહીં નાયકના મદદનીશ કે 'ઉપનાયક' છે. ભગવાન શંકરને અહીં પ્રતિનાયક (બાણાસુર)ના મદદનીશ થવાનું આવ્યુ છે. નાયક અનિરુદ્ધ પ્રણયરસિક અને શૂરવીર યુવક છે. એ એકલવીર બનીને બાણાસુરના સૈન્યનો સામનો કરે છે. ઓખાના સ્વપ્નમાં આવીને એની સાથે લગ્ન કર્યા છે. કામદેવનો પુત્ર હોવાથી સ્વાભાવિક રીતે જ સૌંદર્યવાન છે અને સાથે શૂરવીર પણ છે, એથી ઓખા એના પર ઓવારી જાય તે આશ્ચર્યજનક નથી. ભગવાન કૃષ્ણ,ભગવાન હોવા છતાં, પૌત્ર દ્વારકામાંથી ગૂમ થાય છે ત્યારે દોષિત થાય છે. પૌત્રની સહાયમાં જઈને તેને નાગપાશમાંથી છોડાવે છે. ભગવાન શિવની સાથે પ્રલયકારી યુદ્ધ ખેલે છે. બાણાસુરના હજાર હાથ છેદે છે. સમાધાન પછી પોતે બાણાસુરને ચાર હાથ આપીને ચતુર્ભુજ બનાવે છે. અને ઓખા-અનિરુદ્ધને પરણાવી દ્વારકા લઈ આવે છે.'[૨૬]

### *૪.૪.૫ બાણાસુર :*

આસુરી શક્તિ ધરાવતો બાણાસુર પૌરાણિક પાત્ર છે. બલિરાજાના સૌ પુત્રોમાં એ પાટવીપુત્ર છે, એને ઓખા નામે સ્વરૂપવાન પુત્રી છે. બાણાસુર આસુરી શક્તિ ધરાવતો

હોવા છતાં ધાર્મિક છે. શૂરવીર અને પ્રતાપશાળી છે. તે વરદાન પ્રાપ્ત કરવા ઈશ્વરને પામવા વિચારે છે અને ઈશ્વરપ્રાપ્તિ અર્થે કુટુંબત્યાગ કરી વનવાસ વેઠે છે. ગુફાઓમાં વાસ કરી ઉગ્ર તપ કર્યું અને શિવજીને પ્રસન્ન કર્યા.

બાણાસુરની ભક્તિભાવનાથી ખુશ થયેલા શિવજીએ બાણાસુરને વરદાન આપ્યું અને માગવા કહ્યું. ઉત્તરમાં બાણાસુરે એક હજાર હાથ ને એકેક હાથમાં હજાર હાથીઓનું બળ માંગ્યું, જુઓ :

*'વંદ ગંગાધરં એહ માગાં વરં,*
*કાઈમ મૂઝ હજાર દીજિ કરં;*
*જોર હેકં કરં સાહસં કૂંજરં,*
*સાર સાહે સકિ કો ન માહેસર...'*[૨૭]

(ગંગાજીને ધારણ કરનાર હે પ્રભુ ! મને હજાર હાથ આપો એવું વરદાન હું વંદન કરીને માંગું છું અને એક એક હાથમાં હજાર હજાર હાથીઓનું બળ હો. હે મહેશ્વર ! કોઈ મારી સામે શસ્ત્ર ધારણ ન કરી શકે.)

શિવજીનું વરદાન પામેલા બાણાસુરે તેને ખંડણી ન ભરનાર રાજાઓ સામે યુદ્ધ છેડયું અને સૌને પરાજિત કર્યાં. તેની સામે લડનાર કોઈ ન રહ્યું. અખૂટ બળ અને હિંમતવાળો તે સંગ્રામમાં સિંહ સમાન શોભતો હતો.

*' દકલ દુઅંગ દબાહ દલ,*
*ગહ ભર અડર ગંઢીર;*
*ભીર અભીરાં વીર વર,*
*કલ ગહગિર કંઢીર...'*[૨૮]

(પામી ન શકાય તેવા પ્રચંડ અંગોવાળો, બેવડી ભૂજાઓવાળા વીરોના સૈન્યવાળો, ગર્વ ભરેલા, ભયવિહીન મજબૂત - દૃઢ શરીરવાળો, અસહાયને સહાય કરવાવાળો વીરોમાં શ્રેષ્ઠ સંગ્રામમાં તે સિંહ જેવો યોદ્ધો હતો.)

તેની સામે લડનાર કોઈ ન રહ્યું ત્યારે તેણે ફરીથી તાંડવનૃત્ય કરી શિવજીને પ્રસન્ન કર્યા અને પોતાની સામે લડનાર યોદ્ધો આપવાની માગણી કરી. શિવજી પાસે એણે યુદ્ધના આગમનરૂપ સંકેત પણ માગ્યો. શિવજીએ એને ધ્વજા આપી અને તે ધ્વજા પતન થતાં યુદ્ધ ઉત્પન્ન થયેલું જાણજે એમ કહ્યું.

અનિરુદ્ધને ઓખાના કહેવાથી ચિત્રલેખા એકદંડિયા મહેલમાં લઈ આવે છે. એ સમયે શિવે આપેલી બાણાસુરની ધજાનું પતન થાય છે, અને બાણાસુરને યુદ્ધના આરંભનો સંકેત મળે છે.

અનિરુદ્ધ સામે યુદ્ધ કરે છે. શૂરવીર અને એકલ હાથે વીરતાપૂર્વક ઝઝૂમતા અનિરુદ્ધને તે નાગપાશ વડે બાંધી કેદ કરે છે. અનિરુદ્ધની વહારે આવતા કૃષ્ણ સામે પણ તે વીરતાપૂર્વક લડે છે, પરંતુ કૃષ્ણ સુદર્શનચક્ર વડે તેના હજાર હાથ કાપી નાખે છે. બાણાસુરની માતાની વિનંતીથી કૃષ્ણ એને જીવતદાન આપે છે. ઓખા - અનિરુદ્ધનાં લગ્ન લેવાય છે, અને શિવજીના કહેવાથી ઓખાનું કન્યાદાન કરી શકે તે માટે કૃષ્ણ તેને ચતુર્ભૂજ કરે છે. આમ, બાણાસુરનું પાત્ર ભક્ત, વીર, યુયુત્સાવાળા વીર પુરુષ તરીકે કવિએ અંકિત કર્યું છે.

### *૪.૪.૬ દૈવી પાત્રો - કૃષ્ણ, શિવ અને બ્રહ્મા :*

ઓખા હરણની કથામાં આવતાં આ ત્રણ દૈવી પાત્રો ગૌણ છે, પણ મહ વનાં અને ચાવીરૂપ પાત્રો છે.

ચિત્રલેખા અનિરુદ્ધનું હરણ કરે છે. ઓખા સાથે એનાં એકદંડિયા મહેલમાં લગ્ન થાય છે. બાણાસુર એને નાગપાશથી બાંધી કેદ કરે છે. અને અનિરુદ્ધ વિશેના આ સમાચાર નારદ દ્વારા પામી કૃષ્ણ બાણાસુર પર ચડી આવે છે. કૃષ્ણ બાણાસુર સાથે મહા સંગ્રામ આદરે છે અને વીરતાપૂર્વક ઝૂઝતા બાણાસુરના શિવજીએ આપેલા હજાર હાથીઓનું બળ એકેક એવા હજાર હાથ સુદર્શન ચક્ર વડે છેદી નાખે છે. પૌત્રને કેદ કરનાર બાણાસુરને આમ છતાં બાણાસુરની માતાની વિનંતીથી છોડી મૂકે છે. ઓખા - અનિરુદ્ધનાં લગ્નમાં બાણાસુર પુત્રી ઓખાનું કન્યાદાન કરી શકે એ હેતુથી એને હાથ આપવાની શિવજીની વાત સાંભળી કૃષ્ણ બાણાસુરને ચતુર્ભૂજ બનાવે છે.

શિવજીનું પણ ઓખા હરણની કથામાં વિશિષ્ટ યોગદાન છે. શિવજી સ્વભાવના ભોળા મનાય છે. દૈત્યો એમને પ્રસન્ન કરી એમની પાસેથી અનુચિત વરદાનો પ્રાપ્ત કરી જતા હોય છે. બાણાસુર પણ એમની પાસે વરદાન મેળવી હાહાકાર મચાવે છે. અહીં શિવજીના વરદાનમાં જ અભિશાપ રહેલો જોવા મળે છે. હજાર હાથીઓનું બળ ધરાવતા હજાર હાથવાળા બાણાસુરને એ ચેતવે છે અને નિશાની રૂપે ધ્વજા આપે છે. એ ધ્વજાનું

પતન થતાં બાણાસુરનાં વળતાં પાણી થાય છે. અનિરુદ્ધને તે કેદ કરે છે, અને પરિણામ સ્વરૂપે કૃષ્ણ એના હજાર હાથ છેદી નાખે છે.

પૌત્ર અનિરુદ્ધનાં તે ઓખા સાથે લગ્ન કરાવી આપે છે અને બંનેને પોતાની સાથે જ દ્વારિકા લઇ જાય છે.

બ્રહ્માનું પાત્ર અહીં વિષ્ટિકારના સ્વરૂપમાં દેખા દે છે. શિવજી અને કૃષ્ણ વચ્ચેના યુદ્ધમાં વચ્ચે આવે છે અને બંને વચ્ચે સમાધાન કરાવી આપે છે.

*૪.૪.૭ નારદ :*

નારદનું પાત્ર એની કલહપ્રિય પ્રકૃતિને કારણે જાણીતું છે. અનિરુદ્ધનું હરણ કરવા આવેલી ચિત્રલેખાને તે સુદર્શન ચક્રના ભયથી બચાવે છે અને એમ આડકતરી રીતે તે અનિરુદ્ધના હરણમાં સહાયરૂપ બને છે. એ પછી અનિરુદ્ધ દ્વારિકામાં ન મળતાં એની તપાસ થાય છે ત્યારે અનિરુદ્ધને બાણાસુરે કેદ કર્યો છે એવા સમાચાર આપે છે અને કૃષ્ણને આડકતરી રીતે બાણાસુર સામે યુદ્ધ માટે પ્રેરે છે. એમના કલહપ્રિય સ્વભાવને લાંગીદાસે અહીં સુંદર વાચા આપી છે.

આમ ‘ઓખા હરણ’માં પાત્રોની કોઇ ભરમાર નથી. પરંતુ જે પાત્રો છે તે સજીવ જીવંત, સ્પષ્ટરેખ બન્યાં છે અને તેમનું લાંગીદાસે હૃદ્ય નિરુપણ કર્યું છે. પૌરાણિક પાત્રોની ગરિમા પણ પૂરેપૂરી સચવાય તેનું ધ્યાન રાખ્યું છે. એમની પાત્ર લેખન કળા કૃતિનું જમા પાસુ છે.

## ૪.૫ 'ઓખા હરણ'માં રસ વૈવિધ્ય

વિસ્તારની દૃષ્ટિએ આખ્યાન એ મહાકાવ્ય અને ખંડકાવ્યની વચ્ચમાં બંધબેસતો કાવ્ય પ્રકાર છે; એથી એમાં એક કરતાં વધુ રસોના નિરુપણની તક આખ્યાનકારને સાંપડે છે. મધ્યકાળમાં લખાયેલાં મોટાભાગનાં ‘ઓખા હરણ’ વિષયક આખ્યાનોમાં શૃંગારરસ જ કેન્દ્રસ્થાને છે. પ્રેમાનંદ જેવા કવિએ એમાં હાસ્યરસની પણ જમાવટ કરી છે. આમ તો આ કથા મુખ્યત્વે યુદ્ધના પ્રસંગોને રજૂ કરતી કથા છે, છતાં તેમાં વીરરસ પ્રધાન નથી એ હકીકત છે. લાંગીદાસની પ્રસ્તુત રચનામાં વીરરસ કેન્દ્રસ્થાને છે, અને શૃંગાર, ભક્તિ, રૌદ્ર, બીભત્સ વગરે રસો ગૌણ સ્થો છે. આ બાબતની સહેજ વિગતે તપાસ કરીએ :

*૪.૫.૧ વીરરસ :*

કૃતિનાં પુરુષપાત્રો બાણાસુર, અનિરુદ્ધ, કૃષ્ણ, શિવ વગેરે વીરપાત્રો છે. બાણાસુર ખંડણી ન ભરતા રાજાઓ સામે, શિવજી પાસેથી વરદાન પ્રાપ્તિ પછી યુદ્ધે ચડે છે. કૃતિના પૂર્વાર્ધના આ પ્રસંગ નિરુપણમાં વીરરસ છે. શિવજીએ ધ્વજાપતનના આપેલા સંકેત મુજબ ધ્વજાપતન થતાં બાણાસુર એકદંડિયા મહેલમાં રહેલા અનિરુદ્ધ સામે લડે છે. અનિરુદ્ધન ભોગળ લઇ બાણાસુરનો વીરતાપૂર્વક સામનો કરે છે; અંતે નાગપાશ વડે બાણાસુર અનિરુદ્ધને બાંધીને કારાગૃહમાં કેદ કરે છે. આ પ્રસંગમાં પણ વીરરસ છે.

અનિરુદ્ધને મુક્ત કરાવવા કૃષ્ણ બાણાસુર પર ચડી આવે છે. કૃષ્ણ અને બાણાસુર વચ્ચે ખુંખાર યુદ્ધ થાય છે. કૃષ્ણ સુદર્શન ચક્ર વડે બાણાસુરના, શિવજીના વરદાન થકી પ્રાપ્ત થયેલા હજાર હાથો કાપીને ઢગલો કરી દે છે અને અનિરુદ્ધને બંધન મુક્ત કરાવે છે. આ પ્રસંગ - નિરુપણમાં પણ વીરરસ કેન્દ્ર સ્થાને છે.

બાણાસુરનું પતન થતાં તે શિવ પાસે જાય છે. એમને પ્રસન્ન કરે છે. રીઝેલા શિવજી બાણાસુરનો પક્ષ લઇ કૃષ્ણ સામે યુદ્ધે ચડે છે. કૃષ્ણ અને શિવજીની વચ્ચે ખેલાતા મહાપ્રલયકારી યુદ્ધમાં ય વીરરસ જ કેન્દ્ર સ્થાને છે.

યુદ્ધનાં આ બધાં વર્ણન નિરુપણોમાં રવાનુકારી ચારણી ભાષા ખૂબ ઉપકારક બને છે અને તેને કારણે યુદ્ધનાં વર્ણનોનું તાદૃશ - હૂબહૂ - સજીવન નિરુપણ થયેલું જોવા મળે છે. કૃતિમાં આમ સાદ્યંત વીરરસ નિષ્પન થયેલો જોવા મળે છે. ઉદાહરણ રૂપ કેટલાંક વર્ણનો જોઈએ :

*ઘોમ ઘષે ચષે રોષ રાતન મષે,*
*નાથ સોળંત રુ હાથ મૂંછાં નષે;*
*કોપમાન હૂઉ તાઈસી સંકરં,*
*સેન ભેળા કરિ રાઈ બાંણાસર...'* [૨૯]

(નેત્રોમાંથી અગ્નિ પ્રગટ થયો હોય એવા રોષથી રાતા ચોળ થયેલા મુખવાળા શોણિતપુરના સ્વામીએ મૂંછે હાથ દીધો, એ રુદ્ર સમાન કોપાયમાન થયો. બાણાસુર પોતાનું સૈન્ય એકઠું કરવા લાગ્યો.)

*'ગિમરાં હિમરાં કે નરાં ગાહરાં,*

*કોપટાં ભ્રંગટાં લોહઉડે કટાં;*
*વંદ રમા વરિ મનરા વંચિઆ,*
*રતલે જોગણા જતરા રચિઆ'* [૩૦]

(હાથીઓ, ઘોડાઓ અને કેટલાય યોદ્ધાઓનો સંહાર થઇ રહ્યો. ખોપરીઓની તાંસળીઓ શસ્ત્રો વડે કપાઇને ઊડવા લાગી. અપ્સરાઓએ મન માન્યા પતિનું વરણ કર્યું, જોગણીઓએ પોતાની રુચિ મુજબ જેટલું ભાવ્યું એટલું રુધિરપાન કર્યું.)

*' અણ ગાલ લગે ચક્ર કાલ અરં,*
*કંરિઆ ઢગ મારિ હજાર કરં;*
*સર પાઉ રિઆ બલિ રાઉ સતં,*
*કરિ ઢાઉ દિશા હરિ ઘાઉ ક્રતં...'* [૩૧]

(યોદ્ધા (બાણાસુર) પર શત્રુઓના કાળરૂપી ચક્રનો પ્રહાર થયો. ચક્રે હજાર હાથ કાપીને ઢગલો કરી દીધા. વિરોચનનાં પુત્રનાં શીશ અને પગ જ બાકી રહ્યા. ઘા કરવાનું કૃત્ય કરી કૃષ્ણે એને ઢાળી દીધો.)

*'બંનિ બ્રહ્માસત્ર નંષેઅ બાંણ,*
*અસંષેઅ બાંણ વધે અપ્રમાંણ;*
*નષિ જબ વાવિ અસત્રહ નથ,*
*હરિ પ્રવાતસત્ર તિ ચત્રહથ...'* [૩૨]

(શિવ અને કૃષ્ણ બંનેએ બ્રહ્માસ્ત્રો છોડયા. અસંખ્ય અને અપ્રમાણ સંખ્યામાં બાણો વૃદ્ધિ પામ્યાં. જયારે શિવે વાયુ અસ્ત્ર મૂકયું ત્યારે ચક્રધારી કૃષ્ણે પર્વતાસ્ત્ર છોડયું.)

યુદ્ધનાં, મહારથીઓનાં, સૈન્યનાં કેટલાંક વર્ણનો તો નખશિખ જીવંત છે. એકદંડિયા મહેલમાં રહેલા અનિરુદ્ધ સામે ધસી જતા બાણાસુરનું આ વર્ણન કેવું સજીવ છે ! જુઓ :

*'ધષે તાંમ બાંણાસરં રાઉ ઘાઉ,*
*લડેલી ભગ લાર હજાર લાઉ...'* [૩૩]

(ત્યાં તો બાણાસુર ક્રોધથી ધખીને ધાયો અને યુદ્ધ માટે હજાર યોદ્ધાઓ લાવ્યો.)

### ૪.૫.૨ *શૃંગાર રસ :*

લાંગીદાસ મહેડુએ પોતાની રસ નિરુપણ કલાથી કૃતિમાં પ્રયોજેલ રસ વૈવિધ્ય અને તેની યથાર્થતા સંદર્ભે 'ઓખા હરણ'ના સંપાદકોએ ચર્ચા કરતાં નોંધ્યું છે કે, ''ઓખા હરણ'નું મૂળ કથાનક એવા પ્રકારનું છે કે એમાં શૃંગાર અને વીરરસને વધુ અવકાશ પ્રાપ્ત થાય છે. મોટા ભાગનાં 'ઓખા હરણ' આખ્યાનોમાં-શ્રીધરથી માંડીને પ્રેમાનંદ સુધીમાં-શૃંગારરસ જ મુખ્ય છે. અને પ્રેમાનંદે તો આહ્‌લાદક હાસ્યરસનું પ્રમાણ પણ વધાર્યું છે. યુદ્ધપ્રસંગો હોવાથી વીરરસ પણ છે. પણ મોટા ભાગની કૃતિઓમાં તે મુખ્ય નથી. લાંગીદાસના 'ઓખા હરણ'માં જ વીરરસ મુખ્ય છે. બાણાસુર, અનિરુદ્ધ, ભગવાન કૃષ્ણ, ભગવાન શિવ- આ બધાં વીર પાત્રો છે. બાણાસુર ખંડિયા રાજાઓ સાથે યુદ્ધ ખેલે છે. બાણાસુર અને અનિરુદ્ધ વચ્ચેનો સંઘર્ષ છે. બાણાસુર અને કૃષ્ણ વચ્ચેનો સંગ્રામ છે. અને છેલ્લે વિશ્વનાં બન્ને નિયંતાઓ-શિવ અને કૃષ્ણ-વચ્ચેનો મહાઘોર રણખેલ છે. તેમાં વીરરસને કવિએ બરાબર વહેલાવ્યો છે. વીરરસને ઉચિત એવી હાકલા પડકારા કરતી બાની પણ કવિને ચારણી પરંપરાથી સુલભ છે. પ્રેમાનંદાદિના 'ઓખા હરણ'માં યુદ્ધો છે, વીરરસ છે, પણ રુંવાડાં ખડાં કર તેવી બાનીને અભાવે વીરરસ આટલો જામતો નથી. લાંગીદાસને એ સહજસિદ્ધ છે. યુદ્ધમાં મનુષ્યોનાં શબ રખડે છે, એ વર્ણનમાં જુગુપ્સા હોવાને કારણે બીભત્સરસ અમુક અંશે આવે છે. હાસ્યનું અહીં નારદ નિમિ ો થોડું આવવું-જવું છે. પ્રેમાનંદે દરેક પાત્રની થોડી ઘણી મજાક ઉડાવી છે. નાયિકા ઓખા પણ એમાંથી બચી નથી. ઓખા અહીં વધુ લજજાળુ છે. ઓખા-અનિરુદ્ધનાં સ્વપ્નોમાં, મિલનમાં શૃંગારલહરી છે, પણ તે મર્યાદાશીલ છે. પ્રેમાનંદ જેવી શૃંગારની છોળ ઉડતી નથી. બાણાસુરના ક્રોધમાં અને શંકર ભગવાનના પ્રકોપમાં રૌદ્રરસની ઝાંખી થાય છે. અન્ય 'ઓખા હરણ' કૃતિઓમાં ભક્તિરસ નામનો જ છે. જ્યારે અહીં લાંગીદાસમાં ભક્તિરસ વિશેષ છે. આરંભની કવિની સ્તુતિમાં,બ્રહ્માની સ્તુતિમાં, કૃષ્ણના મહિમા સ્તવનમાં, દશાવતારસ્તુતિમાં અને સમાપનમાં ભક્તિરસ છે. આવા-ગમનના ફેરા ટાળવાનો ઉદ્દેશ આરંભે જ વ્યક્ત કર્યો છે. અદ્‌ભુતરસ ઘણા પ્રસંગોમાં છે. બાણાસુરના હજાર હાથ. ચિત્રલેખાનું વાયુમાર્ગે અનિરુદ્ધનું હરણ વગેરે અદ્‌ભુતરસિક છે. આ રીતે

લાંગીદાસની કૃતિમાં મુખ્ય રસ વીર અને તે બાદ શૃંગાર,અદ્‌ભૂત,ભક્તિ,રૌદ્ર,હાસ્ય, બીભત્સ ગૌણ રૂપે છે.'[૩૪]

### *૪.૫.૩ શૃંગાર, ભક્તિ આદિ અન્ય રસો :*

ઓખાહરણમાં મુખ્ય રસ વીર છે, તો શૃંગાર, ભક્તિ, રૌદ્ર, બીભત્સ આદિ ગૌણ રસો છે.

ઓખા સ્વપ્નમાં અનિરુદ્ધને જુએ છે, તેના પ્રેમમાં પડે છે અને તેને પરણે છે. જાગ્રત થતાં સ્વપ્નપુરુષના વિરહમાં તડપન અનુભવે છે. સખી ચિત્રલેખા આગળ સ્વપ્નની વાત તેમજ સ્વપ્ન પુરુષ માટેની પોતાની તડપન રજૂ કરે છે. ચિત્રલેખા અનિરુદ્ધને એકદંડિયા મહેલમાં લઇ આવે છે. ઓખા - અનિરુદ્ધનાં ત્યાં ઘડિયાં લગ્ન થાય છે. અને બંને એકદંડિયા મહેલમાં રહે છે. આ બધા પ્રસંગોના નિરુપણમાં શૃંગાર છે. એ પછી બાણાસુર અનિરુદ્ધને નાગપાશ વડે બાંધી કેદ કરે છે ત્યારે પણ ઓખા અનિરુદ્ધના વિરહમાં જલન અનુભવે છે. અહીં પણ શૃંગાર છે, પણ પ્રેમાનંદની જેમ લાંગીદાસે શૃંગારની છોળો ઉડાડી નથી લાંગીદાસનો શૃંગાર સમર્યાદ છે.

બાણાસુરના ક્રોધ નિરુપણમાં ભગવાન શિવના પ્રકોપાલેખનમાં રૌદ્ર રસ છે, યુદ્ધમાં રખડતાં - રઝળતાં શબો આદિનાં નિરુપણમાં અને સુદર્શન ચક્ર દ્વારા બાણાસુરના હજાર હાથ કાપી ઢગલો કર્યા એ પ્રસંગના આલેખનમાં બિભત્સ રસ છે.

કૃતિના આરંભે આવતા સ્તવનમાં, ઓખાની પાર્વતી વંદનામાં, બાણાસુરની શિવ સ્તુતિમાં, બ્રહ્માની સ્તુતિમાં, કૃષ્ણના મહિમા સ્તવનમાં, દશાવતાર સ્તુતિમાં અને કૃતિને અંતે ભક્તિ રસ છે.

બાણાસુરના હજાર હાથ હોવા, એકેક હાથમાં હજારો હાથીનું બળ હોવું, ચિત્રલેખાનું અંતરિક્ષ માર્ગે અનિરુદ્ધને લઇ આવવું, સુદર્શન ચક્ર વડે હજાર હાથ કાપી નાખવા, હાથ વિહોણા બાણાસુરનું ચત્રર્ભૂજ થવું, વગેરે પ્રસંગોના આલેખનમાં અદ્‌ભુત રસ રહેલો છે.

લાંગીદાસે એમની કવિત્વ શક્તિનો ઉ ।મ વિનિયોગ કરી પ્રસંગ - પાત્ર - પરિસ્થિતિનું કલાત્મક નિરુપણ કરી વાચકને સાદ્યંત જકડી રાખે એવી કૃતિની રચના કરી છે.

## ૪.૬ 'ઓખા હરણ'માં અલંકાર નિરૂપણ

ચારણી સાહિત્યમાં ભાવને ભ્રષ્ટ કરીને અથવા ભાવના જોખમે અલંકાર પ્રદર્શનની પ્રવૃ િ ઈષ્ટ મનાતી નથી, લાંગીદાસની પ્રસ્તુત રચના ચારણ પરંપરા મુજબની 'સમલંકૃત રચના' છે. ચારણી ભાષા સહજ એમાં યમક, શબ્દાનુપ્રાસ, વર્ણસગાઈ, આંતર પ્રાસ વગરે તો સહજ રૂપમાં જ આવે છે, પણ અર્થાલંકારનો પણ કવિએ સમુચિત પ્રયોગ કર્યો છે, એમાં કવિનું કાવ્યકૌશલ છતું થાય છે. કૃતિમાંના શબ્દાલંકાર અને અર્થાલંકારનાં કેટલાંક ઉદાહરણો તારવીને એ સંદર્ભે ડૉ. ઈશ્વરલાલ દવે અને રતુદાન રોહડિયાએ નોંધ્યું છે કે, 'ચારણી કવિતામાં શબ્દશક્તિ અને નાદવૈભવનું મહ વ અધિકાધિક હોવાથી કવિએ યમક, યમકસાંકળી, આંતર્પ્રાસ, શબ્દ,શબ્દાંશ કે વર્ણનથી પુનરુક્તિથી શબ્દાલંકાર- જેમાં મુખ્ય તો ચારણોને અતિપ્રિય એવી 'વયણ સગાઈ' છે, તે-પદે પદે આપ્યા છે. દા.ત., પહેલી જ કડી જોઈએ :

*ગણપતિ મતિ ભંડાર ગણ, ત્રણ ગણનાથ સતંન,*
*જણજણ પ્રતિ અતિ કરણિ, કિ દજ ગજ મેક વંદન..*[૩૫]

આમાં 'સતન' અને 'વદન'નો છંદબંધ માટેનો જરૂરી અનુપ્રાસ છે. 'ગણ' અને 'ત્રણ'નો આતંયમક છે. 'પતિ' અને 'મતિ' નો પ્રાસ છે. 'પ્રતિ' અને 'અતિ' 'દજ' અને 'ગજ' એ રીતે આંતર્યમકની સાકળ ચાલ્યા કરે છે. આ પ્રકારના શબ્દાલંકાર અનેક કડીમાં છે. દા.ત.,

*કે કે જણ વંદણ કરિ, કે ચંદણ ચરચાઈ,*
*કે કે બદણ ગણ કહિ, બલનંદણ બરદાઈ..*[૩૬]

'કરિ' અને 'ચરચાઈ', 'કરિ' અને 'કહિ', 'ચરચાઈ' અને 'બરદાઈ', 'વંદણ', 'ચંદણ', 'બંદણ' અને 'નંદણ' આમ પ્રાસાનુપ્રાસ અને યમકસાંકળીનું સાતત્ય છે. એક પણ કડી આવા શબ્દાલંકાર વિનાની મળશે નહીં. કવિનું અર્થાલંકાર પ્રયોજવાનું કૌશલ પણ ઠેર ઠેર પ્રતીત થાય છે. દા.ત.,

*ચડિ ગદ અનિ બલભદ્ર ચલે,*
*છપંન કલ જાદવ કોડિ છલે;*
*ચતરંગ મલે ચડિ સેન ચલે,*

*છલે જલ જાંણ સમુદ્ર છલે..*[૩૭]

વિશાળ ચતુરંગી સૈન્ય ચાલ્યું ત્યારે જાણે સાગરનાં જળ મર્યાદા મૂકીને રેલાયાં, એ ઉત્પ્રેક્ષા તાદૃશ રૂપની છે. તેવી રીતે, કડી ૨૪૫માંની ઉત્પ્રેક્ષા પણ ચમત્કૃતભરી છે :

*બરધલ હોએ અદલ બદલ,*
*તણં તણં જોઓ થઈ તલ તલ;*
*લણ લણ સીસ જણ જણ લોપ,*
*કિઉ રણ પેરણ કોરણ કોપ..*[૩૮]

રણભૂમિમાં પડેલાં શૂરવીરોનાં મસ્તકો જોઈને કવિને કલાકારે કોતરેલાં શિલ્પોનું સામ્ય સૂઝે છે, તે નવીન ઉન્મેષ છે. કડી ૪માં વિરોધાભાસ અલંકાર ચમત્કૃતિમય છે :

*સરજણહારિ સરજિઉ, સરજણહાર સંસાર;*
*સમરિ તો સરજિ નહીં, સરજે સરજણહાર..*[૩૯]

દુહામાં 'સરજણહાર' શબ્દ વડે અવિનાશી પરમાત્મા અને વિનાશી માનવનો ઉલ્લેખ છે, આમ માનવના નાશવંતપણા સામે પરમાત્માનું અક્ષરપણું એ વિરોધાભાસ છે, એ જ પ્રમાણે જે એ સર્જનહારને (ધર્મોદ્ધાર અર્થે) જન્મ અવતાર લેવો પડે છે. આમ અત્રે કવિએ વિરોધાભાસ ચમત્કૃતિભરી રીતે વ્યક્ત કર્યો છે. સાથે 'સરજણહાર' અને 'સરજિ' શબ્દોની પુનરુક્તિ વડે યમકાલંકાર અને 'સ' વર્ણને પૌનઃપુન્યથી સુંદર વૃત્યાનુપ્રાસ અલંકાર પ્રયોજ્યો છે. ચારણી સાહિત્યનો 'વયણ સગાઈ' અલંકાર દરેક ચરણના આદિ-અંતના સમાન વર્ણને કારણે વ્યક્ત થાય છે. આમ આપણને અત્રે લાંગીદાસનું અલંકાર-કૌશલ જોવા મળે છે.

કડી ૯ માં કવિએ રૂપક અલંકાર સારી રીતે પ્રયોજ્યો છે.

*સરમ કરંતા થિ સરમ, કે અકરમ કરમ;*
*થાં ગાડું દીઠા થકાં, પગ થાકા અપરમ..*[૪૦]

'પરમેશ્વર રૂપી ગાડું જોઈને હવે પગ થાકી ગયા છે' -ગામડાના જીવનનો અનુભવ કવિની અલંકાર-રચનામાં સ્વાભાવિકતા લાવે છે.

રૂપકઅલંકારમાં સાવયવ રૂપક ચારણી સાહિત્યમાં વિશેષ પ્રિય રહ્યું છે. લાંગીદાસે પણ યુદ્ધનું મેધ સાથે સાવયવ રૂપક પ્રયોજ્યું છે :

*ગજે બુહુ નાલિં ત્રંબાલાંહ ગાજ,*

*વલ વલ વીજલ વીજલ વાજ;*
*ઘઘું બીઅ લુંબીઅ દોએ ઘટાઉ,*
*વલે વલિ આતસ વાજીઅ વાઉ..*[૪૧]

મેઘ સાથે યુદ્ધની સરખામણી કરતાં કવિ કહે છે કે બંદૂકો નગારાંના નાદ તે મેઘ ગર્જનાઓ છે. આકાશમાં વીંઝાતી, ચમકારા કરતી તરવારો વીજળી રૂપ છે. આ રીતે બન્ને સૈન્યોરૂપી મેઘદળો ગડેડાટી દેતાં એક બીજાં પર ઝળુંબવા લાગ્યાં. અને આતશબાજીરૂપી પવન પણ ત્યાં વહ્યો.

*દલે કસ ધાનંષ મછ દરસ,*
*વડાણેંઅ બાણેંઅ મેહ વરલ;*
*પડિ ષગ ઝટ ત્રછટ પછટ,*
*ઝીકાં ઝીક મચે ત્રમઝટ..*[૪૨]

અત્રે ખેંચાયેલાં ધનુષ્યો મચ્છરૂપ છે. પ્રચંડ તીરોની વર્ષા મેઘવર્ષા રૂપ છે.તરવારના ઝાટકાની ઝડી એ પવન સહિતની  મેઘવર્ષા રૂપ છે. તરવારના ઝાટકાની ઝડી એ પવન સહિતની મેઘઝડી છે. આ રીતે (હથિયારના) પ્રહારોથી જોરદાર ત્રમઝટ-હેલી મચી.

*પ્રલિ જલ જુ રત પાલ પ્રનાલ,*
*વહુ ધકરાલ મચે વરસાલ;*
*તમાસુઅ થે ચત્રમાસુઅ તેમ,*
*અપ્રંપર ઈસર ઝુબિઅ પણ..*[૪૩]

લોહીનો પ્રવાહ તે જળપ્રવાહોરૂપ જાણવો. આ રીતે મહાવિકરાળ યુદ્ધરૂપી વરસાદ મચ્યો.

આ ત્રણેય છંદ કડીઓમાં સાવયવ મેઘરૂપક તો છે જ, પણ સાથે સાથે અનાયાસે જ લાંગીદાસે બીજા અલંકારો પણ પ્રયોજયા છે. 'વયણસગાઈ' તો પ્રત્યેક ચરણમાં સુપેરે ઓતપ્રોત થઇ ગયેલ છે, પણ કડી ૨૮૮ માં 'વળ વળ' વડે વીપ્સા અલંકાર, 'વીજળ વીજળ' શબ્દો વડે શ્લેષાલંકાર સહ યમકાલંકાર અને 'ઘઘુંબીઅ-લુંબીઅ' વડે આંતર્યમક સાંકળીનો પ્રયોગ કર્યો છે. કડી ૨૮૯માં એ જ પ્રમાણે 'વડાણેંઅ-બાણેંઅ'માં 'આણેઅ'

પ્રત્યયનો યમકસાંકળી રૂપે પ્રયોગ છે. એ જ પ્રમાણે 'ઝટ-ત્રછટ-પછટ' રૂપે આકાશમાંથી અને વીપ્સાનો પ્રયોગ છે.

*૪.૬.૧ ઉપમા :*

*' હરી રા હરી નાંહરી નાર હલી,*
*વહે કૂ અરી તેથ પુતી વિહિલી...'*[૪૪]

અહીં અનિરુદ્ધનું હરણ કરનાર ચિત્રલેખાને સિંહણ (નાંહરી) ની ઉપમા આપવામાં આવી છે.

*૪.૬.૨ રૂપક :0*

શિવ અને કૃષ્ણ વચ્ચેના યુદ્ધમાં બંનેના સૈન્યોએ શસ્ત્રોની વર્ષા કરી ચોમાસાનો માહોલ ઊભો કર્યો. રૂપક અલંકાર પ્રયોજી કવિ આ વર્ણનને આમ મૂક્યું છે.

*' હુઆ હલકાર તમાસુઅ દોએ,*
*દલે ત્ર માસુઅ મંડે દોએ...'* [૪૫]

*૪.૬.૩ ઉત્પેક્ષા :*

શિવ અને કૃષ્ણનાં સૈન્યો પરસ્પર એવી રીતે આથડયાં કે એમના યુદ્ધને કારણે હાડપિંજરો, છૂટાં પડેલાં હાડકાં અને માંસને કારણે વગડામાં જાણે કે ગઢ - કિલ્લો રચાઇ ગયો.

*'કરંકડ હંડડ મંસડ કાઈ,*
*મંડં ચડિં દ્રંગડ વગડ માઈ...'*[૪૬]

મધ્યકાળે ચારણ કવિઓએ પોતાની રચનાઓમાં વયણ સગાઇ અલંકારનો ભરપૂર વિનિયોગ કર્યો છે. આ અંગે 'ગણ એકાદશી માતમ' કૃતિની ચર્ચા કરતી વખતે ઉદાહરણ સાથે ચર્ચા કરી છે. આથી અહી તેનું પુનરાવર્તન કરવાને બદલે 'ઓખા હરણ'ના સંપાદકોએ કરેલી ચર્ચા જોઇએ.

*૪.૬.૪ 'વયણ સગાઈ' :*

'મધ્યકાલીન ચારણી સાહિત્યમાં જેની બોલબાલા હતી તે 'વયણ સગાઈ' અલંકાર લઈએ. તેનું મુખ્ય લક્ષણ એ છે કે છંદના દરેક ચરણનો પ્રથમ અક્ષર તે તે ચરણના અંતિમ શબ્દમાં આવવો જોઈએ. તેના પણ ઉ ।મ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ ભેદો છે. ચરણનો પ્રથમાક્ષર તે ચરણના છેલ્લા શબ્દમાં પ્રથમ આવે તે ઉ ।મ પ્રકાર, ચરણનો પ્રથમાક્ષર તે ચરણના અંતિમ શબ્દની વચમાં આવે, તે મધ્યમ; અને ચરણનો પ્રથમાક્ષર ચરણના અંતિમ શબ્દમાં છેલ્લે આવે તે કનિષ્ઠ. આ ત્રણે પ્રકાર કવિ લાંગીદાસે સારી રીતે પ્રયોજ્યા છે. 'ઓખા હરણ'માં કોઈ પંક્તિ 'વયણ સગાઈ' અલંકાર વગરની નહીં મળે. આ વસ્તુ જ લાંગીદાસના વિપુલ શબ્દભંડોળમાં અને સિદ્ધ કવિપણાનું પ્રમાણ આપે છે. અત્રે આપણે 'વયણ સગાઈ'નાં ઉદાહરણો જોઈએ :

❀ **ઉ ।મ :**

*ઝડઝડ સકતિ રતિ ઝડંત,*
\+ +
*અડે જષ વીર અણિ અકરુર,*
\+ +
*અને અનિ જોધ જડે અણભંગ,*

❀ **મધ્યમ :**

*બડા બડ હોએ હુઆ લથબથ,*
\+ +
*ધજાધર ધારણ ગોવરધન,*
\+ +
*ઝીકાં ઝીક મચે ત્રમઝટ,*
\+ +

અધમ પ્રકારની 'વયણ સગાઈ'નો પ્રયોગ લાંગીદાસે કર્યો નથી, સર્વાધિક રીતે ઉ ।મ પ્રકાર જ પ્રયોજાય છે, જ્યારે જૂજ સ્થળે મધ્યમ પ્રકારનો પ્રયોગ કર્યો છે.'

## ૪.૭ 'ઓખા હરણ'નું છંદોવિધાન

મધ્યકાલીન ચારણ કવિઓની ધ્યનાર્હ વિશેષતા એ હતી કે ડિંગળ અને પિંગળના છંદો પર તેમનું સારું પ્રભુત્વ હતું. આ કવિઓ કુળ પરંપરાથી અને વિદ્વાનોના માર્ગદર્શનથી છંદ શાસ્ત્રનું જ્ઞાન મેળવતા 'ઓખા હરણ'માં પ્રયોજાયેલા છંદો અંગે વિગતે ચર્ચા કરીએ.

કવિ લાંગીદાસ મહેડુએ આ 'ઓખાહરણ'માં નીચે પ્રમાણે છંદો પ્રયોજેલા છે : દુહા ૪૧, ઝંપતાલ ૪૨, વીદુમાલા ૨૪, આરજા ૫, ભુજંગી ૭૦, ત્રોટક ૩૮, ગાહા ચૂસર ૪, મોતીદામ ૧૧૧ અને કવિત ૧, કુલ ૩૩૬ છંદોનો સુપેરે વિનિયોગ કરીને કવિએ પોતાની છંદ સુઝ અને કવિત્વ શક્તિનો પરિચય કરાવ્યો છે.

'ઓખા હરણ'માં દુહા, આરજા અને ચોસરગાહાનો પ્રયોગ કવિએ પ્રસંગ-પરિવર્તન માટે કર્યો છે. ઝંપતાલ અને વીદુમાલા છંદો વડે કવિએ કથાના પ્રારંભના ભાગને આલેખ્યો છે, તેમાં ઓખાને પાર્વતી દ્વારા સ્વપ્નમાં વરપ્રાપ્તિ થશે, એવું વરદાન મળવા સુધીની કથા આલેખાઇ છે, જ્યારે ભુજંગી, ત્રોટક અને મોતીદામ છંદો અત્રે મુખ્ય ભાગ રોકે છે, જેમાં બાકી રહેલી કથાને-કે જે મુખ્ય વે તો યુદ્ધ કથા છે તેની વર્ણવી છે. એ છંદો વીરરસના વહન માટે પોતાની પ્રવાહિતા અને ગેયતા માટે યોગ્ય રહ્યા છે. કવિ સાંયાજી ઝૂલાએ પોતાનો પ્રસિદ્ધ વીરરસાત્મક આખ્યાનપ્રબંધ 'નાગ દમણ' પણ આ ભુજંગી છંદ પ્રયોજ્યો છે, જ્યારે લાંગીદાસના અનુગામી કવિ પંચાણ રાવળે 'સુદામાચરિત્ર' માં પણ ભુજંગી છંદનો પ્રયોગ કરીને કથા બહેલાવી છે. 'ઓખા હરણ'ના આ છંદોને બંધારણની દૃષ્ટિએ જોઇએ.

### *૪.૭.૧ દુહો :*

''દુહો એક માત્રિક છંદ છે. કવિ રામચંદ્ર મોડે પોતાના ગ્રંથ 'હરિ-પિંગળ'માં દુહાના ૨૧ ભેદો બતાવ્યા છે. પણ વ્યહારમાં તેના દુહો, સોરઠો, મોટો દુહો, તૂંવેરી દુહો અને ખોડો દુહો એવા પાંચેક ભેદો પ્રચલિત છે. તેમાં કવિજનોને-ખાસ કરી સોરઠિયા-ચારણોને જે કેવળ સૌરાષ્ટ્રમાં જ રહે છે. સોરઠો વિશેષ પ્રિય રહ્યો છે.

લાંગીદાસે 'ઓખા હરણ'માં કેવળ સાદા દુહાનો પ્રયોગ કર્યો છે, જેના પ્રથમ અને ત્રીજા ચરણમાં ૧૩/૧૩ માત્રાઓ હોય છે અને બીજા અને ચોથા ચરણમાં ૧૧/૧૧ માત્રાઓ હોય છે. પ્રાસ પણ બીજા-ચોથા ચરણનો મેળ છે. ''

### *૪.૭.૨ ઝંપતાલ :*

કવિ રામચંદ્ર મોડે 'હરિપિંગળ'માં ઝંપતાલ છંદને અક્ષર મેળવૃત્તોમાં ગણીને તેનું માપ આ પ્રમાણે આપ્યું છે :

*રગણ યત્રિ પિ હેક રચિ,*
*વ્રંન રવિ પાઈ વસાલ,*
*સહિ અડતાલી આષિર,*
*તકે છંદ ઝંપતાલ...* [૪૯]

અર્થાત્ ૧૨અક્ષરની એક, એવી ચાર ચરણપંક્તિોઓવાળો છંદ તે ઝંપતાલ. તેમાં દરેક ચરણમાં ચાર રગણ હોય છે અને બબ્બે ચરણોના પ્રાસ મળતા આવે છે. ચાર ચરણોની એક કડી થાય છે.

### *૪.૭.૩ વિદુમાલા :*

સંસ્કૃત 'વિધુ-માલા' પરથી થયેલું આ ડિંગળી રૂપાંતર છે. પિંગળાચાર્યોએ આ છંદનું માપ આ પ્રમાણે આપ્યું છે : કુંવર કુશળ કહે છે :

*પાયે ચારો કલ પેષો, દૂની માત્રા યા મૈં દેખો,*
*વિધુન્માલા છંદા વાંચૌ, સેસેં માષ્યૌ ઐસૈ સાંચૌ...* [૫૦]

અર્થાત્ પ્રત્યેક ચરણમાં ચાર કળ (બબ્બે ગુરુ) અને એનાથી બમણી એટલે, ૧૬ માત્રા હોય અને તેના એક પછી એક ક્રમે આવતા બબ્બે ચરણોના પ્રાસ મળે.
આચાર્ય કવિ હમીરજી રતનુ 'હરિજશ પિંગળ'માં કહે છે :

*પ્યારી કરણ પણ આવે ચોક્સ,*
*રુપક વીદુમાલા મહારસ;*
*આતમ મૂલી મ આણે આલસ,*
*જોડે શ્રીરણછોડ તણા જસ.* [૫૧].

એટલે કે બન્નેના મત મળતા છે, જ્યારે કવિ લાંગીદાસ મેહડુએ પ્રયોજેલા 'વીદુમાલા' છંદો તો આઠ અક્ષરોનો મલ્લિકા છંદ હોય તેમ જણાય છે. 'છંદોવૃામિાળા' પિંગળમાં મલ્લિકા છંદનાં લક્ષણો આ પ્રમાણે ઉદાહરણ સાથે આપ્યાં છે :

*રગનુ જગનુ રચિ પક ગુરુ, અંત એક લઘુ લેષ,*
*સુનો મિલ્લકા છંદ યહ, અષ્ટવરણ પય પેષ..*[૫૨]

અર્થાત્ એક ગુરુ અને એક લઘુ, એમ કરતાં ચરણાંતે લઘુ આવે તે આઠ અક્ષરનો ચાર ચરણોવાળો મલ્લિકા છંદ છે. તેનાં ક્રમશ : બબ્બે ચરણોના પ્રાસ મળતા આવે છે.

**ઉદાહરણ**

*॥ મલ્લિકા છંદ ॥*
*દેસ દેસ કે નરેસ, સોમિજે સબે સુવેસ,*
*જાનજે ન આદિ અંત, કોન દાસ કોન કંત..*[૫૩]

હવે 'ઓખા હરણ'ના 'વીદુમાલા' છંદની એક કડી જોઈએ :

*અંતરિષ રથ આઈ, મોહિઆ જસંન માઈ,*
*થાગડદા સંગીત થાઈ, ગીત તાન માન ગાઈ..*[૫૪]

આ જોતાં લાંગીદાસ મહેડુએ 'વીદુમાળા' નામે મલ્લિકા છંદનો પ્રયોગ કર્યો છે. સંભવતઃ 'વીદુમાળા' એ મલ્લિકા છંદનું ડિંગળી નામ હશે તેમ લાગે છે. બાકી લહિયાની ભૂલને કારણે માત્રા ક્યાંક ક્યાંક તૂટે છે, એ સ્વીકારવું રહ્યું.

### *૪.૭.૪ 'આરજા :*

આરજા એટલે આર્યા. આ અર્ધ માત્રિક છંદ છે; તેનું બીજું નામ ગાહા કે ગાથા પણ છે. એ કારણે જ આચાર્ય કવિ કુંવરકુશળે 'લખપતિ પિંગળ'માં ગાહાને આર્યા પણ કહેલ છે. પિંગળાચાર્યોએ ૨૬ પ્રકારની ગાહા માની છે અને તેનાં માપ પ્રસ્તારાદિ પણ આપ્યાં છે. રણછોડરામ ઉદયરામ દવેનો 'રણ પિંગળ' પ્રમાણે તેમાં છઠે સ્થાને જગણ અથવા લ+નગણ જરૂરી છે, પણ સામાન્ય રીતે ચારણ કવિઓએ પ્રત્યેક ચરણમાં ૧૬-૧૬ માત્રાઓ હોય, અથવા ૧૫-૧૫, માત્રાઓ હોય તેવો આર્યા છંદ પ્રયોજ્યો છે. આર્યા છંદના મુખ્ય પાંચ ભેદો છેઃ

(૧) આર્યા, (૨) ગીતિ,(૩) ઉપગીતિ, (૪) ઉદ્ગીતિ (૫) આર્યાગીતિ.[૫૫]

લાંગીદાસ મહેડુએ પણ ૧૬-૧૬ માત્રાવાળાં ચરણોની આર્યાનો પ્રયોગ કર્યો છે, જેમાં ચારેજ ચરણોની કુલ માત્રા ૬૪ થાય છે.

### *૪.૭.૫ ભુજંગી :*

આ પણ વાર્ણિક છંદ છે. આચાર્ય કવિ કુંવરકુશળે તેનું માપ આ પ્રમાણે આપ્યું છે :

***સદુંતા કરૌ ચ્યાર ચામૈં સુહાયૈ,***
***ભુજંગપ્રયાતે યહૈ મન્ન માયૈ;***
***મલી માંતિ સુનો ષગ ભાઈ,***
***દસે હું મત્રા લષૌ યૌં દિષાઈ..*** [૫૬]

અર્થાત્, ચાર યગણ સહિતની દશ માત્રાઓવાળો આ છંદ છે, જેનાં બબ્બે ચરણોના પ્રાસ મળે છે, એક કડીમાં ચાર ચરણો હોય છે.

આચાર્ય કવિ હમીરજી રત્નુ ભુજંગી છંદનું માપ આ પ્રમાણે આપે છે:

***પંચસૌ છયાસી રુપ પરિ, કથન સુણૌ કવિઈન્દ્ર,***
***ચ્યાર યગણ પાયે અચલ, છતા ભુજંગી છંદ..*** [૫૭]

અર્થાત્ ભુજંગી છંદના પ્રત્યેક ચરણમાં ચાર યગણ હોય, તેને ભુજંગી છંદ જાણવો.

મહાકવિ ચીમનાજી કવિયા ભુજંગી છંદનું લક્ષણ 'જશવંત પિંગળ'માં આ પ્રમાણે આપે છે :

***છાવી બાધૈ પાંચસૌ, ચ્યાર અગણ કર ચંદ,***
***રાજાં કમધા રુપ રા, દાખું ભુજંગી છંદ..*** [૫૮]

અર્થાત્, એકેક ચરણમાં ચરણમાં ૪ યગણ અને ૧૨ વર્ણ હોવા જરૂરી છે.

***ચ્યારી સગણ પય સંચરે, ત્રોટક રુપક તાઈ,***
***પરમેસર ભજિ પ્રાણિઆ, લિષમીવર મન લાઈ..*** [૫૯]

અર્થાત્ એકેક ચરણમાં ચાર સગણ હોય, અને એવાં ચાર ચરણોમાં ક્રમશઃ બબ્બે ચરણોના પ્રાસ મળતા હોય, એ ત્રોટક છંદ છે. એનાં ચાર ચરણોની એક કડી થાય છે. આ પણ વાર્ણિક છંદ છે, તેના વર્ણ ૧૨ છે.

### ૪.૭.૬ ગાહા ચોસર :

કવિ લાંગીદાસ મહેડુએ આ એક જ ડિંગળી છંદ 'ઓખા હરણ' માં પ્રયોજ્યો છે. એ એક પ્રકારનો ડિંગળના છંદઃશાસ્ત્રનો માત્રિક છંદ છે.તેનું ડિંગળી નામ સાવક અડલ ગીત છે. એને ચોસર ગાહા (ચૂસર ગાહા) પણ કહે છે. તેના પ્રત્યેક ચરણમાં સોળ-સોળ માત્રાઓ અને અંતે ચતુષ્કળ-યમક હોય છે. આવાં ચાર ચરણોની એક કડી થાય છે. તેનો બીજો ભેદ પંદર-પંદર માત્રાનાં ચરણોવાળો છે. જેમાં પ્રત્યેક ચરણને અંતે ત્રિકલ-યમક હોય છે, એટલે કે પ્રત્યેક ચરણને અંતે ચાર કે ત્રણ માત્રાનો એકનો એક શબ્દ પુનઃ પુનઃ આવે છે.[૬૦]

### ૪.૭.૭ મોતીદામ :

આ પણ વાર્ણિક છંદ છે, તેને મુક્તદામ પણ કહે છે. આચાર્ય કવિ કુંવરકુશળ તેનાં લક્ષણો આ રીતે આપે છે :

*પયોધર વેદ પરૈં જુપ્રસિદ્ધ, કવિ ઈમિ મુતિયદામ હિ કીધ,*
*તકો પય તેરહ ક્લાનિ, સબૈ કલ ચૌસાઢિ હોત સુજાનિ..*[૬૧]

અર્થાત્, મોતીદામ છંદના પ્રત્યેક ચરણમાં ૪ જગણ હોય છે, અને બાર અક્ષરોનાં રેનાં ચાર ચરણો હોય છે. તેમાં યુગ્મ ચરણોના પ્રાસ મળતા આવે છે. ચાર ચરણની એક કડી થાય છે.

આચાર્ય કવિ હમીરજી રતનુ લખે છે કે

*સહસ બિ નવસો રુપ સુભ, બલિ બાવીસ બતાઈ,*
*દીસૈ મોતીદામ રૈ, પ્રગટ જગમ ચત્ર પાય...*[૬૨]

અર્થાત્, કવિ હમીરજી આચાર્ય કનકકૂશળના મત સાથે મળતા આવે છે, આ જ મતને મહાકવિ ચીમનાજી કવિયા પણ અનુસરે છેઃ

*બે હજાર નવસૌ બધૈ, તિમ છાવીસ તમાંમ,*
*પ્રગટ જગણ ચત્ર પ્રાય મેં, દીસૈ મોતીદામ..*[૬૩]

### ૪.૭.૮ કવિત - છપ્પય :

ચારણી સાહિત્યમાં ગ્રંથની-રચનાની પૂર્ણાહુતિ છપ્પય-કવિત છંદથી કરવામાં આવે છે, તેને 'છપ્પય-કવિત કળશ રો' કહેવામાં આવે છે. એનું તાત્પર્ય એ છે કે રચનાને મંદિર

સમજીને તેના પર સમાપનનો આ સુવર્ણકળશ ચડાવવામાં આવે છે. આ માત્રિક છંદ છે, ઉલ્લાસા અને કાવ્યછંદના મિશ્રાણ વડે તે રચાયો છે. આચાર્ય કવિ હમીરજી રત્નુ છપ્પયનું બંધારણ આ પ્રમાણે આપે છે :

*કાઈવ પાયા ચારિ કહિ, ઉભૈ પાઈ ઉલ્લાલ,*
*કરિ ઈણિ પરિ છપ્પૈકવિત, વાણી વિમલ બિલાસ..*[૬૪]

અર્થાત્, પ્રથમ અગ્યાર માત્રાએ ૧૧ અને પછી ૧૩ માત્રાએ યતિ આવે, એવાં ચાર ચરણો, અને ૫-૬ ક્રમનાં ચરણોમાં તેનાથી વિપરીત એટલે ૧૩ માત્રાએ પ્રથમ અને ૧૧ માત્રાએ બીજો યતિ આવે તે છપ્પય છંદ થયો. છપ્પય નામ જ તેનાં છ ચરણોનું દ્યોતક છે. અર્થાત્, છ ચરણોની એક કડી થાય. ક્રમશઃ બબ્બે ચરણોના પ્રાસ મળતા આવે.

'ઓખા હરણ'માં પ્રયોજાયેલા છંદોને બંધારણની દૃષ્ટિએ તેમજ ઔચિત્યની દૃષ્ટિએ તપાસીને ડૉ. ઈશ્વરલાલ દવે અને રતુદાન રોહડિયાએ યથાર્થ જ કહ્યું છે કે, 'લાંગીદાસ મહેડુએ વાર્ણિક છંદોનો ઉપયોગ સૌથી વધારે કર્યો છે. એ પછી માત્રિક છંદોનો ક્રમ આવે છે, જ્યારે છપ્પય એ બે માત્રિક છંદોનું મિશ્રાણ છે, તો ગાહા ચોસર એ શુદ્ધ ડિંગળી છંદ છે. આરજા છંદ એ માત્રિક અને વાર્ણિક રૂપનો મિશ્ર છંદ છે. આમ આપણને 'ઓખા હરણ'માં લાંગીદાસના વાર્ણિક અને માત્રિક અને ડિંગળ છંદો પરના પ્રભુત્વનું દર્શન થાય છે. સાથે એ પણ જોઈ શકાય છે કે તેમનામાં યોગ્ય પ્રસંગ માટે યોગ્ય છંદ : પ્રકાર પસંદ કરવાનું કૌશલ છે. દા.ત., યુદ્ધ વર્ણનોમાં તેમણે પ્રવાહિત અને નાદશક્તિને યોગ્ય એવા ભુજંગી અને મોતીદામ છંદો પ્રયોજેલ છે, તો પ્રસંગાંતર માટે દુહા, આરજા અને ચોસર ગાહાનો પૂરી સૂઝપૂર્વક ઉપયોગ કર્યો છે. ભાવ અનુસાર છંદની પસંદગી કરવાની સૂઝ કવિની રચનામાં દેખાય છે.'[૬૫]

## ૪.૮ ઉપસંહાર

લાંગીદાસે 'ઓખા હરણ' ની મૂળ ભાગવતમાં અને અન્ય પુરાણોમાં લખાયેલી કથાને બાલકૃષ્ણ ભટ્ટના મુખે સાંભળીને એના આધારે વીરરસ સભર, સમર્યાદ, શૃંગાર વાળી અને દરબારગઢોમાં મંડાય એવી કથાનું એમના 'ઓખા હરણ' માં નિરુપણ કર્યું છે.

હૃદ્ય રસાવાહી કથા - આલેખન, સ્પષ્ટ રેખ, સજીવ, જીવંત પાત્રાલેખન, હૂબહૂ ગતિશીલ, યુદ્ધનાં કેટલાંક તાદૃશ વર્ણનો, યુદ્ધનાં કેટલાંક તાદૃશ ભાવવાહી બોલતાં ચિત્રવર્ણનો, શબ્દાલંકારો અને ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા જેવા અર્થાલંકારોનો સમુચિત વિનિયોગ વગેરેને કારણે 'ઓખા હરણ' ચારણી સાહિત્યની અને લાંગીદાસની કૃતિઓમાં વિશિષ્ટ સ્થાનની અધિકારી બની રહે છે.

***સંદર્ભ નોંધ :***


૧. આરતી ત્રિવેદી : 'પ્રેમાનંદનો પ્રતિભાવિશેષ - ૨, પૃ. ૧૭૦

૨. સંપાદક : સ્વ : ઈ.ર. દવે, રતુદાન રોહડિયા, 'ઓખા હરણ', ઉપોદ્‌ઘાત, પૃ.૧૬

૩. એજન, પૃ. ૫૯

૪. એજન, પૃ. ૧૬

૫. સ્વ. ઝવેરચંદ મેઘાણી 'ચારણો અને ચારણી સાહિત્ય', પૃ. ૬૧

૬. સંદર્ભ નોંધ ૨ મુજબ, પૃ. ૨૧

૭. સંદર્ભ નોંધ ૨ મુજબ, દુહો - ૩, પૃ. ૪૭

૮. એજન, પંક્તિ - ૧૦, પૃ. ૫૪

૯. એજન, પંક્તિ - ૨૪, પૃ. ૬૮

૧૦. એજન, પંક્તિ - ૩૧, પૃ. ૭૫

૧૧. એજન, પંક્તિ - ૯૪, પૃ. ૧૩૮

૧૨. એજન, પંક્તિ - ૧૦૮, પૃ. ૧૫૨

૧૩. એજન, પંક્તિ - ૧૬૭, પૃ. ૨૧૧

૧૪. એજન, પંક્તિ - ૨૧૩, પૃ. ૨૫૬

૧૫. એજન, પૃ. ૧૮

૧૬. એજન, ઉપોદ્‌ઘાત, પૃ. ૧૬

૧૭. એજન, પૃ. ૧૯

૧૮. એજન, પૃ. ૨૦

૧૯. એજન, પૃ. ૨૦

૨૦. એજન, પૃ. ૨૧

૨૧. એજન, પૃ. ૨૧

૨૨. એજન, પૃ. ૨૦૧

૨૩. એજન, પૃ. ૨૫

૨૪. એજન, પૃ. ૨૦૬

૨૫. એજન, પૃ. ૨૧૧

૨૬. એજન, પૃ. ૨૪

૨૭. એજન, પંક્તિ -૩૧, પૃ. ૭૫
૨૮. એજન, પંક્તિ - ૬૯, પૃ. ૧૧૩
૨૯. એજન, પંક્તિ - ૪૨, પૃ. ૮૬
૩૦. એજન, પંક્તિ - ૬૦, પૃ. ૧૦૪
૩૧. એજન, પંક્તિ - ૨૧૩, પૃ. ૨૫૬
૩૨. એજન, પંક્તિ - ૨૬૪, પૃ. ૩૦૭
૩૩. એજન, પંક્તિ - ૧૬૧, પૃ. ૨૦૫
૩૪. એજન, પૃ. ૨૬
૩૫. એજન, પૃ. ૪૫
૩૬. એજન, પૃ. ૧૧૦
૩૭. એજન, પૃ. ૨૩૩
૩૮. એજન, પૃ. ૨૮૮
૩૯. એજન, પૃ. ૪૮
૪૦. એજન, પૃ. ૫૩
૪૧. એજન, પૃ. ૨૮૮
૪૨. એજન, પૃ. ૨૮૯
૪૩. એજન, પૃ.૨૯૦
૪૪. એજન દુહો - ૧૫૪, પૃ. ૧૯૮
૪૫. એજન દુહો - ૨૮૭, પૃ. ૩૩૦
૪૬. એજન દુહો - ૨૪૭, પૃ. ૨૯૦
૪૭. એજન, પૃ. ૩૦
૪૮. રામચંદ્ર મોડ : 'હરિપિંગલ', હ.નં. ૬/૧૮૦
૪૯. એજન
૫૦. કુંવર કુશલ : 'લખપત પિંગલ', હસ્ત પ્રત નં. ૫૩/૨૭૬૦
૫૧. હમીરજી રત્નુ : 'હરિજશ પિંગલ', હસ્તપ્રત નં. ૨૮/૪૩૯૮
૫૨. સૌ.યુ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૫૩/૨૭૨૧

૫૩. એજન
૫૪. સંદર્ભ નોંધ ૨ પ્રમાણે, પૃ. ૧૨૮
૫૫. એજન, પૃ. ૩૭
૫૬. સંદર્ભ નોંધ ૫૦ પ્રમાણે
૫૭. સંદર્ભ નોંધ ૫૧ પ્રમાણે
૫૮. સં. શક્તિદાન કવિયા : 'સોઢા યણ', પૃ. ૧૦૨
૫૯. સંદર્ભ નોંધ ૫૧ પ્રમાણે
૬૦. સંદર્ભ નોંધ ૨ પ્રમાણે, પૃ. ૩૯
૬૧. કર્મ : યતિ કુંવર કુશલ : 'લખપત પિંગલ', હસ્તપ્રત ચોપડા નં. ૫૩ / ૨૭૬૦
૬૨. સંદર્ભ નોંધ ૫૧ પ્રમાણે
૬૩. સંદર્ભ નોંધ ૫૮ પ્રમાણે
૬૪. સંદર્ભ નોંધ ૫૧ પ્રમાણે
૬૫. સંદર્ભ નોંધ ૨ પ્રમાણે, પૃ. ૪૦

❀❀❀

# પ્રકરણ - ૫
# ભકિતમૂલક રચના : 'સત સ્મરણ'


૫.૧ ભૂમિકા
૫.૨ કૃતિની રચના સંદર્ભની દંતકથા
૫.૩ મંગલાચરણ
૫.૪ ચોવીસ અવતારનો મહિમા
૫.૫ પ્રભુના નામસ્મરણનો મહિમા
૫.૬ મોક્ષ પ્રાપ્તિની મહત્તા
૫.૭ તીર્થયાત્રાનો મહિમા
૫.૮ સાચા સંતનાં લક્ષણો
૫.૯ આત્મતત્ત્વની ઓળખ
૫.૧૦'સત સ્મરણ'ની ફલશ્રુતિ

# પ્રકરણ - ૫
# ભક્તિમૂલક રચના : 'સત સ્મરણ'

## ૫.૧ ભૂમિકા

ચારણી ભક્તિ સાહિત્યના અભ્યાસીઓ જાણે છે કે ચારણી ભક્તિ સાહિત્યમાં ઈસરદાન રોહડિયાનું વિશિષ્ટ પ્રદાન છે. ઈસરદાન જેવું જ વિશિષ્ટ પ્રદાન ચારણ કવિ લાંગીદાસ મહેડુનું છે, લાંગીદાસની 'સત સ્મરણ' રચના ચારણી ભક્તિ સાહિત્યમાં જાણીતી છે. ચારણી સાહિત્યની અનેક હસ્તપ્રતોમાં આવી અનેક રચનાઓ ધૂળ ધૌયાની રાહ જોતી પડી છે.

સ્વ. ઝવેરચંદ મેઘાણીએ 'ચારણો અને ચારણી સાહિત્ય'માં લાંગીદાસ મહેડુની 'ઓખા હરણ' અને 'એકાદશી મહાત્મ્ય' નો ઉલ્લેખ કર્યો છે.[૧] ચારણી સાહિત્યના મોટા ગજાના સમર્થ સંશોધક રતુદાન રોહડિયાએ 'ઊર્મિનવરચના' માં પ્રગટ કરેલ 'શોધયાત્રા' લેખમાળામાં લાંગીદાસ મહેડુની 'ગણ બાબી રો', 'રાજ સગણ' અને 'સત સ્મરણ' એ ત્રણ રચનાઓનો ઉલ્લેખ કર્યો છે.[૨] આ પાંચ કૃતિઓ ઉપરાંત લાંગીદાસની, એમના ગુરુ લાલ ભટ્ટની સ્તુતિ કરતી ગીત રચના, માતાજીની સ્તુતિ કરતી ગીત રચના - ઈત્યાદિ નવેક લઘુ રચનાઓ મળી આવે છે.

## ૫.૨ કૃતિની રચના સંદર્ભની દંતકથા :

લાંગીદાસની 'સત સ્મરણ' રચના સહેજ વિગતે વાત કરવાનો અહીં ઉપક્રમ છે.

૧૦૭ દુહાઓમાં લખાયેલી કવિની ભક્તિભાવના રજૂ કરતી આ રચના સ્ ાવન રચના છે. ઈશ્વરની સ્તુતિ કરતી વખતે દરરોજ એનું નામ સ્મરણ કરી, વંદના કરવા લખાયેલી રચના હોય એવી એમાંથી પસાર થનારને પ્રતીતિ થશે. આ કૃતિ વિશે એક દંતકથા પ્રચલિત છે. હળવદ નરેશ રાજ જસાજીએ લાંગીદાસ પાસે માળા કરતાં કરતાં પાઠ કરી શકાય એવા ભક્તિભાવ ભર્યા નાના ગ્રંથની માગણી કરી. લાંગીદાસે આ માગણીના સંદર્ભમાં ૧૦૭ દુહાનો આ નાનકડો ગ્રંથ લખેલો.[3] આ દંતકથા પણ આ કૃતિ સ્ ાવન માટે લખાયેલી છે એ જ બાબતનો નિર્દેશ કરે છે.

## ૫.૩ મંગલાચરણ :

કૃતિના આરંભે પ્રથમ દુહામાં કવિ પરમેશ્વરના નામ - સ્મરણના આ ગ્રંથની રચના માટે રિદ્ધિ - સિદ્ધિનાં દેનારાં સમર્થ માતેશ્વરી પાસે પોતાને સદ્બુદ્ધિ આપે એવી વિનંતી કરે છે.

*'દેવી મૂં બધિ દીજિઆં, સધિ રધિ દિઅણી સમથ,*
*હું ગાવાં હરનામ રુ સત સ્મરણ ગ્રંથ...' (૧)* [૪]

લાંગીદાસ મહેડુની આગવી વિશેષતા એ છે કે તેમણે મંગલા ચરણમાં ભગવતી શારદાની પ્રાર્થના તો કરી જ છે, સાથો સાથ તેમણે પરમાત્માના નામ સ્મરણનો મહિમા પણ રજૂ કર્યો છે, જુઓ :

*લાંગા ! સાખી અલખકી, જે આખી જે એક;*
*ધ્રમ પ્રગટિ જમ ડર મટિ, અધરમ મટિ અનેક* [૫] *...૨*

ઓ લાંગીદાસ ! જે કોઇ પરમેશ્વરનો એકાદ દૂહો પણ કહેશે, તેમના હૃદયમાં ધર્મ ભાવના પ્રગટશે, એમને યમનો ડર નહિ રહે અને એમનાં અનેક પાપોનો નાશ થશે.

## ૫.૪ ચોવીસ અવતારનો મહિમા :

પરમેશ્વર નિર્ગુણ છે (આપિ આપિ અરૂપ હે) પરંતી એ માલિકે પોતાના સગુણ રૂપને સર્જ્યું છે.[૪] આટલી ભૂમિકા બાંધી કવિ ઇશ્વરના જુદા જુદા અવતારોનું સ્મરણ કરી એમને વંદન, નમન, નમસ્કાર ઇત્યાદિ કરે છે ઉદાહરણ રૂપે કેટલાક દુહાઓ જોઇએ.

*જળ સેજે સુતા જકે, શેક સાઇ સર સર શેખ;*
*નાભિ કમલ નિપાઇઆ, આપિ આપ અલેખ...* [૬]

જળ પર શેષનાગની શય્યા પર જયારે ભગવાન શેષશાયી સુતા હતા ત્યારે એ કોઇના લક્ષમાં ન આવનાર પરમેશ્વરે સ્વયંભૂ રીતે પોતાની નાભિમાંથી (સૃષ્ટિના આધાર રૂપ) કમળ ઉત્પન્ન કર્યું.

*દજ છોડણ, દાણવ દહણ બંધણ આખર બંધ;*
*નમો નમો અજોનીનાથ નર, કાછઆ નર હે કંધ* [૭] *...૫*

દ્વિજોને અસુરોના ત્રાસમાંથી મુક્ત કરનાર, વેદ હરનાર દાનવ શંખાસુરનો વધ કરી વેદવાણી અક્ષર સ્વરૂપે બદ્ધ કરનારા, માનવ કાયવાળા પણ અશ્વના મુખવાળા, અયોનિજ ભગવાન હયગ્રીવને વંદન હો.

કવિની મહ ા એ છે કે તેઓ ભારતીય સંસ્કૃતિ અને વૈદિક પરંપરાનો સ્વીકાર કરે છે, તેમજ તેના પ્રચાર પ્રસાર માટે જ કાવ્યશક્તિનો વિનિયોગ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં ચોવીસ અવતારનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ અવતારની ઈય ાને કવિએ કલાત્મક રીતે રજૂ કરી છે. તેમાં પણ શ્રી હરિના દ ાત્રેય અવતાર અને યજ્ઞ પુરુષની વાત લાંગીદાસજીએ સૂપેરે આલેખી છે.

*અનસેઆ માતાઅ પતા અત્રી, જનમ દતાત્રે જાસ;*
*સો અવતાર સંભારતાં, નાવે ઉદર નવાસ...૧૨*

જેમનાં માતા અનસુયા છે પિતા અત્રિ ઋષિ છે, અને જેમને બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ઉત્પન્ન કરનારા છે. એ શ્રી હરિના દ ાત્રેય અવતારનું સ્મરણ કરવાથી પુનઃ માતાને ઉદરે આવવાનું થતું નથી.

*'તિ મુહુરત ધન વાર તથ, પતા રુચિ ધન પખ;*
*આકરતી ધનધ ઉદર, પ્રગટિ જગન પરખ[૮]...૧૩*

એ મુહૂર્ત, વાર અને તિથિ ધન્ય છે. પિતા પક્ષે ઋષિરુચિ ધન્ય છે. માતા આકૃતિના ઉદરને, કે જ્યાં પરમેશ્વર યજ્ઞસ્વરૂપે પ્રગટયા તેને તો વારંવાર ધન્યવાદ છે.

લાંગીદાસજીએ પૃથ્વીનું દોહન કરનારા પૃથુ ભગવાનના અવતાર કાર્યનો મહિમા કલાત્મક રીતે આલેખ્યો છે. પૃથ્વીનું લાલન પાલન કરવા માટે જ્ઞાન અને વિજ્ઞાનનો સમનવ્ય કરનારા પ્રભુ વિશે કવિ નોંધે છે કે :

*લાંગા ! નગ ઓખદ લેઅણ, પ્રથી દોઅણ વણપાર;*
*પ્રજ પાળણ માળણ પ્રસણ, તાઈ પ્રથુ અવતાર[૯]..૧૫*

હે લાંગીદાસ ! પૃથ્વીને દોહીને અપાર રત્નો, ઔષધો પ્રાપ્ત કરવાવાળા પ્રજાને પાલનારા, અને શત્રુઓને સંહારનારા એવા પૃથુરાજ ભગવાન વિષ્ણુનો જ અવતાર થયા.

*'નાભ પતા ધન ધન નખત્ર, મેરુ ધન ધન માઈ;*
*જનમેઆ અવતાર જણ, વખભ પરમહંસ રાઈ[૧૦]...૧૪*

માતા મેરુ દેવી અને પિતા નાભિરાજને ધન્ય છે. એમને ત્યાં પરમ હંસોના રાજવી એવા ભગવાન ઋષભદેવ રૂપ જન્મયા.

*‘ રાજા સતવ્રત સત રખણ, કરે દખણ કલપંત;*
*તછ નમો અણતછ તણ, મૂરતિ મછ મહંત[૧૧] ...૧૬*

સત્યને રાખવાવાળા તુચ્છ સામુદ્રિક જીવ હોવા છતાં જે અણ તુચ્છ (મહાન) કાયાવાળા છે એવા ભગવાન મહાન મત્સ્યાવતારની મૂર્તિને નમન હો.

*દહું વહેવા દાણવા, મહણ મથણ મથણ મિહરાંણ;*
*પરબત પીઠ ટેકવણ નમો કમઠ નારાણ[૧૨] ...૧૭*

મધુ અને કૈટભ દાનવોને મારવાવાળા, સમુદ્રને મથવાવાળા ભગવાન નારાયણના મંદરાચલ પર્વતને પોતાની પીઠ પર ટેકવનારા કૂર્માવતારને નમન હો.

આ સૃષ્ટિ પર જ્યારે વર્ણાશ્રમની પ્રથાએ વિશેષ જોર પકડયું અને ક્ષત્રિયોનો અત્યાચાર વધી ગયો ત્યારે પરશુરામ રૂપે અવતાર ધરીને પ્રભુએ આ પૃથ્વીને ભય મુક્ત કરી એ માટે તેમણે અનેક આતતાયીઓનો સંહાર કર્યો. કવિની અભિવ્યક્તિ છટાને કારણે પંક્તિઓ આસ્વાદ્ય બની રહી છે.

*પાવન જમદગની પતા, મણાં રેણકા માઈ;*
*ધન જમને ફરસી ધરણ, રામ નામ રખિરાઈ[૧૩] ...૧૮*

પવિત્ર એવા જમદગ્નિ ઋષિ તથા માતા રેણુકા કહીએ તેને ધન્ય છે કે, જેમને ત્યાં ફરશી ધર એવા ફરશુરામ નામના રૂષિરાજ રૂપે પ્રભુ જન્મ્યા.

અયોધ્યામાં દશરથ રાજા અને માતા કૌશલ્યાના સંતાન તરીકે અવતરીને રાક્ષસોનું નિકંદન કાઢનારા પ્રભુ રામે રાવણનો સંહાર કરીને સીતાને કેદ મૂક્ત કર્યા. તેમજ લંકાની ગાદી વિભીષણને દાનમાં આપી દીધી. આવા પરાક્રમી અને દાનવીર ક્ષત્રિયનો મહિમા કવિએ આ રીતે રજૂ કર્યો છે.

*સતવંતી માતા કઉસલા, રામ પતા દશરથ;*
*લંક લેઅણ દાને દેઅણ, જિઓ જિઓ જગનથ[૧૪] ...૨૦*

જેમનાં માતા સતી એવા કૌશલ્યા છે, અને પિતા રાજા દશરથ છે. લંકા જીતની વિભિષણને દાનમાં લઇ દેનારા જગત્પતિ એવા ભગવાન રામનો જય હો.

રામાવતાર પછી વાસુદેવ અને દેવકીના સંતાન તરીકે અવતાર લેનાર ભગવાન કૃષ્ણએ કંસ અને જરાસંઘ જેવા દૈત્યોને સંહાર્યા છે. તો પાંડવ તેમજ અન્ય ભક્તોનું રક્ષણ કર્યું છે. કવિએ કૃષ્ણચરિત્રનો મહિમા ગાયો છે.

*ક્રસન દેવ સત દેવકી, દેવ પતા વસુદેવ;*
*ભાર ઉતારણહાર ભૂખા, સાઈ પાઈ કર સેવ*[૧૫] *...૨૧*

જે દેવકી તનય છે. જેમના પિતા વસુદેવ છે, અને જેઓ પૃથ્વીનો પાપભાર ઉતારવા વાળા છે. એ ભગવાન કૃષ્ણના પગનું તું સેવન કર.

આ ઉપરાંત ભગવાન બૃદ્ધ તરીકે શુદ્ધોદન અને કરુણાવતીના પુત્ર રુપે અવતાર લેનારા બૃદ્ધે ઉચ્ચ નીચના ભેદોને દૂર કર્યા છે. એ માટે તેમણે કરેલા પ્રયાસોને બિરદાવતા કવિ આ પંક્તિમાં કહે છે કે :

*જપી કઈકટ તાત જન, મણિ કરાવંતા માત;*
*બધ વત્રક્ષણ સ ધાર બધ; તાઈ નમો જગ તાત*[૧૬] *...૨૨*

જેમનાં શૃદ્ધોદન પિતા અને કરુણાવતી નામે માતા છે. એવા વર્ણાશ્રમ બદ્ધ સમાજમાં વર્ણશ્રમનો લોપ કરનારા જગતપિતા એવા ભગવાન બુદ્ધને વંદન હો.

*થંભ થકી હરિ પ્રગટ થે, હરણ કંશ અગ;*
*પણ પેલાદ રહાવણ, નમો નમો નરસગ*[૧૭] *...૨૫*

સ્થંભમાંથી જે પ્રગટ થયા છે. અને જેમણે હિરણ્યકશ્યપનાં શરીરનાં અંગોનું (ભક્ષણ અર્થે) હરણ કર્યું છે. એવા ભક્ત પ્રહલાદની પ્રતિજ્ઞાનું રક્ષણ કરનાર ભગવાન નરસિંહને નમન હો.

*માતા અદતી મહાસતી, તાત કશપ ત્રિકંમ;*
*બહુનામિ જિ બળિબંધણ, વામણ દેર વ્રહમં*[૧૮] *...૨૬*

જેમનાં માતા મહાસતી અદિતી છે. તથા પિતા ઋષિ કશ્યપ છે. એવા બહૂ નામધારી બળિરાજાને બાંધનારા અને ત્રણ પગલાં ભરનારા ભગવાન વામન રૂપે પરબ્રહ્મ છે.

*હેક થકી અવતાર હરિ, ચવિઆ કરિ ચુવીસ;*
*અનંત અનંત લીલા અનંત, જિઓ જિઓ જગદીશ*[૧૯] *...૨૮*

આ રીતે મેં એકથી લઈને ચોવીસ અવતારો કથ્યા, એવા એ અંત રહિત હોવાને કારણે અનંત નામધારી છે, અને જેમની લીલાઓ અનંત છે. એવા જગતના પરમેશ્વરનો જય હો.

આમ કવિએ જગદગ્નિ ઋષિ અને રેણુકાને ત્યાં જન્મેલા ફરશુરામ (દુહો ૧૮), પરાશર ઋષિ અને સત્યવતીને ત્યાં જન્મેલા વેદવ્યાસ (દુહો ૧૯), દશરથ તથા કૌશલ્યાને ત્યાં જન્મેલા રામ (દુહો ૨૦), વાસુદેવ અને દેવકીને ત્યાં જન્મેલા ભગવાન કૃષ્ણ (દુહો ૨૧), શુદ્ધોધન અને કરુણાવતીને ત્યાં જન્મેલા બુદ્ધ (દુહો ૨૨), સનુચર અને સમૂલરક્ષાને ત્યાં જન્મેલા નકલંક (દુહો ૨૪) વગેરે અવતારોનું ભક્તિભાવપૂર્વક સ્મરણ કર્યું છે; તો ભગવાનના વિરાટ સ્વરૂપને (દુહો ૬) પરમેશ્વરના અવતાર સ્વરૂપ નારદને (દુહો ૯) પ્રહલાદની પ્રતિજ્ઞાનું રક્ષણ કરનાર ભગવાન નરસિંહને (દુહો ૨૫),ત્રણ પગલાં ભરનાર ભગવાનના વામન સ્વરૂપને (દુહો ૨૬) પ્રણામ વંદન - નમસ્કાર કર્યા છે.

### ૫.૫ પ્રભુના નામસ્મરણનો મહિમા :

પ્રભુનું નામ સ્મરણ કેવી રીતે કરવું તેના વિશે લાંગીદાસ કહે છે.

*‘ હરિ ક્રસન હરિ ક્રસન, ક્રસન ક્રસન હરિ નામ;*
*હરે રામ હરે રામ રામ હરે, રામ રામ હરે રામ*[૨૦] *...૬૫*

હરિ કૃષ્ણ, હરિ કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરિ એ રીતે હરિનામ સ્મરણ કરતા રહેવું જોઈએ.

હરિનામ સ્મરણ ન કરનાર માનવી અનેક ઘરો (યોનિ) નો પરોણો બને છે (ઘણાં ઘરાંકા પ્રાહુણા લાંગા ! સબ હી લોક) પોતાના મૂળ ઘરને ભૂલી ગયેલા અનેક માનવીઓ પારકાં ઘરે (અનેક યોનિઓ) રખડે છે. (‘નજ ઘર ભૂલિઆ, પર ઘર ફરે અનેક’)

હરિની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુનું સેવન કરવું જોઈએ. સદગુરુ થકી જ સર્વગુરુ (હરિ)ની પ્રાપ્તિ થાય છે. આથી જ લાંગીદાસ કહે છે. ‘ન છોડીએ, સતગર કેરા સંગ’ સદગુરુના સત્સંગથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને જ્ઞાન થતાં આત્માને પરમાત્માની ઓળખ મળે છે. પરિણામે જીવનું દાસપણું નાશ પામે છે.

મોહ, અભિમાન, મમતા, મદ વગેરે આત્માનો નાશ કરનારાં છે. જ્ઞાન અને ધ્યાન જ આત્માને તારે છે એ વાત લાંગીદાસ સ્પષ્ટ કરે છે.

*'મોહ માંન મમતા મતા, માઈ હંસા મેટ;*
*ગાંન ઘાંન ઘર લાંગડા, એહા કરે અમેટ*[21] *...૭૩*

પ્રેમ પૂર્વક પ્રભુ સ્મરણ કરવાથી પ્રભુ આવીને અવશ્ય મળે જ એને આવવું જ પડે જ એ વાત લાંગીદાસ એ અધિકાંશ ભારપૂર્વક કહે છે.

*'સાદ કરતાં નામ સણ, પસુએ કરંત પિયાર;*
*લાંગા ! નામ લેઅતડાં, ક્યું ન મળે કિરતાર.*[22] *...૩૪*

( હે લાંગીદાસ ! સાદ કરવાથી, પોતાનું નામ સાંભળીને પાલતું પશુઓ પણ પ્રેમ કરે છે, તો પછી પ્રેમપૂર્વક હરિનું નામ લેવા વાળાને પરમેશ્વર શા માટે આવીને ના મળે ?)

*'સણિ ઘંટાવળ પ્રેમ સૂં મ્રઘ આવિ વનમાંઇ;*
*તુ ના'વિ કંમ નારિઅણ, લાંગા ! પ્રેમ લગાઈ*[23] *...૧૩*

(પારઘીનો ઘંટનાદ સાંભળી સંગીતના પ્રેમથી વનમાં મૃગો ખેંચાઈને આવે છે તો પછી હે લાંગીદાસ ! તું પ્રેમ લગાવીને બેઠો છે તો નારાયણ શા માટે ના આવે ?)

લાંગીદાસ મહેડુ ખરા અર્થમાં ભક્ત કવિ છે. તેમની ભક્તિભાવના સત સ્મરણના પ્રત્યેક દુહામાંથી પ્રગટતી જોવા મળે છે. કવિએ વૈદિક પરંપરાને નવધા ભક્તિને કલાત્મક રીતે રજૂ કરી છે. પરમાત્માનું નામ સ્મરણ કરવાથી પ્રાપ્ત થતી શક્તિનો મહિમા કવિએ રજૂ કર્યો છે. તો તેમની રચનામાંથી તેમનું ચારણ તરીકેનું વ્યક્તિત્વ પણ પ્રગટે છે. તેઓ પ્રભુને સ્પષ્ટ રીતે કહે છે કે હે પ્રભુ ! જો પશુને પણ તેમના નામથી પોકારવામાં આવે તો તે પ્રેમ પૂર્વક હાજર થાય છે. તો આપે ભક્તોનો સાદ સાંભળીને સત્વરે પ્રગટ થવું જોઈએ. કવિની અભિવ્યક્તિ છટા અને કવિત્વ કલાનો સુભગ સમન્વય અહીં થયો છે.

*લાંગીદાસ ! અલખ કી, એ કોઅ રીત અચંભ;*
*ગોમ નકે જળમાં ગળે, વોમ રહે અણ થંભ*[24] *...૩૭*

હે લાંગીદાસ ! પરમેશ્વરની આ વાત આશ્ચર્યજનક છે કે, ધરતી જળમાં ગળી જતી નથી,તેમ આકાશ કોઈ સ્થંભના ટેકા વગર જ ટકી રહ્યું છે.

લાંગીદાસજીએ ભક્તોને પરમાત્માનું સ્મરણ કરવાની શિખામણ આપી છે. જો હરિ મહિમાનું ગાન કરવામાં ન આવે તો માનવ જન્મ મિથ્યા છે. એ વાત સરળતાથી સમજાવા માટે કવિએ દેડકાઓનું રૂપક પ્રયોજ્યું છે.

*જુ લાંગા ! હરિ હરિ જપિ, તુ રસણા હિ સાર;*
*નહીં તુ દાદર જુ ભલુ, સુ ડસણા વચ ભાર*[૨૫] *...૪૦*

હે લાંગીદાસ ! જો તું પરમેશ્વરનું નામ સ્મરણ - રટણ સતત કરતો રહે તો તારા મુખમાં જીભ હોવી એ સાર્થક છે. નહિ તો હરિ સ્મરણ ન કરનારાં માનવો કરતાં દેડકાં ભલાં છે. એવાં માનવોને તો મુખમાં જીભ ભાર રૂપ છે.

## ૫.૬ મોક્ષ પ્રાપ્તિની મહત્તા :

કવિની સ્પષ્ટ માન્યતા છે કે શ્રી હરિ પરમકૃપાળુ છે. આ સૃષ્ટિના અનેક પામરજીવો જીવન યાત્રા દરમ્યાન લોભ, લાલચ, કામ અને ક્રોધને વશ બનીને અનેક પાપો આચરે છે. જીવનપર્યન્ત પાપાચાર કરનાર વ્યક્તિ પણ જો પરમાત્માનું શરણ સ્વીકારે તો તેનું ખરા અર્થમાં કલ્યાણ થઈ જાય છે. શ્રી હરિ તેને મોક્ષનો અધિકારી બનાવીને જન્મ જન્માંતરના ફેરામાંથી મુક્તિ આપે છે. કવિની આ વાત અત્યંત સરળ છતાં હૃદયસ્પર્શી બની છે જુઓ :

*લાંગા ! લોભી લાલચી, કાંમી અને ક્રોધી કોઅ;*
*સમરે સરજણહાર કું, સરજે ન મરે સોએ*[૨૬] *...૪૪*

હે લાંગીદાસ ! લોભ, લાલચ, કામ અને ક્રોધ એવા દુર્ગુણથી ભરેલા માનવો પણ જો પરમેશ્વરનું સ્મરણ કરતાં રહે તો તેઓ પણ મોક્ષ પામી જાય છે. પછી તેમને જન્મવાનું અને મરવાનું રહેતું નથી.

લાંગીદાસજી સંસારી લોકોને ભક્તિનો મહિમા સમજાવતાં કહે છે કે જો પરમેશ્વરના ગુણાનુવાદ કર્યા હશે તો માનવ જીવન સફળ થશે અને સુખની પ્રાપ્તિ થશે. જો માનવ પરમકૃપાળુ પરમાત્માને ભૂલી જશે તો તેને વિષયવાસના ઘેરી વળશે. જેના મુખમાં પરમાત્માના નામને બદલે દૈહિક સુખની વાત હશે તેને ચારેય તરફથી દુઃખ ઘેરી વળશે. કવિની આ વાત કાવ્યાત્મક રીતે રજૂઆત પામી છે.

*લાંગા ! મખિ અખિયા અલખ, શો સખીયા સંસાર;*
*મન રાખિયા વખિયા મહિ, તો દખીઆ અવતાર*[૨૭] *...૪૭*

હે લાંગીદાસ ! પોતાના મુખે પરમેશ્વરનું સ્મરણ રટણ કર્યું છે,તેઓ લોકમાં સુખીઆ છે. પણ મનને વિષયોમાં રમમાણ રાખ્યું તો આખોય જન્મારો દુઃખમય જ વિતવાનો.

### ૫.૭ તીર્થયાત્રાનો મહિમા :

પ્રભુને પામવા માટે બહાર ભટકવાની જરૂર નથી. આપણી કાયામાં જ સર્વ તીર્થો છે. 'લાંગા ! અંગ વચાર લે, સબ તીરથ હે સંગ'[૨૮] પણ અજ્ઞાની મનુષ્ય એને અન્યત્ર શોધે છે. લાંગીદાસ આ વિશે કહે છે.

*કસ્તુર હેકા નળી, મ્રથ ઢુઢિ વન માંઅ;*
*હર હર દેહે લાંગડા, જોઈ બશે કિ જાઈ*[૨૯]

(કસ્તુરી પોતાની નાભિમાં હોવા છતાં મૃગ એને વનમાં અન્યત્ર શોધે છે તેમ કે લાંગીદાસે પરમેશ્વર તો તારા દેહમાં જ છે, એને અન્યત્ર કયાં શોધે છે?) 'તીરથ ફરી ફરી થાકયા ચરણ તો ય ના આવ્યા હરિને શરણ' અખાની પંક્તિ તરત જ યાદ આવે છે.

કવિએ ચોવીસ અવતારનાં વિવિધ કાર્યોને અનેક રીતે સ્મર્યા છે. દશરથનંદન રામચંદ્રજીએ પિતાની આજ્ઞાથી વનવાસ સ્વીકાર્યો અને વનમાં વિચરણ કર્યું ત્યારે ભીલડીના એઠા બોર પણ પ્રેમપૂર્વક આરોગ્યા હતા. એ વખતે તેઓને છૂતાછૂત કે ઉચ્ચ નીચના પ્રશ્નો આડા આવ્યા નથી. પ્રભુની આ વિશિષ્ટતા છે કે તેઓ રાયથી રંક સુધી સૌને સમાન ગણે છે. તેમજ તેમને ઉદારતા પૂર્વક સ્વીકારે છે, જુઓ :

*લાંગા ! જુઠા ભીલિ કા, રિઝે પાઆ રાંમ;*
*વરણા વરણી કા નહીં, ઓ કરણી કા કામ*[૩૦] ...૫૩

હે લાંગીદાસ ! ભીલડી - શબરીનાં ઉચ્છિષ્ઠ બોરની રીઝવાં જ રામ શબરીને પ્રાપ્ત થયા, આ રીતે ઊંચ - નીચ વર્ણોનું અહીં કોઇ કામ નથી. અહીં તો કેવળ કરણી (ભક્તિ - અભક્તિ)નું જ મૂલ્ય છે.

લાંગીદાસજીએ કાશી વિશ્વનાથના ગુણાનુવાદનો મહિમા સમજાવતા કહ્યું છે કે, જે કોઇ ભક્તો પરમાત્માના ગુણગાશે તેમણે પુનઃ જન્મ લેવાનો રહેશે નહીં, પરંતુ તેમના આવાગમનના ફેરાઓ મટી જશે કવિની આ વાત સાચેજ હૃદયસ્પર્શી જણાય છે.

*કાશી વિસવનાથ કું, જે ગાસી કરિ ગમ;*
*લખ ચુરાસી લાંગડાં, નાસી કહિ નગમ[31] ...૫૬*

હે લાંગીદાસ ! જે કોઇ સમજપૂર્વક (હરિહરમાં અભેદતાં સમજીને) કાશી વિશ્વનાથનાં ગુણ - સ્તવનો ગાશે, તેમને માટે ચોરાસી લાખ યોનિના ફેરા મટી જશે તેમ વેદો કહે છે.

પરમાત્મા રૂપી ખજાનો જેના હાથ લાગ્યો છે. તેને ભવ ભવની ભાવઠ ભાંગી જાય છે. એટલું જ નહીં પણ તેને પુનઃ જન્મવાનું રહેતું નથી. કવિની આ વાત આમ જનતાને પણ સમજાય તેવી સરળ છે.

*લાંગીદાસ ! અલખ કા, હૂઆ ખજિના હાથિ;*
*હવે ન આવિ ઢુકડી, આવાગમણ અણાથિ[32] ...૫૯*

હે લાંગીદાસ ! અલક્ષ એવા પરમેશ્વર (ની ભક્તિ) રૂપી ખજાનો હાથ લાગ્યા પછી હવે જન્મ - મરણના ફેરા રૂપ નિર્ધનતા નજીક નહિ આવે.

### ૫.૮ સાચા સંતનાં લક્ષણો :

સાચો સંત કોને કહેવાય તે વિશે પણ લાંગીદાસે અહીં અણસાર આપ્યો છે. નરસિંહ જેમ વૈષ્ણવજનનાં લક્ષણો આપે છે. તેમ લાંગીદાસે ત્રણેક દુહાઓમાં સાચો સંત કોને કહેવાય તે વિશે કહ્યું છે.

*મન વચન ક્રમણા મિ રહિ, એક અનંત અનંત;*
*લાંગા ! દુબધા નાં લહિ, સો એ કહી જિ સંત[33] ...૮૨*

(જેના મન, વચન અને કર્મણામાં અનંત એવા પરમેશ્વરનું જ સ્મરણ છે અને જે ક્યારેય દુઃખોને, સંશયોને ગ્રહણ કરતા નથી એવા પુરુષોને સંત કહેવા.)

લાંગીદાસજીએ પ્રસ્તુત રચના દ્વારા સમાજની આમ જનતાને ભક્તિનો પ્રબોધ કરવાનો ઉદ્દેશ રાખ્યો છે. આથી તેમણે અત્યંત સહજ અને સરળ બાનીમાં લોકજીવનમાંથી ઉદાહરણો લઈને તેનાં દૃષ્ટાંતો આપ્યાં છે. એમ કરીને તેમણે અભણ અને અસમજ લોકોને પણ સરળતાથી સમજાવ્યાં છે. મધ્યકાળે જ્યારે ચલચિત્રો અને દૂરદર્શનની સિરયલો ન હતી ત્યારે આમ જનતા માટે તો લોકનાટય ભવાઈ જ મનોરંજનનું હાથવગું સાધન હતું. તેમાં વેશ ભજવનાર ભવાયાં અલગ અલગ વેશ ભજવીને દર્શકોને રીઝવવા - પ્રસન્ન

કરવા પ્રયત્ન કરતાં હોય છે. એ દૃશ્યથી સૌ પરિચિત હોય છે. આથી કવિ કહે છે કે, માનવે પણ અલગ અલગ વેશ ભજવીને પરમાત્માને રીઝવવા પ્રયાસ કરવાનો છે. અર્થાત્ વેશ ઉચિત રીતે ભજવવો, પણ પરમાત્મા તો સંતનાં વેશથી જ રીઝે છે, માટે એ વેશ સૌ કોઈએ ભજવવો જોઈએ, જુઓ :

*રામાતિ રચી સંસાર મિ, લાઆ વેસ કે લખ;*
*સાધુ વેસ રીઝિઆ, લાંગીદાસ ! અલખ*[૩૪] *...૮૧*

હે લાંગીદાસ ! આ સંસારમાં જીવે ભવાઈ માંડીને અનેક જન્મો રૂપી કેટલાયે લાખ વેશો ભજવ્યા, તેમાં પરમેશ્વર એક સાધુવેશ પર જ રીઝી ગયા.

*'સોવ્રન લોહ સમ નાહિ, સખ દખ દોઈ સમાન;*
*સત્ર મિત્ર લાંગદા દોઈ, સમ સોઈ ભગત ભગવાન*[૩૫] *...'૧૭*

(જેમને મન સુવર્ણ અને લોહ, સુખ અને દુઃખ, શત્રુ અને મિત્રનાં જોડકાં સમાન છે. લાંગીદાસ ! એજ સાચા પ્રભુના ભક્તો છે.

*'ભુત ભવસહ ભે ન રહિ, વરતમાન વરતંત;*
*લાંગા ! થરિ થાનક લહિ, સોએ કહી જે સંત*[૩૬] *...'૧૮*

(હે લાંગીદાસ ! જેને ભૂતકાળ અને ભવિષ્યકાળ કોઈનો ય ભય રહ્યો નથી. જે વર્તમાન કાળને જ મુખ્ય માની સ્થિર સરળ અને આસન સ્વીકારીને રહે છે તેને સંત કહેવા.)

### ૫.૯ આત્મતત્ત્વની ઓળખ :

માનવ માત્ર પરમાત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છા સેવે છે. કેમ કે, જીવ માત્ર જાણે છે કે એમને પ્રભુએ જન્મજન્માંતરના ફેરામાં ફસાવ્યાં છે,પરન્તુ પરમાત્માને પ્રાપ્ત કરવા માટે તેને રીઝવવાની સમજણ તો માનવમાં જ છે. વળી, આ માનવદેહ ફરી ફરીને તો મળતો નથી. આથી આ સમયમાં જપ, તપ, તીર્થ અને ભક્તિ કરી લેવી જોઈએ. પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા અને મોક્ષ પ્રાપ્તિની અપેક્ષાએ માનવ પથ્થર એટલા દેવ કરીને પૂજે છે, ચાર ધામની યાત્રા કરે છે, પરન્તુ તેને અંતરાત્માની સાચી ઓળખ થતી નથી. તે ગંગા, યમુના અને સરસ્વતી જેવી પવિત્ર નદીઓ અને તેનાં ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા માટે બહાર આથડે છે. તેને આ મિથ્યા દોડ ત્યજી દેવાની સમજણ આપતાં લાંગીદાસજી કહે છે કે, તારા દેહમાં

જ ઈંગલા, પિંગલા અને સુષમણા નાડી રૂપે આ ત્રણે પવિત્ર - નદીઓ વહે છે, અને તેનું અગમ સ્થાન શરીરમાં જ છે. તારે અન્ય તીર્થોમાં જવાની જરૂર નથી. કેમ કે, તારી કાયા જ તીર્થધામ છે, જુઓ :

*અંડા પીગલા સુખમણા, સરસતિ જમના ગંગ;*
*લાંગા ! અંગ વચાર લે, સબ તાશ્ય હે સંગ[૩૭] ...૮૭*

ઈંગલા, પિંગલા અને સુષમણા નાડી ક્રમશ : સરસ્વતી, યમુના અને સાક્ષાત ગંગાજી જ છે. તો હે લાંગીદાસ ! તું વિચારી લે, તારી કાયામાં જ તારી જ સાથે સર્વે તીર્થો છે.

લાંગીદાસજીએ માનવને આત્મદર્શી બનવાની સોનેરી શિખામણ આપી છે. કેમકે, દેહદર્શીઓ તો દૈહિક સુખ અને ઈંદ્રિયોને વશ કરનારો દુન્યવી માયાની પાછળ ભટકયા કરે છે, પરન્તુ આખરે એ સર્વ તો મિથ્યા જણાય છે. ખરા અર્થમાં સુખી થવું હોય, આ જન્મજન્માંતરના ફેરામાંથી બચવું હોય તો માનવે આત્માની સાચી ઓળખ મેળવવી ફેરામાંથી બચવું હોય તો માનવે આત્માની સાચી ઓળખ મેળવવી પડે છે. તેને જો આત્મ જ્ઞાન થઈ જાય તો પછી મૃત્યુનો ભય રહેતા નથી. આ વાત કવિએ મર્મસ્પર્શી બાનીમાં રજૂ કરી છે.

*આતમ વરતી આતમા, આતમ આતમ મંત્ર;*
*અંદ્રીઆં વરતી આતમા, આતમ આતમ સત્ર[૩૮] ...૯૨*

આત્માને ઓળખનારો, આત્માના આદેશ પ્રમાણે વર્તનારો આત્મા આત્માનો મિત્ર છે, જ્યારે ઈંદ્રિયોને વશ વર્તનારો આત્મા આત્માનો જ શત્રુ છે.

આત્માની સાચી ઓળખ થયા પછી આ દુન્યવી સંબંધોનું મિથ્યાતત્વ પણ સ્પષ્ટ થઈ જાય છે. કેમ કે, માતા, પિતા, ભાઈ, પત્ની, પુત્ર અને અન્ય દુન્યવી સંબંધો સાથે આત્માને તો કોઈ જ સંબંધ નથી. આત્મા તો પોતે જ પોતાનાં માતા - પિતા છે. આ વાત કવિએ સરળતાંથી સમજાવી છે અને જો આ ઓળખ થઈ જાય તો પછી દુઃખદાયક બધા તાપ સમી જાય છે. કેમ કે, પછી વિયોગ, મિલન અને મૃત્યુને પણ સહ્જતાથી જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થાય છે, જુઓ :

*ધનિ લાંગા ! મા - બાપકું, જિ જઆઈ અપ;*
*આપિ આપ પછાણિંઆ, ટળિઆ તાપિ તાપ[૩૯] ...૧૦૦*

હે લાંગીદાસ ! એ માતા પિતાને ધન્ય છે. જેમણે પોતાને જ જન્માવ્યા. પોતે પોતાને (આત્માએ આત્માને) ઓળખ્યો, ત્યારે સર્વ તાપો આપો આપ નાશ પામી ગયા.

આવા સંતોને લાંગીદાસ તિલક, તુલસીપત્ર, પુજા માટેનાં મોરપીચ્છ અને મુખમાં હરિનામથી ન શરમાવાનું કહે છે. પ્રભુ સ્મરણનું સહજ કર્મ સંત પુરુષે કરવું જોઇએ. એવું સહજ કર્મ ન કરતી જીભ ભારરૂપ છે. (સુ ડસણા વર ભાર) પ્રભુસ્મરણનું સહજકર્મ ન કરતી જીભને આથી જ લાંગીદાસ કાપી નાખવાની વાત કરે છે. 'કાચી માટી જીભ કી, નહી તું કાપી નખ્ખ.'

અભક્ત માનવ કરતાં પોપટ અને ચિત્રાંકિત માનવોને લાંગીદાસ સારા ગણે છે.

*'મનખી સે પંખી સરસ, રામ નામ મખ લેહ.'*[૪૦]

*'તાસે ભલી ચિત્રાંમકી, વિખિ ન વાપી જેહ.'*[૪૧]

### ૫.૧૦ 'સત સ્મરણ'ની ફલશ્રુતિ :

'સત સ્મરણ' ના અંતિમ ત્રણ દુહાઓમાં કવિએ ફલશ્રુતિ આપી છે. 'સત સ્મરણ' (કહણ કહાવણ દોએ કું)નું જે કોઇ નરણે કોઠે ગાન કરશે એ ગાનાર અને એને ગવરાવનાર બંનેને કરોડો યજ્ઞનું ફળ પ્રાપ્ત થશે (દુહો ૧૦૫) 'સત સ્મરણ'નું ગાન કરનાર સવર્ણ કે અવર્ણ (ઘરણા વરણ વદંત') ના જન્મ મરણના ફેરા ટળી જશે ( મંઝ ધરણ ઘર મટી, જામંણ મરણાં જાત' દુહો ૧૦૬) અને સમજપૂર્વક આ ગ્રંથનો પાઠ કરનારને સ્વર્ગ લોકની પ્રાપ્તિ થશે તેમજ તે લોકોની પ્રશંસાની પ્રાપ્તિનો અધિકારી બનશે (દુહો ૧૦૭)

કૃતિમાં અન્યત્ર પણ ફલશ્રુતિ જેવી જ વાત કહી - કથીને કવિએ કૃતિ - માહાત્મ્ય રજૂ કર્યું છે. અલખની એક સાખીનું રટણ કરવાથી હૃદયમાં ધર્મ ભાવના પ્રગટશે, એનાં પાપોનો નાશ થશે અને એને યમનો ડર નહિ રહે (દુહો ૨); સ્મરણ કરવાથી માતાને ઉદરે આવવાનું નહિ રહે ('નાવે ઉદર નવાસ', દુહો ૧૨) નામ સ્મરણ કરવાથી આ જન્મ સિવાય બીજા જન્મમાં તારું નામ ન હોય(દુહો ૩૨) પરમેશ્વરના ગુણ ગાયા છે તેમને ત્યાં પુત્ર પૌત્રોનો પરિવાર, પતિવ્રતા નારી અને અખૂટ ધનભંડાર હશે (દુહો ૪૧) તેમના પગ પલંગે, અશ્વો પર, પાલખી પર, રથ અને હાથી પર હશે (દુહો ૪૨) તેમને જન્મવાનું અને મરવાનું રહેતું નથી. (દુહો ૪૪) તેઓ આ લોકમાં સુખી છે ('શો સખીઆ સંસાર' દુહો - ૪૫) તેમના આલોક - પરલોક બંને સુધરી જાય છે. ('જગત સરાએ જિવતાં,

મગતિ મૂઆં હી થાઈ', દુહો ૫૦) તેમની મૃત્યુ પછી સદ્‌ગતિ થશે ('મુઆં વાસ અવણાસ' દુહો - ૫૧) તેમના ચોરાશી લાખ યોનિના ફેરા મટી જશે એમ વેદો કહે છે. (દુહો ૫૬) તે વૈકુંઠવાસી બને ('વૈકુંઠવાસી લાંગડા, નરક ન જાસી સોએ' દુહો - ૫૭)

પરમાત્માના જુદા જુદા અવતારો સ્વરૂપોને રજૂ કરતી અને તેના નામ - સ્મરણનો મહિમા ગાતી ચારણી ભક્તિ સાહિત્યની આ એક નોંધપાત્ર રચના છે.

*સંદર્ભ નોંધ :*

૧. સ્વ. ઝવેરચંદ મેઘાણી, 'ચારણો અને ચારણી સાહિત્ય', પૃ. ૧૮
૨. સંપાદક : રતુદાન રોહડિયા, અંબાદાન રોહડિયા, 'સત સ્મરણ', 'લાંગીદાસ મહેડુ જીવન અને કવન', પૃ. ૧૦
૩. એજન, પૃ. ૧૨
૪. એજન, દુહો - ૧, પૃ. ૨૫
૫. એજન, દુહો - ૨, પૃ. ૨૫
૬. એજન, દુહો - ૪, પૃ. ૨૫
૭. એજન, દુહો - ૫, પૃ. ૨૮
૮. એજન, દુહો - ૧૩, પૃ. ૨૮
૯. એજન, દુહો - ૧૫, પૃ. ૨૮
૧૦. એજન, દુહો - ૧૪, પૃ. ૨૮
૧૧. એજન, દુહો - ૧૬, પૃ. ૨૮
૧૨. એજન, દુહો - ૧૭, પૃ. ૨૯
૧૩. એજન, દુહો - ૧૮, પૃ. ૨૯
૧૪. એજન, દુહો - ૨૦, પૃ. ૨૯
૧૫. એજન, દુહો - ૨૧, પૃ. ૨૯
૧૬. એજન, દુહો - ૨૨, પૃ. ૩૦
૧૭. એજન, દુહો - ૨૫, પૃ. ૩૦
૧૮. એજન, દુહો - ૨૬, પૃ. ૩૦
૧૯. એજન, દુહો - ૨૮, પૃ. ૩૦
૨૦. એજન, દુહો - ૬૫, પૃ. ૪૧
૨૧. એજન, દુહો - ૭૩, પૃ. ૪૩
૨૨. એજન, દુહો - ૩૪, પૃ. ૩૩
૨૩. એજન, દુહો - ૩૫, પૃ. ૩૩
૨૪. એજન, દુહો - ૩૭, પૃ. ૩૪
૨૫. એજન, દુહો - ૪૦, પૃ. ૩૪

૨૬. એજન, દુહો - ૪૪, પૃ. ૩૬
૨૭. એજન, દુહો - ૪૭, પૃ. ૩૬
૨૮. એજન, દુહો - ૮૭, પૃ. ૪૭
૨૯. એજન, દુહો - ૯૩, પૃ. ૪૮
૩૦. એજન, દુહો - ૫૩, પૃ. ૩૮
૩૧. એજન, દુહો - ૫૬, પૃ. ૩૯
૩૨. એજન, દુહો - ૫૯, પૃ. ૩૯
૩૩. એજન, દુહો - ૮૨, પૃ. ૪૫
૩૪. એજન, દુહો - ૮૧, પૃ. ૮૧
૩૫. એજન, દુહો - ૮૩, પૃ. ૪૬
૩૬. એજન, દુહો - ૮૪, પૃ. ૪૬
૩૭. એજન, દુહો - ૮૭, પૃ. ૪૭
૩૮. એજન, દુહો - ૯૨, પૃ. ૪૮
૩૯. એજન, દુહો - ૧૦૦, પૃ. ૫૦
૪૦. એજન, દુહો - ૬૩, પૃ. ૪૧
૪૧. એજન, દુહો - ૬૪, પૃ. ૪૧

❀❀❀

# પ્રકરણ - ૬
# લઘુકાવ્ય કૃતિઓનું સમીક્ષાત્મક અધ્યયન


૬.૧ ભૂમિકા
૬.૨ રાજ રાગણ
૬.૩ ગણ બાબી રો
૬.૪ જોધપુર મહારાજા અભેસિંહનું ગીત
૬.૫ હમીરજી જાડેનાનું ગીત
૬.૬ એહેમદખાનની ઝમાળ
૬.૭ રાઓલ વખતસિંહની ઝમાળ
૬.૮ પ્રભુનાં સર્વવ્યાપીપણાનું ગીત
૬.૯ હરિભજનની શીખ
૬.૧૦ લઘુકાવ્યોમાં રસ, અલંકાર અને બંધ
૬.૧૧ ઉપસંહાર

# પ્રકરણ - ૬
# લઘુકાવ્ય કૃતિઓનું સમીક્ષાત્મક અધ્યયન

## ૬.૧ ભૂમિકા

ચારણ માટે હરિભક્તનાં ગાન જેટલાં મન ગમતાં છે. એટલાં જ ઐતિહાસિક વિષયનાં કાવ્યો રચવાં પણ મન ગમતો વિષય છે.

લાંગીદાસની આવી બે ઐતિહાસિક રચનાઓ પ્રાપ્ત થાય છે. જે આજ પર્યંત અપ્રગટ છે. એની અત્રે ચર્ચા કરીએ.

## ૬.૨ રાજ સગણ

ગ્રંથનું નામ 'રાજ સગણ' એવું મળે છે. જેનો અર્થ 'રાજનાં યશોગાન' એવો થાય છે. અતઃ નામ પરથી સમજાય છે કે આ ગ્રંથ રચના પાછળ લાંગીદાસની મનીષા ધ્રાંગધ્રા રાજ પ્રતાપસિંહનાં પરાક્રમોને વર્ણવવાની છે. જે વાત લાંગીદાસે ગ્રંથારંભે જ કહી છે. યથા :

*હળવદ પતિ દત દળદ્ર હર,*
*સક્ત કહાં મત સારે*[૧]*...૩*

(હળવદના રાજવી પ્રતાપસિંહ કે જેઓ દાન વડે કવિઓની નિર્ધનતાનું હરણ કરનારા છે. એમનાં સુક્રતોને હું મારી મતિ અનુસાર વર્ણવું.)

*ગાવાં હું પાતલ ગણિ, વંસ વખાંણ વખાંણ*[૨]*...૪*

(હું રાજ પ્રતાપસિંહના આ ગ્રંથમાં એમના પૂર્વજોની પણ વિગત પ્રશસ્તિ સાથે ગાઈશ.)

*પાતલ હસત વરીસ પુહ, અસવ વરીસણ ઈસ;*
*સાસણ લાખ વીરસ સોએ, વડ હથ કોડિ વરીસ...૫*

(આ રાજ પ્રતાપસિંહ હાથીઓ અને અશ્વોનાં દાન આપનારો છે, તેમ કવિજનોને લાખ પસાવો, અને કરોડ પસાવોનાં દાન સાથે જાગીરનાં દાન પણ દેનારો છે.)

*સત જસવંત સાહણ સમંદ, પુહુ નર સમંદ પ્રતાપ;*

*+ + +*

*સોજ સમંદ્ર મિહમા સમંદ્ર, મોજ સમંદ્ર વડ માપ[૩]...૮*

(આ રાજ જસવંતસિંહના પુત્ર રાજ પ્રતાપસિંહ સાગર સમાન વિશાળ અશ્વદળ અને એવાં જ જબ્બર પાય દળ સૈન્ય વાળા છે. તેમ સાગર સમાન વિશાળ બુદ્ધિવાળા અને પ્રતાપમાં પણ વિશાળ સાગર રૂપ છે. એજ રીતે દાન આપવામાં પણ સાગર જેવા વિશાળ દિલ વાળા છે.)

*ધનો ધનો ધરણી ધરણ, ધનો ધનો ગર ધાર;*

*+ + +*

*પાતલ જસા દાતરિ પુહ, તેં કીધા કરતાર[૪]...૧૦*

(પૃથ્વીને ધારનારા, અને ગોવર્ધન ધારણની લીલા કરનારા હે પરમેશ્વર, તને ધન્ય છે કે તે રાજ પ્રતાપસિંહ જેવા દાતાર નર જનમાવ્યા.)

આથી સમજાય છે કે લાંગીદાસ મહેડુએ આ રચના રાજ પ્રતાપસિંહનાં પોતે જોયેલાં અનુભવજન્ય વીરતા અને મુત્સદીગીરીનાં કાર્યોને કાવ્યબદ્ધ કરીને શાશ્વત કરવા અર્થે કરી છે.

રાજ પ્રતાપસિંહનો રાજયકાળ વિ.સં. ૧૭૭૯ થી વિ.સં. ૧૭૮૭ છે.[૫] જયારે લાંગીદાસ મહેડુ વિ.સં. ૧૮૨૮ સુધી હયાત હોવાનું પ્રમાણ છે.[૬] એ રીતે જોઇએ તો લાંગીદાસ રાજ પ્રતાપસિંહના અવસાન પછી પણ હયાત છે. છતાં 'રાજ સગણ' ગ્રંથ અપૂર્ણ મળે છે. એ જોતાં એમ લાગે છે કે લાંગીદાસે 'રાજ સગણ' પૂરે પૂરો રચ્યો હશે. પણ એમના વારસદારોએ લાંગીદાસના સાહિત્યનું જતન નહી કરતાં 'રાજ સગણ' ની મૂળ હસ્તપ્રત ફાટી તૂટી ગઇ હશે કે ઊંદર - ઉધઇનું ભોજન બની ગઇ હશે. જેથી એ મૂળ પ્રતની અપૂર્ણ નકલ કોઇ લહિયાએ કરી લીધી હશે. જે આપણને પ્રાપ્ત થાય છે.

'રાજ સગણ' ના નાયક રાજ પ્રતાપસિંહનો પરિચય આપણે જોઇએ.

રાજ પ્રતાપસિંહના સમયમાં જામનગર જામ રાયસિંહને મારીને રાયસિંહના ભાઇ હરધોળજીએ ગાદી કબજે કરેલી, ત્યારે રાજ પ્રતાપસિંહે રાયસિંહના કુમાર તમાચીને મદદ કરીને, હરધોળજીને હરાવીને જામનગરની ગાદી પર તમાચીજીને બેસાડેલા.

આ માટે રાજ પ્રતાપસિંહે અમદાવાદના સુબા શેર બુલંદખાનની મદદ લીધેલ. એ મદદના બદલામાં તેમણે પોતાની કુંવરી સુબાને પરણાવેલ.[૭]

આ રાજ પ્રતાપસિંહ ઈ.સ. ૧૭૩૦ (વિ.સં. ૧૭૮૩) માં અવસાન પામ્યા.[૮]

આ રીતે છાપેલ ઈતિહાસમાં રાજ પ્રતાપસિંહ અંગે આટલી જ વિગત મળે છે. એ જોતાં આપણને ભૂતકાળમાં લખાયેલ ઈતિહાસ ગ્રંથોની અપૂર્ણતાની પ્રતીતિ થાય છે.

*૬.૨.૧ 'રાજ સગણ'નો પરિચય :*

લાંગીદાસજીએ ચારણોચિત રીતે ગ્રંથનું આયોજન કરેલ છે.

પ્રારંભના બે દુહામાં ગણેશ સ્તવન,અને ત્રીજા ક્રમના દુહામાં સરસ્વતી સ્તવન કરીને ચારથી દશમાં ક્રમના દુહા સુધી કવિએ પોતે ગ્રંથના વર્ણ્ય વિષય અંગે કથ્યું છે.

એ પછી 'બિયાખરી' પ્રકારના બંધમાં ગ્રંથનો વિષયારંભ કરતાં પ્રથમ સૃષ્ટિ ઉત્પત્તિની પૌરાણિક કથા કહેવાનો પ્રારંભ કરતાં પહેલાં ભક્ત હૃદયી કવિએ પહેલાથી ત્રીજા ક્રમના પદ સુધી શ્રી હરિનું સ્તવન ગાયું છે. એક ઉદાહરણ જોઈએ.

*ઘનિ કરતાર ગરાઘર ગોઘર,*
*સંખ ચક્રઘર ગરઘર સુંદર;*
*ઘનિ મોરલી ઘર મોર મગટ ઘર,*
*પીતંબર ઘર ઘરણ મત પર[૯]...૧*

( આ ભગવાન કૃષ્ણ કે જેઓ ગદાને, શંખને, ચક્રને તેમ પૃથ્વી અને ગોવર્ધન પર્વતને ઘારનારા છે. તેમ જેઓ મોરલી, મોર પીંચ્છ યુક્ત, મુગટ, તેમ પીતાંબર ઘારનારા અને સાથે સ્ર્વગને પણ ઘારનારા છે. તેમને ઘન્ય છે.)

એ પછી સૃષ્ટિ ઉત્પત્તિની કથા વર્ણવતાં કવિ પુરાણોક્ત મત પ્રમાણે કથા કથે છે.

*સત્ પ્રથમ પ્રમ પછિ હુઆ સિહિ,*
*કથ એ વેદ પરાંણે સહિ કહિ;*
*પરમ સર નર પછે પનંગા,*
*ગરવર પછિ પછિ નઅ ગંગા[૧૦]...૪*

(સર્વ પહેલાં કેવળ પરમેશ્વર જ હતા, એ પછી જ આ સર્વ જગત થયું. જે સત્ય કથા વેદો અને પુરાણોમાં કહેવાય છે. પરમેશ્વરે પછી દેવો, માનવો, નાગો, પહાડો અને ગંગા નદીનું સર્જન કર્યું.)

*પ્રથમ નકાર સત્ પર પારં,*
*પાછિ સવ આકાર પ્રકારં;*
*તૂ નર દેહ ન ગ્રેહ નરો ામ,*
*પરમાતંમ ભ્રમ સતુ પ્રમં[૧૧] ...૭*

(પ્રથમ નિરાકાર એવા એક પરમાત્મા જ હતા. તે પછી વિવિધ પ્રકારના સાકાર એવા જડ (વૃક્ષાદિ) અને ચેતન જીવ થયા. હે પરમેશ્વર , એ સમયે તમે માનવ કાયા અને એનાં આવાસો, અને રાજવીઓનું પણ સર્જન ન હોતું કર્યું, તમે કેવળ નિરાકાર બ્રહ્મ સ્વરૂપે જ હતા.)

*તૂ સાકાર અકાર ન તૂનાં,*
*જગ તત્વ આપ જગત ગર જુનાં;*
*તૂનાં દૂખ ન ભૂખ ન ત્રખં,*
*દોખ ન સોખ ન સખ ન દખં[૧૨]..૮.*

(ન તો તમે સાકાર કે નિરાકાર છો, દુનિયા તમને શાશ્વત અને જગતના ગુરુ કહે છે. તમને ભૂખ, વેદના કે તૃષા કશું નથી.તેમ દોષો, તૃષ્ણા, સુખ અને દુઃખથી પણ તમે રહિત છો.)

*ધિન જિ નાભ કમળ નિપાઉ,*
*અંતર હુંતરિ ઉપરિ આઉ;*
*તિ મઝ વ્રમ તણુ વસતારં,*
*હુઉ સંસાર સરજણ હારં[૧૩]...૧૮*

(એ પરમેશ્વરને ધન્ય છે કે જણે નાભિમાંથી કમળ ઉત્પન્ન કર્યું, એ કમળ વૃદ્ધિ પામીને જળ ઉપર આવ્યું. એ કમળ પર બ્રહ્માજી પ્રગટયા અને તેમાં જ તેમણે સૃષ્ટિનો વિસ્તાર કર્યો. આ રીતે પરમેશ્વર સૃષ્ટિના સર્જક બન્યા.)

આગળ ચાલતાં ભગવાન વિષ્ણુનાં કાનના મેલ દ્વારા ઉત્પન્ન થયેલા મધુ અને કૈટભ નામે બે દાનવો દ્વારા બ્રહ્માને ભય ઉત્પન્ન થતાં ભગવાન વિષ્ણુએ તે દાનવોનો વધ કર્યાની કથા આવે છે.

*મધ સુદન કન હુંત રખે મળ,*
*બિ તણિ અસર હુઆ અતળી બળ;*
*કઈટક મધુ વ્રહમ દસ ક્રમિઆ,*
*ભાળે અસર વ્રહમ વિભ્રમિઆ[૧૪]...૧૩*

(મધુ દૈત્યને સંહારનારા ભગવાન વિષ્ણુના કાનના મેલમાંથી અતુલ બળવાળા એવા મધુ અને કૈટભ નામે દૈત્યો ઉત્પન્ન થયા. એ દાનવો બ્રહ્મા સામે આવ્યા ત્યારે એમને જોઈને બ્રહ્માને ત્રાસ થયો.)

આમ સંકટ આવતા બ્રહ્મા ભગવાન વિષ્ણુને શરણે ગયા.

*નંદ્રા તવનત વેદ જહી નજિ,*
*ઊઠવિ ઉ ઘણ નંદ્રા થકી અજ;*
*વ્રમ ફરી આદિ કઈ તણવાર,*
*હો હરિ હો હરિ રાખણ હાર[૧૫]...૨૫*

(ત્યારે યોગ નિદ્રામાં પોઢેલા ભગવાનને બ્રહ્માએ વેદ સ્તવન દ્વારા જગાડયા, અને ભગવાન પાસે અસુરોના ભયની ફરિયાદ કરી કહ્યું : પરમેશ્વર, હવે તમે જ મારા રક્ષક છો.)

ત્યારે શ્રી હરિ અસુરો સામા આવીને તેમની સાથે યુદ્ધે વળગ્યા. એ યુદ્ધનું વર્ણન પણ વીરરસ પૂર્ણ છે. લાંગીદાસે આ પ્રસંગને ૨૬ થી ૩૨ એમ ૭ પદ્યોમાં વર્ણવ્યો છે. એમાંથી એક ઉદાહરણ લ્યો.

*પાટુ ઢીંચણ ઢીંક પુહાર,*
*બુસટ થાપટ થૂટ બુહારં;*
*ઊડી જળ જળ હુંત અતગા,*
*વળ ભરિઅલ તળ જોર વળગા[૧૬]...૨૯*

(ત્યાં ભગવાને એ અસુરો સાથે મલ્લ યુદ્ધ કરતાં અરસ - પરસ માથે,પાટુઓ, ઢીંચણોના, ઢીંકાના અને થપ્પડોના પ્રહારોનો વરસાદ વરસાવ્યો, આ રીતે વીર ગૌરવ વાળા એ બંને પક્ષો એક બીજા સામે યુદ્ધમાં ભીડાઇ ગયા.)

લાંબો કાળ આ રીતે સંગ્રામ ખેલ્યા પછી શ્રી હરિ અસુરો માથે પ્રસન્ન થયા અને અસુરોને વર માગવાનું કહ્યું, ત્યારે અસુરોની મતિ અવળી બનાવી દીધી. અસુરોએ કહ્યું :

*અસર કહિ રહિઉ બહુ આગાં,*

*ગમસ તુ હર અહ નહ માગાં*[૧૭]*...૩૪*

(ત્યારે અસુરોએ કહ્યું : અમે તારાથી ઘણા આગળ છીએ, માટે તું માગ અમે નહીં માગીએ.)

એથી ભગવાને પાકું વચન લઇને એ બંને દાનવો પાસેથી માગ્યું કે : 'તમારો વધ મારે હાથે થાય.'

ત્યારે વચન પાલન અર્થે દાનવોએ શ્રી હરિને હાથે મોત સ્વીકાર્યું. પણ બે વચની ન થયા.

*દો અસરે હર હાથ મ્રત દીધું,*

*કુળ કરે બે કુળ ન કીધું*[૧૮]*...૩૭*

(ત્યારે દાનવોએ શ્રી હરિના હાથે મોત સ્વીકાર્યું પણ બે વચની ન થયા.)

આમાં લાંગીદાસે કૈટભ અને મધુના વચન પાલનની ટેક પ્રત્યે અહોભાવ પ્રગટ કર્યો છે.

એ પછી ભગવાને બ્રહ્માને સૃષ્ટિ સર્જન કરવા માર્ગદર્શન અને આજ્ઞા આપ્યા. કેમ કે પ્રારંભ કાળે બ્રહ્માને સૃષ્ટિ સર્જનની કોઇ ગતાગમ ન હતી.

એ પછી બ્રહ્માએ સનકાદિ આદિ ચાર પુત્રોનું અને સપર્ત્ષિઓનું સર્જન કર્યું પણ એથી પણ સૃષ્ટિ સર્જનનું કાર્ય પૂર્ણ ન થયું. એથી ભગવાને શિવને ઉત્પન્ન કર્યા. એ ભગવાન શિવે તામસી સૃષ્ટિ સર્જી પણ એ પછી બ્રહ્માએ નર - નારીનું સર્જન કર્યું, અને આ રીતે મૈથુની સૃષ્ટિ પણ સર્જી. આ રીતે જીવમાત્ર અને પહાડો, વૃક્ષો, સાગર અસ્તિત્વમાં આવ્યા. ચંદ્ર - સૂર્યને પણ ઉત્પન્ન કર્યા.

એ પછી ઝાલા કુળની ઉત્પત્તિની કથા ૫૫ મા ક્રમના પદ્યથી આરંભાય છે.

પ્રથમ તો લાંગીદાસ ઝાલા કુળની વંશાવળિ આપતાં રાયબજી સુધીની વંશાવળી આપે છે. તેમાં માર્કંડ, ગગન ઋષિ, મહર્ષિ, માંગ ઋષિ, મંગ ઋષિ, બાલાચ, ભીમ એ ભીમના પુત્ર મકવાણા (મખવાહન) થયા, એ મકવાણાથી આ કુળ પ્રથમ મકવાણા અટક પામ્યું.

પછી મકવાણાના પુત્ર ગોગ થયા, ગોગના રાયબ, રાયબના, વરહાસ થયા.

એ વરહાસ (વ્રહાસ) થી લાંગીદાસ ઝાલાવંશના રાજવીઓનાં ચરિત્રો પણ વર્ણવે છે. વરહાસથી ઝાલા કુળ કરતલ (હથેળી) નું બિરુદ પામી ગયું.

*સમિ એક વરહાસ સકારં,*
*વૃઢ્ઢુ વેડ મહીં તણ વાર;*
*ગરવર ઝગર ગર મહા ગહર વર,*
*દીઠ પંચાઅણ તેથ અણડર...૫૯*

(એક સમયે એ રાજવી વરહાસ શિકાર કરવા જંગલમાં ગયો. ત્યાં ગાઢ જંગલ અને પર્વતમાળામાં એક સિંહને જોયો, પણ એ તેનાથી જરા પણ ડર્યો નહીં.)

*જાડ ફાડ બુહુ ગળું વજાડે,*
*અઉ આપ સર થાપ ઉપાડે;*
*કૂંત ન જ મડઝ છરી ન કરમર,*
*કરતલિ હણિઉ સંઘ ભેઅંકર...૬૦*

(એ સિંહ પોતાનું મોઢું ફાડીને વિકરાળ પણે ગર્જના કરતાં અને પંજો ઉપાડતાં વરહાસ ઉપર આવ્યો, એ સમયે રાજવી વરહાસ પાસે ભાલું, કટાર, છરી કે તરવાર એવું કોઇ હથિયાર ન હતું. ત્યારે એ વરહાસે એ ભયાનક સિંહને કેવળ પંજાના પ્રહાર વડે જ હણી નાખ્યો.)

*દિ હુઉ જદી પંચાઅણ ડાઅણ,*
*પણ તણ કરતલ બરદ પંચાઅણ[૧૯]...૬૧*

(આ રીતે એ સિંહને હણી નાખવાના સમયથી ઝાલાઓ 'કરતલ'નું બિરુદ પામી ગયા.)

એ પરાક્રમી વરહાસનો બાપ જેવો જ પરાક્રમી પુત્ર કેસર થયો. એનાં અગણિત પરાક્રમોને લાંગીદાસ આ રીતે વર્ણવે છે.

*કેહર વડુ વડિ હરિ કીધુ,*
*કેહરિ જસુ અવર નહ કીધું…૬૨*

(પરમેશ્વરે એ કેસર જેવો મહાવીર સરજયા પછી એના જેવો બીજો વીર પુરુષ સરજયો જ નહિ.)

એ કેસર મકવાણાનાં પરાક્રમોને લાંગીદાસ આ રીતે વર્ણવે છે.

*હુઆ જનમિઆ જતા દીહાડા,*
*પણીઈ કેહર તતા પવાડા;*
*કેહર અસા પવાડા કીધા,*
*લોડે માલ લખાચા લીધા…૬૩*

(જેટલા દિવસો કેસર મકવાણાના આયુષ્યના થયા. તેટલી સંખ્યાનાં યુદ્ધો કેસર મકવાણાએ કર્યાં. એણે એવા સંગ્રામોમાં જ જામ લાખાનો માલ લૂંટી લીધો.)

*કેહરિ ઘોડે હેક કટક,*
*જડ તુ કેહર કરિ ન જક;*
*ઘણ હેકલ મલ હેકલ ઘોડિ,*
*લાખા તણા માલ લખ લોડિ[૨૦]…૬૪*

(કેસર મકવાણાનાં સૈન્ય લેખે તે પોતે ઘોડેસ્વાર એવો એકલો જ જતો, અને એકલમલ્લ એવા તેણે જામ લાખાના લાખોનાં મૂલ્યના માલને લૂંટયો.)

*મેતીકાર સમા ચો મળિ ઉ,*
*વઢવા કાજ કેહર સૂ વળિ ઉ;*
*સમા અસી ચત્ર ઈઆ સબાઈ,*
*લગી અંબર લોહ લડાઈ…૬૫*

(ત્યારે સમાઓ (જાડેજાઓ) નું જેમાં ચોરાશી વીરો છે એવું સૈન્ય એકલા એવા કેસર માથે ચડી આવ્યું. ત્યારે આકાશને આંબ ાાં શસ્ત્રો વડે યુદ્ધ મંડાયું.)

*લડતુ કેહર બાણ લગાડિ,*
*પાંચ પાંચ સર એકણ પાડિ…૬૫*

(સંગ્રામ ખેલતાં કેસર મકવાણો એક એક બાણ વડે પાંચ પાંચ શત્રુઓને પાડી દેવા માંડયો.)

*લગા બાણ કટક લહ બિહિઉ,*
*કેહર રાખસ સમે જે કહિઉ;*
*કેહર સમે મેળ મળ કીધા,*
*લાખા તણા વર ગવિહ લીધા...૬૬*

(આ રીતે કેસર મકવાણાંના બાણના મારથી ત્રસ્ત એવા જાડેજાઓ 'અરે આ તો રાક્ષસ છે.' એમ કહેતાં લડાઇ મૂકી પાછા વળી ગયા. આ રીતે કેસર મકવાણાએ સમાઓ સાથે ભેટો કરી સમાધાન કર્યું, અને એ પછી એ સમાઓ અને કેસર મકવાણે વીર ગૌરવ લીધું.)

એ પછી કેસર મકવાણે અને સમાઓએ જામ લાખાની સાતસો સાંઢો વાળી.

*વળિઆ સાંઢ સાતસુ વાળે,*
*લખુ ચડ આઉ લટી આળે;*
*ઘૂણાલુ ભલ હોડે ધોડે,*
*લીધી ઘસ આ પડિઉ ધોડે...૬૭*

(લાખાની સાતસો સાંઢો વાળીને કેસર મકવાણો અને સમાઓ ચાલ્યા, ત્યારે લાખો ઘોડેસ્વારો સાથે વહારે ચડયો, અને તેનો કેસર મકવાણા અને સમા રજપૂતો સાથે ભેટો થયો.)

*કેહર સમાં પરઠ કિહ કિજે,*
*લોડ અધો અધ વિહચી લિજિ;*
*હાંકુ લોડ તો વાર ઢોઆં હું,*
*વાર ઢોઉ તુ લોડ હંકેવું[૧]...૬૮*

(ત્યારે કેસર મકવાણાએ સમાઓને કહ્યું. પાછાં વળતાં કહ્યું : આપણે માલ (સાંઢો) અર્ધો અધ વહેંચી લઇએ, અને જો તમે માલ હાંકી જાવ તો હું વારને અટકાવી દઉં, અથવા તમે વારને અટકાવો તો હું માલ હાંકી નીકળી જાઉં.)

ત્યારે સમાઓએ કહ્યું :

*રાજા કેહર વાર ઝલુ રહુ,*
*કરહા વાળણ તકે અમુ કહુ;*
*વાર ઢોઅણ કજિ કેહર વળિઆ,*
*ભલાં ભલ સું ધારે ભળિઆ...૬૯*

(હે રાજવી કેસર મકવાણા, તમે વારને અટકાવી રાખો, અને અમને સાંઢો વાળી જવાનું કહો. ત્યારે ચડી આવેલ વારને અટકાવવા કેસર મકવાણો વળ્યા, અને તેમણે ભાલાં વડે શત્રુઓ સામે સારી રીતે યુદ્ધ કર્યું.)

આ પ્રસંગે લાંગીદાસે ચારણોચિત રીતે યુદ્ધ વર્ણન કરતાં વીરરસ રેલાવ્યો છે.

*કીધું હાલક લોલ કરક,*
*હોઅ હકો હક ગ્રીધ ગહક;*
*સિંધુ રાગ અતગ સણાઆ,*
*ગ્રીધણ ધમળ મંગળ ગાઆ[૨૨]...૭૦*

(ત્યારે કેસર મકવાણાએ શત્રુ સૈન્યને ચલિત કરી દીધું. રણભૂમિમાં વીરોની હાકલો થઈ એની સાથો સાથ ગીધ પક્ષીઓનો ગહેકાટ પણ થવા લાગ્યો. અપારપણે સિંધુ રાગ વહ્યો, તો સામે પક્ષે ગીધણોએ શૂરવીરો અને અપ્સરાઓના વિવાહોત્સવનાં લગ્નગીતો પણ ગાયાં.)

આ રીતે કેસર મકવાણો સંગ્રામ કરી જામ લાખાનાં સૈન્યને નસાડી મૂક્યું. અર્ધ સાંઢો સમાઓને આપી અને કેરંટી ગઢ આવી કેસર મકવાણાએ જીતનાં નગરાં વગડાવ્યાં.

એ પછી કેટલાક સમય બાદ કેસર મકવાણાએ બ્રાહ્મણોને બોલાવીને પોતાની જન્મપત્રિકા બતાવીને પોતાનું ભવિષ્ય જણાવવા કહ્યું ત્યારે બ્રાહ્મણોએ જન્મપત્રિકાનો અભ્યાસ કરીને કહ્યું. તમારે માટે જેઠ મહિનો ઘણો ભારે છે.

આ જાણીને કેસર મકવાણાએ વીરોચિત રીતે પોતાના કુટુંબીઓ - ભાયાતોને કહ્યુંઃ

*મણિઉ એમ કેહર આઉ,*
*કોકો કહુ તુ કરાં વડુ ક્રત;*
*જુધ પખિ મ્રત કોખ ન જાંણિ,*
*જધ કર મૂઆં જગત્ર મત્ર જાંણિ[૨૩]...૭૪*

(હવે તમે કહો તો હું મોટું પરાક્રમ કરીને મરું. કેમ કે સંગ્રામ વગર મરેલાને જગતમાં કોઈ જાણતું નથી. પણ યુદ્ધમાં વીરગતિ પામેલાને સારીયે દુનિયા જાણે છે.)

*કેહર સહસ પચાસ કટક કરિ,*
*આ આ સંઘ તણી ઘર ઉપરી;*
*ઈખે કેહર સેન અથાહ,*
*સંકાઉ સંઘ તણ પતસાહ...૭૫*

( એ પછી કેસર મકવાણાએ પચ્ચાશ હજારની ફોજ તૈયાર કરી અને સિંધની ભૂમિ પર ચડાઇ કરી. એ કેસર મકવાણાનાં અપાર સૈન્યને જોઇને સિંધનો બાદશાહ (હમીર સુમરો) ભય પામ્યો.)

કેસર મકવાણાએ સિંધને ધમરોળી નાખ્યું, અને અતિ રૂપવાન એવી સાતસો સુમરીઓ સમાન રૂપ વાળી હતી, તેનું હરણ કર્યું.)

અત્રેથી આ ગ્રંથનો છેલ્લાં પદ્યનું (૭૭, મા ક્રમનાં) પ્રથમ ચરણ આપ્યા પછી બાકીનો ગ્રંથ અપૂર્ણ રહી જાય છે. એ ૭૭, ક્રમનું પદ્યનું પ્રથમ ચરણ આ પ્રમાણે છે.

*સાહ લગે બુહુ ધાહ સુણાઈ,*

(સિંધના બાદશાહ (હમીર સુમરા) સુધી એ વેળા પ્રજાની કેસર મકવાણાના ત્રાસની ઘણી ફરિયાદો આવી.)

આ રીતે લાંગીદાસની આ ઐતિહાસિક રચના આપણને અપૂર્ણ મળે છે. આગળ ચર્ચા કરી છે. તે મુજબ લાંગીદાસ રાજ પ્રતાપસિંહના સમકાલીન છે, અને રાજ પ્રતાપસિંહ કરતાં લાંબુ જીવ્યા છે. એથી આ 'રાજ સગણ' ગ્રંથ લાંગીદાસનાં અવસાનને કારણે અપૂર્ણ રહી ગયો હોય એવી કોઇ શકયતા નથી. પણ લાંગીદાસના વારસદારો પાસેની મૂળ હસ્તપ્રત કે જે પૂર્ણ હશે. તેની આ પ્રતિલિપિ અપૂર્ણ લખાયા પછી લાંગીદાસની મૂળ 'રાજ સગણ'ની પૂર્ણ પ્રત કોઇ પણ રીતે ગૂમ થઇ હશે. એ કારણે એની પૂરે પૂરી પ્રતિલિપિ નહિ થઇ શકી હોય. એ કારણે આપણને 'રાજ સગણ' અપૂર્ણ મળે છે.

ઐતિહાસિક દ્દષ્ટિએ જોઇએ તો લાંગીદાસના આ ઝાલા વંશના ઈતિહાસને લગતા ગ્રંથમાં બીજા પ્રગટ ગ્રંથો કરતાં કેટલીક વિશેષતાઓ જોવા મળે છે.

પ્રગટ ગ્રંથોમાં ઝાલાઓને 'કરતલ' નું વિશેષણ કઇ રીતે મળ્યું ? તે અંગે કોઇ વિગત હોય તેવું મારા જાણવામાં આવ્યું નથી.

પણ લાંગીદાસે 'રાજ સગણ' માં કડી ૫૯ - ૬૦ માં આ અંગે એવી વિગત આપી છે કે કેસર મકવાણાના પિતા વરહાસ એક સમયે શિકાર કરવા જંગલમાં ગયેલ, ત્યાં તેઓ નિશસ્ત્ર હતા ત્યારે એક વિકરાળ વનરાજે એમના પર હુમલો કરતાં વીર એવા વરહાસે એ વનરાજને કેવળ થપાટના પ્રહારથી હણી નાખેલો. જે વરહાસના અપ્રતિમ ભૂજબળ અને વીરતાને ઉજાગર કરે છે. એ રાજવી વરહાસના સમયથી ઝાલા ક્ષત્રિયો 'કરતલ' નું બિરુદ પામી ગયેલા.

લાંગીદાસે બીજા ઈતિહાસોમાં ન હોય તેવી એક બીજી વિગત પણ 'રાજ સગણ'માં ઉલ્લેખી હોવાનું પણ જણાય છે. તે આગળ જણાવ્યા પ્રમાણે કેસર મકવાણાએ સમા શાખના જાડેજાઓ સાથે પ્રથમ યુદ્ધ કરેલું. તે પછી સમાધાન કરીને જામ લાખાની સાંઢો વાળી ગયેલા, અને વહારે ચડેલ લાખાનાં સૈન્યને હરાવી પાછું વાળેલ.

મેં આ વિગત અંગે પ્રગટ ઐતિહાસિક ગ્રંથોમાં તપાસ કરેલી. પણ તેમાં કેસર મકવાણાના લાંગીદાસે વર્ણવેલા ઉપરોક્ત સમાઓ અને લાખા સાથેના પ્રસંગોનો ઉલ્લેખ મને જોવા મળેલ નથી, અત : આ પ્રસંગો લાંગીદાસનું મૌલિક પ્રદાન છે. જે લાંગીદાસે ઝાલાઓના વહીવંચા બારોટને ચોપડેથી મેળવ્યા હશે.

લાંગીદાસ ચારણ છે, અને ચારણ - બારોટો વચ્ચે સનાતન સ્નેહ સંબંધો છે. વળી ચારણોના ચોપડાઓ અને બારોટોની વહીઓની લિપિ એક જ છે. એથી લાંગીદાસે આપેલી વિગતો તેમણે પોતે જ બારોટોની વહીમાંથી વાંચીને નોંધ કરીને મેળવી હશે એમ માની શકાય.

બાકી આજના ઈતિહાસ લેખકો ને બારોટો કે બારોટોની વહીઓનો કોઈ પરિચય નથી. તેમ ન તો તેમને બારોટોની વહીઓની લિપિ, ભાષા, કે સંકેતો ઉકેલવાની જાણકારી છે. એટલે લાંગીદાસનાં વિધાનોનું પલ્લું બીજાઓથી વધુ વજનદાર મનાય.

### *૬.૨.૨ 'રાજ સગણ'માં છંદ વિનિયોગ :*

આપણે પ્રથમ બંધ અંગે ચર્ચા કરીએ. 'રાજ સગણ' ના પ્રારંભે જ લહિયાએ 'દુહા' એવું પદ્ય નામ લખીને ૧૦, દુહા આપ્યા છે. પછીનાં બધા 'બિયાખરી' પદ્ય છે. જેનું પદ્યનામ પણ લહિયાએ પ્રારંભમાં જ આપ્યું છે. આ રીતે લહિયાની કૃપાથી 'રાજ સગણ' ના બંધોનાં નામ શોધવાના શ્રમમાંથી આપણે બચી ગયા છીએ.

છંદશાસ્ત્રમાં દુહાનું માપ આ પ્રમાણે આપ્યું છે.

*તેર મત પ્રથમ ત્રય, દુવ ચવ ગ્યારહ દેખ;*
*અબ સમ પૂરબ ઉતર અય, લછણ દુહા લેખ*[૨૪]*...૭૬*

(જેનાં પ્રથમ અને ત્રીજા ચરણમાં તેર - તેર માત્રાઓ હોય અને બીજા અને ચોથા ચરણમાં અગિયાર - અગિયાર માત્રાઓ હોય એને દુહાબંધનાં લક્ષણ જાણવાં.)

હવે આપણે 'રાજ સગણ' નો એક દુહો જોઈએ.

*સૂંડાળા સંકર સતન, દૂંદાળા બધિ દેહ;*
*સઘ રઘ કરિ સધિ રધિ વર, ગણપતિ બધિ બધિ ગ્રેહ*[૨૫]*...૧*

(હે શિવપુત્ર, હે શૂંઢ અને ફાંદ ઘારી એવા ગણેશ, તમે મને બુધ્ધિ આપો, સિદ્ધિ, રિદ્ધના પતિ એવા ગણપતિ, જેથી મારા ગ્રહે સિધ્ધિ અને ઘનનું આગમન થાય.)

માત્રામેળની રીતે ગણતાં આ દુહાનાં પ્રથમ અને ત્રીજાં ચરણમાં ૧૩ - ૧૩ માત્રા છે, અને બીજાં અને ચોથા ચરણમાં ૧૧ - ૧૧ માત્રા છે. આ રીતે દુહો માપસર છે. છતાંયે કયાંક કયાંક એકાદ માત્રાની વઘ ઘટ થાય છે. એનો દોષ આપણે હસ્તપ્રતના લહિયાને માથે નાખવો ઘટે છે.

દુહા પછીનો બીજો છંદ 'બિયાખરી' છે,[૨૬] એને 'બૈ અખ્ખરી' પણ કહે છે. છંદ શાસ્ત્રમાં એનું માપ આ પ્રમાણે આપ્યું છે.

*ગુરુ લઘુ અનિયમ સોળ મતા ગણ,*
*છંદ બૈ અખ્ખરી સોય વિચચ્છણ*[૨૭]*...*

(જેમાં ગુરુ કે લઘુ માત્રા અંગેનો કોઇ નિયમ ન હોય. કેવળ પ્રત્યેક ચરણમાં ૧૬ - ૧૬ માત્રાઓ આવતી હોય, અને પ્રત્યેક બબ્બે ચરણોના પ્રાસ મળતા હોય તેને બિયાખરી છંદ જાણવો.)

હવે આપણે 'રાજ સગણ' માં પ્રયોજાયેલ 'બિયાખરી' છંદનું એક ઉદાહરણ જોઇએ.

*ધનિ કરતાર ગદાઘર ગોઘર,*
*સંખ ચકરઘર ગરઘર સુંદર;*
*ઘનિ મુરલીઘર મોર મગટઘર,*
*પીતંબર ઘર ઘરણ મરંપર...૧*

(જેણે ગદા, ઘરતી, શંખ, ચક્ર, ગૌવર્ઘન પર્વત, મોરલી મયૂર પીંચ્છનો મુગટ, પીતાંબર અને સ્વર્ગને ધારણ કર્યાં છે. એ પરમેશ્વરને ઘન્ય છે.)

ઉપરોક્ત ઉદાહરણનાં ચારેય ચરણો ૧૬ - ૧૬ માત્રાનાં છે, અને પ્રત્યેક બબ્બે ચરણોના પ્રાસ મળે છે. આ રીતે આ બંઘમાં 'બિયાખરી' છંદનું માપ બરાબર જળવાયું છે. છતાં લહિયાની અજ્ઞાનતાને કારણે કયાંક કયાંક માત્રાઓ ઓછી - વઘતી જોવા મળે છે.

પણ તે અલ્પ સંખ્યામાં છે, અને તે સુધારી શકાય તેમ છે. તો ક્યાંક તે ભૂલ ખુદ લાંગીદાસની જણાય છે. યથા :

*કઈટક મધુ વ્રહમ દશહ ક્રમિઆ,*
*ભાળે અસર વ્રહમ વિભ્રમિઆ...*

આમાં બંને ચરણોમાં ૧૭ - ૧૭ માત્રાઓ છે. આમાં પ્રથમ ચરણને સુધારવું શકય નથી. એટલે એ ચરણમાં આવેલી એક વધારાની માત્રા લાંગીદાસની ભૂલને કારણે આવી ગયાનું માની શકાય. જ્યારે બીજા ક્રમનું આ રીતે લખવાથી ૧૬ માત્રાનું બને છે. યથા :

*ભાળિ અસર વ્રહમ વિભ્રમિઆ,*

ડિંગળ ભાષાની દષ્ટિએ 'ભાળિ' શબ્દ ઉચિત છે. એટલે અત્રે ડિંગળ ભાષાથી અજ્ઞાત ગુજરાતી લહિયાએ 'ભાળિ' નું 'ભાળે' કરી નાખવાને લીધે બીજાં ચરણમાં એક માત્રા વધી ગઇ હશે એમ લાગે છે. એટલે અહીં આપણે લહિયાની ભૂલ હોવાનું સ્વીકારવું રહ્યું : આ 'બિયાખરી' હિન્દીના 'ચોપાઇ' બંધને મળતો બંધ છે. છંદશાસ્ત્ર પ્રમાણે 'ચોપાઇ'ના પ્રત્યેક ચરણમાં ૧૫ - ૧૫ માત્રા હોય છે.[૨૮] અને ચરણાંતે 'જગણ'નું વિધાન છે. યથા :

*પદ દસ પંચ હમત પ્રમાંણ, જગણ અંત ચૌપાઈ સજાંણ...*

'જગણ' એટલે બે લઘુ વચ્ચે એક ગુરુ હોય એવો ચાર માત્રાનો એક શબ્દ.[૨૯] આ ચોપાઇ બંધનો પ્રયોગ લોક પ્રિય ગ્રંથ 'તુલશી રામાયણ' માં થયો છે, એથી એ ચોપાઇ સામાન્યજન અને કવિજનોમાં સારી પેઠે પ્રિય થઇ ગયેલો છે.

આ 'ચોપાઈ' ના માપ અંગે બધા પિંગળાચાર્યો એક મત નથી. આપણે જોયું તેમ 'રઘુવર જસ પ્રકાસ' ચોપાઈમાં ચરણાંતે 'જગણ'નું વિધાન કરે છે. તો 'રૂપદીપ પીંગળ' ચોપાઈની ૧૫ - ૧૫ માત્રા જણાવે છે, પણ ચરણાંતે 'જગણ'નું વિધાન નથી કરતું.[૩૦] અત : સામાન્ય પણે આપણે 'બિયાખરી' અને 'ચોપાઈ' માં કેવળ એક માત્રાનો જ ફેર સમજવો રહ્યો. 'જગણ' નો મત સર્વ માન્ય નથી.

### *૬.૨.૩ 'રાજ સગણ'માં રસ વૈવિધ્ય :*

'રાજ સગણ' ઐતિહાસિક ગ્રંથ છે, અને તે પણ ઝાલાવંશના ક્ષત્રિય રાજવીનો, એટલે એમાં સંગ્રામના ઘણા પ્રસંગો છે. જે આપણે ગ્રંથ પરિચયમાં જોયું. અત : એથી

આનો મુખ્ય રસ વીરરસ છે. જે ચારણી સાહિત્યમાં રસો ।મ મનાયો છે. આપણે અત્રે થોડાં વીરરસનાં ઉદાહરણો જોઈએ.

*હિંદુ પતિ પતસાહ હદ, પતસાહ પડ ગાહ;*
*પાતલ પતાસાહાં સરે, શુક હથુ ઝલ રાહ…૧*

(આ રાજ પ્રતાપસિંહ હિંદુઓના બાદશાહ અને બાદશાહની બરોબરીના છે. તેઓ બાદશાહીને પણ સંગ્રામના મેદાનમાં પડકારનારા છે. આ તરવાર ધારી ઝાલો રાજવી બાદશાહોથી પણ વધી જાય તેવો છે.)

મધુ કૈટભ સાથેના ભગવાન વિષ્ણના યુદ્ધનું વર્ણન પણ વીરરસ પૂર્ણ છે. યથા :

*હોઅ તમાસડ ત્રિ ભડ હચે,*
*રગડ રતડ કીચડ રચે;*
*એકાં ઠેલે એક ઊઝેલી,*
*મલ જુ ખેલિ રાડ ન મેલી…૩૧*

( ત્યારે એ ત્રણેય (મધુ, કૈટભ અને ભગવાન વિષ્ણુ) વીરો યુદ્ધ ખેલ ખેલ્યો, લોહીના રગડાને કારણે લાલ કીચડ થયો. એક મેકને ધક્કે ચડાવીને ઉથલાવતાં એ ત્રણેય વીરોએ પહેલવાનોની જેમ મલ્લ યુદ્ધ કર્યું પણ લડાઇ ન ત્યાગી.)

આગળ જેનો ઉલ્લેખ થયો છે, એ વરહાસ મકવાણાની વગર હથિયારે સિંહને હણવાની કથા પણ વીરરસોત્પાદક છે. તો કેસર મકવાણાનાં પરાક્રમો પણ શૌર્યમય છે. અત : એમાં પણ વીરરસ છે.

*કહાં વ્રહાસ પહુ કેહર, કહેરચી અસમાન કરમર*[૩૨]*…૬૨*

\+ \+ \+

(વ્રહાસ પછી કેસર થયો, જેની તરવાર કાયમ ઉગામેલી જ રહેતી.)

કયાંક કયાંક અદ્‌ભુત રસની છાંટ પણ જોવા મળે છે. યથા :

*ધિન જિ નાભ કમળ નીપાઉ,*
*અંતરહ તર ઉપરિ આઉ…૧૯*

(એને (પરમેશ્વરને) ધન્ય છે કે જેણે પોતાની નાભીમાંથી કમળ ઉત્પન્ન કર્યું, એ કમળ જળની અંદરથી બહાર આવ્યું.)

આમાં નાભીમાંથી કમળનું નીપજવું તે અલૌકિક વાત ગણાય, એથી અત્રે અદ્‌ભુત રસ થયો. પુન :

*મદસુદન કન હુત રખે મળ,*

*બિ તણિં અસર હુઆ અતબી બળ... ૨*

(ત્યાં ભગવાન વિષ્ણુના કાનનાં મેલમાંથી બે અતુલ બળશાળી અસુરો નિપજયા.)

અહીં મધુ - કૈટભની પ્રાગટય કથા છે. કાનના મેલમાંથી અસુરો જન્મવા તે ચમત્કારિક ઘટના કહેવાય. એથી અત્રે અદ્‌ભુત રસ થયો.

'રાજ સગણ'માં આપેલ સૃષ્ટિ ઉત્પ ાિની પૌરાણિક કથામાં અલૌકિક પણું છે, એથી એ સમગ્ર કથાનક અદ્‌ભુત રસ નિતરતું બની ગયું છે.

પુન :

કેસર મકવાણાના સમાઓ સાથેના યુદ્ધમાં કેસર મકવાણો એક એક બાણથી પાંચ પાંચ શત્રુઓને વીંધી નાખે છે.

*લડતુ કેહર બાણ લગાડિ,*

*પાંચ પાંચ સર એકણ પાડિ... ૬૫*

(યુદ્ધ કરતાં કેસર મકવાણાએ એક એક બાણથી પાંચ પાંચ વેરીઓને ભૂમિશાયી કરી દીધા.)

અહીં એક બાણ વડે પાંચ પાંચને વીંધી નાખવામાં વીર અને અદ્‌ભુત બંને રસોનું મિશ્રાણ થાય છે.

પુન :

*ગ્રીધણ ઘમળ મંગળ ગાયા*[૩૩] *...૭*

(યુદ્ધમાં વીરગતિ પામેલા વીરોનાં અપ્સરાઓ સાથેનાં લગ્નમાં ગીધણીઓ (એક પક્ષી વિશેષ) એ ધોળ મંગળ (લગ્ન ગીતો) ગાયાં.)

ગીધ જેવાં વાણી વિહીન પક્ષીઓ દ્વારા લગ્નગીતો ગાવાંએ અલૌકિક ઘટના છે. એથી અત્રે પણ અદ્‌ભુત રસ નિષ્પન્ન થાય છે. વીરો અને અપ્સરાઓનાં લગ્નમાં શૃંગારની ઝલક છે. શૃંગાર રસ છે. અત્રે બે રસોનું મિશ્રાણ થયું છે.

પ્રારંભનાં ૧ - ૨ ક્રમના દુહાઓમાં ગણેશ અને શારદા સ ાવન છે. એમાં ભક્તિભાવ છે, એથી એ શાંતરસ થયો.

એ પછી 'બિયાખરી' છંદની ૧ થી ૧૭ માં ક્રમની કડીઓમાં પણ હરિસ્તવન છે. એથી એમાં પણ શાંતરસ રેલાય છે. એનાં થોડાં ઉદાહરણ જોઈએ.

*ક્સંન કળાધર મહાબ્રમ કેવળ,*

*બાંધવ હળધર ધનો અતળ બળ[૩૪]...૩*

(અનેક કળાઓને ધારનારા, મહાબ્રહ્મ સ્વરૂપ અને જે પોતે માત્ર એક જ સર્વેશ્વર છે. એવા બળભદ્રના બાંધવ અને અતુલ બળવાળા ભગવાન કૃષ્ણને ધન્ય છે.)

*તૂ નર દહે ન ગ્રેહ નરો ।મ,*

*પરમાતમ બ્રમ રૂપ સતૂ પ્રમ...૩*

(હે બ્રહ્મ સ્વરૂપ પરમાત્મા તમારે માનવની કે રાજવીની કાયા નથી. તેમ ઘર પણ નથી. તમે નિરાકાર છો.)

આ રીતે 'રાજ સગણ' માં વીર, અદ્ભુત અને શાંતરસની ઝલક જોવા મળે છે. અપૂર્ણ હસ્તપ્રતને કારણે બીજા રસોનો અભાવ જોવા મળે છે. જો પુરે પુરી હસ્તપ્રત મળી હોત તો એમાંથી આપણને નવેય રસનાં ઉદાહરણો મળી રહેત.

### *૬.૨.૪ 'રાજ સગણ'માં અલંકાર નિરૂપણ :*

કાવ્યશાસ્ત્રીઓએ અલંકારના ત્રણ ભેદો જણાવ્યા છે. શબ્દાલંકાર, અર્થાલંકાર અને ઉભયાલંકાર.

ટૂંકમાં અલંકાર એ કાવ્યનું આભરણ મનાય છે. એથી મધ્યકાલીન કવિઓએ અલંકારોનો સારી પેઠે ઉપયોગ કર્યો છે, પણ ચારણોએ ચારણી સાહિત્યમાં અલંકાર પ્રયોગ પ્રત્યે રુચિ બતાવી નથી. એમનું વલણ સાદગી પ્રત્યે ઢળતું જણાયું છે.

શબ્દાલંકારમાં કેવળ શબ્દો વડે જ કાવ્ય અલંકૃત થાય છે. એથી એને શબ્દાલંકાર કહે છે. એમાં વર્ણાનુપ્રાસાદિ અલંકારો આવી જાય છે.

ચારણી સાહિત્યમાં 'વયણ' સગાઈ અલંકારનો આગ્રહ હોય છે. આના અંગે આ પહેલાં ચર્ચા થઈ જ ગઈ છે. એટલે અત્રે વધુ ચર્ચા ન કરતાં આપણે 'રાજ સગણ'માં પ્રયોજાયેલ 'વયણ સગાઈ' ને જોઈએ.

'વયણ સગાઈ'ના ત્રણ પ્રભેદો છે. ઉ ।મ, મધ્યમ અને અધમ, લાંગીદાસે 'રાજ સગણ' માં સર્વત્ર ઉ ।મ 'વયણ સગાઈ' પ્રયોજેલ છે. યથા :

*ચારણ લાખ વરીસ સોએ, વડ હથ કોડિ વરીસા...૫*

(રાજ પ્રતાપસિંહ લાખ પસાવ સાથે કવિઓને જાગીરનું દાન દેનારા છે. એ મહા ભૂજ રાજવી કરોડ પસાવ પણ આપનારા છે.)

*સાત ધીઅં દખ દીઅં સજ...૪૫*

\+ + +

(દક્ષે શણગારીને સાત પુત્રીઓનું કન્યાદાન દીધું.)

*નારિ કદ્ર જાણ જણિઆ નાગ[૩૫]...૪*

\+ + +

(એ કન્યાઓમાંથી કેદ્રુ દ્વારા નાગો જનમ્યા,)

ઉ ામ 'વયણ સગાઈ' માં ચરણનો પ્રથમ અક્ષર ચરણના છેલ્લા શબ્દમાં પ્રથમ આવે તે ઉ ામ 'વયણ સગાઈ' કહેવાય.

ઉપરોક્ત ઉદાહરણોમાં પ્રત્યેક ચરણનો પ્રથમ અક્ષર ચરણાંતના શબ્દમાં પ્રથમ આવે છે. અતઃ અત્રે ઉ ામ 'વયણ સગાઈ' થઈ.

કેટલેક સ્થળે મધ્યમ પ્રકારની 'વયણ સગાઈ' જોવા મળે છે. આમાં ચરણનો પ્રથમાક્ષર ચરણના છેલ્લા શબ્દમાં મધ્યમાં આવે છે.[૩૬] તેનાં થોડાં ઉદાહરણો જોઈએ.

*હાથ ઘનો જગનાથ તુ હારા...૧૬*

(પરમેશ્વર, તમારા હાથોને ધન્ય છે.)

*તૂ જળ સેજ હુઓ જળ અંતરિ...૧૭*

\+ + +

(પ્રભુ, તમે જળમાં શેષ શય્યા પર પોઢયો.)

*તિ કીધા કરતાર...૧૦(દુહા)*

(પરમેશ્વર, તમે જ તેનું સર્જન કર્યું.)

*ભાળે અસર વ્રહમ વિભ્રમિઆ[૩૭]...૨૩*

\+ + +

(એ મધુ - કૈટભ દાનવોને જોઈને બ્રહ્મા શંકા - ભય પીડિત થયા.)

અધમ પ્રકારની 'વયણ સગાઈ' 'રાજ સગણ' માં જોવા મળતી નથી. જે લાંગીદાસની એક સિદ્ધિ ગણાય.

એક વર્ણની વારંવાર પુનરાવૃત્તિ થાય તે અનુપ્રાસ અલંકાર છે.[૩૮] 'વયણ સગાઈ' માં પણ વર્ણોની આવૃત્તિ થતી હોય એનો સમાવેશ શબ્દાલંકારમાં થઈ જાય છે.

લાંગીદાસે 'રાજ સગણ'માં આનો સ્થળે સ્થળે પ્રયોગ કર્યો છે. યથા :

*ઘનિં કરતાર ગદાઘર ગોઘર,*

*સંખ ચકરઘર ગરઘર સુંદર...૧*

આમા 'ઘ' અને 'ર' વર્ણની વારંવાર આવૃત્તિ થતી હોવાથી અત્રે વર્ણાનુપ્રાસ થયો.

*સરજ પછિ સપતોએ સાઅર...૬*

આમાં 'સ' વર્ણનું આ વર્તન થાય છે.

*બાઝ ન માઝ બરાબર બીજિ...*

આમાં 'બ' વર્ણનું પુનરાવર્તન થતું હોવાથી અહીં પણ વર્ણાનુપ્રાસ થયો.

*લૂથ બથાં ગળ ગૂંથ લડાઈ,*

*લથ બથે ગળ હાથ લગાઈ[૩૯]...૨૮*

આમાં 'થ' વર્ણની વારં વાર આવૃત્તિ થાય છે. અતઃ અહીં પણ વર્ણાનુપ્રાસ થયો.

વર્ણો પ્રમાણે જ શબ્દોનું પુનરાવર્તન 'યમક' કહેવાય છે.[૪૦]

આ 'યમકાલંકાર' નો પ્રયોગ પણ લાંગીદાસે 'રાજ સગણ' માં અનેક સ્થળે કર્યો છે. એનાં થોડાં ઉદાહરણો અત્રે પ્રસ્તુત છે.

*ઘનો ઘનો ઘરણી ઘરણ, ઘનો ઘનો ગરઘાર...૧૦*

\+ \+ \+

નર નરલેપ નરંજણ નાથ...૯

કરિઆ ક્રત ક્રત કણી ન ક્રિહિઆ,

રચ પચ નગમ અગમ કિહિ રહિઆ...૧૨

\+ \+ \+

આપ હી આપ ઉપાઆ આપ...૧૫

\+ \+ \+

ઘણ હેકલ મલ હેકલ ઘોડિ[૪૧]...૬૪

આમાં પ્રથમ ઉદાહરણમાં 'ઘનો'નું બીજામાં 'નર'નું ત્રીજામાં 'ક્રત' અને 'ગમ' ચોથામાં 'આપ' નું અને પાંચમા માં 'હકેલ' શબ્દનું પુનરાવર્તન થાય છે. અતઃ જ ઉદાહરણો 'યમક' કે જેને વીપ્સા પણ કહે છે. તે અલંકારનાં થયા.

અર્થાલંકારોનો 'રાજ સગણ' માં બહુ ઓછો પ્રયોગ થયો છે. એને શોધવા ઘણી મથામણ કરવી પડે છે. એનાં બે ઉદાહરણો જોઈએ.

*મલ જું ખેડેલ રાડ ન મેલિ*[૪૨]*...૩*

(મલ્લોની જેમ એમણે યુદ્ધ કર્યું. પણ યુદ્ધમાંથી નિવૃ ા ન થયા.)

કાવ્યશાસ્ત્રીઓએ જેમાં 'જેવું' જેમ જેવા સરખામણી વાચક શબ્દો પ્રયોજવા હોય તેને 'ઉપમા' અલંકાર કહ્યો છે.[૪૩] એથી અત્રે ઉપમા અલંકાર થાય છે કેમકે આમાં જેમ (જું) શબ્દ છે.

રૂપકાલંકારમાં જેવો 'જેવા' જેવા ઉપમા વાચક શબ્દો નથી હોતા, લોકમાં જેમ કોઈ જાડા પાડા માણસને 'આ પાડા જેવો છે.' એમ કહેશું તે ઉપમા થઈ પણ 'આ પાડો છે.' એમ કહેશું તો તે રૂપક થયું. નીચેનાં 'રાજ સગણ'નાં ઉદાહરણમાં રૂપકાલંકાર છે.

*કેહર રાખસ સમે જે કહી ઉર*[૪૪]*...૬૬*

(આ કેસર રાક્ષસ છે, એમ સમાઓએ કહ્યું.)

સમગ્ર ચર્ચાનું તારતમ્ય એ છે કે લાંગીદાસે આ 'રાજ સગણ' ધ્રાંગધ્રા રાજ પ્રતાપસિંહનાં જીવનનાં પોતે નજરે જોયેલા વીરતા, દાતારી અને મુત્સદીગીરીના પ્રસંગોને કાવ્યમાં ગૂંથીને ઝાલા રાજવંશના એક મહ વના પાત્રને અમર કરવાં, તથા રાજ પ્રતાપસિંહના જીવનમાંથી ઝાલા વંશી વીરો પ્રેરણા લ્યે એવો એક વીરરસપૂર્ણ ગ્રંથ આપવાનો છે. આ દૃષ્ટિએ અતિ મહ વનો ગ્રંથ આપવાનો ગમતો ઉદ્દેશ છે. અને એનાં ઐતિહાસિક મૂલ્યો પણ ઘણાં છે, કારણકે બીજા ચારણેતર ઈતિહાસવિદ્દો કે જેમણે ચારણી અને બારોટી સાહિત્યને જોયાં જાણ્યાં નથી એમના લખેલા ઈતિહાસો અપૂર્ણ અને પૂર્વગ્રહ યુક્ત રહેવાના જ. કેમ કે અહીંની પ્રજા પરસ્પરના પૂર્વગ્રહ અને વૈમનસ્યને કારણે ઝગડે છે. અહીંની પ્રજા ભૂલી જાય છે કે માથે પાકિસ્તાન જેવો શત્રુ ઊભો છે, ત્યારે તો ભારતને આજે કયારેય ન હતી એટલી ક્ષત્રિયોની દેશ, ધર્મ અને પ્રજાનાં રક્ષણ માટે જરૂર છે. એવે વખતે દેશની એકતા અને અખંડિતતા જાળવવાને બદલે આપસી સંઘર્ષની વૈમનસ્ય ઊભું કરનારી અને દેશનું અહિત કરનારી છે. ખેર, આ આડ વાત થઈ પણ કહેવાનું તાત્પર્ય એ

છે કે આજના આપણા છપાયેલા ઈતિહાસો અપૂર્ણ છે. અને એમાંયે રાજ પ્રતાપસિંહના જીવન વિશે ઘણી બધી અપૂર્ણતા ઈતિહાસ ગ્રંથોમાં છે. બાકી તો ‘રાજ સગણ’ માં ગ્રંથારંભે ૩ થી ૧૦ ક્રમના દુહાઓમાં લાંગીદાસે પોતાની રાજ પ્રતાપસિંહના જીવન પર આ ગ્રંથ રચવાની મનીષા પ્રગટ કરતાં રાજ પ્રતાપસિંહના વ્યક્તિત્વ વિષે જે ચિત્ર ટૂંકમાં આપ્યું છે. તે જોતાં રાજ પ્રતાપસિંહ તેજસ્વી વીર, દા ાર અને મુત્સદ્દી નર હતા તેમ જણાય છે.

ગ્રંથ મંગલનાં સ્તવન લાંગીદાસનાં ભક્ત હૃદયની શાખ પૂરે છે, અને પછી આરંભાતી પુરાણોક્ત સૃષ્ટિ ઉત્પ િની કથા આપણને લાંગીદાસનાં પૌરાણિક જ્ઞાનની ઝાંખી કરાવે છે, અને આમેય ઝાલા વંશનાં મૂળ પુરાણોક્ત માર્કંડેય ઋષિ સાથે સંકળાયેલાં છે. જેની સાક્ષી બારોટોની વહીઓ આપે છે.

લાંગીદાસે મકવાણા - ઝાલા કુળની વંશાવળી આપીને કેસર મકવાણાનાં પરાક્રમો વર્ણવતાં સિંધના હમીર સુમરાનાં રાજ્યમાંથી રૂપવાન એવી સાતસો સુમરીઓને હરી લાવ્યાનો પ્રસંગ વર્ણવ્યો છે. એ પ્રસંગ પછી ‘રાજ સગણ’ ની પ્રાપ્ત હસ્તપ્રત અપૂર્ણ છે. જે લહિયાની આળસ સૂચવે છે. કે પછી કોઈ કારણસર પ્રતિલિપિ કરનાર આ પ્રત પૂર્ણ લખી શકયો નથી એવું પણ અનુમાન થઈ શકે.

બાકી તો ‘સાહ લગે બુહુ ઘાહ સણાઈ’ એ ૭૭ માં ક્રમનાં ‘રાજ સગણ’ નાં પદ્યનાં પ્રથમ ચરણને જોતાં તો લાંગીદાસે ગ્રંથ પૂર્ણ પણે રચ્યો હોવાનું નકારી શકાતું નથી. પણ મૂળ પ્રત આજે પ્રાપ્ય થઈ નથી, અને પ્રાપ્ય પ્રત મૂળ પ્રતની અપૂર્ણ પ્રતિલિપિ હોવાનું જણાય છે. જો પૂર્ણ ગ્રંથ મળ્યો હોત તો ઝાલાઓના ઈતિહાસ અંગેનું એક મૂલ્યવાન અને મહ વનું પુસ્તક લેખે ‘રાજ સગણ’ સ્થાન પામી જાત એ નિશ્ચિત હતું.

લાંગીદાસનો ‘રાજ સગણ’ અપૂર્ણ રહ્યો છે. પણ બીજો એવો જ ઐતિહાસિક ગ્રંથ ‘ગણ બાબી રો’ મળે છે. જે પૂર્ણ છે. એની પદ્ય સંખ્યા ૫૭ છે. અત્રે હવે આ ‘ગણ બાબી રા’ ની ચર્ચા કરીએ.

## ૬.૩ ગણ બાબી રો :

### *૬.૩.૧ ગ્રંથ પરિચય :*

ગ્રંથ મંગળ પછી બીજી કડીમાં જ લાંગીદાસ ગ્રંથના વર્ણ્ય વિષય અંગે પ્રકાશ પાડે છે.

*બાદરખાન મહાબળી, હર જાફર હંદા;*
*કરસી નામાં મિ કહું, સબ કોઅ સણંદા*[૪૫]*...૧*

(જાફર ખાનનો પૌત્ર એવો મહા બળવાન બહાદુરખાન જે પરાક્રમો કરશે, એ હું કહું છું, જે સૌ કોઇ સાંભળશે.)

વિષયમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે લાંગીદાસે બાબી બહાદુરખાને લડેલી લડાઇઓ વર્ણવતા બહાદુરખાનની વીરતાને બિરદાવી છે, અને બહાદુરખાનની દાતારીની પણ પ્રશસ્તિ ગાઇ છે.

પ્રથમ આપણે ઈતિહાસમાં આ બહાદુરખાન બાબીના ઉલ્લેખને જોઇ એની ઐતિહાસિકતાની ચર્ચા કરીએ.

ઈતિહાસ પ્રમાણે જૂનાગઢના બાબીઓના પૂર્વજ બાબી બહાદુરખાન ઇ.સ. ૧૭૦૦ના આરંભમાં અફઘાનિસ્તાનમાંથી દિલ્હીના સુલતાન શાહજહાંના સમયમાં ગુજરાતમાં આવેલા.[૪૬]

એ બહાદુરખાનના પૂર્વજ ઉસ્માનખાનને દિલ્હીના હુમાયુ બાદશાહે બાબીનો ખિતાબ આપેલો.[૪૭]

એ બહાદુરખાને એક વખત પીલાજી રાવ ગાયકવાડ પાસેથી વડોદરા પણ લીધેલું.[૪૮] પીલાજી રાવનું ખૂન અમદાવાદના સુબા અભયસિંહ રાઠોડે કરાવેલ, ત્યારે પીલાજી રાવના ભાઇ માલોજી રાવે બહાદુરખાન પાસેથી પુનઃ વડોદરા જીતી લીધેલું.[૪૯]

બાબી મહંમદ બહાદુરે જયારે ઇ.સ. ૧૬૫૪ માં શાહજાદો મુરાદ ગુજરાતનો સુબો થઇને ગુજરાતમાં આવ્યો ત્યારે તેની સાથે પોતાના પુત્ર શેરખાનને મોકલ્યો.[૫૦]

એ બાબી મહંમદ બહાદુરને પણ 'શેરખાન' નો ઈલ્કાબ મળેલો.[૫૧]

દિલ્હીના મુગલ સલ્તનની પડતીના એ સમયમાં સૌ સુબા અને અધિકારીઓ પોતાના સ્વાર્થની જ વાત ભૂલી ગયેલા. આમ સ્થિતિમાં બાબી મહંમદ બહાદુરખાને પણ પોતાના લાભનો વિચાર કર્યો. એ સમયે જૂનાગઢની સુબાગીરી પર હિંમતઅલી હતો, જે

મોમીનખાનનો ભત્રીજો થતો હતો. તેણે પોતાની મદદ માટે નાયબ સૂબો માગ્યો, તેથી બાબી શેરખાંન (મહમદ બહાદુરખાનને જુનાગઢના નાયબ સુબા લેખે મૂકવામાં આવ્યા.[૫૨]

એ પછી પરિસ્થિતિનો લાભ લેવા બાબી મહંમદ બહાદુરખાને એ સમયના જુનાગઢના નાયબ જાગીરદાર પીર દોલતઅલીને મુત્સદીગીરી પૂર્વક જૂનાગઢમાંથી કાઢી મૂકયો.[૫૩]

એ પછી બાબી મહંમદ બહાદુરખાને એ સમયે ગુજરાતમાં બનતા બનાવો પ્રત્યે દુર્લક્ષ કરીને જૂનાગઢમાં જ પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો વિચારી કરીને જૂનાગઢ કબજે કર્યું, અને ત્યાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું, અને ઇ.સ. ૧૭૫૪ થી પોતે નવાબનો ઈલ્કાબ ધારણ કરીને રાજ્ય કરવા માંડયું.[૫૪] જે જૂનાગઢના પ્રથમ નવાબ થયા.

આ બાબી મહંમદ બહાદુરખાન ઇ.સ. ૧૭૫૮ માં અવસાન પામ્યા.[૫૫]

આ બાબી મહંદમ બહાદુરખાન ઉર્ફે શેરખાન સામાન્ય રીતે ‘બહાદુરખાન’ નામે જ લોકો - પ્રજામાં જાણીતા થયેલા.[૫૬]

આ બહાદુરખાન જીવન પર લાંગીદાસે ‘ગણ બાબી રો’ ગ્રંથ રચ્યો છે.

લાંગીદાસ બાબી બહાદુરખાનના સંપર્કમાં કઇ રીતે આવ્યા એ અંગે તપાસ કરતાં નીચેની વિગત પ્રાપ્ત થાય છે.

ધ્રાંગધ્રાની ગાદી પર રાજ પ્રતાપસિંહ ઇ.સ. ૧૭૧૮ માં બેઠા એમનાં બહેન જામનગરના જામ રાયસિંહ સાથે લગ્ન ગાંઠે જોડાયેલાં હતા, એ જામ રાયસિંહને એમના નાના ભાઇહરધોળજીએ દગાથી મારીને જામનગરની ગાદી પચાવી પાડી હતી. એ સમયે જામરાયસિંહના કુંવર તમાચી નાની ઉંમરના હતા. તેને એક દાસીએ ગુપ્ત પણે ભૂજના રાઓનાં રાણી કે જેઓ તમાચીને માસી થતાં હતા તેમને સોંપ્યા. ત્યારે રાજ પ્રતાપસિંહે તમાચીના મામા થતા હોવાથી ભાણેજનો પક્ષ લઇને પોતાની કુંવરી અમદાવાદના સુબા શેરબુલંદખાન સાથે પરણાવી, અને પોતાના એક ભાઇની કુંવરી જૂનાગઢના નવાબને - બાબી સલામત મહંમદખાનને આપી અને તે બે મુસલમાન સરદારોની મદદ લઇને ઇ.સ. ૧૭૩૦ માં પોતાના ભાણેજ તમાચીને નવાનગરની ગાદીએ બેસાડયા.[૫૭] આ સલામત મહંમદખાનનો મહંમદ બહાદુરખાન થયો જેણે જૂનાગઢ રાજયની સ્થાપના કરી.[૫૮]

આ રીતે જોતાં બાબી મહંમદ બહાદુરખાન ધ્રાંગધ્રાના ભાણેજ થતા હોવાની શકયતા છે, અને પોતાનું મોસાળ થતું હોવાથી બહાદુરખાન વખતો વખત ધ્રાંગધ્રા

આવતા હોય અને ધ્રાંગધ્રા વાળા પણ વખતો વખત બહાદુરખાનને મળતા હોય એ એક વાસ્તવિકતા છે. આ રીતે લાંગીદાસ પણ નવાબ મહંમદ બહાદરુખાનને મળ્યા હતા, અને ઉદાર એવા બહાદુરખાને લાંગીદાસને દાનમાનથી નવાજેલા.[૫૯] નવાબ બહાદુરખાંનની એ ઉદારતાએ આ 'ગણ બાબી રો' ગ્રંથને જનમાવ્યો હશે.

### *૬.૩.૨ ગ્રંથ આયોજન :*

ઈતિહાસની દષ્ટિએ મૂલ્યવાન એવો આ ગ્રંથ કુલ : ૫૭ પદ્યોમાં વિસ્તરેલ છે.

પ્રારંભનાં પ્રથમ પદ્યમાં ભગવતી સરસ્વતીનું સ્તવન છે, અને બીજા પદ્યમાં વિઘ્નહર્તા ભગવાન ગણેશને સ્તવ્યા છે.

છ ચરણના આ પદ્યનાં ૫ - ૬ ક્રમનાં ચરણોમાં પોતે નવાબ બહાદુરખાનનાં પરાક્રમો વર્ણવવા માગે છે, એમ કહીને કવિએ વર્ણ્ય વિષયનું ઉદ્‌ઘાટન કરેલ છે.

ત્રીજું પદ્ય બાબી કુળનું ગૌરવ ગાય છે, અને 'આ કુળ વીરતા, દાતારી અને નેકીવાળું છે.' ચોથાં પદ્યમાં આ ગૌરવ ગાન છે.

પાંચમાં પદ્યથી લઈ વીસમા પદ્ય સુધી બાબી કુળની વંશાવળી આપી છે. જે ઐતિહાસિક દૃષ્ટિએ મહ વની છે. પ્રગટ ઈતિહાસોમાં આટલી લાંબી વંશાવળી મળતી નથી.

આ વંશાવળી કેવળ વંશાવળી જ નથી.પણ એમાં સાથે સાથે બાબી કૂળના પૂર્વજોનાં પરાક્રમોને પણ સંક્ષેપમાં વર્ણવ્યાં છે,

૨૧, મા પદ્યથી બાબી સલામતખાન અને હૈદર કુલીનાં યુદ્ધનું સંક્ષેપમાં વર્ણન છે. જે ૩૨, મા પદ્ય સુધી વિસ્તરે છે.

એ સલામતખાનના પુત્ર બહાદુરખાન કે જેણે જૂનાગઢ રાજ્ય સ્થાપ્યું તેની વિગત ૩૩, મા પદ્યથી શરૂ થાય છે.

એ બહાદુરખાન કે જેને ઈતિહાસમાં આગળ જોયું તેમ મહંમદ બહાદુરખાન કહેલ છે. તેનાં પરાક્રમો અને તેણે કરેલ કેટલાક સંગ્રામોની વિગત આ ૩૩, મા પદ્યથી લઈને છેલ્લાં૫૭, મા પદ્ય સુધી આપી છે.

અમદાવાદના સુબા શેર બુલંદખાનનાં સમયમાં બાબી બહાદુરખાંનના માન - મનસબમાં વધારો થયો, અને સૌરાષ્ટ્રમાં વિજય મેળવ્યાની વિગત ૩૬, માં પદ્યમાં છે. એ

પછીનાં ૩૭, માં પદ્યમાં બાબી બહાદરુખાન અને પોરબંદરના રાણા ખીમાજી જેઠવા વચ્ચેનાં સંગ્રામની વિગત શરૂ થાય છે. જે યુદ્ધમાં વિજય મળવાથી બાબી બહાદુરખાનને સોરઠની સુબાગીરી મળી, જેનું વર્ણન ૪૪ પદ્ય સુધી વિસ્તરેલ છે.

એ પછી ૪૫માં પદ્યથી મરાઠાઓ સામેના અમદાવાદના સુબા શેર બુલંદની મદમાં કરેલાં યુદ્ધની વિગતનો આરંભ થાય છે. જે ૫૭, માં પદ્ય સુધી છે, આમાં પિલાજી રાવ ગાયકવાડ સામેનાં સંગ્રામની વિગત છે.

આ છેલ્લા પદ્યથી ગ્રંથની પૂર્ણાહુતિ થાય છે.

હવે આપણે 'ગણ બાબી રો' ની પ્રગટ ઐતિહાસિક ગ્રંથો સાથે તુલનાત્મક રીતે તપાસીને ચર્ચા કરીએ.

લાંગીદાસ મહેડુ ગ્રંથ નાયક છે. બહાદુરખાન બાબીના સમકાલીન છે. કેમ કે ઈતિહાસ પ્રમાણે બહાદુરખાનનો સમય ઇ.સ. ૧૭૨૨ થી ૧૭૫૮ (વિ.સં. ૧૭૭૮ થી ૧૮૧૪) છે.[60]

જ્યારે લાંગીદાસ મહેડુનો કવનકાળ ઇ.સ. ૧૭૧૫ થી ૧૮૨૮ છે. જે વિ.સં. ૧૭૭૧ થી ૧૮૮૪ થાય.[61] આ રીતે લાંગીદાસની હયાતિમાં જ બાબી મહંમદ બહાદુરખાને જૂનાગઢ રાજ્યની સ્થાપના કરી છે. એટલે લાંગીદાસે આ 'ગણ બાબી રો' ના પ્રસંગો લાંગીદાસના જાત અનુભવના પ્રસંગો છે. તેથી બીજા આજના પ્રગટ ઐતિહાસિક ગ્રંથો કરતાં લાંગીદાસના આ ગ્રંથનું મૂલ્ય વધુ છે.

આરંભમાં 'ગણ બાબી રો' માં લાંગીદાસે આપેલી બાબી કુળની વંશાવળી ટૂંકમાં આ પ્રમાણે છે.

**દીનખાં**

|

**અમામુદીન**

|

**મુસાખાન ઉર્ફે મુસાચર**

|

**મનસુરખાન**

|

તાલબખાન

।

ગાલબખાન

।

જમાઅલખાન

।

અબુબકરખાન

।

મામદખાન

।

બાબીખાન (બાબીખાન થી તેના વંશજો બાબી કહેવાયા.)

।

જબરિલખાન

।

જોરાવાર ખાન

।

ઉસ્માનખાન

।

અસ્માલખાન (પહેલા)

।

અબ્દુલ રહીમખાન

।

ઈસ્માઈલ ખાન (ઈસાખાન)

।

મીર ખાન

।

કરીમખાન

|

**ઈદલખાન**

|

**અસ્માનખાન (બીજા)**

|

**બહાદુરખાન**

|

**શેરખાન ( શેરખાનનું બિરુદ પામ્યા.)**

|

**જાફરખાન (જાડેજામાં પરણ્યા.)**

|

**સબ્દલખાન**

|

**સલાબતખાન - અસરાફખાન**

|

**બહાદુરખાન**

|

**મહંમદ બહાદુરખાન** [૬૨]

આમ લાંગીદાસે કુલ : ૨૬ પેઢી સુધીની વંશાવળી આ ગ્રંથમાં આપી છે. જે લાંગીદાસની વિશેષતા છે. નવાબ મહંમદ બહાદુરખાન સાથેના (ધ્રાંગધ્રાના) ઝાલાવંશના ગાઢ સંબંધોને લીધે કવિ લાંગીદાસને બાબી કુળની આ વંશાવળી જૂનાગઢના નવાબ બહાદુરખાન પાસેથી પ્રાપ્ત થઇ હશે એમ માની શકાય

બાબી સલામતખાનનાં હૈદરકુલી સાથેનાં યુદ્ધનો પ્રસંગ લાંગીદાસે પ્રથમ લીધો છે. એ વર્ણવતાં લાંગીદાસ કહે છે.

*તેણ સમે પતસાહ કું, અસી બધ ઉકલી,*
*ખાઉદ ગૂજર ખંડ કા, કરિ હિદર કુલ*[૬૩]*...૨૨*

(એ સમયે દિલ્હીના બાદશાહને એવો વિચાર ઊગ્યો કે હૈદરકુલને ગુજરાતનો સુબો બનાવીએ.)

પણ એ હૈદર કુલીને અવળી મતી ઉપજી એણે ગુજરાતમાં આવીને બાબીઓ પાસેથી સલામી (દંડ) માગી. એથી બાબી સલામતખાન એની સામે થયા. આ રીતે તેમનું અને હૈદરકુલીનું યુદ્ધ મંડાણું જેમાં બાબી સલામતખાન વિજય પામ્યા, અને હૈદરકુલી લડાઇ પડતી મૂકી નાશી ગયો. આ યુદ્ધને ૨૨માંથી લઇ ૩૧માં પદ્યમાં વણી લીધું છે.[૬૪]

પ્રગટ ઇતિહાસમાં આનાથી જુદી વાત છે. તેમાં હૈદરકુલીના નાયબ સુજાતખાને ખેડાના સુબા મહમદખાન બાબી પાસેથી દશ રૂપિયા દંડ લીધો. હૈદરકુલીની ખટપટથી દિલ્હીના બાદશાહને તેનો ભય લાગ્યો. તેથી તેની જગ્યાએ નિજામ ઉલ મૂલ્કને નીમ્યો. પરંતુ હૈદર સહેલાઇથી પોતાની જગ્યા છોડે તેવો ન હતો. માટે નિજામ ઉલ મૂલકે પ્રથમ બાબીઓને પણ હૈદરનો ડર હતો કે જો હૈદર ગુજરાતમાં સ્વતંત્ર સૂબો થશે તો તરત આપણી જાગીર ખૂંચવી લેશે. એથી તેઓ સઘળા બાદશાહી ફરમાનને માન આપીને નિજામના પક્ષમાં ગયા. નિજામ ઉલ મૂલ્કે બાબી સફદરખાનને પોતાના હાથ નીચે નાયબ સૂબો બનાવ્યો. આથી હૈદર ગુજરાત છોડીને ચાલ્યો ગયો.[૬૫]

'ગણ બાબી રો' માં વર્ણવેલ હૈદર કુલી સાથેનું યુદ્ધ તે બાદશાહને પક્ષે રહીને લડાયેલું બાબીઓનું યુદ્ધ છે. હૈદર વગર યુદ્ધે ગુજરાત છોડી ગયો નથી. પણ 'ગણ બાબી રો' માં જણાવ્યા પ્રમાણે બાબીઓના હાથનો માર ખાઇને હૈદર કુલી ગુજરાત ત્યજી ગયો છે. આ રીતે લાંગીદાસ પ્રગટ ઇતિહાસમાંથી જુદા પડે છે. આ હૈદરકુલી સામેનું યુદ્ધ સલામતખાન બાબી લડયા હોવાનું પણ આમાં આપ્યું છે. જે લાંગીદાસનું જાત અનુભવનું કથન છે.

એ સલામતખાનના પુત્ર બહાદુરખાન થયા. જે પણ પોતાના પિતાની જેમ વીર નર હતા. તેમના સમયમાં ગુજરાતનો સુબો શેરબુલંદખાન થયો તેણે એ વખતના પોરબંદરના રાણા ખીમાજી ઉપર ચડાઇ કરીને ૪૦, ૦૦૦ રૂપિયા ખંડણીના લીધેલા.[૬૬]

'ગણ બાબી રો' માં લાંગીદાસ આયુદ્ધની વિગત સ્વીકારે છે. પણ વિશેષતામાં તેઓ કહે છે કે શેરબુલંદખાંએ એ સમયે બાબી બહાદુરખાને બોલાવી તેમનો મનસબ વધારી તેમને સૈન્યમાં હરોળની જગ્યા આપી અને છાંયા (પોરબંદર) પર ચડાઇ કરી :

*હિ દળ ગિ દળ પિ દળ, કોઅ પાર ન પમે;*

*આઆ છાંઆ ઉપરાં, કર કૂચ મકમે[૬૭]...૩૭*

(અશ્વદળ, ગજદળ અને પાયદળ સૈન્યનો કોઇ પાર ન પામે એવાં જબરાં સૈન્યને લઈને બાબી બહાદુરખાન છાંયાં ઉપર ચડી આવ્યો.)

એ શાહી સૈન્ય સાથે બહાદુરખાન બાબી છાંયા ઉપર આવ્યાનું જાણીને રાણો ખીમાજી જેઠવો જે વીરરસ પૂર્ણ વાણી વદે છે. એ રુંવાડાં ખડાં કરી દેનારી છે.

*ઘાએ થડા બંધ ઘેર કિ, ગજ ઘડા વિભાડાં;*

*આભ ઉડાડાં આતસાં, ઘમરોળ ઘખાડાં[૬૮]...૩૯*

(શસ્ત્ર પ્રહારો વડે વ્યૂહ બદ્ધ સૈન્યને ઘેરી લઇને તેમાનાં ગજદળનો હું સંહાર કરીશ. આકાશમાં અગ્નિ જવાળાઓ (દારૂ - ગોળાની) પ્રસરાવીશ. આ રીતે હું સંગ્રામની આગને પ્રજવલ્લિત કરીશ.)

ત્યારે રાણા ખીમાજી પર બહાદુરખાન આવ્યા. તે પ્રસંગને પણ લાંગીદાસે ઔજસ્વી રીતે વર્ણવ્યો છે. યથા :

*ઈસા બાદર આઈઆ, દહિવાણ દબટે;*

*જાંણિ કિ કેહરિ લંઘિઉ, ગળિ સંકળ ત્રૂટે[૬૯]...૪૧*

(બાબી બહાદુરખાન રાણા ખીમાજી માથે એવી રીતે આવી પડયો કે જાણે લાંઘણીઆ સિંહના ગળામાંથી સાંકળોનાં બંધન તૂટી ગયાં.)

આ યુદ્ધમાં છાંયાનો રાણો ખીમાજી જેઠવો હારી ગયો.

*ખીમા ભાણ નરંદા કા, ખાગ વ્રણ ખસાઆ[૭૦]...૪૪*

(ભાણ જેઠવાના પુત્ર ખીમાજીને બહાદુરખાને તરવાર વીંઝી વાપરીને નસાડી મૂકયો.)

આ વિજયને કારણે શેરબુલંદખાને બહાદુરખાન બાબીને પોતાની પાસે તેડાવીને એની વીરતાની પ્રશંસા કરી તેને સોરઠની સુબાગીરી આપી તેનો મનસબ વધારી દીધો.

*તામ નબાબિ તેડ કી, બાદર બરદાઆ;*

*સોરઠ દેસ સુબાગીર, મનસપ વધાઆ[૭૧]...૪૪*

(ત્યારે નવાબ શેરબુલંદખાને બાબી બહાદુરખાનને તેડાવી તેને શાબાશી આપી અને તેનો મનસબ વધારી દઈને સોરઠની સુબાગીરી આપી.)

આ રીતે બહાદુરખાનની ચડતી થઇ. ત્યાં પીલાજી રાવ ગાયકવાડ સામે યુદ્ધ સળગ્યું. રાવે બાબી બહાદુરખાન પાસે ખંડણી માગી ત્યારે બહાદુરખાન બાબીએ વીરોચિત જવાબ આપ્યો :

*ન નમે બહાદર નીસરી, અર પીલુ અગિ;*
*મેર ડળે દઘ ઊઝળી, ભૂઅ ભાર સતગિ[૭૨]...૪૮*

(જો હું બહાદુરખાન શત્રુ પીલાજી રાવ સામે નમી જઇને ચાલ્યો જાઉં તો મેરુ પર્વત ડગમગે, સાગર મર્યાદા ત્યજીને ફેલાઇ જાય અને શેષનાગ પૃથ્વીનો ભાર ત્યાગી દે.)

પરિણામે સંગ્રામ થયો. જેમાં લાંગીદાસ બહાદુરખાન જીત્યા હોવાનું કથે છે.

*પીલુ કા દળ પીલીઆ, તલ જેમ તણિ તણ[૭૩]...૫૪*

(જેમ ઘાણીમાં તલ પીલે તમ બહાદુરખાને પીલાજી રાવનાં સૈન્યને સંગ્રામ રૂપી ઘાણીમાં પીલી નાખ્યું.)

'ગણ બાબી રો' માં વર્ણવેલ આ પીલાજીરાવ સાથેની જૂનાગઢમાં થયેલી લડાઈની ઈતિહાસમાં નોંધ નથી. અત : આ યુદ્ધની વિગત 'ગણ બાબી રો' માં આપીને લાંગીદાસે ઈતિહાસની એક ગણના પાત્ર સેવા કરી છે. કેમ કે ઇતિહાસે વડોદરામાં પીલાજીરાવ સાથે બાબીનાં યુદ્ધની વિગત આપી છે. પણ ઉપર જોયું તેમ બાબી બહાદુરખાનને જૂનાગઢની સુબાગીરી મળ્યા પછી પીલાજી રાવ સાથે થયેલ યુદ્ધની વિગત પ્રગટ ઐતિહાસિક ગ્રંથોએ આપી નથી.

### *૬.૩.૩ **'ગણ બાબી રો'** માં છંદ વિનિયોગ :*

હવે આપણે 'ગણ બાબી રો' ની છંદ, રસ અને અલંકારની દૃષ્ટિએ ચર્ચા કરીએ.

'ગણ બાબી રો' ના લહિયાએ હસ્તપ્રત લખતી વેળા 'ગણ બાબી રો' ના બંધનું નામ લખ્યું જ નથી. પરિણામે એ બંધ કયા પ્રકારનો હશે ? એવો પ્રશ્ન ભાવકના અને સંશોધકના મનમાં ઉદ્‌ભવે એટલે અત્રે પ્રથમ, 'ગણ બાબી રો' ના બંધની ચર્ચા કરી લઇએ.

'ગણ બાબી રો' ની એક કડી લ્યો :

*ખાંન જમાઅલ સારખા, હદ ગાલબ હંદા;*

*ગિદળં હિદળં ગંજણા, મકરંદ મસંદા;*
*કારણ રૂપ અબા બકર, કળિ એણ કરંદા;*
*જાકી કૂજાં જોઅતે, ડાકી ડરપંદા;*
*મામદખાં મહા બળિ, અળિ ખામંદ અંદા;*
*તિસાહિ તરકાંણમિ, જિસા રવિ ચંદા[૭૪]...૬*

આનું માત્રામેળની દૃષ્ટિએ વિશ્લેષણ કરતાં એનાં ૧ થી ૫ ચરણોમાં ૧૩ - ૧૦ માત્રાએ યતિ આવે છે, અને પ્રત્યેક ચરણ ૨૩ - ૨૩ માત્રાનાં છે. પણ છેલ્લા છઠ્ઠા ચરણમાં ૧૯ માત્રા છે. લહિયાની ભૂલને કારણે બન્યું હોય તેમ લાગે છે. કેમ કે જ્યાં ગુરુ માત્રા લખવાની હોય ત્યાં લહિયાએ ભૂલથી લઘુ માત્રા લખી નાખી લાગે છે. મારે મતે એ છઠ્ઠું ચરણ આ પ્રમાણે હશે.

*તે સાહી તરકાંણ મેં, જેસા રવિ ચંદા...*

આ રીતે નજીવા ફેરથી લખવાથી આની પણ ૨૩, માત્રાઓ થાય છે.

છંદશાસ્ત્રમાં આ પ્રકારના બંધને નિશાણી છંદ કહ્યો છે.[૭૫] જે ચારણી સાહિત્યમાં પ્રિય છે. આનો દીર્ઘ કાવ્યો માટે પ્રયોગ કરવામાં આવે છે.

આ નિશાણી બંધ એક જ અક્ષરના પ્રાસથી ચાલે છે. જ્યારે એના પ્રાસનો અક્ષર બદલાય ત્યારે એની એક કડી પૂરી થાય છે. કડીનાં ચરણોની કોઇ સંખ્યા નિશ્ચિત હોતી નથી. એથી કવિઓ નિશાણી છંદના ચરણાંતરે આવતા અક્ષર ગમે તેટલાં ચરણોમાં આવે તે બધાં ચરણો એક જ કડીનાં ગણાય છે. પછી ભલે તે ૫ થી લઇ ૫૦ ચરણો હોય,

પણ લાંગીદાસે 'ગણ બાબી રો' માં નિશાણી છંદને ૬ - ૬ ચરણોમાં વિભક્ત કરી એક એક કડી કરી છે, અને આ રીતે આમાં નવીનતા દર્શાવી છે. આપણે આને 'નિશાણી છપ્પય' કહી શકીએ. આ રીતે 'નિશાણી છપ્પય'નું પ્રદાન એ લાંગીદાસનું છંદશાસ્ત્રમાં મૌલિક ઉમેરણ ગણાય. કારણ કે આ રીતે 'નિશાણી' ને છ ચરણોમાં અને છ ચરણોની એક કડીમાં વિભાજિત કરવાનું કોઇ આચાર્ય કવિએ કર્યું હોવાનું મારી જાણમાં નથી.

### *૬.૩.૪ 'ગણ બાબી રો'માં રસ નિરૂપણ :*

'ગણ બાબી રો' યુદ્ધ કથા છે. એટલે એમાં મુખ્ય રસ વીરરસ છે. જે પ્રારંભની ૧ - ૨ ક્રમની કડીઓ પછી ૩ થી ૫૭ સુધી એક ધારો વહે છે. એમાં બહાદુરખાન બાબી અને

એના પૂર્વજોની યુદ્ધ વીરતા અને દાનવીરતા વર્ણવી છે. એનાં થોડાંક ઉદાહરણો અત્રે પ્રસ્તુત છે. પ્રથમ આપણે બાબી વંશની યુદ્ધ વીરતા જોઈએ.

*સોઅ ઘરે મનસુરખાં, અરિ ગંજણ આઆ;*
*ખંડા ખંડ વજાહિઆ, જગ ડંડ કરાઆ*[૭૬]*...૫*

(એ બાબી કુળમાં શત્રુઓને પરાજિત કરનારો મનસુરખાન થયો જેણે તલવાર સામે તલવાર વીંઝીને જગતને દંડયું.)

*મામંદ કા બાબી માહા, પ્રજપાળ પ્રગટે;*

\+ + +

*બાબી આઉઘ બંધતે, દાબી અર દટે;*
*કે પખ ઝરે ખેસિયા, દસ દેસ દબટે;*
*બાબી બોલ બળાક્રમી, કેતા સર કટે*[૭૭]*...૭*

( આ કુળમાં મામદખાનના બાબીખાન થયા જેઓ મહાન અને પ્રજાપાલક રાજવી હતા. એ બાબીખાને શસ્ત્રો ધારણ કરીને શત્રુઓને દબાવી દીધા. કેટલાય વેરીને તલવારના ઝાટકાથી નશાડયા, અને આજુબાજુની ભૂમિ તાબે કરી. એ પરાક્રમી બાબીખાને કેટલાયે વેરીઓનાં મસ્તકો કાપ્યાં.)

*બાદર સેર મહાબળી, જણિ સેરણ જાઆ;*

\+ + +

*સાહ અગાન લડિ સેર સિ, બ્રદ સેર કહાઆ...૧૬*

(બહાદુરખાનના મહા બળવાન એવા શેરખાન થયા, તેમણે દિલ્હીના બાદશાહની નજર સામે સિંહ સામે યુદ્ધ ખેલીને શેરખાન એવું બિરુદ મેળવ્યું.)

*નબી નબી કર નંખીઆ, પંડ કરે પરાઆ;*

\+ + +

*ખાંન સલાબત ખાંનની, મ ઘરી ન માઆ...૨૭*

(નબી નબી પોકારતાં અને કાયાને પારકી કરીને સલામતખાને યુદ્ધમાં ઝંપલાવ્યું. ત્યારે તેણે મનમાં કાયાનો મોહ ન ધર્યો.)

*શેર કિઆ દળ સૂંસરા, સમસેર તણિ બળ;*

\+ + +

*મારી કતાં ખળ ગુગળાં, દળ પાર કિઆ દળ…૩૧*

(શેર ખાને તલવારના બળે શત્રુ સૈન્યને વીંધીને પોતાના સૈન્યને અનેક શત્રુઓને મારીને સામે પાર કરી દીધું.)

હવે થોડાં ઉદાહરણો બાબી વંશની દાનવીરતાનાં પણ જોઈએ.

*દાળદ્ર દમણ દુથિઆં…૧૦*

(કવિજનોની નિર્ધનતાનું દમન કરનારા.)

ગુહુ ગાળણ કોટાં ગઢાં, પાળણ ખટ વ્રનાં; ….॥

(જે ગઢ - કિલ્લાઓનો ગર્વ ગાળી નાખનારા અને કવિજનોનાં છ વર્ણોને પાળનારા છે.)

*બહાદરખાન મહા બળી, પ્રત એતા પાળિ;*

\+ \+ \+

*નાઉ ન ભાખિ નિપણાં, નર મખ ન હાલિ…૩૪*

(મહાબળવાન એવા બહાદુરખાન આટલી ટેક પાળતા હતા. યાચકો - કવિઓને ક્યારેય ના ન કહેતા, અને યુદ્ધમાં પાછા પગ ન દેતા.)

*બાબી ગંજ બગસતૂં, ગણ ગાઅ સળાઆ;*

\+ \+ \+

*મહા કવેસર મૂજ મિ, સીંધર પાઆ[૭૮]…૫૭*

(હે બાબી ! તું કવિઓને ગામો (ભૂમિ) નાં દાન દેનારો છો તેથી મોટા મોટા કવીશ્વરો તારાં સવાયાં યશોગાન કરે છે, અને એ કારણે કવીશ્વરો ગામ ઉપરાંત હાથીનાં દાન પણ તારી પાસેથી પામી ગયા.)

આ વીરરસ ઉપરાંત આપણે બીજા રસો પણ શોધવા પ્રયાસ કરીએ. જોકે બીજા રસો ઓછા જોવા મળે છે.

પ્રારંભની ૧ - ૨ કડીનાં પદ્ય સરસ્વતી અને ગણશે સ ્તવનનાં છે. એમાં શાંતરસ છે. યથા :

*દેવી મુઝ સબધી દિ, રિઝે સર રાઆ;*
*તૂ જગમાઆ જોગણી, તિહી જગ જાઆ[૭૯]…૧*

(હે ભગવતી સરસ્વતી, તમે મને પ્રસન્ન થઈને ઉ ામ બુદ્ધિ આપો, તમે જ જગતના માતા અને જગતનું નિર્માણ કરનારાં છો.)

ક્યાંક ભયાનક રસની આછી છાંટ જોવા મળે છે.

*હિ દળ ગિ દળ હલતે, ધરતી ધમં ધમાં;*
*દામ ભરિ દશ હિ દશા, હોઅ વસ હકમાં*[૮૦]*...૧૦*

(અશ્વદળ અને ગજ સૈન્યની કૂચથી ધરતી ધમ ધમે છે, અને દશેય દિશાના હાકેમો તાબે થઈને નાણાં (ખંડણી) ભરે છે.)

આમાં તાબે થઈ જઈ ખંડણી ભરી દેવામાં હાકેમોના મનનો ભય સ્ફૂટ થાય છે. અત : આમાં ભયાનક રસની છાંટ થઈ.

*આઈ પગિ સો ઉગરિ, દુરિ અર ડર કિ;*
*ઈસા ડર અસમાન કા, નર રહિ ન સકિ*[૮૧]*...૧૪*

(જેઓ શરણે આવ્યા તેઓ ઊગર્યા અને જે શત્રુઓ દૂર રહ્યા તેઓ ભયાતુર થયા, આવો અસમાનખાનનો પ્રભાવ હતો. કોઈ માણસ એ પ્રભાવની બહાર ન રહી શકે.)

આનો વિષય પણ 'ભય' હોવાથી અત્રે ભયાનક રસ નિષ્પન્ન થાય છે.

તો ક્યાંક બીભત્સ રસની પણ છાંટ જોવા મળે છે. યથા :

*ચડી સેન ચતરંગણી, કરવા કીચાણાં*[૮૨]*...૨૬*

(એ ચતુરંગી ફોજ લોહીનો કીચડ કરવા ચડી)

અહીં 'લોહીનો કીચડ' ગ્લાનિ પ્રેરક છે. અત : અહીં બીભત્સ રસ થયો.

*હાર હર સર થે, હર ભરં ત્રપર ખપર*[૮૩]*...૩૦*

+ + +

(મસ્તકો શિવજી માટે મૂંડમાળાના કામમાં આવ્યાં અને ત્રિપૂરા દેવીને માટે રક્ત પાન કરવા માટે ખપ્પર રક્ત ભરવાના કામમાં આવ્યું.)

આમાં કપાયેલાં મસ્તકની માળા અને ખપ્પર ભરીને લોહીનું પાન જુગુપ્સા પ્રેરક છે, એટલે અહીં પણ બીભત્સ રસ નિષ્પન્ન થયો.

શત્રુઓ પરનો કોપ - રોષ એ 'કોપરસ' થયો. એનાં પણ આ ગ્રંથમાં ઉદાહરણો મળે છે. જેમાંથી થોડાં જોઈએ.

*ઘખે ઘણેણે ઘૂઘળે, ખગ ઘૂડિ ખીજાઆ*[૮૪]*...૪૭*

(એ ગરમ થઇ, પડકાર દેતાં, તરવાર વિંઝતાં રોષમય થયો.)

*ખાન ખેઘાળા ખીજિઆ, દળ સજિ વડાળા[૮૫]...૪૯*

(એ હઠીલો બહાદુરખાન મોટું સૈન્ય સજ્જ કરીને રોષમય થયો.)

### *૬.૩.૫ 'ગણ બાબી રો'માં અલંકાર નિરૂપણ :*

હવે આપણે 'અલંકાર'ની દૃષ્ટિએ 'ગણ બાબી રો' ને તપાસીએ. ચારણી સાહિત્યનો મુખ્ય અને માનીતો અલંકાર 'વયણ સગાઈ' છે. જેની આ પહેલાં યથા સ્થાને ચર્ચા થઇ ગઇ છે. એટલે અત્રે તો એનાં થોડાં ઉદાહરણ જોઈએ. આ 'વયણ સગાઈ' નો સમાવેશ શબ્દાલંકારમાં થાય છે.

*માંમદ કા બાબી માહા, પ્રજ પાળ પ્રગટ[૮૬]...૭*

ઉપરોક્ત બંને ચરણોમાં પ્રથમ શબ્દનો 'મ' અક્ષર પ્રથમ ચરણના અંતિમ શબ્દમાં પ્રથમ આવે છે, અને બીજા ચરણના પ્રથમ શબ્દનો 'પ' અક્ષર બીજા ચરણના છેલ્લા શબ્દમાં પ્રથમ આવે છે એથી અત્રે ઉ ામ વયણ સગાઇ થઇ.

મધ્યમ વયણ સગાઇનો પણ લાંગીદાસે કોઇક સ્થળે પ્રયોગ કર્યો છે. યથા :

*કરિ કોપ ભેઅંકર[૮૭]...૩૦*

*+ + +*

*તર જેમ નરંતર[૮૮]...૩૦*

*+ +*

*ખળ ખડ વખંડા[૮૯]...૪૨*

ઉપરનાં બધાં ઉદાહરણોમાં પ્રત્યેક ચરણના પ્રથમ શબ્દનો પ્રથમાક્ષર તે તે ચરણના અંતિમ શબ્દની મધ્યમાં આવેલ છે. એથી અત્રે મધ્યમ વયણ સગાઇ થઇ.

તો કયાંક વયણ સગાઇનાં અભાવ વાળાં ચરણો પણ મળે છે. યથા :

*કાઅ સાહણ સજે[૯૦]...૪૬*

*+ + +*

*જાંણિ કિ કુંભ કરન કું, ભરી નંદ્ર જગાઆ[૯૧]...૪૭*

ઉપરોક્ત ચરણોમાં વયણ સગાઇ નથી.

વર્ણોની પુનરાવૃત્તિ અનુપ્રાસ અલંકાર સર્જે છે. જેનું આપણને 'ગણ બાબી રો' માં સ્થળે સ્થળે દર્શન થાય છે. યથા :

*અસમાઅલ એસા હુઆ...*

આમાં 'અ' વર્ણની આવૃત્તિ થાય છે.

*મેર ગરાં સરિ અમરાં...*

માં 'ર' વર્ણની પુનરાવૃત્તિ થાય છે.

*લોહ લડાઈ લેઅ કિલ્લર...૨૯*

અત્રે 'લ' ની આવૃત્તિ જોઈ શકાય છે

આ રીતે નાદ વૈભવ પોષક વર્ણાનુપ્રાસનો પ્રયોગ લાંગીદાસે મુક્તમને કર્યો છે. ચારણી સાહિત્યનો 'વયણ સગાઈ' અલંકાર પણ વર્ણાનુંપ્રાસમાં આવી જાય છે.

જ્યારે શબ્દોની વારંવારની આવૃત્તિ વીપ્સાલંકાર સર્જે છે. એને 'યમક' પણ કહે છે. આ અલંકારનાં પણ 'ગણ બાબી રો' માં દર્શન થાય છે. જેમ કે

*'ભાઈ ભાઈ હોઉ ભડે...૨૯*

માં 'ભાઈ ભાઈ' શબ્દો બેવડાય છે.

*જખણ ભખણ જંબકા...૩૧*

માં 'ખણ' શબ્દની આવૃત્તિ વીપ્સા સર્જે છે.

*હિ દળ ગિ દળ હલિ આ...૩૮*

માં 'દળ' ની પુનરાવૃત્તિ થાય છે. એથી ઉપરના બધાં ઉદાહરણોમાં 'યમકાલંકાર' સર્જાય છે.

આ બધા 'શબ્દાલંકારો' નાદ વૈભવ અને રસને પોષવા સાથે શ્રોતાઓ પર પ્રભાવ જમાવનારા છે.

અર્થાલંકારમાં ઉપમા અને રૂપક આવે છે. જેને હવે આપણે શોધીએ.

પ્રથમ ઉપમા અલંકાર લ્યો, જેમાં 'જેવો, સમો' જેવા સરખામણી દર્શક શબ્દો તથા 'જાણે' માનો જેવા શબ્દો આવતા હોય, એનાથી સાદૃશ્યતા દર્શાવવામાં આવતી હોય તે ઉપમા અલંકાર થયો. આનાં થોડાં ઉદાહરણો લ્યો.

*તબ રાણાં સર રેલિઆ, ઘરતી ઘમ ઘમે;*
*જાંણિ કિ મેહ અષાઢ કા, અળિ ઈઆ ઉનમે...૩૭*

(ત્યારે ધરતીને ધમ ધમાવતું બાબીનું સૈન્ય પોરબંદરના રાણા માથે ચડયું. તે જાણે અષાઢની મેઘ ઘટા ધરતી પણ ઉમટી.)

અહીં સૈન્યને મેઘની ઉપમા આપી છે. તો કયાંક રૂપક પણ બાંધ્યાં છે. યથા :

*ખીમા ભાણ નરંદ કા, કળિ ભાંણ કાંધાળા...૩૮*

(ભાણ જેઠવાનો પુત્ર અને સબળ કાંધ વાળો ખીમાજી પોતાનાં કુળનાં સૂર્ય રૂપ હતો.)

આમાં 'ભાણ' શબ્દનું પુનરાવર્તન વીપ્સા અલંકાર થાય છે, અને 'કુળનો સૂર્ય' માં રૂપકાલંકાર થયો.

શોધતા વયણ સગાઇ અને થોડા શબ્દાલંકારો સિવાયના બીજા અલંકારોનો 'ગણ બાબી રો' માં પ્રયોગ થયાનું જોવા મળતું નથી.

ઐતિહાસિક દષ્ટિએ આ રચના મૂલ્યવાન તો છે જ, પણ સાથે સાથે જૂનાગઢના બાબી રાજવંશ માટે આ ગ્રંથ ગૌરવ ગાથા રૂપ પણ છે. જેમાં જૂનાગઢમાં રાજ સ્થાપનાર સલાબતખાન (શેરખાન) અને તેમના પુત્ર બહાદુરખાન બાબીની વીરતાનાં આપણને દર્શન થાય છે અને એ બનંને પિતા - પુત્રનાં નેક - ટેક નાં પણ આ ગ્રંથમાં સુભગ દર્શન થાય છે. જે એમનામાં વીર અને ભક્ત નરનું રૂપ દર્શાવે છે.

એકંદરે આ ગ્રંથ વીરરસ પૂર્ણ અને આ ભૂમિના ક્ષત્રિયોને - વીર પ્રજાને મા ભોમ માટે માથાં કુરબાન કરી દેવાની પ્રેરણા આપનારો છે. કેમ કે ચારણો અને ચારણી સાહિત્યનું સનાતન આદર્શ રહ્યો છે કે વીરોની નાત, જાત કે કોમ ન જોવી, પણ એમનાં વીરતા, ઉદારતા અને માણસાઇ જ જોવાં આ કારણે તો ચારણ હિંદુ અને મુસલમાન સૌ માટે પૂજય બની રહ્યો છે.

લાંગીદાસ મહેડુનાં બૈ ઐતિહાસિક કાવ્યોની વિગતે ચર્ચા કર્યા પછી તેમાં સ્ફૂટ કાવ્યો વિશે ચર્ચા કરી છે. સ્ફૂટ કવનને બે વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. (૧) ઐતિહાસિક સ્ફૂટ કાવ્યો (૨) ભક્તિ વિષયક સ્ફૂટ કાવ્યો. આપણે ક્રમશઃ આ બંને વિષયોનાં કાવ્યોની પણ અત્રે સપ્રમાણ ચર્ચા કરીએ.

***(૧) ઐતિહાસિક સ્ફૂટ કાવ્યો :***

ચારણી સાહિત્ય વીર વિભાવનાનું સાહિત્ય છે. કેમ કે ચારણો સુખમાં અને દુઃખમાં સદૈવ ક્ષત્રિયો સાથે જ રહ્યા છે. ક્ષત્રિયોએ દેશ,ધર્મ અને પ્રજા માટે જે ઔજસ્વી બલિદાનો આપ્યાં છે. તેની પ્રેરણા તેમણે ચારણની વાણીમાંથી લીધી છે. ચારણોએ પોતે નજરે જોયેલાં વીરતા, દાતારી અને બલિદાનોના પ્રસંગો પોતાની વાણીમાં મઢી લઇને લોક સમાજના અને ક્ષાત્ર સમાજના ડાયરે ડાયરે એ પ્રેરણામય વાણીને રેલાવી છે. એ જ રીતે રાજ દરબારે તેમ સમરાંગણોમાં પણ ચારણનો કંઠ વીરતાની પ્રેરણાં આપતાં ગાજતો જ રહ્યો છે. આ પરંપરા લાંગીદાસ મહેડુ એ પણ અપનાવી છે. જો કે લાંગીદાસ મહેડુનાં સ્ફૂટ ઐતિહાસિક કાવ્યો ઝાઝાં મળતાં નથી. પણ જે મળે છે. તેનું મહ વ પણ ઓછું નથી.

## ૬.૪ જોધપુર મહારાજા અભેસિંહનું ગીત :

જોધપુરના મહારાજા અભેસિંહ ઇતિહાસમાં એક વીર રાજવી લેખે અમર થઇ ગયા છે. એમનો જન્મ ઇ.સ. ૧૭૦૭ માં થયેલો.[૯૩]

અને એમના પિતા અજિતસિંહ ઇ.સ. ૧૭૨૪ મા મરણ પામતાં[૯૪] અભેસિંહ જોધપુરના ગાદીપતિ થયા.

અભેસિંહ પોતાના નાનાભાઇ વખતસિંહ દ્વારા પોતાના પિતા અજિતસિંહની હત્યા કરાવ્યાનો આરોપ ઇતિહાસકારો અભેસિંહ પર મૂકે છે.[૯૫]

પણ અજિતસિંહના અવસાન વખતે ઇતિહાસ પ્રમાણે અભેસિંહની ઉંમર ૧૭ વર્ષની ગણાય અને વખતસિંહની ઉંમર અભેસિંહ કરતાં બે વર્ષ ઓછી હશે. એટલે એ વખતે વખતસિંહ ૧૫ વર્ષના હોય તેમ ગણાય, આટલી નાની ઉંમરના કુમારો કાવત્રું કરે અને પિતાની હત્યા કરે એ વાત ગળે ઉતરે એવી લાગતી નથી. આ વાત કદાચ દિલ્હીના મુગલોએ અભેસિંહ અને જોધપુરના રાઠોડ ભાયાતો વચ્ચે મનભેદ - મતભેદ સર્જવા ફેલાવી હોય તેવી પણ એક શકયતા વિચારી શકાય. એટલે આ અંગે હજી સવિશેષ સંશોધનને અવકાશ તો છે જ.

ઇ.સ. ૧૭૩૦ માં દિલ્હીના સુલતાને મહારાજા અભેસિંહને ગુજરાત અને અજમેરની સુબાગીરી આપી. અજમેર લેવામાં તો અભેસિંહને કોઇ મુશ્કેલી ન પડી પણ દિલ્હીની સલતન સામે બળવો કરીને અમદાવાદનો કબજો અભેસિંહને આપવાના દિલ્હીના સુલતાનના હુકમનો અનાદર કર્યો. આ કારણે અભેસિંહે અમદાવાદ પર ચડાઇ

કરી અને શેરબુલંદને પરાજિત કરી પકડી આગ્રા મોકલી દીધો, અને અમદાવાદ કબજે કર્યું.[૯૬]

અમદાવાદ વિજયનાં અભેસિંહનાં આ વીર કર્મને જેમ રાજસ્થાની કવિ કરણીદાન કવિયાએ 'બિરદ શૃંગાર' નામે વીરરસ પૂર્ણ ગ્રંથ રચિને એ અભેસિંહનાં વીરકર્મને વાણીમાં મઢી અમર કર્યું છે.[૯૭] તેમ આપણા આલોચ્ય કવિ લાંગીદાસ મહેડુએ પણ અત્રે પ્રસ્તુત કરેલા ગીતમાં શાશ્વત કરેલ છે.

આ યુદ્ધમાં શેરબુલંદખાનનો પુત્ર મરાયેલો.[૯૮]

એ પછી આ પરાક્રમી અભેસિંહ મરાઠાઓને પોતાની વીરતાનો પરચો દેખાડયો, અને મરાઠા સરદાર પીલાજીરાવ ગાયકવાડ પાસેથી વડોદરા જીતી લીધું, અને વડોદરાનો અધિકાર શેરખાન બાબીને સોંપ્યો.[૯૯]

પીલાજીરાવ ગાયકવાડને ઇ.સ. ૧૭૩૨ માં અભેસિંહે ડાકોર મૂકામે દગાથી મારી નંખાવ્યા.[૧૦૦]

પીલાજીરાવની હત્યાના સમાચાર પીલાજીરાવના પુત્ર દામાજી રાવને થતાં એ એકદમ મોટાં સૈન્ય સાથે ગુજરાત પર ચડી આવ્યો, અને ગુજરાતનો પૂર્વ તરફનો પ્રદેશ કબજે કરીને દામાજી રાવ જોધપુર માથે ચડી આવ્યો. એટલે જોધપુરની રક્ષા અર્થે અભેસિંહ કેટલુંક લશ્કર અમદાવાદમાં મૂકીને જોધપુર ગયા. આ વેળા તેઓ અમદાવાદમાંથી વિપુલ ધન અને શસ્ત્રભંડાર પણ જોધપુર લઇ ગયા. એથી મુગલાઈની પડતી વેળાએ મારવાડ રાજ્યને સબળ બનાવવાની અભેસિંહને સારી તક મળેલી.[૧૦૧]

જોધપુર ભાયાત એવાં બીકાનેર સાથે પણ અભેસિંહને કલહ થયેલો પણ અંતે આ કુટુંબકલહ મેવાડના રાણાની દરમ્યાનગીરીથી શાંત થયેલો.

ઇ.સ. ૧૭૫૦ થી ઇ.સ. ૧૮૦૬ માં અભેસિંહ મરણ પામ્યા.[૧૦૨]

આ અભેસિંહના અમદાવાદ વિજયનાં પરાક્રમની ગુજરાત અને રાજસ્થાનમાં સારી છાપ પડેલી. અને તે કારણે હિંદુઓ પણ પ્રભાવિત થયેલા. ગુજરાતના રાજવીઓમાં પણ અભેસિંહનો આ પરાક્રમને કારણે સારો પ્રભાવ પડેલો. એથી નિરંતર રાજવીઓ અને રાજકચેરી સાથે ઓતપ્રોત રહેનારા લાંગીદાસ મહેડુને પણ અમદાવાદ વિજયનાં અભેસિંહનાં વીરકર્મને વાણી વડે વધાવવા યોગ્ય લાગેલ જેના સુફળ રૂપે આપણને નિમ્નોક્ત ગીત પ્રાપ્ત થાય છે.

*: ગીત :*

*ગાજે ત્રંબાળાં જોર ઘોર રચે ઓર હુઓ નોર ગુંજાં,*
*ત્રવંકા પઘોર દોર તોર કા ત્રસીંગ;*
*બરફોર જોર દુલા લડેવા સેર બલંદ સું,*
*સુત્રી સોર જોર આઉ રાજા અભેસીંગ...૧*

જોરદાર અને ભયાવહ ધ્વનિ સાથે ચારે કોર રણનોબતો ગાજી ઊઠી, આ રીતે વિકટ, ઉદંડ અને અનમી શત્રુઓને સીધા દોર કરી હરાવી નાખનારો, અને વેરીઓ સામે ત્રેવડા ઉત્સાહ, વીરતાધારી ત્રણસિંહો સમાન અને શત્રુઓનાં બળનો નાશ કરનારો આ મહારાજા અભેસિંહ શેર બુલંદખાન સામે લડવા દારૂખાનાં, તોપખાનાં અને શસ્ત્રબળનું સંયોજન કરીને ચડી આવ્યા.

*ભડેવા નવાબ ચડે પ્રંચડ પ્રંચડ ભડે,*
*નુબાબે વેહંડે ખંડે વાકા બંધી નેત્ર;*
*કટકે ચુખંડે ઝંડે વ્રેહમંગે છાંહા કીધી,*
*ખેધ મંડે આડે ખંડે આઉ ચૂડે ખેત્ર...૨*

ત્યારે લડવા અર્થે સામે શેરબુલંદખાન પણ પ્રલંબ વીરો સાથે ચડયો, શેરબુલંદખાને આકાશને ચીરી નાખતી તરવારો, ગ્રહણ કરી નેત્ર, કોપમય કરીને સૈન્ય વડે ધરતીને ઢાંકી દઇ આકાશમાં સૈન્યના ઝંડા ચડાવી ધરતી પર છાંયા કરી, વેર માંડીને તરવાર સામી કરીને રણક્ષેત્રમાં ચડી આવ્યો.

*સુરમે સંભાળી ખાગાં ભાળી કોન સકે સૂર,*
*ધૂંહાળી ખેહાળી ગોમ વોમ માહા ધંધ;*
*કાલને સાધે ધુંબાળી દીહાળે દેખાળી કોએ,*
*કાલી ધુડા ગુજાવાળી ઉફાળી કમંધ...૩*

ત્યારે વીરોએ તરવાર - શસ્ત્રો સંભાળ્યાં. સૈન્યની હલચલને કારણે વિપુલ પ્રમાણમાં રજ ઊડી કે તેના કારણે કોઇને સૂર્યનાં દર્શન પણ થતાં નથી. આકાશ અને ધરતી રજથી ભરાઇ ગયા.

જેણે કાળને સાધ્યો છે એવી વિકટ ગર્જનાઓ કરનારી તોપોનાં દર્શન એ દિવસે રાઠોડ રાજવી અભેસિંહે શત્રુઓને કરાવ્યાં અને રણઘેલાં અને સબળ સૈન્યને રાઠોડ રાજવી અભેસિંહે શત્રુઓ માથે તૂટી પડવા માટે પ્રોત્સાહિત કર્યું.

*બાપ બાપ અભેસંગ આપકા સંભાળે બ્રદ,*
*દુલા કે વચાળે હાથ હાકથીઆં દેખાળે;*
*ખાન કી બજાર નાળે ભાળિ માથે રાળ ખેંગ,*
*લાખ દુલા લોહે ચાલે લે ગે ઉલાળે…૪*

બાપો બાપો અભેસિંહ તેં તારું કુળ બિરુદને સ્મર્યું અને દુલ્લારાજા એવા તેં ગજ સેના વચ્ચે તારાં ભૂજ બળનો પરચો બતાવ્યો. શેરબુલંદખાનના કબજાના અમદાવાદની બજારોને તેં તોપનાં નાળચાંઓ રૂપે આંખો વડે નિહાળી અને એને અશ્વદળ વડે રોળી નાખી. લાખો વીરો શસ્ત્રો ઊગામીને ચાલ્યા, અને સુબાના હાથીઓ જીતી લઇ કબજે કર્યા.

*આતસાં બતોલે રોલે ગેહે તોલ ગોળા ઊડે,*
*દળાં ચોળ મુગલાણાં માચે રંગ દોળ;*
*હરુલાં તુંબલાં રોળ ગોલ માથે કરે હોલ,*
*ઢંઢોળાં ચંડોલ કેઆં બોલ પાંણી ઢોળ…૫*

એ સમયે અપાર પણે અગ્નિવર્ષા થઇ, ગજરાજો અને અશ્વોને ઊપાડી લેતા તોપોના ગોળા ઊડયા. મુગલ સૈન્ય લોહી વડે નાહી રહ્યું જાણે હોળીનો રંગોત્સવ મચ્યો. સૈન્યના અગ્રભાગના વીરોનાં મસ્તકો ખોપરીઓ રણભૂમિમાં રોળી નાખી આ રીતે ફોજના અગ્રભાગથી લઇને તેના અંતભાગ સુધી તોપગોળા વરસાવીને સમગ્ર સૈન્યને સંહારી નાખ્યું.

*હુ હુ કાર હુ હુ કારાં જોધારાં મુખે હોઅંત,*
*મેવારાં ઝૂઝારાં સારાં હજારાં મરોડે;*
*ઉલાશં બ્રજાદ રખાં જૂરી નખાં જૂસા ઈઆર,*
*તરવારાં ધારા દેઆ દીન દારાં તોડે…૬*

ત્યાં વીરોને મુખે રણહાકોના પડકારા થવા લાગ્યા, અભેસિંહના રાઠોડ વીરોએ સુબાના મેવાસી લડવૈયાઓને શસ્ત્ર બળે હજારોની સંખ્યામાં પાછા વાળી નસાડી મૂકયા અને તરવારની ધારાઓ વડે મૂગલોને કાપી નાખ્યા.

*કરા જુ જુ ચલે રન પરાજે કેતલા કીધ,*
*ગોલા નાલી ખડતાલે ગાજે વોમ ગોમ;*
*તરવારાં વાજે રીઠિ ભાજિ પીઠ તૂરકાણાં,*
*જસાહરુ મહારાજા રાજિ સાજિ જોમ...૭*

જેમ જેમ રાઠોડ વીરોની ભૂજાઓ ચાલી તેમ તેમ સંગ્રામમાં કેટલાયે સરદારોને પરાજિત કરી નાખ્યા. તોપો અને ઝંઝાળોની ગોળી - ગોળા વર્ષાથી અને અશ્વારોહીઓના અશ્વોના ડાબલાઓથી આકાશ અને પૃથ્વી ગાજી રહ્યાં. તરવારોની ઝડીઓ વરસાવીને ભાગતા મૂગલોની પીઠ ભાંગી નાખી. આ રીતે મહારાજા જસવંતસિંહના પૌત્ર અભેસિંહે પોતાને શોભે એ રીતે વીરતાપૂર્વક સજ્જ થયા.

*પડકારી વીસ લોએ સીક સીક હોએ પૂડે,*
*કમંધે ઉડાઈ ઝીક હીક બાગી કોએ;*
*નીક નીક ચલે રત અસા જોધ કોએ નોએ,*
*હુએ તુ કદીક ઠીક પડવા કા હોએ...૮*

ત્યાં રાઠોડોએ શત્રુઓને પડકારીને રણભૂમિમાં શસ્ત્રોના સૂસવાટા સાથે યુદ્ધ કર્યું, અને તેમણે ત્યાં એવી તો શસ્ત્ર પ્રહારની ઝીંક ચલાવી કે તેનાથી કપાઈ પડનારા વેરીઓના મૃત્યુ સમયની હીંચકીઓના હીક હીક શબ્દો રણભૂમિમાં થયા. સ્થળે સ્થળે રક્તપ્રવાહો ચાલ્યા. રાઠોડ વીરો જેવા જ કોઈ વીરો નથી. હોય તો તે પાંચ પાંડવોના જ હોય.

*ખાનકા નોબતખાના તોપખાના લીના ખોસ,*
*સલેખાના તોપખાનાં ખજાના સહીત;*
*અસધિ બુ સંધા ખાગે ભગે કંધ અસતરાણાં,*
*જાંગી બજી ખાગી બંધા કમંધા કી જીત...૯*

સુબા શેરબુલંદખાનનું નોબતખાનું, તોપખાનું, શસ્ત્ર ભંડાર સહીત ખજાનો સુબા પાસેથી ઝૂંટવી લીધો, અને ઘણા ઉદંડ સરદારોને તલવારની ધારે કાપી નાખી. રણભૂમિમાં સીધા કરી નાખ્યાં. મુગલોની ગરદનો કાપી તેમના કટકા કર્યાં. આ રીતે તરવાર બાંધનારા રાઠોડોની જીતનાં નગારાં - ડંકા વાગ્યાં, અને અભેસિંહનો વિજય થયો.

*મૂગલાં હઠાઆ ઢાઆ આતસાં ઊડાઆ મારી,*
*મારુઆ ખૂટાઆ ચાઆ હીંદુવાણા માજ;*

*અગ્ર જીત આઓ ભલા એમદાં તખતિ આઓ,*
*મોતએ વધાઓ ફતે પાઓ મહારાજા[૧૦૩]...૧૦*

આ રીતે મૂગલોને સંગ્રામમાં કતલ કરી પરાજિત કર્યા. તોપમારા વડે એમને ઉડાડી મૂકયા. હિંદુઓની મર્યાદા રૂપ અભેસિંહ, તે મૂગલોનાં ધૈર્ય અને હિંમતને હરી લીધાં. આ રીતે અમદાવાદની સુબાગીરી પર અગ્રણી વેરીઓને જીતી લેનારા અભેસિંહ તમે ભલે આવ્યા, એમ કહેતાં અમદાવાદની પ્રજાએ મોતીઓથી વધાવી લીધા. આ રીતે મહારાજા અભેસિંહ પ્રથમ હરોળમાં રહી વિજયવંત થયા.

### ૬.૫ હમીરજી જાડેજાનાં ગીત :

લાંગીદાસનાં સ્ફૂટ કવનમાં બે ગીતો હમીરજી જાડેજા નામના દાતારનાં છે.જે કવિજનોને અશ્વદાન વડે નવાજનારા છે.

આ હમીરજી જાડેજાને લાંગીદાસે પોતાના કાવ્યમાં ‘સવાઇ સંગ્રામમાં’ એટલે પિતા સંગ્રામજી કરતા સવાયા, ‘પ્રાગ હરુ’ એટલે ‘પ્રાગમલ્લજીના પૌત્ર અને ‘દુસરુ ભારુ’ એટલે બીજા ભારોજી કહ્યા છે.[૧૦૪]

ઈતિહાસ તપાસ કરતાં કચ્છમાં રાઓ પ્રાગમલ્લજી ૧ લા, થયા. તેમણે વિ.સં. ૧૭૫૪ થી ૧૭૭૨ સુધી રાજય કરેલ.[૧૦૫] એ પ્રાગમલ્લજીનાં પાટવી કુમાર રાઓ ગોડજી ભુજની ગાદીએ આવ્યા, અને ફટાયા સંગ્રામજીને સાંધાણ, લાયજી, બાંભાઇ, સાણંદ્રો, બીકરપારી, નાના લાયજા, ઊનકોઠ અને વરાયા ગામો ગરાસમાં મળેલાં.[૧૦૬] એ સંગ્રામજીના કુમાર હમીરજી થયા. જેમણે લાંગીદાસને અશ્વદાન વડે સન્માનેલા. એ પ્રસંગનાં બે કાવ્યો મળે છે, એટલે એમ સમજાય છે કે હમીરજી જાડેજાએ લાંગીદાસ મહેડુને બે વખત અશ્વદાનથી નવાજેલ હશે.

**: ગીત - ૧ :**

*ત્રાપે તાણિઆ ગિરંદા કાપે,*
*બેચીઆ કુરંદા તકે કાપે,*
*નાપે ભાઈ બાપ ભાઈ બાપે લેવા નામ;*

*ઉતામલા વાપે વાજ છાંહ સું ડરાપે આયે,*
*સમાપિ એરસા આપિ સવાઈ સંગ્રામ...૧*

જે વાઘ (લગામ) સંતાણ કરવાથી છલાંગો લગાવતાં પહાડોના દુર્ગમ પથને કાપી નાખે છે, અને વેંચવાથી ભારે કિંમત આવવાને કારણે નિર્ધનતાનો નાશ કરવા વાળા છે. જે અશ્વોને લોકો ભાઈ કે બાપને પણ પાણી પીરા માટે પણ આપતા નથી. પવનથી પણ વધુ ઝડપી અને પોતાની છાયાંથી ડરતા રહેતા એવા ઉ ।મ અશ્વો આજે બાપ સંગ્રામજીથી સવાયો એવો હમીરજી કવિઓને દાનમાં આપે છે.

*લાગે જેર ચીર ભરિ તીર તીર વાંકી લાહ,*
*હે હમીર ચીર મિ ગડત દોર હીર;*
*વેંચીઆ શરીર તણી ભીર પીર મટિ જાવે,*
*હે હમીર દેએ અસા હેલ મિ હમીર...૨*

જ્યાં થોડો પણ ચાબૂકનો સ્પર્શ થતાં જે અશ્વો તીરવા તીરવા જેટલી છલાંગો મારવા લાગે છે. જેમની સરક રેશમની અને રેશમ વડે ગૂંથીને શણગારેલી છે. જેને વેંચ્યે કાયાનું અને ધનનું સંકટ નાશ પામે છે. એવા અશ્વોને બાદશાહ જેવા હમીરજી જાડેજો પળવારમાં કવિલોકોને દાનમાં આપી દે છે.

*ભાગે ઠાલ બંદરાં જુ આગે આગે ફાલ ભરિ,*
*હેતુઆં ચે આગે રહે કાચે ત્રાગે હદ;*
*વાગ હથિ વાગે તુ તુ ધાગે વોમ વાગે,*
*જાગે ક્રમ અસા દીએ પ્રણ હરુ જદ...૩*

વાંદરાની જેમ છલાંગો ભરતાં જે આગળ અને આગળ દોડતા જાય છે. એવા અશ્વો કવિજનો પાસે કાચા ત્રાગડા વડે પણ કાબૂમાં રહે છે. જો ભૂલે ચૂકેય વાઘ (લગામ) ને સ્પર્શ થઈ જાય તો તો જઈને આકાશને આંબે એવા અશ્વો જેમનાં ભાગ્ય જાગ્યાં હોય એવા કવિજનોને પ્રાગમલજીનો પૌત્ર હમીરજી જાડેજો દાનમાં આપે છે.

*ખેડી ખેડી જુએ તુ તુ થીએ ખંત,*
*વાજે એડી તુ તુ ટપે મેડી મેડી બાજુ;*
*બેડી હએ તુ કદાચ સપતાસ સકે બેડી,*
*ઉબેડી જે બેડી તુ ન સકે બેડી આજ...૩*

જો આ અશ્વોને ખેલાવી (ફેરવી) જોઇએ તો સ્વારને અશ્વ ખેલાવવાના વધુને વધુ હોંશ થતા જાય, જો (ભૂલે ચૂકેય) એડી અડી જાય તો તો આ મેડીઓને ટપી જાય, જેની જોડ હોય તો તે સૂર્યના રથે જૂતેલ સપ્તાશ્વ જ હોય. બાકી આજે તો એની જોડ ન હોવાથી એ અશ્વો બે જોડ જ ગણાય.

*વાખાંણે વાખાણેં તારે કેતરા કરા વખાંણ,*
*પાકડે કબાંણ ભ્રધ આંણે કરે પેસ;*
*જાંણે તાંણે જુએ તુ તુ ડાંણે ડાંણે જાએ,*
*નાણેં નદે અસા દીએ વખાંણે નરેસ...૫*

આ અશ્વની મારે કેટલી પ્રશંસા કરવી અને અશ્વો ધનુષમાંથી છૂટેલાં બાણને અને ભાગતાં હરણોને પકડી લાવી આપણી સામે હાજર કરી દે તેવા છે. જ્યારે જોઇએ ત્યારે એ અશ્વો છલાંગો લગાવતા જ જતા હોય છે. આવા અશ્વો રાજવીઓ પૈસા વડે નથી આપતા પણ પ્રશંસા કરનાર કવિજનોને દાનમાં આપી દે છે.

*પીઠ થોડા થોડા ઊરિ લંબોડી કે ધુડા પાઉ,*
*સંકોડી મૂઠિઆં દોડા નખોડા સચીંગ,*
*ભલોડા ભલોડા ભૂપ થોડા થોડી થીએ ભાળે,*
*અહોહો ધોડા ધોડા ધોડા થારા અંગ...૬*

જેનાં પઠ અને પેટ પાતળા છે. પગ લાંબા છે. ડાબલાનો ઉપરનો ભાગ મૂઠીઆં સાંકડા છે. કોઇ જાતની ખોટ નથી એવા ઉ ।મ છે. જેને જોઇને ભલભલા રાજવીઓ પણ એ અશ્વો પર વારી જઇ ઓછા ઓછા થતા. 'અહોહો ધોડા તારું કાંઇ પાણીદાર શરીર છે.' એવા અહોભાવ ભર્યા ઉદ્‌ગારો કાઢે છે.

*ચલા એવહા પેખે પતાશા રું મન ચળે,*
*ચઢેવા રું ચરુ નામ થીએ ધડી ચાર;*
*માલશા રુ સીસુદારુ દીએ તો ન થારું મૂલ,*
*સગારુ દુસરુ ભારુ દીએ અસા સાર[૧૦૭]...૭*

આવા અશ્વોને જોઇને તો બાદશાહોનું મન પણ ડગમગી જાય, અને આવા અશ્વો પર ચાર ધડી સ્વારી કરવા દિલ લલચાય, જેનાં મૂલ જોધપુર અને ચિતોડનાં રાજવીઓથી ન થાય. બીજા ભારમલ્લજી રૂપ સંગ્રામજીનો પુત્ર હમીરજી એવા અશ્વો કવીશ્વરોને દાનમાં આપે છે.

**: ગીત : ૨**

(સપાખરું)

*ખરા દધ તે હેતુઆં જતન રાખે,*
*પરખ તે જાએ ઓરા મલવે કે પુર;*
*તવે જે જસ રા બોલ પ્રભાતરા વડે હાથે,*
*હેમરાં લાખરાં મોજાં સમાપે હમીર... ૧*

જે કવિજનોને તેં સાચ સાચ જતનપૂર્વક રાખેલ અશ્વોદાનમાં આપ્યા કે જેઓ તને મળવા અર્થે તારાં પાટ નગરમાં આવ્યા. જેમને પ્રભાતના પહોરમાં તારો યશ કીર્તિનાં ગીતો ગાયાં એ કવિઓને મહા ભૂજ એવા તેં લાખોનાં મૂલ્યના અશ્વો દાનમાં આપ્યા.

*પડછી કા થોડા જકે પુર તંગતાછ પૂંછે,*
*વણે હદ આઘુ ઘડા ખડા ઢાલે વાગ;*
*સાંકડે ઘાતેઆ જકે માંકડા ફાલ સંઘે,*
*પાટ હોડા ઘોડા આપે દુસરુ પ્રાગ... ૨*

જે સાંકડા પડખાંઓ વાળા છે, પહોળી છાતી અને પૂરા લાંબા પૂંછવાળા છે. જે અશ્વો સૈન્યની મર્યાદા રૂપ બની અગ્રભાગે ઢાલ રૂપ બની ખડા થાય છે, અને વિઘ્ન કે સંકટ આવ્યે જેઓ વાનરની જેમ તેને કુદી જાય છે, એવા ઉ ામ અશ્વો બીજા પ્રાગમલ્લ રૂપ હમીરજી (કવિજનોને) દાનમાં આપે છે.

*ફરંગટાં નટાં જમ કોલાટાં ભરંતા ફબે,*
*મોડે જે સઘટાં ઘટાં બાજ રાં મંડાણ;*
*ભાંણ રથે જેસા રીઝ સુભે આણ બેઓ મારુ,*
*કવિંદા દે ક્રીત સાટાં લાખ રા કેકાણ... ૩*

જેઓ નટોની જેમ ફેર ફૂદડી ફરતાં છલાંગો ભરતાં શોભે છે. જે ચપળતામાં મેઘઘટાની વીજળીનું માન મર્દન કરે એવા છે. જેઓ સૂર્યને રથે શોભતા બીજા સપ્તાશ્વ સમાન છે, તેવા લાખોનાં મૂલ્યના અશ્વોને હમીરજી યશ અર્થે કવીશ્વરોને દાનમાં આપે છે.

*આરોગે અંજલી નીર વેગ તીર પંથે ચલે,*
*અઘીર ઉપડી વાગ તેજ મેં અથાહ;*

*કોડી મૂલ તણા તૂરી કરે મોજ સંગ્રામ કો,*
*સુપાત્રાં ઊણથી હરી સામે પતસાહ[૧૦૮]...૪*

જે હથેળી - અંજળીમાં પાણી પીએ તેવા છે. રસ્તો કાપવામાં ધનુષમાંથી છૂટેલા તીર જેવા વેગવંત છે. લગામનો ઈશારો થતાં જ ઉતાવળા બની જાય છે. જે અપાર વેગવાળા છે. એવા કરોડોના મૂલ્યના ઘોડાઓ સંગ્રામજીના પુત્ર હમીરજીએ ઉ ।મ કવિઓને દાનમાં આપીને એ કવિઓનું દારિદ્રય ટાળ્યું.

## ૬.૬ એહેમદખાનની ઝમાળ

ઈતિહાસમાં આ એહેમદખાનનું નામ મળતું નથી. એથી એનાં અંગે કોઇ વિશેષ પ્રકાશ પડતો નથી. પણ લાંગીદાસે રચેલ 'ઝમાળ' માં 'પર વીરમ અજુઆળ ખરેશી પાતસાં (વીરમગામને ઊજળું કરનાર કુરેશીઓનો બાદશાહ) કહ્યો છે. એથી સમજાય છે કે એ વીરમગામના મૂળ ક્ષત્રિય પછી મુસ્લીમ થયેલા. કસ્બાતી કે જેઓ હાલ કુરેશી અટકથી ઓળખાય છે. તેમનો આગેવાન હશે. એના દાદાનું નામ કાવ્યમાં હબીબ મળે છે. એના પિતાનું નામ પારણખાન જણાય છે. 'ઝમાળ' માં એહેમદખાન ધ્રાંગધ્રાના કોઇ રાજ સાહેબના સ્નેહી અને મદદગાર હશે. એ રીતે તેઓ લાંગીદાસના પરિચયમાં આવ્યા હશે.

**ઝમાળ**

*ભજણ લખ અરિઅણ ભડે, દેશણ કેઅણ લખ દતિ,*
*જેહા અણ ઘર જોઈએ, એહા તું અસપતિ;*
*તૂં એશક અસપતિ અણિ ઘરે આઈઆ;*
*જસ ખાટણ એહેમદ કે પારણ જાઈઆ,*
*પર વીરમ અજુઆળ ખરેસી પાતસા,*
*જે આગે દાતાર હુઆ તું જસા...૧*

લડીને લાખો વેરીઓને હણનાર અને લાખ પસાવોનાં દાન આપનારો એવો તું તારાં કુળને યોગ્ય જ છો, તું આ ઘરે (તારાં કુળમાં ) જેવો હોવો જોઇએ એવો જ છો, યશને ખાટનારા અને પારણખાનના પુત્ર, તું વીરમગામને ઊજળું કરનાર અને કુરેશી કુળનો બાદશાહ છો, આગળ તારા જેવા જ દાતારો થયા છે.

*એહેમદ તારા કળ અગે, કણિ નાકાર ન કધ;*

*કણિ થારે રણ જંગ કરે, પાછા પાઉ ન દઘ;*
*પાછા પાઉ ન દઘ કે જીપણાં જાહરાં,*
*સીમાડા ઊરિ સાલ કે સમીવડ સાહરા;*
*મઅ ન ભખે નાઉ, કિં લખાં મંગતે,*
*અસલી જાદા તૂજ ઘરે એહેનાંણ તે…૨*

હે એહેમદખાન, આગળ તારા કુળમાં કોઈએ કવિજનોને કોઈ વાતની ના પાડી જ નથી. એ જ રીતે તારા કુળમાં કોઈએ સંગ્રામમાં પારોઠનાં પગલાં પણ ભર્યાં નથી. પણ જગ પ્રસિદ્ધ રીતે લડાઈઓ જીતી છે. તારા વડવાઓ બાદશાહોના સમોવડિયા અને સીમાડાઓ અર્થે શત્રુઓનાં દિલમાં શૂળ રૂપ બની રહ્યા છે. તેમણે યાચકોને કદી લાખોનાં દાન માગવા છતાં નાકારો કહ્યો નથી. કુળવાન એવા તારા કુળ ગૌરવની આ નિશાની છે.

*હે ફરણ કા હે પતિ, ચારણ કા આધાર;*
*કચારી માંઝળી, તું સચા સરદાર;*
*તું સચા સરદાર કે સચ પરખણા;*
*નર મગે સરવસ તુ આપ નરખણાં,*
*બેવિ ખાગ તિઆગ ભજે તું બાહીઆં,*
*સચા રખણ હાર કે સચા સાહીઆં…૩*

તું અશ્વો - ઘોડાઓ ફેરવનારા વીરોનો માલિક છો, તો ચારણ કવિઓના આધાર રૂપ પણ છો. તું કચેરીમાં સાચો સરદાર છે. તેમ સત્યને પારખનારો પણ છો, જો કોઈ યાચક તારી પાસે તારું સર્વસ્વ માગે તો તું તેને સર્વસ્વ આપી દઈ કશું ન રાખતાં બધું આપી દેનારો છો, તું તારી ભૂજાઓ વડે વીરતા અને દાતારીનો ભાર વહન કરનારો છો. તું સત્યનો આગ્રહી અને સત્યનો રક્ષક પણ છો.

*તું તારણ પારણ તણા, એહેમદ ઉદાર;*
*હનાં હબીબ હબીબ હર, કે કણ કા અવતાર;*
*કે કણ કા અવતાર જબદલ જેહડા;*
*તું દાતા ઝૂઝાર બિહું વધિ તેહડા;*
*મુજ મહણ એહેમદ વરિસણ માઈઆ,*

*ગણીએ ગીત કવિત ઝમાળે ગાઈઆ*[૧૦૯]*...૪*

હે પારણખાનના પુત્ર અને હબીબખાનના પૌત્ર અને ઉદાર એવા એહેમદખાન તું કહે તું કોનો અવતાર છો ? તું મહાદાતાર એવા પાલનપુર પતિ જબદલખાન સમાન છો, દાતારી અને વીરતામાં પણ તું જબદલખાન સમાન છો, ઉદારતાના સાગર રૂપ એહેમદખાન તું લક્ષ્મીને દાનમાં આપી દેનારો છો. તારી આ દાનવીરતાને કવિજનોએ ગીતો, કવિતો અને ઝમાળ નામે બંધોમાં ગૂંથીને ગાઈ છે.

## ૬.૭ રાઓળ વખતસિંહની ઝમાળ :

ભાવનગરના ગોહિલ રાજવંશમાં રાઓળ વખતસિંહનું સ્થાન એક પરાક્રમી અને ભાવનગર રાજયનો વિસ્તાર વધારનાર મુત્સદી રાજવી તરીકે ગૌરવભર્યું છે.

વખતસિંહનો રાજયકાળ ઈ.સ. ૧૭૭૨ થી ૧૮૧૬ (વિ.સં. ૧૮૨૮ થી ૧૮૭૨) નો છે. તેઓ ગોહિલોનાં કુળદેવી ખોડિયાર માતાજીના પરમ ભક્ત હતા.લોકોકિત છે કે જયારે જયારે વખતસિંહજી યુદ્ધાર્થે ચડતા ત્યારે ત્યારે આઈ ખોડિયારમાં વખતસિંહનાં ભાલાં પર કાળી દેવચકલીનું રૂપ લઈને બેસતાં.[૧૧૦]અને એથી વખતસિંહનો યુદ્ધમાં વિજય થતો.

વખતસિંહે પોતાના રાજયકાળ દરમ્યાન ખંભાતના નવાબના તાબાનું તળાજા વેંચાતું લઈ લીધું. પણ ખંભાતના સુબા નસરૂદીને કબજો ન સોંપતા વખતસિંહે લડાઈ કરીને તળાજા કબજો કરેલ.

કાઠીઓ ગોહિલોનાં એક રાજય લાઠી અને ગોહિલ ભાયાતોનાં ગામોમાં લૂંટફાટ કરતા હતા. વખતસિંહે કાઠીઓને હરાવી લાઠી રાજયને રક્ષણ આપેલ.

એજ રીતે ઝાંઝમેરના હમીર ખસિયાને હરાવીને વખતસિંહે ઝાંઝમેર જીતી લીધેલું.[૧૧૧] એજ રીતે વાજા ગરાસિયાનો પણ ગરાસ વખતસિંહે જીતી લીધેલ.

એજ રીતે મહુવાના જસા ખસિયાને હરાવીને વખતસિંહે મહુવા પર કબજો કરેલ સાથે સાથે જૂનાગઢનું એક થાણું મહુવામાં હતું. તેને પણ મહુવામાંથી વખતસિંહે ઊઠાડી મૂકેલ.[૧૧૨]

સાવરકુંડલાના ખુમાણોમાં કુટુંબ કલેશ થતાં તેનો લાભ લઈ વખતસિંહે સાવરકુંડલા પર કબજો કરીને ત્યાં ભાવનગરનું થાણું મૂકેલું. એ પછી ઈ.સ. ૧૭૯૦ માં

મોટું લશ્કર લઇ સાવરકુંડલા સહિત કાઠીઓનો બીજો ઘણો પ્રદેશ જીતી લઇ ભાવનગર રાજયનો વિસ્તાર વધારેલ.[૧૧૩]

એ પછી ચિતળના કાઠીઓ સાથે યુદ્ધ થયું. તેમાં પણ વખતસિંહ વિજયી થયા, અને ચિતળ પણ વખતસિંહને કબજે થયું.

પાલીતાણાા ઊનડજી ગોહિલ સાથે પણ વખતસિંહે લડવું પડેલું. જેમાં પણ વખતસિંહની જીત થયેલી.[૧૧૪]

રાજુલાના ભોળા ધાંખડાની ખટપટને કારણે વખતસિંહને જૂનાગઢના નવાબ સાથે લડાઇ થઇ. જેમાં પોરબંદરાના રાણા જીયાજી જેઠવા એ વચ્ચે પડીને સમાધાન કરાવ્યાનું 'ભારત રાજય મંડળ' કહે છે.[૧૧૫] પણ પોરબંદરના ઈતિહાસમાં કોઇ રાણો જીયાજી થયાનું જણાતું નથી. પણ વખતસિંહના સમકાલીન રાણા સુલતાનજી હોવાનું ઈતિહાસ કહે છે.[૧૧૬] એટલે રાણા 'જીયાજી જેઠવા' નામ સાચું નથી.

સમય પારખીને વખતસિંહે કાઠીઓ સાથે સુલેહ કરીને રાજયની આબાદી પ્રત્યે લક્ષ આપ્યું.

ગાયકવાડ સાથે પણ વખતસિંહને લડવું પડેલું. પણ એ વેળા અંગ્રેજોનો સૌરાષ્ટ્રમાં પગ પેસારો થતાં શાંતિ થઇ, અને ગાયકવાડ સાથે પણ સુલેહ થઇ ગયેલી.[૧૧૭]

ધાર્મિક વૃિ ધરાવતા વખતસિંહે પ્રભાસ પાટણ, જૂનાગઢ અને દ્વારકા વિગેરે તીર્થોની યાત્રા કરેલી.[૧૧૮] જેનું વર્ણન લાંગીદાસે 'ઝમાળ' માં કરેલું છે.

ઈ.સ. ૧૮૫૬ (વિ.સં. ૧૮૭૨) માં વખતસિંહજી પરલોક વાસી થયેલા.[૧૧૯]

**ઝમાળ**

*વખતા વાતાં રાખવા, આઆ તીરથ એમ;*
*ખત્રી વડા ધન ખરચવા જાણ દતા ક્રન જેમ;*
*જાણે દતાક્રન જેમ બધે જગ જાણીઉ,*
*વખતુ વંસ અજુ આળ જગત્ર વાખાંણિઊ;*
*નીર દામોદરાં કંડ ભલાં પરી નાઈઊ,*
*પેખે ગુરુ ગરનાર ધરમ બુ પાઈઊ…૧*

પોતાની યશ કથા અમર કરવા અર્થે વખતસિંહ તીર્થ કરવા આવ્યા. એ મોટા ક્ષત્રિયે દાતાર એવા રાજા કર્ણની જેમ ધન વ્યય કરવા આ તીર્થ યાત્રા કરી, જેને સારાયે

જગતે જાણી, વંશને યશોજ્જવળ કરનાર વખતસિંહની જગતે પ્રશંસા કરી. દામોદરકુંડના જળમાં તેમણે ઉ ામ રીતે સ્નાન કર્યું, અને ગિરનાર પર ગુરુ દ ાત્રયનાં દર્શન કરી ઘણું પૂણ્ય ઊપાર્જન કર્યું.

*ઘર પાટણ મન ધરે, સત અખમલ સવાઈ;*
*અઠોતર સો આપરા, તારણ પરીઆં તાંઈ,*
*તારણ પરીઆં તાંઈ ધરમી તેહડુ,*
*આજે ભાવાહર મીઢ કરાં કુણ એહડુ;*
*દાંન વ્રપાં ઘણ આપ ભલપણ દાખીઉ,*
*ભઉ ત્રવેણી તીર જગી ભાખીઉ... ૨*

પિતા અખેરાજ કરતાં સવાયા એવા વખતસિંહે પછી પ્રભાસ પાટણની યાત્રા કરવાનું મનમાં ઈચ્છ્યું. પોતાના કુળની અઠયોતેર સો પેઢીના પૂર્વજોને તારવા વાળા વખતસિંહ ત્યાં પ્રભાસ પાટણ આવ્યા. કે જે પૂરા ધર્મશીલ પણ હતા, આજે રાઓળ ભાવસિંહના પૌત્ર વખતસિંહની બરોબરી કરે એવો કોણ છે ? ત્યાં પ્રભાસ પાટણમાં વિપ્રોને વિપુલ દાન કરી પોતાની ઉદારતા દર્શાવી. ત્યાં ત્રિવેણી કાંઠે પોતાના પૂર્વજોનું તર્પણ કર્યું. જે જોઈ જગતે વખતસિંહની ઉદારતાની વાતો કહી.

*કરવા દશરા કોડ સું વખતા બાવનવીર,*
*આઆ છાંઆ ઉપરાં, હાથાં હેલ હમીર;*
*હાથાં હેલી હમીર સમાયે હેમરાં,*
*જુએ વખાંણે દેશ બધા રાઉ ઉમરાં;*
*તેજ મહેદા તાપ મટે ગિઆ કેતરા,*
*આઆ દરસણ બેટ હજુરી એતરા...૩*

બાવનવીર સમાન વખતસિંહ કે જેઓની ભૂજાઓ દાન આપવામાં બાદશાહ સમાન છે. તેઓ હોંશપૂર્વક દશેરાનો ઉત્સવ ઉજવવા છાયા (પોરબંદર) આવ્યા. ત્યાં તેમણે કવિઓને અશ્વોનાં દાન આપ્યાં. એ દાનમાં દીધેલ અશ્વોને જોઈને દેશના સૌ રાજવીઓ અને અમીરોએ એ અશ્વોનાં મુક્ત મને વખાણ કર્યાં. આ અશ્વદાનને કારણે કેટલાયે કવિઓના નિર્ધનતાના સંતાપ નાશ પામ્યા. આમ દશેરાની ઊજવણી પછી વખતસિંહ બેટ - શંખોદ્ધારમાં ભગવાનનાં દર્શનાર્થે ભગવાનની હજુરમાં આવ્યા.

*જગ ભાવા અખમલ રતન કલે જેતરા,*
*આતે પરીઆં આજ, ઊજાળાં એતરા;*
*ઉજળાં એતરાં મે પતિ હરખે મન માઆ,*
*નરખે દીનુનાથ સરખે ભાએ સાથીઆં;*
*સે વાતે સમરાથ કરે કથ સારીઆં,*
*વસવ દીએ આસીસ ભલુ અણવારી આં...૪*

વખતસિંહ આતાભાઈએ આ જગતમાં પોતાના પૂર્વજ એવા ભાવસિંહ, અખેરાજજી, રતનસિંહજી જેવા બધા પૂર્વજોને ઉજાળ્યા, એ સર્વનું તર્પણ કરીને વખતસિંહજી મનમાં આનંદ પામ્યા. ભાયાતો અને સાથનાં સર્વ માણસો સાથે ભગવાન દ્વારકાધીશનાં દર્શન કર્યાં, સર્વ રીતે સમર્થ એવા વખતસિંહે આ રીતે ઉ ।મ કાર્ય કર્યું. એથી સર્વ જગતે એમને શુભાશિષો આપતાં કહ્યું. વર્તમાન સમયે તમે સજ્જનતાનાં કામ કર્યાં.

**દુહો**

*આતા જે જે કાર કરે, ઘરે આવીઆ;*
*ગણ એમ લાંગીદાસ ઝમાળે ગાવીઆ[૧૨૦]...૫*

આ રીતે સર્વત્ર પોતાનો જય જયકાર કરાવીને આતાભાઇ (વખતસંગ) પોતાના ગૃહે ભાવનગર પાછા આવ્યા. એમનાં આ તીર્થાટનનાં યશોગાન મેં કવિ લાંગીદાસે, ઝમાળ બંધમાં આ રીતે ગાયાં.

❀ ***જ્ઞાન - ભક્તિ વિષયક સ્ફૂટ કાવ્યો :***

લાંગીદાસ મહેડુએ જ્ઞાન - ભક્તિનાં ગાન પણ કર્યાનું જણાય છે. એમનું જ્ઞાન - ભક્તિ વિષયક એક પુસ્તક 'સત સ્મરણ' પ્રકાશિત પણ થઇ ગયેલ છે.

એ સ્ફૂટ કાવ્યોમાંથી જેટલાં પ્રાપ્ત થયાં તેટલાં કાવ્યો અત્રે અર્થો સહિત પ્રસ્તુત કર્યાં છે. જેમાં હરિ ભજન અર્થેનો પ્રબોધ છે. તો પ્રભુનાં સર્વ વ્યાપી પણાંનું ગાન પણ છે.

## ૬.૮ પ્રભુનું સર્વવ્યાપીપણાંનું ગીત :

શ્રી હરિ સર્વ વ્યાપી હોવાથી અનાયાસે જ એની ભક્તિ થઇ જાય છે. એવો ભાવ આ કાવ્યમાં છે. જેઓ હરિને સર્વત્ર વેસલો જાણે છે. તેઓનું સામાન્ય જીવન કર્મ પણ ભક્તિ રૂપ બની જાય છે.

**: ગીત :**

*અત્ર દેશે અને ચત્ર ખૂણે ચત્રભાજ,*
*ક્સન નહીં તું ઠુડી કીએ;*
*સુઆં જતે હું તતે પ્રમેસર,*
*થારું ડંડ પ્રણામ થીએ...૧*

ચારેય દિશાઓ અને ચારેય ખૂણાઓમાં ભગવાન વ્યાપેલો જ છે. હે કૃષ્ણ, તમે કયે સ્થળે નથી ? એથી હું શયન કરું છું તો તેમાં પણ તમને દંડવત્ પ્રણામ જ થાય છે.

*ઓ અંકાર અખર તું અપરમ,*
*સગળે ઓઅંકાર સોએ;*
*બોલાં અખર જતુ બહુનામી,*
*હરિ એ થારી ભગતી હોએ...૨*

પરમેશ્વર, અક્ષરોમાં તમે ૐ કાર છો. એ એ ઓમકાર સર્વત્ર (અક્ષર માત્રામાં) વ્યાપેલ છે. એથી જયારે પણ હું વાણી - અક્ષરનો ઉચ્ચાર કરું છું. ત્યારે તેમાં જ તમારી ભક્તિ થઇ જાય છે.

*હરિ ગરિ તરપિરિ ભીતરિ બાહરિ,*
*ધરિ થરિ ચરિ સેહ સતુ ધણી;*
*હરાં ફરાં હું ઠુડિ જતિ હરિ,*
*તતિ પ્રદખણ તૂઝ તણી...૩*

ઘાસ, પહાડો, વૃક્ષો, આકાશ, અંદર અને બહાર પૃથ્વી, સચળ, અચળ એમ સર્વત્ર સર્વનો સ્વામિ એવો તું જ રહેલો છે, એથી હું જયાં જયાં હરું ફરું છું, ત્યાં પરમેશ્વર, તમારી જ પ્રદક્ષિણા થાય છે.

*ઘરિઆ માત્ર તણું ગરધારી,*
*ભણિઆ થારું રૂપ ભોઆલ;*
*જોઆં જતે હું તતે જગત્રગર,*
*દરસન થારું દીન દિઆલ...૪*

હે ગીરધારી, આ સમગ્ર વિશ્વ તારું જ રૂપ છે, તેમ કહેવાયું છે. હું જયાં જયાં નજર નાખું છું, ત્યાં ત્યાં સર્વ સ્થળે હે દીન દયાળ, અને જગતના ગુરુ તમારું જ દર્શન થાય છે.

*પ્રમ પર લાંગીદાસ પિઅંપે,*
*જાણિ તુહારુ મગણ જુઉ;*
*નસ વાસ વાકહ હુ નારિઅણ,*
*હું તો થારો ભગત હુઉ[૧૨૧]...૫*

લાંગીદાસ કહે છે : હે પરમેશ્વર, તમે મને તમારો માગણ ગણો, રાત્રિ અને દિવસ નિરંતર તમારી પાસે વસી રહેલો એવો હું આ રીતે આપનો ભક્ત જ થઇ ગયો છું.

### ૬.૯ હરિભજનની શીખ :

અનેક પશુ, પંખી, કીટકો અને પેટે ચાલનારા પ્રાણીઓનાં અવતારો લઇ લઇને ચોરાશી લાખ ફેરા ફરીને આ દુર્લભ એવો માનવ જન્મ પામ્યો છે. તો હે માનવ, હવે તું હરિભજન કર જેથી પુનઃ જન્માંતરના ફેરા ન ફરવા પડે. એવો પ્રબોધ લાંગીદાસે આ ગીતમાં આપ્યો છે.

**: ગીત :**

*ભજ રે ભજ પરમ સરમથી ઉ ભજે,*
*પ્રાણ અપરમ ભજન પખે;*
*દશ લખવાર પડશે તું દેખત,*
*વખે થકી પંખ જાત વખે...૧*

હે જીવ, તું પ્રભુને ભજવા માંડ, કંઇક લાજ તો ખરો. ભજન કર, પ્રભુ ભજન કર્યા વિના તો તું દશ લાખ વખત પક્ષીઓની યોનિમાં આવાગમન કરતો રહીશ.

*વાર વાર કું અલખ વાઉવા,*
*વાર મ કર રે હેકો વાર;*
*પેટા ઘસ કરતુ દખ પાઇસ,*
*અલખ પખે લખવાર અગાર...૨*

હું તને પુનઃ પુનઃ હરિનામનું વાવેતર કરવા કહું છું. તો તું એમ કરવામાં જરા પણ વિલંબ ન કરીશ. જો એમ નહી કરે તો અગિયાર લાખ વાર પેટ ઘસડીને ચાલતા જીવોનો અવતાર પામીને દુઃખ પામીશ.

*કહેઓ કરે તો ક્રસન ક્રસન કહે,*
*કહીઓ નહિં જી પછે કહીશ;*
*લેખે થાવર જીવ વીસ લખ,*
*ઊંઘે સીસ જાએ અવતરિસ...૩*

હે જીવ, મારું કહ્યું કરે તો તું કૃષ્ણ કૃષ્ણના જાપ જપવા માંડ નહી તો તું પાછળથી મને કહીશ કે તમે મને હરિ નામ જપવાનો પ્રબોધ ન કર્યો. જો હરિનામ જપ નહી કરે તો સ્થાવર વનસ્પતિ રૂપે ઊંધે માથે વીસ લાખ વાર તારે ફરી ફરીને આલોકમાં જન્મવું પડશે.

*હર હર કહે લખવાર કહું હું,*
*કાંઈક કહે રે ઘરે હશે કુજીવ;*
*થીયો નવલખ વાર થીયસી,*
*જુવા જુવા જળમાં જળજીવ...૪*

હે કુજીવ, હું તને લાખ વાર ‘હર હર એમ હરિનામ જપવા નું કહું છું, તો તું એ પ્રબોધને હૃદયે ધરીને હવે કાંઈક હરિનામ જપ કરવા માંડ નહિં તો નવલાખ જળ જીવોમાં જન્મ લીધેલો. અને પુન : પણ વિવિધ નવલાખ પ્રકારનાં જળ જીવો રૂપ અવતરીશ.

*જપ રે જપ જગદીસ અજંપા,*
*જુ ન જપીસ સ તુ જગદસી,*
*તો અવતરિસ ફરીસ પછે તું,*
*ત્રીસ પસુ લખ કેમ તરીસ...૫*

જીવ, તું મનોમન હરિનામ જપવા - અજંપા જાય જપવા માંડ, જો તું હરિનામનો જાપ નહી કરે તો ત્રીસ લાખ ફેરા પશુ યોનિમાં ફરતાં જન્મ - મરણના ફેરા ફરતો રહીશ. આ જન્મ - મરણના ફેરામાં તું સંસાર સાગરને કઇ રીતે તરી જઇશ ?

*સરજણ હાર સંભાર સંભારે,*
*વારે વારે કહું કેતી વાર;*
*લેવો પડસે વાર વાાર લખ,*

*ઓદર મનખ તણો અવતાર...૬*

તું પરમેશ્વરનું સ્મરણ કરવા માંડ માંડ, આ વાત તને વારે વારે કેટલી વાર કહું ? પ્રભુ સ્મરણ નહી કરે તો તારે માનવને પેટે પણ લાખવાર અવતાર લેવો પડશે.

*અવતર તો ફરતો ગ્રેહે આસી,*
*ગ્રહે ગ્રહે હવે અવણાસી ગિઆન;*
*લખ ચોરાસી મટે 'લાંગડા',*
*ઘર ઘર હવે અવણાસી ઘીઆન*[૧૨૨]*...૭*

તું હવે જન્મ - મૃત્યુના ચક્રમાં ફરતો બંધ થાય, તે માટે હવે પરમેશ્વરનું જ્ઞાન ગ્રહણ કર. લાંગીદાસે કહે છે, એના વડે તારું ચોરાશી લાખ યોનિઓમાં આવાગમન મટે, માટે હવે તું પરમેશ્વરનું ધ્યાન ધર.

ઐતિહાસિક વિષયને લઇ લાંગીદાસે રચેલાં સ્ફૂટ કાવ્યોમાં ઐતિહાસિક પ્રસંગો વણી લીધા છે. જેમાં તેમણે પોતાના સમકાલીન ક્ષત્રિયોનાં વીરતા અને ઉદારતાના પોતાના અનુભવ જન્ય પ્રસંગો વર્ણવ્યા છે.

જોધપુર નરેશ અભેસિંહનું ગીત અભેસિંહની અમદાવાદ વિજયની યશોગાથા કથે છે.

તો હમીરજી જાડેજાનાં બે ગીતો હમીરજીને ભાવક સામે મૂલ્યવાન અશ્વોનાં દાન આપનાર દાનવીર રૂપે ખડા કરે છે.

તો ભાવનગર નરેશ વખતસિંહની 'ઝમાળ' માં લાંગીદાસ વખતસિંહને એક ધર્મવીર રાજવી લેખે ઉજાગર કરે છે.

તે પ્રમાણે ઇતિહાસમાં જેની કોઇ નોંધ નથી, એવા વીરમગામના એહેમદખાન કુરેશીની 'ઝમાળ' એહેમદખાનને વીર અને દાતાર નર તરીકે લાંગીદાસે 'ઝમાળ' પ્રકારના બંધમાં વર્ણવ્યો છે. આજે એહેમદખાન નથી. પણ તેનું યશ શરીર આ 'ઝમાળ' દ્વારા શાશ્વત છે.

જ્ઞાનભક્તિ વિષયક બેજ ગીતો લાંગીદાસનાં કવનમાંથી પ્રાપ્ત થાય છે. એમાં પ્રથમ ગીત પરમેશ્વરનાં સર્વવ્યાપી પણાંનું સ્તવન છે. એ સૂચવે છે કે શ્રદ્ધાળુ ભક્ત જનો માટે પોતાનાં જીવન - નિત્યક્રમમાં જ અનાયાશે જ શ્રી હરિની ભક્તિ થઇ જાય છે. એ માટે કર્મકાંડ - પૂજાપાઠની ક્રિયાઓ નિર્થક છે. શ્રદ્ધા જ મુખ્ય છે.

બીજું ગીત માનવ જન્મની મહતા દર્શાવતાં માનવ જન્મ મળ્યો છે. તો પ્રભુ ભજન - ભક્તિ કરવાનો પ્રબોધ આપતાં સમજાવે છે કે માનવ જન્મ પામીને પ્રભુને ન ભજયા તો પુનઃ અતિ દુઃખ દાયક એવા ૮૪, લાખના ફેરા ફરવા પડશે. આ બંને ગીતો દ્વારા લાંગીદાસનું ભક્ત હૃદય આપણી સામે પ્રગટ થાય છે.

## ૬.૧૦ લાંગીદાસ મહેડુનાં લઘુકાવ્યોમાં રસ, અલંકાર અને બંધ

હવે આપણે લાંગીદાસ મહેડુનાં આલોચ્ય સ્ફૂટ કાવ્યોના રસ, અલંકાર અને બંઘ અંગે વિચારીએ.

ઐતિહાસિક અને જ્ઞાન - ભક્તિ વિષયક બંને પ્રકારોમાં રસની ભિન્નતા છે.

સ્થાયી ભાવ જ્યારે વિભાવ, અનુભાવ નએ સંચારી ભાવો સાથે ચમત્કારમય બની માનવ દિલમાન અવર્ણનિય આનંદ પ્રગટાવે ત્યારે તેને રસ કહેવામાં આવે છે.[૧૨૩]

### *૬.૧૦.૧ રસ વૈવિધ્ય :*

વિદ્વાનોએ રસના નવ પ્રકારો માન્યા છે.

(૧) શૃંગાર
(૨) હાસ્ય
(૩) કરુણ
(૪) રૌદ્ર
(૫) વીર
(૬) ભયાનક
(૭) બીભત્સ
(૮) અદ્ભુત
(૯) શાંત[૧૨૪]

ચારણી સાહિત્યમાં વીરરસને રસાધિક પદ મળ્યું છે. વીરરસનો સ્થાયી ભાવ ઉત્સાહ છે.[૧૨૫] એ પછી શાંત રસ આવે છે. શાંતરસનો સ્થાયી ભાવ નિર્વેદ છે.[૧૨૬] નિર્વેદ અને શાંત શબ્દો એક જ અર્થને વ્યંજિત કરે છે.

જોઘપુર પતિ અભેસિંહનું અમદાવાદ વિજયનું ગીત યુદ્ધ વર્ણનનું છે. એમાં અભેસિંહ અને એમનું વીર સૈન્ય યુદ્ધોત્સાહમાંથી થનગને છે. આ આખુંયે ગીત વીરરસથી છલકાય છે.

હમીરજી જાડેજાનાં બંને ગીતો પણ વીરરસ પૂર્ણ છે. એમાં મનભાવન અશ્વવર્ણન તો છે જ પણ સાથે સાથે હમરીજી જાડેજા એમાં દાનવીર લેખે ઊભરે છે. એમાં થનગનતા પાણીદાર અશ્વોનાં વર્ણન દ્વારા પણ વીરરસ નિષ્પન્ન થાય છે. કેમ કે વીરરસનો સ્થાયી ભાવ ઉત્સાહ એમ બંનેનાં વર્ણન વીરરસાત્મક છે. જે લાંગીદાસની વિશેષતા ગણાય.

'એહેમદખાનની ઝમાળ' માં લાંગીદાસે એહેમદખાનને દાનવીર અને યુદ્ધવીર રૂપે ઉપસાવ્યા છે. એમાં પણ વીરરસ જ છે. જે ચારણી સાહિત્યની ઉક્તિ 'વીર હોય તે દાતાર પણ હોય' ને સત્ય સાબિત કરે છે, અને વીર અને દાતારમાં એકતા સ્થાપિત કરે છે.

'વખતસિંહની ઝમાળ' માં ભાવનગર નરશેની તીર્થયાત્રાનું વર્ણન છે, એમાં વખતસિંહજી ધર્મવીર અને દાનવીર એવાં બે સ્વરૂપે ઊભરે છે. આમાં પણ વીરરસ જ છવાયેલો છે. તીર્થયાત્રા કરવી અને દાન કરવું એ બંને ઉત્સાહજન્ય છે. વીરરસનો સ્થાયીભાવ છે.

જ્ઞાન - ભક્તિ વિષયક બે સ્ફુટ કાવ્યોમાં લાંગીદાસે હરિનાં સર્વ વ્યાપી પણાંને વર્ણવતાન પોત નિત્યની જીવન ક્રિયાઓમાં અનાયાસે જ પ્રભુભક્તિ કરતા હોવાનું કથન છે. પ્રભનું સર્વ વ્યાપીપણાંનું ગાન જ્ઞાનપથ થયું તો.

*થારું ડંડ પ્રણામ થીએ,*

\+ \+ \+

*હરિ એ થારી ભગતી હોએ,*

\+ \+ \+

*તતી પ્રદખણ તૂઝ તણી,*

\+ \+ \+

*જોઆં જતે હું તતે જગત્રગર,*
*દરસન થારું દાન દિઆલ;*

\+ \+ \+

*હું તો થારો ભગત હુઊ...*

એ ચરણો ભક્તિ ભીનાં વ્યંજક છે. અતઃ આ એક જ ગીતમાં લાંગીદાસે ચતુરાઈ પૂર્વક જ્ઞાન માર્ગ અને ભક્તિ માર્ગનો સમન્વય કર્યો છે.

બીજું ગીત લાંગીદાસે ભક્તિ પ્રબોધ અર્થે રચ્યું છે. આમાં ભય વિના પ્રીતિ નથી હોતી એ ઉક્તિ સાર્થક કરવા લાંગીદાસે 'ભક્તિ નહિ કરે તો જન્માંતરનાં દારુણ દુઃખો વેઠવાં પડશે.' એવો ભય પણ બતાવ્યો છે. યથા :

*દશ લખવાર પડશે તું દેખત,*
*વખે થકી પંખ જાત વખે;*
\+ \+ \+
*પેટા ઘસ કરતુ દખ પાઈસ,*
\+ \+ \+
*તો અવતરિસ ફરીસ પછે તું,*
*ત્રીસ પસુ લખ કેમ તરીસ...*

આ રીતે આ બીજા ગીતમાં લાંગીદાસે શાંત રસ સાથે ભયાનક રસની છાંટ નાખી બંને રસનો ચાતુર્ય ભર્યો સમન્વય કર્યો છે.

***૬.૧૦.૨ અલંકાર નિરૂપણ :***

જેમ આભૂષણ એ માનવી માટે અલંકાર છે, તેમ કાવ્ય માટે પણ કાવ્યશાસ્ત્રીઓએ અલંકારનું નિરૂપણ કર્યું છે. તેના ત્રણ પ્રકારો માન્યા છે. (૧) શબ્દાલંકાર (૨) અર્થાલંકાર (૩) ઊભયાલંકાર[૧૨૭]

તે ઉપરાંત ચારણી સાહિત્યમાં 'વયણ સગાઈ' કે જેને વિદ્વાનો એક અલંકાર માને છે. એનું પણ ઘણું માહાત્મ છે.[૧૨૮] યથા :

*આવે ઈણ ભાષા અમલ, વયણ સગાઈ વેસ,*
*દગ્ઘ અગણ દુગણ રો, લાગૈ નઐ લવ લેસ*[૧૨૯]...

(આ ડિંગળ (ચારણી) ભાષામાં એવો નિયમ છે કે જો અક્ષરોની 'વયણ સગાઈ' મળતી હોય તો દગ્ધાક્ષરોનો, અશુભગણોના અને અશુદ્ધ દ્વિગણોનો કંઈ પણ દોષ લાગતો નથી.)

એટલે આપણે પ્રથમ લાંગીદાસની રચનાઓને 'વયણ સગાઈ' ની દૃષ્ટિએ તાપસી લઈએ.

'વયણ સગાઈ' ના ત્રણ પ્રભેદો છે. ઉ ્મ, મધ્યમ અને અધમ.[૧૩૦]

જેમાં ચરણનો પ્રથમાક્ષર ચરણના અંતના શબ્દમાં પ્રથમ આવે તે ઉ ામ, જેમાં ચરણનો પ્રથમાક્ષર ચરણના અંતિમ શબ્દની મધ્યમાં આવે તે મધ્યમ, અને જે ચરણનો પ્રથમાક્ષર એ ચરણના અંતિમ શબ્દમાં છેલ્લે આવે તે અધમ પ્રકાર થયો.[૧૩૧]

લાંગીદાસની સ્ફૂટ રચનાઓમાં 'વયણ સગાઈ'નો નિયમ બરાબર જળવાયો છે. અધિકાંશ ઉ ામ પ્રકારની 'વયણ સગાઈ'નો પ્રયોગ થયો છે. યથા :

**અભેસિંહનું ગીત :**

*સૂરમે સંભાળી ખણાં ભાળી કો નસકે સૂર,*

\+ + +

*બાપ બાપ અભેસિંગ આપકા સંભાળે બ્રદ*

**આતાભાઈની ઝમાળ :**

*ઘટ પાટણ મન ઘરે, સત અખમલ સવાઈ;*

\+ + +

*હાથાં હેલ હમીર સમાપે હેમરાં,*

**અહમદખાનની ઝમાળ :**

*ભંજણ લખ અરિઅણ ભડે, દેઅણ કેઅણ લખ દતિ,*

\+ + +

*સીમાડા ઊરિ સાલ સમીવડ સાહરા,*

**પ્રભુના સર્વવ્યાપીપણાંનું ગીત :**

*ચત્રદેશે અને ચત્ર ખૂણે ચત્રભજ,*

\+ + +

*ઘરિ થરિ ચરિ સેહ તું ઘણી...*

ઉપરોક્ત બધાં જ ઉદાહરણોમાંનાં બધાં ચરણોનો પ્રથમાક્ષર જે તે ચરણના અંતિમ શબ્દમાં પ્રથમ છે.

કવચિત મધ્યમ પ્રકારની 'વયણ સગાઈ' પણ લાંગીદાસનાં સ્ફૂટ કવનમાં જોવા મળે છે. તે 'ઘઉ' માં કાંકરા બરાબર તેનાં થોડાં ઉદાહરણ જોઈએ.

*સુપાત્રાં ઊણથી હરી સામે પાતસાહ,*

(હમીરજી જાડેજાનું ગીત)

*સૂઆં જતે હું તતે પ્રમેસર*

(હરિનાં સર્વ વ્યાપી પણાંનું ગીત)

આમાં ઉદાહરણનાં ચરણોનો પ્રથમાક્ષર જે તે ચરણનાં અંતિમ શબ્દની વચ્ચે આવે છે. અતઃ આ મધ્યમ 'વયણ સગાઈ' થઈ.

અધમ પ્રકારની 'વયણ સગાઈ'નાં પણ અતિ અલ્પ ઉદાહરણો મળે છે. યથા :

*ઊજળા એતરા મેપતિ હરખે મનમાં આ,*

(વખતસિંહની ઝમાળ)

*વેંચીઆ સરીર તણી ભીર પીર મટી જાવે,*

(હમીરજી જાડેજાનું ગીત)

ઉપરનાં ઉદાહરણોનાં પ્રત્યેક ચરણોના પ્રથમાક્ષર ચરણને અંતે આવ્યો છે. અતઃ આ અધમ પ્રકારની 'વયણ સગાઈ' થઈ.

તો કયાંક કયાંક 'વયણ સગાઈ' વિહિન ચરણો પણ મળી આવે છે. આવાં ચરણોને કિસનાજી આઢા 'અધમા અધમ' પ્રકાર ગણે છે.[૧૩૨] પણ 'રઘુનાથ રુપક'માં આ 'અધમા અધમ' પ્રકારનો ઉલ્લેખ નથી. એટલે આ ચોથો 'અધમા અધમ' પ્રભેદ સર્વમાન્ય ગણાય નહી. આ કારણે એ ગુજરાતના ચારણી સાહિત્યમાં અમાન્ય ગણાતો હશે એમ માની શકાય.

હવે આપણે શબ્દાલંકાર અંગે વિચારીએ. આ માટે કાવ્યશાસ્ત્રીઓનો એવો મત છે કે જે કાવ્યમાં રહીને કાવ્યને શોભાવે તે શબ્દાલંકાર કહેવાય.[૧૩૩]

વર્ણોનું પુનરાવર્તન થાય એને અનુપ્રાસ અલંકાર કહે છે. તો શબ્દોનું પુનરાવર્તન લાટાનુ પ્રાસ અલંકાર કહેવાય.[૧૩૪] એને યમકાલંકાર પણ કહેવામાં આવે છે.[૧૩૫]

લાંગીદાસનાં સ્ફૂટ કાવ્યોમાં પ્રાસ, વર્ણાનુપ્રાસ કે જેને અનુપ્રાસ કહે છે. તે સર્વત્ર પ્રયોજાયા છે. પ્રત્યેક બંધમાં તેનાં બંધારણ પ્રમાણે ૨ - ૪ ક્રમનાં કે ૧ - ૨ ક્રમનાં ચરણોના પ્રાસ મળે છે જ. જે અનુપ્રાસ અલંકારમાં આવી જાય છે. તે ઉપરાંત કાવ્યમાં નાદ વૈભવ અર્થે વર્ણોનું પુનરાવર્તન પણ લાંગીદાસે પ્રયોજયું છે. યથા :

**અભેસિંહનું ગીત :**

*ગાજે ત્રંબાલાં જોર ઘોર રચે ઓર હુઓનોર ગુંજાં,*

\+ \+ \+

*ભડેવા નબાબ ચડે પ્રંચંડ પ્રચંડ ભડે;*

આમાં પ્રથમ ઉદાહરણ 'ર' વર્ણનું અને બીજાંમાં 'ડ' વર્ણનું આવર્તન થાય છે.

હમીરજી જાડેજાનાં અશ્વદાનનું ગીત :

*લાગે જેર ચીર ભરિ તીર તીર વાકી લાહ,*
*હે ચમીર ચીર મિ ગડત દરિ હીર;*
*+ + +*
*ફરંગટાં નટાં જેમ કોલંટા ભરંત ફબે.*

આમાં પ્રથમ ઉદાહરણમાં 'ર' વર્ણનું વારંવાર આવવું વર્ણાનુપ્રાસ સર્જે છે. તો 'તીર' નું પુનરાવર્તન યમકાલંકાર કે જેને વિપ્સા પણ કહે છે. તેનું સર્જન કહે છે.

**શ્રી હરિના સર્વ વ્યાપીપણાંનું ગીત :**

*હરિ ગરિ તરિ પરિ ભીતરિ બાહરિ,*
*ધરિ થરિ ચરિ સેહ સતું ધણી...*

આમાં પણ 'ર' વર્ણનું વારંવાર આવર્તન વર્ણાનુ પ્રાસ બને છે.

હવે આપણે વીપ્સા કે જેને યમકાલંકાર પણ કહે છે. તેની લાંગીદાસ મહેડુનાં સ્ફૂટ કવનમાં શોધ કરીએ. આ યમકાલંકારનો પણ લાંગીદાસે ઘણે સ્થળે પ્રયોગ કર્યો છે. યથા :

**અભેસિંહનું ગીત :**

*ભડેવા નબાબ ચડે પ્રંચડ પ્રંચડ ભડે,*
*+ + +*
*બાપ બાપ અભેસીંગ આપકા સંભાળે બ્રદ,*
*+ + +*
*હુહુકાર હુહુકારાં જોધારાં મુખે હોઅંત,*
*+ + +*
*ખાંનકા નોબતખાનાં તોપખાનાં લીનાં ખોસ,*
*સલેખનાં તોપખાનાં ખજાનાં સહીત...*

**હમીરજી જાડેજાનાં અશ્વદાનનું ગીત :**

*ખેડી ખેડી જુએ તુ તુ થીએ ખંત,*
*વાજે એડી તુ તુ ટપે મેડી મેડી બાજ,*

\+ \+ \+

*ભલોડા ભલોડા ભૂપ થોડા થોડા થીએ ભાલે,*

*ઓહોહો ઘોડા ઘોડા થારા અંગ...*

**હરિભજનના પ્રબોધનું ગીત :**

*સરજણ હાર સંભાર સંભારે,*

*વારે વારે કહુ કેતી વાર...*

આમાં અભેસિંહનાં ગીતમાં પ્રથમ ઉદાહરણમાં 'પ્રચંડ' શબ્દનું, બીજામાં 'બાપ' શબ્દનું ત્રીજામાં 'હુહુકાર' શબ્દનું અને ચોથાં ઉદાહરણમાં 'ખાનાં' શબ્દનું પુનરાવર્તન વીપ્સા સર્જે છે.

હમીરજી જાડેજાનાં અશ્વદાનનાં ગીતનાં પ્રથમ ઉદાહરણમાં 'ખેડી' અને 'મેડી' શબ્દોનું, તો બીજામાં 'ભલોડા' 'થોડા' અને 'ઘોડા' શબ્દોનું તો હરિભજનના પ્રબોધનાં ગીતનાં ઉદાહરણમાં 'સંભાર' અને 'વારે' શબ્દોનું પુનરાવર્તન વિપ્સા સર્જે છે.

હવે લાંગીદાસનાં સ્ફૂટ કાવ્યોને અર્થાલંકારની દૃષ્ટિએ તપાસી તેની ચર્ચા કરીએ.

જો કે ચારણી સાહિત્યમાં અલંકારો પ્રત્યે કોઈ વિશેષ લગાવ નથી. એમાં ભાવને જ પ્રાધાન્ય આપવામાં આવેલ છે. છતાં કયાંક અનાયાસે અલંકાર આવી જાય છે.

લાંગીદાસનાં સ્ફૂટ કાવ્યોમાં કયાંક કયાંક અનાયાસે જ ઉપમા અલંકાર પ્રયોજાયેલ જોવા મળે છે. હમીરજી જાડેજાનાં અશ્વદાનનાં ગીતમાં લાંગીદાસે ઉપમા વડે અશ્વોને નવાજેલ છે. યથા :

*માંકડા જું ફાલ સંધે,*

(વાંદરાની જેમ કૂદે છે.)

*ફરંગટાં નટાં જેમ કોલંટા ભરતા ફબે,*

(નટોની જેમ ઘૂમરીઓ ફરતાં અને કૂદતાં એ અશ્વો શોભે છે.)

એજ રીતે વખતસિંહની ઝમાળમાં લાંગીદાસે ભાવનગર નરેશ વખતસિંહની દાતારીને દાનેશ્વરી કર્ણની ઉપમા આપી છે. યથા :

*ખત્રી વડા ધન ખરચવા,*

*જાંણ દતા ક્રન જેમ.*

(મોટા ક્ષત્રિયો રાજવી એવા વખતસિંહ રાજા કર્ણની જેમ ઘન ખર્ચવા અર્થે યાત્રાએ આવ્યા.)

તો એક સ્થળે વખતસિંહને 'બાવનવીર' નાં રૂપક વડે વર્ણવ્યા છે. યથા :

*કરવા દસરા કોડ સૂં, વખતા બાવનવીર;*

(દશેરા કરવા માટે બાવનવીર એવા વખતસિંહ)

અલંકાર શોઘ કઠીન છે કેમ કે ચારણ કવિઓએ સ્ફૂટ કાવ્યો અલંકારને બદલે ભાવ સભર બનાવવામાં જ વિશેષ ૠચિ રાખેલ છે. એટલે આ ચર્ચા બંધ કરું છું.

હવે સ્ફૂટ કાવ્યોના બંધો અંગે વિચારીએ.

### *૬.૧૦.૩ **લાંગીદાસનાં** લઘુ કાવ્યોમાં છંદ વિનિયોગ :*

લાંગીદાસનાં આલોચ્ય સ્ફૂટ કાવ્યોમાં 'એહેમદખાનની ઝમાળ' અને 'રાઓળ વખતસિંહની ઝમાળ' અને હમરીજી જાડેજાનાં બીજાં ક્રમનાં ગીતનું 'સપાખરું' એમ નામ મળે છે. પણ બાકીનાં ગીતોનાં નામ મળતાં નથી. એટલે આપણે વિશ્લેષણ દ્વારા એ બંધ કયા પ્રકારનો છે ? તે તથા ઝમાળ અને સપાખરું ગીત માત્રા મેળની દૃષ્ટિએ બરાબર છે કે કેમ ? તે જોઈએ.

આગળ જોયું તેમ એહેમદખાન અને વખતસિંહ એમ બે વીરોની પ્રશસ્તિ 'ઝમાળ' નામે ચારણી બંધમાં છે. ડિંગળના આચાર્ય કવિઓએ એનું માપ આ પ્રમાણે આપ્યું છે.

*દૂહૌ પહલાં દાખજૈ, ચંદ્રાયણૌ સૂપચ્છ;*
*દૂહૌ ઉલટે ચવથ તુક, સોય ઝમાળ સુલચ્છ.*[૧૩૬]

(જેમાં પહેલાં દુહો હોય, અને પછી ચંદ્રાયણો હોય. અને દુહાનું ચોથું ચરણ ચંદ્રાયણાના પ્રથમ ચરણમાં પુનરાવર્તન પામતું હોય તે ઝમાળનું લક્ષણ છે.)

આમાં દુહો ચાર ચરણોનો બંધ છે.એનાં ચારેય ચરણો ક્રમશ : ૧૩ - ૧૧ - ૧૩ - ૧૧ નાં હોય છે. એનાં ૨ - ૪ ક્રમનાં ચરણોના પ્રાસ મળે છે.[૧૩૭]

જ્યારે ચંદ્રાયણાને પણ ચાર ચરણો હોય છે, અને એ ચારેય ચરણો ક્રમશ : ૨૦ - ૨૦ - ૨૦ - ૨૦ માત્રાનાં હોય છે.[૧૩૮]

'રઘુનાથ રુપક' કાર પણ કહે છે કે દુહા અને ચંદ્રાયણાનાં મિલનથી 'ઝમાળ' બને છે. પણ 'રઘુનાથ રુપક'માં ઉદાહરણ લેખે આપેલ ઝમાળમાં 'ચંદ્રાયણાં'નાં ચારેય ચરણો ક્રમશ : ૨૨ - ૨૨ - ૨૨ - ૨૨ માત્રાનાં મળે છે. એટલે આપણે લાંગીદાસે રચેલી ઝમાળનો ચંદ્રાયણો કયા આચાર્ય કવિના મતને અનુસરે છે. તે તપાસીએ

વખતસિંહ અને એહેમદખાનની ઝમાળમાં દુહા પછી ચંદાયણો મુકેલ છે. પણ ચંદ્રાયણનાં ચરણોનાં માત્રા મેળ બરાબર સંચવાતો નથી. કેટલાંક ચરણો ૨૧ માત્રાનાં તો કેટલાંક ૨૪ જેટલી માત્રામાં મળે છે, એટલે લાગે છે કે આમાં લિપિકાર અને પ્રતિલિપિકારની ભૂલ છે.

હમીરજી જાડેજાનાં અશ્વદાનનાં બે ગીતોમાંનાં એક ગીતને લહિયાએ 'ગીત : સપાખરું' એમ લખેલ છે, તેમ સમજાય છે. કાવ્યશાસ્ત્રીઓએ સપાખરાંગીતનું માપ આ રીતે આપેલ છે.

*ધુર તક અઠાર ઘર, ચવદ સોળ ચવદેણ;*
*સોળ ચવદ ક્રમ અંત લઘુ, જપૈ સુપંખરો જેણ...*

(જેની પ્રથમ કડીનાં પ્રતમ ચરણમાં ૧૮ માત્રા હોય, અને પછી બાકીનાં ૩ ચરણો ક્રમશઃ ૧૪ - ૧૬ - ૧૪ માત્રાનાં હોય અને બીજી બધી જ કડીઓનાં ચારેય ચરણો ક્રમશઃ ૧૬ - ૧૪ - ૧૬ - ૧૪ માત્રાનાં હોય તે સપાખરું ગીત થયું.)

કવિ મંચ્છે પણ ઉપરોક્ત માપને માન્ય કર્યું છે.[૧૩૯]

હવે લાંગીદાસનાં ઉપરોક્ત સપાખરાં ગીતને ચકાસીએ છીએ તો તે માપ પ્રમાણે નથી લાગતું એક ચરણ લ્યોઃ

*પડછી કા થોડા જકે પુર તંગ તાછ પુંછે,*
*વણે હદ આંધુ ધડા ખડા ઢાલે વાગ;*
*સાંકડે ધાતિઆ જકે માંકડા જુ ફાલ સળે,*
*પાટ હોડા ધોડા આપે દુસરુ પગ...*

આવું જ બીજું ગીત 'જોધપુર મહારાજા અભેસિંહનું ગીત' છે. આ ગીતની બીજી કડીનાં ચારેય ચરણો ક્રમશ : ૨૩ - ૨૮ - ૨૮ - ૨૫ માત્રાનાં છે. બીજી કડીનાં ચારેય ચરણો ક્ષમશઃ ૨૬ - ૨૫ - ૨૬ - ૨૩ માત્રાનાં છે. તો ચોથી કડીનાં ચારેય ચરણો ક્રમશ : ૨૬ - ૨૫ - ૨૬ - ૨૩ માત્રાનાં છે. આ માપનું ડિંગળ ગીત પ્રાપ્ત થતું નથી. પણ વાર્ણિક

'સપખવો' નામે ગીત આ માપનું મળે છે. જેનાં વિસમ ચરણમાં ૧૬ અને સમ ચરણમાં ૧૪ વર્ણો હોય છે.[૧૪૦] આપણે આ વાર્ણિક રીતે માપ જોઇએ.

*ભડેવા નબાબ ચડે પ્રંચડ પ્રંચડ ભડે,*
*નુબાબે વેહંગે ખંડે વાકા બંધી નેત્ર;*
*કટકે ચુખંડે ઝંડે વ્રેહેમંડે છાંહા કીધ,*
*ખેધ મંગે આડે ખંડે આઉ ચુડે ખેત્ર...*

વાર્ણિક રીતે ગણત્રી કરતાં ઉપરોક્ત બંને ઉદાહરણોમાં ચારેય ચરણોમાં ક્રમશ : ૧૬ - ૧૪ - ૧૬ - ૧૪ વર્ણો છે. અતઃ આ વાર્ણિક 'સપંખરો' ગીત છે.

જોકે એમાં હમીરજી જાડેજાનાં અશ્વદાન વાળાં ગીતનાં ઉદાહરણ વાળી કડીમાં ૧૪, ને બદલે ૧૩, વર્ણ છે. પણ આવી નાની ભૂલ દર ગુજર કરીએ. સંભવતઃ આ ભૂલ લહિયાની પણ હોઇ શકે.

હમીરજી જાડેજાનાં અશ્વદાનનું બીજું ગીત પણ વર્ણ મેળની રીતે વાર્ણિક 'સપંખરું' ગીત જણાય છે. એનું એક ઉદાહરણ જોઇએ.

*લાગે જેર ચીર ભરિ તીર તીર વાકી લાહ,*
*હે ચમીર ચીર મિ ગડત દોર હીર;*
*વેંચીઆ શરીર તણી ભીર પીર મટી જાવે,*
*હે હમરી દે અસા હેલ મિ હમીર...*

આ ઉદાહરણનાં ચારેય ચરણોનાં વર્ણોની ગણત્રી કરીએ છીએ ત્યારે ચારેય ચરણોમાં ક્રમશ : ૧૬ - ૧૪ - ૧૬ - ૧૪ વર્ણો આવે છે.

હવે આપણે લાંગીદાસનાં 'જ્ઞાન - ભક્તિ વિષયક' કવનનાં બે સ્ફૂટ ગીતો તપાસીએ. જો કે આ ગીતો પણ લહિયાની અજ્ઞાનતાને કારણે માત્રા મેળની ગરબડ વાળાં છે.

આમાં પ્રથમ ગીત માત્રા મેળની દૃષ્ટિએ તપાસતા લહિયાની ભૂલો હોવા છતાં અધિકાંશ કડીઓ ૧૬ - ૧૪ - ૧૬ - ૧૪ માત્રાવાળાં ચાર ચરણોની જણાઇ છે. યથા :

*હરિ ગરિ તરિ પરિ ભીતરિ બાહરિ,*
*ધરિ થરિ ચરિ સિહ સ તું ધણી;*
*હરાં ફરાં કૂડિ જતી હરિ,*

*તતિ પ્રદખણા તૂઝ તણી...*

ઉપરોક્ત કડીનાં ચારેય ચરણો ક્રમશ : ૧૬ - ૧૪ - ૧૬ - ૧૪ માત્રાનાં છે.

ડિંગળનાં છંદ શાસ્ત્રમાં સેલાર ગીતનું માપ ઉપર ઉદાહરણને મળતું આવે છે.[૧૪૧] એમાં ચરણાંતે 'મગણ - યગણ' મૂકવાનું કહ્યું છે. પણ અત્રે પ્રસ્તુત કરેલાં ઉદાહરણમાં 'મગણ - યગણ' ચરણાંતે નથી. પણ 'મગણ - યગણ' વિહીન એવાં માત્રા મેળ ની દૃષ્ટિએ ઉપરોક્ત ઉદાહરણને મળતું 'સોહવગ સાંણોર' ગીત મળે છે. અતઃ લાંગીદાસનું આલોચ્ય ગીત 'સોહ વગ સાણોર છે. 'સૂહણા સાણોર' પણ આ ગીતને કહે છે. આ રીતે આ એક જ ગીતનાં બે નામ મળે છે.

'હરિ ભજન નહિ કરે તો ચોરાશી લાખ યોનિઓના ફેરા ફરવા પડશે. એવો પ્રબોધ આપતું બીજું ગીત પણ ૧૬ - ૧૪ - ૧૬ - ૧૪નાં માપનું છે. યથા :

*જપ રે જપ જગદીસ અજંપા,*
*જુ ન જપીસ સતુ જગદીસ;*
*તો અવતરિસ ફરીસ પછે તું,*
*ત્રીસ પસુ લખ કેમ તરીસ...*

આ ઉદાહરણનાં ચારેય ચરણો ક્રમશ : ૧૬ - ૧૪ - ૧૬ - ૧૪ માત્રાનાં છે. અતઃ બંને ગીત એક જ પ્રકારનાં 'સાણોર' ગીત છે. પછી ભલે તેને કોઈ 'સહોવગ સાણોર' કહે કે કોઈ 'સૂહણા સાણોર' કહે.

આ રીતે લાંગીદાસનાં સ્ફૂટ કાવ્યોના બંધની ચર્ચાની પૂર્ણાહુતિ થાય છે.

## ૬.૧૧ ઉપસંહાર :

જો કે સૂચિપત્રમાં લાંગીદાસનાં સ્ફૂટ કાવ્યોની ૧૩ જેટલી નોંધો મળે છે. પણ તેમાં ૧૫ /૪૫૨ ક્રમની હસ્તપ્રત નકલ કરવા મળેલી, અને તે નકલ થઈને પાછી પણ અપાઈ ગયેલી. એટલે 'લાલ ભટ્ટની સ્તુતિનું કાવ્ય મળી શક્યું નથી. ચારણી સાહિત્યના વિદ્વાન હસ્તપ્રત નિરીક્ષક શ્રી રતુદાન નિવૃત્ત થઇ ગયા હોવાથી એમની સહાય પ્રાપ્ત ન થઈ શકવાથી (૧) આતાભાઈની તલવારનું ગીત ક્રમાંક : ૩૮૨/૫૯૬૯ (૨) રાયસિંહનું ગીત ક્રમાંક : ૫૧/૨૫૧૯ તે ઉપરાંત ફાટેલ પાનાંની નકલનો ચોપડો પણ શોધી શકાયો ન હોવાથી તેમાં રહેલું 'માતાજીની સ્તુતિનું ગીત પણ પ્રાપ્ત થઇ શકાયું નથી.

લાંગીદાસ મહેડુનાં ઐતિહાસિક કાવ્યો નજરે જોઇને જાત અનુભવને આધારે રચાયેલાં હોઇ એનું ઐતિહાસિક મહ વ છે. તો 'જ્ઞાન - ભક્તિ વિષયક કાવ્યો' દ્વારા માનવ પોતાનામાં રહેલી પશુતામાંથી મુક્ત બની ઉદ્ધર્વગામી બને છે અને સાચો માનવ બનીને સમાજને સુધારવામાં ઉપયોગી બને છે. આ દૃષ્ટિએ એ કાવ્યોનું મૂલ્ય ઘણું છે. કેમ કે ભક્તિ પથે વળેલો માનવ જ પોતાનાં વાણી અને વર્તન વડે સમાજને સુમાર્ગે દોરે છે.

***સંદર્ભ નોંધ :***


૧. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯

૨. એજન : ૪૬ / ૨૨૮૯

૩. એજન : ૪૬ / ૨૨૮૯

૪. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯

૫. ઓખા હરણ : રતુદાન રોહડિયા, ઈ. ર. દવે, પૃ. ૧૩

૬. એજન, પૃ. ૧૩

૭. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૧૧૧

૮. એજન, પૃ. ૧૧૧

૯. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯

૧૦. એજન : ૪૬ / ૨૨૮૯

૧૧. એજન : ૪૬ / ૨૨૮૯

૧૨. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯

૧૩. એજન : ૪૬ / ૨૨૮૯

૧૪. એજન : ૪૬ / ૨૨૮૯

૧૫. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯

૧૬. એજન : ૪૬ / ૨૨૮૯

૧૭. એજન : ૪૬ / ૨૨૮૯

૧૮. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯

૧૯. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯

૨૦. એજન : ૪૬ / ૨૨૮૯

૨૧. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯

૨૨. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯

૨૩. એજન : ૪૬ / ૨૨૮૯

૨૪. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯

૨૫. એજન : ૪૬ / ૨૨૮૯

૨૬. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાલસ, પૃ. ૬૨

૨૭. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯
૨૮. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાલસ, પૃ. ૪૭
૨૯. એજન, પૃ. ૪૭
૩૦. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાલસ, પૃ. ૪૫
૩૧. એજન, પૃ. ૨ - ૩
૩૨. લઘુ સંગ્રહ : શંકરદાન જેઠીભાઈ દેથા, પૃ. ૮૨
૩૩. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯
૩૪. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯
૩૫. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯
૩૬. કાવ્યશાસ્ત્ર : રાજ કવિ નથુરામ સુંદરજી, પૃ. ૩૧૩
૩૭. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯
૩૮. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાલસ, પૃ. ૧૮૨ - ૧૮૩
૩૯. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯
૪૦. કાવ્યશાસ્ત્ર : રાજ કવિ નથુરામ સુંદરજી, પૃ. ૩૨૬
૪૧. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯
૪૨. કાવ્યશાસ્ત્ર : રાજ કવિ નથુરામ સુંદરજી, પૃ. ૩૨૭
૪૩. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯
૪૪. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૮૯
૪૫. ગુજરાત રાજસ્થાન, પૃ. ૩૧૧
૪૬. એજન, પૃ. ૩૧૧
(અ) ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૫૦
૪૭. ગુજરાત રાજસ્થાન, પૃ. ૨૬
૪૮. એજન, પૃ. ૨૬
૪૯. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૫૦
૫૦. એજન, પૃ. ૪૯
૫૧. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૫૪
૫૨. ગુજરાત રાજસ્થાન, પૃ. ૩૧૩

૫૩. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૫૫
૫૪. એજન, પૃ. ૫૫
૫૫. જૂનાગઢ રાજ્યનાં દશોંદી શ્રી ચતુરદાન ગઢવી, રે. ઈશ્વરીયા તા. વેરાવળ, જિ. જૂનાગઢને મુખેથી તા. ૫ - ૫ - ૨૦૦૪
૫૬. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૫૫
૫૭. એજન, પૃ. ૫૫
૫૮. શ્રી બાબુભાઈ મહેડુ રે. પીંપળી, તા : બજાણાને મુખે થી તા. ૭-૬-૨૦૦૪
૫૯. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૫૫
૬૦. ઓખા હરણ : રતુદાન રોહડિયા, પૃ. ૧૨ - ૧૩
૬૧. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૯૦
૬૨. એજન, ૪૬ / ૨૨૯૦
૬૩. એજન, ૪૬ / ૨૨૯૦
૬૪. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૫૧
૬૫. એજન, પૃ. ૧૭૨ - ૧૭૩
૬૬. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૯૦
૬૭. એજન, ૪૬ / ૨૨૯૦
૬૮. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૯૦
૬૯. એજન, ૪૬ / ૨૨૯૦
૭૦. એજન, ૪૬ / ૨૨૯૦
૭૧. એજન, ૪૬ / ૨૨૯૦
૭૨. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૯૦
૭૩. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાલસ, પૃ. ૩૨૫
૭૪. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૯૦
૭૫. એજન, ૪૬ / ૨૨૯૦
૭૬. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૯૦
૭૭. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૯૦
૭૮. એજન, ૪૬ / ૨૨૯૦

૭૯. એજન, ૪૬ / ૨૨૯૦
૮૦. એજન, ૪૬ / ૨૨૯૦
૮૧. એજન, ૪૬ / ૨૨૯૦
૮૨. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૯૦
૮૩. એજન, ૪૬ / ૨૨૯૦
૮૪. એજન, ૪૬ / ૨૨૯૦
૮૫. એજન, ૪૬ / ૨૨૯૦
૮૬. એજન, ૪૬ / ૨૨૯૦
૮૭. એજન, ૪૬ / ૨૨૯૦
૮૮. એજન, ૪૬ / ૨૨૯૦
૮૯. એજન, ૪૬ / ૨૨૯૦
૯૦. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૬/ ૨૨૯૦
૯૧. એજન, ૪૬ / ૨૨૯૦
૯૨. એજન, ૪૬ / ૨૨૯૦
૯૩. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૫૫૨
૯૪. એજન, પૃ. ૫૫૩
૯૫. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૫૫૩ – ૫૫૪
૯૬. એજન, પૃ. ૫૫૪
૯૭. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૩૯/૧૯૩૯
૯૮. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૫૫૪
૯૯. એજન, પૃ. ૫૫૪
૧૦૦. એજન, પૃ. ૫૫૫
૧૦૧. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૫૫૫
૧૦૨. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૨૩ / ૧૩૫૪
૧૦૩. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૧૧/૪૭૧
૧૦૪. રાજપૂત વંશ સાગર : અજીતસિંહ ગોહિલ ભા. ૧, પૃ. ૧૬૨
૧૦૫. એજન, પૃ. ૧૫૮

૧૦૬. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૧૧/૪૭૧
૧૦૭. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૦/૨૦૨૧
૧૦૮. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૧૨/૫૩૫
૧૦૯. રાજપૂત વંશ સાગર : અજીતસિંહ ગોહિલ ભા. ૧, પૃ. ૨૬૨
૧૧૦. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૮૯
૧૧૧. એજન, પૃ. ૮૯ / ૯૦
૧૧૨. એજન, પૃ. ૯૦
૧૧૩. એજન, પૃ. ૯૦/ ૯૨
૧૧૪. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૪૧૦/૬૬૨૯
૧૧૫. સત સ્મરણ : રતુદાન રોહડિયા, ડૉ. અંબાદાન રોહડિયા પ્રકાશક : પ્રવીણદાન કે. ગઢવી, રાજકોટ - ૧૯૯૦
૧૧૬. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૧૪/૬૭૩
૧૧૭. સૌ. યુ. ગુ. ભા. સા. ભ. ચા. સા. હ. પ્ર. ભંડાર : ૧૭/૪૮૭
૧૧૮. કાવ્યશાસ્ત્ર : રાજકવિ નથુરામ સુંદરજી, પૃ. ૧૯૦
૧૧૯. એજન, પૃ. ૩૦૦
૧૨૦. એજન, પૃ. ૧૯૨
૧૨૧. એજન, પૃ. ૧૯૩
૧૨૨. કાવ્યશાસ્ત્ર : રાજકવિ નથુરામ સુંદરજી,પૃ. ૩૧૩
૧૨૩. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાળસ, પૃ. ૧૮૩
૧૨૪. રઘુનાથ રુપક : મહ ાાબચંદ ખારોડ, પૃ. ૧૨
૧૨૫. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાળસ, પૃ. ૧૮૨ - ૧૮૩
૧૨૬. એજન, પૃ. ૧૮૨ - ૧૮૩
૧૨૭. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાળસ, પૃ. ૧૮૨
૧૨૮. કાવ્યશાસ્ત્ર : રાજકવિ નથુરામ સુંદરજી,પૃ. ૩૨૪
૧૨૯. એજન, પૃ. ૩૨૬ - ૩૨૭
૧૩૦. એજન, પૃ. ૩૨૬ - ૩૨૭
૧૩૧. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાળસ, પૃ. ૨૩૦

૧૩૨. એજન, પૃ. ૬૨

૧૩૩. એજન, પૃ. ૪૧

૧૩૪. રઘુનાથ રુપક : મહ ાાબચંદ ખારોડ, પૃ. ૯૨ - ૯૩

૧૩૫. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાળસ, પૃ. ૨૫૩

૧૩૬. રઘુનાથ રુપક : મહ ાાબચંદ ખારોડ, પૃ. ૧૯૯

૧૩૭. એજન, પૃ. ૧૯૯

૧૩૮. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાળસ, પૃ. ૨૨૯

૧૩૯. એજન, પૃ. ૨૨૯

૧૪૦. એજન, પૃ. ૨૭૧

૧૪૧. રઘુવર જસ પ્રકાસ : સીતારામ લાળસ, પૃ. ૨૦૧

❀❀❀

# પ્રકરણ - ૭

# ઉપસંહાર

# પ્રકરણ - ૭
# ઉપસંહાર

ભક્તકવિ લાંગીદાસ મહેડુના વ્યક્તિત્વ અને વાઙ્મય વિશે આ મહાનિબંધ તૈયાર કરતી વખતે પ્રારંભે જ સંશોધનમૂલક અભિગમનું એક માળખું સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. એ આયોજનને ધ્યાનમાં રાખીને પૂર્ણ કરેલ આ મહાનિબંધમાં કેટલીક મહ વની વિગતો બહાર આવી છે. એ વિશે જે તે પ્રકરણમાં તો વિગતે વાત કરવામાં આવી છે, પરન્તુ અહીં સંક્ષેપમાં છતાં સ્પષ્ટ રીતે તેને અલગ તારવીને અંગુલિનિર્દેશ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

ચારણ સમાજ અને ચારણી સાહિત્ય વિશે સંશોધનમૂલક અભિગમથી બહુ ઓછું કાર્ય થયું છે. ભારતીય સાહિત્યની મુખ્ય ત્રણ ધારા છે, તેમાંથી ચારણી સાહિત્ય પર વૈદિકધારાનો વિશેષ પ્રભાવ છે. રામાયણ, મહાભારત વિવિધ પુરાણો અને વેદ તથા ઉપનિષદમાં કહેવાયેલી કથામાંથી મહ વની કથાઓને પસંદ કરીને ચારણકવિઓએ તેને કાવ્યબદ્ધ કરી છે, એટલું જ નહિ તેને પેઢી દર પેઢી કંઠોપકંઠ જાળવીને સમાજમાં પ્રવાહિત રાખી છે. છેક પૃથુ રાજાના સમયથી ચારણોને સોંપાયેલ જવાબદારી તેમણે પૂર્ણ નિષ્ઠા અને સચ્ચાઈપૂર્વક નીભાવી છે. કર્તવ્યપાલનના પથ પર ચાલતી વખતે ચારણોના માર્ગમાં આવેલ વિઘ્નો કે અડચણોથી તેઓ ડર્યા નથી. તો મૃત્યુનો ભય કે કંચન અને કામિનીની લાલચે તેમને પથભ્રષ્ટ કર્યા નથી. ચારણકવિઓએ દાખવેલ ચારિત્ર્યશીલતાની વાત અહીં સાધાર રજૂ કરી છે. ભારતીય જીવનમૂલ્યોનું જતન કરીને ચારણે સાહિત્ય અને સંસ્કૃતિનું જતન કર્યું છે, એ અંગેની પ્રમાણભૂત માહિતી રજૂ કરતી વખતે અનેક ઈતિહાસ પ્રસંગો અને કંઠસ્થ પરંપરામાં જળવાયેલ વિગતો ખપમાં લીધી છે. આમ, પ્રસ્તુત પ્રકરણને આધારે ચારણોએ સાહિત્ય અને સંસ્કૃતિ ક્ષેત્રે કરેલ પ્રદાનની વિગતો પ્રગટ કરવાનો પ્રયાસ કર્યો છે.

લાંગીદાસ મહેડુના જીવન અને કવન અંગે બહુ અલ્પ માત્રામાં કાર્ય થયું છે. તેમની દીર્ઘ સર્જન યાત્રા દરમ્યિાન સાહિત્ય ક્ષેત્રે આપેલ યોગદાનની વાત કરવાની બાકી હતી. કેમ કે, તેમની માત્ર બે જ રચનાઓ ('ઓખા હરણ' અને 'સત સ્મરણ') જ પ્રકાશિત થઈ

છે. બાકીની કૃતિઓ વિશે માત્ર પરિચયાત્મક માહિતી મળતી હતી, આવી પરિસ્થિતિમાં લાંગીદાસ મહેડુની જન્મભૂમિ દેગામની મુલાકાત લઈને તેમનાં પૂર્વજો વિશે સંશોધનમૂલક વિગતો મેળવીને રજૂ કરી છે. મૂળ તો રાજસ્થાનના થરપારકર પ્રાંતમાં ડિંડસી ગામમાં રહેતાં ડુંગરશી મહેડુને લાખ પસાવ સાથે દેગામ દાનમાં મળતાં, તેઓ રાજસ્થાન છોડીને દેગામમાં સ્થાયી થયા. ગુજરાતના અનેક ગામોમાં સ્થાયી થયેલા મહેડુઓ દેગામમાંથી ત્યાં ગયા છે. ચારણ કુળમાં નિત્ય ભગવતી શારદાની ઉપાસના, આરાધના, કરીને સાહિત્ય સર્જન કે ભાવન કરવાની પરંપરા દીર્ઘ કાળથી ચાલી આવે છે. વળી દેગામમાં વસેલા ચારણ સમાજને તો ધ્રાંગધ્રા, હળવદ અને અન્ય રાજ પરિવાર સાથે સંબંધો હતા. આથી આવા સાહિત્યિક વાતાવરણમાં ઉછેર પામેલા લાંગીદાસને જન્મ જાત મળેલ સાહિત્ય સંસ્કાર પૂર્ણ રુપે ખીલી ઉઠયા. તેમણે અનેક કૃતિઓની રચના કરી તેમની આ સાહિત્ય આરાધનાના સુફળ રૂપેજ તેમને લાખ પસાવ સાથે ગોલાસણ ગામ મળ્યું. તેમજ જીવન યાત્રા દરમ્યાન અનેક માન સન્માન મળ્યા. લાંગીદાસે તેમની ભક્તિમૂલક દીર્ઘ કૃતિઓનું સર્જન ગોલાસણમાં રહીને કર્યું છે. હાલ ગોલાસણમાં રહેતા તેમના વંશજોને રૂબરૂ મળીને તેમની પાસેથી તથ્ય મૂલક માહિતી મેળવી તેને કડીબદ્ધ રજૂ કરી છે. વરસોથી કંઠસ્થ પરંપરામાં જળવાયેલી આ વિગતોનું ઐતિહાસિક મહ વ છે. આથી તેને સંશોધનમૂલક દૃષ્ટિકોણથી તપાસીને અહીં રજૂ કરી છે. આથી પ્રસ્તુત પ્રકરણ સાહિત્યિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ મહ વનું બની રહ્યું છે.

લાંગીદાસજીએ પૌરાણિક કથાનકને આધારે રચેલી 'ગણ એકાદશી માહાત્મ્ય' કૃતિનું આજપર્યંત પ્રકાશન થયું નથી. હસ્તપ્રત આધારિત આ દીર્ઘકથામૂલક કૃતિનું વિશ્લેષણ કરવા માટે તેનો વિગતે આભ્યાસ કરવાની ખાસ જરૂર હતી. આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના ચારણી સાહિત્ય હસ્તપ્રત ભંડારમાં સચવાયેલી હસ્તપ્રતોમાંથી પ્રસ્તુત રચનાની પ્રતોની યાદી બનાવી, તેને અલગ તારવીને હસ્તપ્રતોમાંથી પ્રસ્તુત રચનાની પ્રતોની યાદી બનાવી, તેને અલગ તારવીને તેનો અભ્યાસ કર્યો. તેમજ જેમાં કૃતિ અખંડ રૂપે મળતી હોય, લહિયાએ પાઠશૃદ્ધિ જાળવી હોય અને જે આજપર્યંત સુરક્ષિત રહી હોય તેવી હસ્તપ્રતને આધારે પાઠ તૈયાર કર્યો. એકાદશી માહાત્મ્યની મૂળ પૌરાણિક કથા સાથે કવિની રચનાની તુલના કરવા માટે મૂળ પૌરાણિક કથા મેળવી તેનો પણ વિગતે અભ્યાસ કર્યો. ઉભય કથામાં રહેલાં ફેરફારો નોંધીને તેની

વિગતે ચર્ચા કરી. કવિએ પોતાની કૃતિમાં કરેલી કાંટ - છાંટ (Selection - Rejection) પાછળ તેમનાં નિહિત અભિગમની તપાસ કરી. આ કાંટ - છાંટ અને મૌલિક અભિગમને કારણે કૃતિને મળેલ નવા પરિમાણની પણ સાધાર ચર્ચા કરવામાં આવી. કૃતિની સાહિત્યિક મહ ા તારવી બતાવવા માટે કવિએ પ્રયોજેલાં છંદ, અલંકાર, રસ, વર્ણન, સંવાદો અને પાત્રાલેખન વિશે પણ વિશ્લેષણાત્મક દૃષ્ટિકોણથી સંશોધન કર્યું. તેને આધારે કવિની સર્જક પ્રતિભાને સ્પષ્ટ રીતે ચીંધી બતાવી. મૂળ પૌરાણિક કૃતિને આધારે રચાયેલી પ્રસ્તુત રચનામાંથી પ્રગટતી કવિની મૌલિક સર્જકપ્રતિભા પ્રત્યે અહીં સૌદાહરણ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે, જે કવિની સર્જકશક્તિને પામવા માટે ખપમાં આવશે.

મધ્યકાળે જ્યારે પૌરાણિક કથાઓ પર આધારિત આખ્યાનોની બોલબાલા હતી ત્યારે રાજ પરિવારોમાં ચૈત્ર માસમાં ‘ઓખા હરણ’ની કથા બેસાડવા માટે ક્ષત્રિયો કહેતાં કે, ‘ઓખા હરણ’ સાંભળવું હોય તો ચારણોનું સાંભળવું, ઓલ્યું નઈ ! આમ કહેવા પાછળનું મૂળ કારણ સમજવા માટે પણ ‘ઓખા હરણ’ની કથાનો વિગતે અભ્યાસ કરીને તેને આધારે લખાયેલાં અન્ય ઓખાહરણો સાથે આ રચનાને મૂલવવી જરૂરી હતી. લાંગીદાસ કૃત ‘ઓખા હરણ’નું સંશોધન - સંપાદન ડૉ. ઈશ્વરલાલ દવે અને રતુદાન રોહડિયાએ કર્યું છે. જૂની પેઢીનાં બંને સંશોધકોએ પાઠાંતરો પણ નોંધ્યા છે. તેમજ કૃતિ વિષયક અભ્યાસલેખમાં પ્રારંભે કવિના જીવન વિશે સંશોધનાત્મક વિગતો આપી છે. સાથે જ તેમણે ઓખાહરણનું મૂળ કથાનક, લાંગીદાસજીની કૃતિનો કથાસાર, કૃતિમાં કવિએ કટેલી કાંટ - છાંટ , એ કાંટ - છાંટને કારણે કૃતિને મળેલું નવું પરિમાણ અને તેનું ઔચિત્ય આ બધાં પાસાંની વિશ્લેષણાત્મક દૃષ્ટિએ ચર્ચા કરી છે. તો કૃતિમાં પ્રયોજાયેલ છંદ, અલંકાર, રસ અને વર્ણનો વિશે પણ સાહિત્યિક દૃષ્ટિકોણથી ચર્ચા કરી છે. ઉભય, વિદ્વાનોએ પ્રચાર કરેલ માળખાને જ ધ્યાનમાં રાખીને એ અંગે અહીં વિશેષ ચર્ચા વિચારણા કરી છે. આથી પૂર્વે કહેવાયેલી વાત પણ અહીં નવા પ્રમાણો અને આધારો સાથે રજૂઆત પામી છે. વસ્તુત : તો એમાંથી એક વાત સ્પષ્ટ રીતે ઉપસી આવી છે કે ચારણી સાહિત્ય સંસ્કૃતિમૂલક છે, આથી તેમાં વૃ િઓને બહેકાવે તેવી શૃંગારિક વાતને બદલે વૃતિઓને સંયમિત કરે તેવી વાત કહેવામાં આવી છે. વળી, પૌરિાણિક કથાઓની માંડણી વખતે પણ ચારણોએ ઉપાસના કે આરાધના તો વીરરસની જ કરી છે. એ વાત પણ અહીં વિવિધ ઉદાહરણો સાથે રજૂ કરી છે.

લાંગીદાસજીએ 'ગણ એકાદશી મહાત્મય' અને 'ઓખા હરણ' એ બે દીર્ઘ કથામૂલક રચના ઉપરાંત 'સત સ્મરણ' નામની ભક્તિમૂલક લઘુ કાવ્ય આપી છે. પ્રભુ પ્રાર્થના વખતે નિત્ય પાઠ કરી શકાય એવા ઉદ્દેશથી ૧૦૭ દુહામાં રચાયેલ આ કૃતિનું સંશોધન, સંપાદન અને પ્રકાશન શ્રી રતુદાનજી રોહડિયા અને ડૉ. અંબાદાન રોહડિયાએ કર્યું છે. તેમણે કૃતિને હસ્તપ્રત આધારિત ગુજરાતી વાચના અને તેનો ગુજરાતી ભાવાર્થ પણ આપ્યો છે. કૃતિમાં કવિએ મંગલાચરણ પછી પૌરાણિક ભાવાર્થ પણ આપ્યો છે. કૃતિમાં કવિએ મંગલાચરણ પછી પૌરાણિક માન્યતા અનુસારના ચોવીસ અવતારોની વાત એક એક દુહામાં કહી છે. તેમાં એમનાં માતા - પિતાના નામ અને મહ વના પ્રદાનની વાત આવરી લીધી છે. પ્રસ્તુત રચનામાં કવિએ ભક્તિનો મહિમા દર્શાવ્યો છે. પ્રભુનું નામ સ્મરણ કરનારા ભક્તોના જન્મજન્માંતરના આવાગમનના ફેરા કેવી રીતે મટી જાય છે, એ વાત કવિએ સહજ અને સરળ બાનીમાં રજૂ કરી છે. માનવદેહ મળ્યાં પછી વિષય વાસના પાછળ આંધળી દોટ મૂકવાને બદલે ભક્તિ દ્વારા ભવસાગર પાર કરવાની કવિની વાત અહીં આમ જનતા માટે કેવી ઉપયોગી છે, તે પણ અહીં ચીંધી બતાવી છે. કેમ કે, જે પ્રજા ગામડાંમાં વસે છે અને નિત્ય શ્રમ પ્રધાન જીવન જીવે છે તેને મંદિરોમાં જીઇને નિત્ય સેવા પૂજા કરવાનો કે પૌરાણિક - ધર્મકથાઓ સાંભળવવાનો સમય મળતો નથી. તો બીજી તરફ રાજા - મહારાજાઓ અને અમીરોને પણ રાજખટપટ, સમરાંગણ અને દૌલત પાછળની આંધળી દોટને કારણે શ્રી હરિની કથાનું શ્રવણ કરવાનો સમય નથી. આથી કવિએ માત્ર ૧૦૭ દુહામાં ગાગરમાં સાગરને સમાવીને સમાજ કલ્યાણાર્થે તેની રજૂઆત કરી છે.

લાંગીદાસ મહેડુ પરમ વૈષ્ણવ ભક્તકવિ છે. કવિતા તો એમનાં માટે સાધન માત્ર છે. આમ છતાં તેઓ સાંસારિક છે, સમાજમાં રહે છે. આથી અનેક પ્રસંગોએ રાજા - મહારાજાઓને મળવાનું થતું હશે કે તેમની પાસેથી ભેટ - સૌગાદો પણ મળતી હશે. સમાજમાં પોતાની દાનવીરતા, કર્તવ્યનિષ્ઠા, શૂરવીરતા, ચારિત્ર્યશીલતા અને ભક્તિમય સાદગીને કારણે કેટલાંક લોકો મૂઠી ઊંચેરા માનવી રૂપે પ્રગટતાં હશે, એવા લોકો વિશે રચના કરવાની અને તેમનાં ગુણોને બિરદાવવાની કવિને ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. લાંગીદાસે જૂનાગઢના બાબી રાજવંશ વિશે લખેલ 'ગણ બાબી રો' અને હળવદના ઝાલા રાજવંશ વિશે લખેલ 'રાજસગણ' વિશે અહીં ઐતિહાસિક વિગતો રજૂ કરવામાં આવી છે.

આ બન્ને રચનાઓ ઉપરાંત કેટલાંક છૂટક કાવ્યો પણ મળે છે. તેમાં પણ મોલેસ્લામ જતોની ઉદારતા અને વીરતાની કવિએ સરાહના કરી છે. તો અશ્વવર્ણનનું કાવ્ય રચીને કવિએ પોતાની ગુણગ્રાહિતાનો પરિચય કરાવ્યો છે. ભક્તિનો માર્ગ કઠિન હોવા છતાં એ માર્ગે જવાનું જ ઉચિત છે, એમ સ્પષ્ટ કરીને કવિએ સૌને ભક્તિ માટે પ્રેર્યા છે. પ્રસ્તુત કૃતિઓ આજપર્યંત અપ્રગટ હોવાથી તેની હસ્તપ્રતો મેળવીને તેને આધારે કૃતિની વાચના તૈયાર કરી છે. એ બધી રચનાઓ ઐતિહાસિક વ્યક્તિઓ સાથે સંકળાયેલ હોવાથી તેને ઐતિહાસિક સંદર્ભો સાથે તપાસી છે. તેમાં પ્રયોજાયેલ છંદો - ગીતોના પ્રકારો, તેનું બંધારણ અને તેમાંથી પ્રગટતી કવિની સર્ગશક્તિને અહીં સાધાર તારતી બતાવી છે, આ પ્રકરણમાં સચવાયેલી ઐતિહાસિક વિગતો નવ્ય ઈતિહાસ લેખન માટે ખપમાં આવે તેવી છે, જે ઈતિહાસમાં નવો પ્રકાશ પાડશે.

આમ પ્રસ્તુત મહાનિબંધમાં રજૂ થયેલી માહિતીને આધારે ભક્તકવિ લાંગીદાસ મહેડુનું જીવન અને કવન સુપેરે ઉપસ્યું છે. ચારણનો દીકરો કવિ હોય તો તેની વિશેષ મહ ા નથી, પણ એ આચાર - વિચારમાં એક વાકયતા લાવીને પ્રભુ મહિમાનું ગાન કરે તેનું મહ વ છે. શ્રી હરિની માત્ર વાત કરવી કે શુક પાઠ કરવો એમ નહીં પણ જેનું હૈયું ભક્તિના રંગે રંગાયું હોય, દુન્યવી મોહમાયાને જેણે જલકમલવત ત્યજી હોય અને પરમતત્વ સમક્ષ પલાંઠી વાળી હોય તેની વાત સ્વથી માંડીને સમષ્ટિ સુધી વિસ્તરે છે. આવા ભક્ત કવિઓની હરોળમાં પણ સ્થાન અને માન પામે તેવું અને તેટલું યોગદાન લાંગીદાસજીનું છે. ખરા અર્થમાં પરમત વનો મહિમા ગાનારા ચારણ કવિ લાંગીદાસજીની કવિતા સોળવલા સોના જેવી છે, જેને કાળનો કાટ લાગ્યો નથી. જેને કાળનો કાટ ન લાગ્યો હોય એવી કાલજયી કવિતાના સર્જક તરીકે લાંગીદાસજીનું પ્રદાન સાચે જ સરાહનીય છે. આ સૃષ્ટિ પર અનેક માનવો જન્મે છે અને સમયાંતરે મૃત્યુ પામે છે, જીવનયાત્રા દરમ્યાન તેણે માંડેલાં - પાડેલા પગલાંને રણની રેતની જેમ કાળદેવતા ક્ષણાર્ધમાં ભૂંસી નાખે છે, પરન્તુ કેટલાંક સંતો, વિદ્વાનો, ત વચિંતકો અને સર્જકોનું પ્રદાન એવું હોય છે કે ત્યાં કાળદેવતાના હાથ હેઠાં પડે છે. એમની રચનાઓ શાશ્વત અને સનાતન બની રહેતી હોય છે. માનવદેહ મળ્યાં પછી આવું કશુંક પ્રદાન ભલે અલ્પ માત્રામાં પણ થઇ શકે તો તેનું વિશેષ મૂલ્ય છે. એમનું જીવ્યું અને કવ્યું સાર્થક બની જાય છે, એ દૃષ્ટિએ લાંગીદાસજીનું પ્રદાન મને નેત્ર દીપક લાગ્યું છે અને તેમની ભક્તિભાવના

તથા સાહિત્ય સાધના સમાજોપયોગી જણાય છે. કેમ કે, સાહિત્યનું સર્જન કરીને તેમણે માત્ર આનંદ જ આપ્યો નથી, પરન્તુ તેમણે સર્વના કલ્યાણની ભાવના સેવી છે. ધર્મ અને સંપ્રદાયના વાડાઓની નિરર્થકતા પણ તેમનાં કવનમાંથી પ્રગટી છે. વસ્તુત : સમાજને તોડવાની નહીં પણ જોડવાની વાત કરનાર અને સ્વથી માંડીને સર્વનું કલ્યાણ કરવાની શિખામણ આપનારા લાંગીદાસજી ભારતીય સંસ્કૃતિના પ્રબોધક અને પ્રચારક જણાય છે, અને તેમનું કવન સમાજની સહિયારી મૂડી અને મોંઘી મિરાત બની રહ્યું છે.

❀❀❀

# પરિશિષ્ટો


૧. ગ્રંથ સૂચિ

૨. વિદ્વાનોનો સાક્ષાત્કાર

૩. હસ્તપ્રતનું પ્રથમ અને અંતિમ પૃષ્ઠ

૪. ફોટોગ્રાફ

## સંદર્ભ ગ્રંથ સૂચિ

**અંગ્રેજી :**

૧. એ સંસ્કૃત - ઈંગ્લિશ ડિક્સનેરી : સર મોનિયર વિલિયમ

**હિન્દી :**

૨. અમરકોષ - ધર્મચંદ કેવલચંદ ખંડોલ

૩. ચારન સાહિત્યકા ઈતિહાસ - ડૉ. મોહનલાલ 'જિજ્ઞાસુ'

૪. પાંડવયશેન્દુ ચંદ્રિકા – સ્વરૂપદાનજી

૫. રઘુનાર રૂપક ગીતાં રો - મહતાબચંદ ખારોડ

૬. રઘુવર જસ પ્રકાસ - સીતારામ લાલસ

૭. રાજસ્થાની સબદ કોસ-ભા.૨ - સીતારામ લાલસ

૮. વિષ્ણુ પુરાણ - ગીતા પ્રેસ, ગોરખપુર

૯. સંક્ષિપ્ત હિંદી શબ્દ સાગર - રામચંદ્ર વર્મા

૧૦. સંસ્કૃત હિંદી કોશ - વામન શિવરામ આપ્ટે

૧૧. સ્કંદ પુરાણ - ગીતા પ્રેસ ગોરખપુર

૧૨. સોઢાયણ - ડૉ. શક્તિદાન કવિયા

૧૩. શ્રીમદ્ ભાગવત - ગીતા પ્રેસ ગોરખપુર

**ગુજરાતી :**

૧૪. અસ્મિતા અને અનુસંધાન – ડૉ. અંબાદાન રોહડિયા

૧૫. આઈશ્રી સોનબાઈમાં સ્મારક ગ્રંથ- આઈશ્રી સોનબાઈમાં સ્મારક સમિતિ

૧૬. આગમવાણી - ડૉ. નાથાલાલ ગોહિલ

૧૭. આપણું કાલજયી સાહિત્ય - રતુદાન રોહડિયા

૧૮. ઓખા હરણ - ડૉ. ઈશ્વરલાલ ર. દવે, રતુદાન રોહડિયા

૧૯. કાગઆઈ માહાત્મ્ય – ડૉ. અંબાદાન રોહડિયા

૨૦. કચ્છ દર્શન - શંભુદાન ગઢવી

૨૧. કચ્છના સંતો અને કવિઓ - દુલેરાય કારાણી

૨૨. કચ્છનું સાંસ્કૃતિક દર્શન - રામસિંહ રાઠોડ

૨૩. કાગવાણી ભાગ ૧ થી ૮ - દુલા ભાયા કાગ

૨૪. કારા ડુંગર કચ્છ જા - વિલિયમ રશ બુક

૨૫. કાવ્ય શાસ્ત્ર - રાજકવિ નથુરામ સુંદરજી શુકલ

૨૬. કરણી ચરિત્ર – શંકરદાન દેથા

૨૭. ગુજરાતનાં ચારણી સાહિત્યનો ઈતિહાસ - રતુદાન રોહડિયા

૨૮. ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી - કે. કા. શાસ્ત્રી

૨૯. ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ – હરિપ્રસાદ શાસ્ત્રી

૩૦. ચારણ જાતિની શાખા - પ્રશાખા - પિંગળશીભાઈ પાયક

૩૧. ચારણ જ્ઞાતિનો ઈતિહાસ - પાતાભાઈ રતનું (અપ્રગટ)

૩૨. ચારણની અસ્મિતા - લક્ષ્મણ પિંગળશી ગઢવી

૩૩. ચારણી સાહિત્ય પ્રદીપ ભા.૧ - ડૉ. ઈશ્વરલાલ ર. દવે, રતુદાન રોહડિયા

૩૪. ચારણી સાહિત્ય : આપણો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો - ડૉ. ઈશ્વરલાલ ર. દવે, રતુદાન રોહડિયા

૩૫. ચારણી સાહિત્ય વિમર્શ - ડૉ. અંબાદાન રોહડિયા

૩૬. ચારણો અને ચારણી સાહિત્ય - ઝવેરચંદ મેઘાણી

૩૭. ચૂડાસમા રાજવંશનો ઈતિહાસ - ડૉ. વિક્રમસિંહ રાયજાદા

૩૮. જાલંધરપુરાણ ભા.૧ - ડૉ. અંબાદાન રોહડિયા

૩૯. જાલંધર પુરાણ ભા.૨ - ડૉ. અંબાદાન રોહડિયા

૪૦. ડિંગળનું પીંગળ - ડૉ. રમણીકલાલ મારુ

૪૧. તુલશી રામાયણ - સસ્તું સાહિત્ય વર્ધક, કાર્યાલય - અમદાવાદ

૪૨. દેવીદાસ – હરસુરભાઈ ગઢવી

૪૩. દેવિયાણ - શંકરદાન જેઠીભાઈ દેથા

૪૪. દેવિયાણ - જિતુદાન ગઢવી

૪૫. નાગદમણ – હમીરદાન રાવળ

૪૬. નાગદમણ - રતુદાન રોહડિયા

૪૭. બૃહદ્ ગુજરાતી શબ્દ કોશ - કે. કા. શાસ્ત્રી

૪૮. બૃહત પિંગળ - રામનારાયણ વિશ્વનાથ પાઠક

૪૯. બ્રહ્મ વૈવર્ત પુરાણ - સસ્તું સાહિત્ય વર્ધક, કાર્યાલય - અમદાવાદ

૫૦. ભગવદ્ ગો મંડળ - ઠા. શ્રી ભગવતસિંહજી
૫૧. ભારત રાજ્ય મંડળ - અમૃતલાલ યુ. શાહ
૫૨. ભાવનગર રાજ્યનો ઈતિહાસ – પી. જી. કોરાટ
૫૩. યદુવંશ પ્રકાશ અને જામનગરનો ઇતિહાસ - કવિ માવદાનજી ભી. રતનું
૫૪. રણ પિંગળ - રણછોડજી ઉદયરામ
૫૫. રાજપુત વંશ સાગર - અજિતસિંહ ગોહિલ
૫૬. રુકિમણી હરણ - રતુદાન રોહડિયા, ડૉ. અંબાદાન રોહડિયા
૫૭. લીંબડીની ઝમાળ - ડૉ. પ્રભાશંકર તેરૈયા, રતુદાન રોહડિયા
૫૮. લઘુ સંગ્રહ – શંકરદાન જેઠીભાઈ દેથા
૫૯. સત સ્મરણ - રતુદાન રોહડિયા, ડૉ. અંબાદાન રોહડિયા
૬૦. સાજણ સાંભરિયાં - રતુદાન રોહડિયા
૬૧. સૂઅર સાવજ રી વાત - ડૉ. પ્રભાશંકર તેરૈયા, રતુદાન રોહડિયા
૬૨. સેવા ધરમનાં અમર ધામ - જયમલ્લ પરમાર, રાજુલ દવે
૬૩. સાહિત્યને સીમાડેથી – ડૉ. અંબાદાન રોહડિયા
૬૪. સૌરાષ્ટ્રના ચારણો અને ચારણી સાહિત્ય - પુષ્કર ચંદરવાકર (અપ્રગટ)
૬૫. હરદાસ મિસણ : એક અધ્યયન - ડૉ. અંબાદાન રોહડિયા, (અપ્રગટ શોધ નિબંધ)
૬૬. હરિરસ - અચળદાન બોક્ષા
૬૭. હીરાકણી - રતુદાન રોહડિયા
૬૮. હરિરસ – શંકરદાન દેથા
૬૯. હરિરસ – પિંગળશીભાઈ નરેલા

**: સામયિકો :**

૬૯. પરમ્પરા :(હિન્દી, ત્રિમાસિક) - અગરચંદ નાહટા, અંક : ૧૨ સને : ૧૯૬૧
૭૦. ચારણ બંધુ (માસિક) - તંત્રી : માધવસિંહ પ્ર. ગઢવી, સને. ૧૯૫૫ : જુન)
૭૧. ચારણ બંધુ (માસિક) - તંત્રી : માધવસિંહ પ્ર. ગઢવી, સને. ૧૯૫૯
૭૨. ચારણ (માસિક) – તંત્રી : પિંગળશીભાઈ પાયક, સને ૧૯૫૫–૧૯૭૨
૭૩. ઊર્મિનવરચના (માસિક) – તંત્રી : જયમલ્લ પરમાર, સને ૧૯૭૦–૧૯૮૦

**: હસ્તપ્રતો :**

| ક્રમાંક | ચોપડો ક્રમાંક | હસ્તપ્રત ક્રમાંક |
|---|---|---|
| ૧ | ૧૬ | ૭૬૦ |
| ૨ | ૫૩ | ૨૭૬૦ |
| ૩ | ૪૬ | ૨૨૯૦ |
| ૪ | ૧૮ | ૬૬૨ |
| ૫ | ૧૯ | ૭૨૭ |
| ૬ | ૩૦ | ૧૫૯૬ |
| ૭ | ૫૧ | ૨૫૧૯ |
| ૮ | ૩૨૪ | ૪૩૯૮ |
| ૯ | ૩૭૭ | ૭૦૪૪ |
| ૧૦ | ૨૪ | ૧૦૩૫ |
| ૧૧ | ૨૧ | ૮૭૫ |
| ૧૨ | ૬ | ૧૮૦ |
| ૧૩ | ૫૧ | ૨૫૧૩ |

ઉપયોગી સાહિત્યની શોધ માટે શોધ પ્રવાસ કરીને કેટલાક વ્યક્તિગત હસ્તપ્રત ભંડારોમાં પણ શોધ કરેલી જે નીચે પ્રમાણે છે.

૧. સ્વ. શ્રી જબરદાન રોહડિયા રે, સચાણા તા. જામનગર નો હસ્તપ્રત ભંડાર

૬. શ્રી નટુભાઇ મહેડુ રે, સામરખા તા.આણંદનો હસ્તપ્રત ભંડાર

૧૨. શ્રી વિજયકરણભાઇ મહેડુ રે, પાટણા તા. વલ્લભીપુરનો હસ્તપ્રત ભંડાર

૧૩. શ્રી રતુદાન રોહડિયા રે, મુંઝકા તા. રાજકોટની ચારણી સાહિત્યની અંગત શોધનોંધો

૧૪. શ્રી રતુદાન રોહડિયા રે, મુંઝકા તા. રાજકોટની મધ્યપ્રદેશના પ્રવાસની શોધનોંધો

૧૫. ડૉ. અંબાદાન રોહડિયાની શોધનોંધો અને ગૃહ ગ્રંથાલય

૧૬. શ્રી હરિસંગભાઈ મહેડુ (મુ. ગોલાસણ)એ કરેલી શોધનોંધો.

# વિદ્વાનોનો સાક્ષાત્કાર

| ક્રમ | નામ | ગામ | મુલાકાતની તારીખ |
|---|---|---|---|
| ૧ | ડૉ. બળવંત જાની | રાજકોટ | ૧૦ - ૧૦ - ૨૦૦૦ |
| ૨ | ડૉ. અંબાદાન રોહડિયા | રાજકોટ | ૧૦ - ૧૦ - ૨૦૦૦ |
| ૩ | ડૉ. ઊર્મિલા શુકલ | રાજકોટ | ૧૦ - ૧૦ - ૨૦૦૦ |
| ૪ | શ્રી રતુદાન રોહડિયા | રાજકોટ | ૧૦ - ૧૦ - ૨૦૦૦ |
| ૫ | શ્રી હરિસિંહભાઇ મહેડુ | અમદાવાદ | ૧૧- ૩ - ૨૦૦૧ |
| ૬ | શ્રી હરિસંગભાઇ મહેડુ | ગોલાસણ | ૮ - ૧૦ - ૨૦૦૧ |
| ૭ | શ્રી દાદુભાઇ મહેડુ | ગોલાસણ | ૮ - ૧૦ - ૨૦૦૧ |
| ૮ | શ્રી મહેશદાન મિસણ | રાજકોટ | ૯ - ૧૦ - ૨૦૦૧ |
| ૯ | શ્રી રતુદાન રોહડિયા | રાજકોટ | ૯ - ૧૦ - ૨૦૦૧ |
| ૧૦ | શ્રી પ્રવીણસિંહ કે. ગઢવી | અમદાવાદ | ૧૫ - ૧૦ - ૨૦૦૧ |
| ૧૧ | શ્રી બનેસિંહ કે. ગઢવી | અમદાવાદ | ૧૮ - ૧૦ - ૨૦૦૧ |
| ૧૨ | પ્રિ. ઘનશ્યામભાઇ ગઢવી | અમદાવાદ | ૩૦ - ૧૦ - ૨૦૦૧ |
| ૧૩ | શ્રી પ્રભાતસિંહ બારહટ | રાજકોટ | ૧૧ - ૧૧ - ૨૦૦૧ |
| ૧૪ | શ્રી રતુદાન રોહડિયા | રાજકોટ | ૧૧ - ૧૧ - ૨૦૦૧ |
| ૧૫ | શ્રી વિષ્ણુદાન ગઢવી | અમદાવાદ | વારંવાર |
| ૧૬ | શ્રી રામદાનજી ગઢવી | અમદાવાદ | વારંવાર |
| ૧૭ | શ્રી મનુભાઇ ગઢવી | મુંબઇ | ૧૫ - ૮ - ૨૦૦૩ |
| ૧૮ | શ્રી વિજયકરણ મહેડુ | પાટણ તા.વલ્લભીપુર | ૧૮ - ૮ - ૨૦૦૧ |
| ૧૯ | ડૉ. શિવદાન ચારણ | વલ્લભ વિદ્યાનગર | વારંવાર |
| ૨૦ | શ્રી સોમાભાઇ બારોટ | વીસનગર | ૮ - ૭ - ૨૦૦૩ |
| ૨૧ | શ્રી હરિસિંહ મહેડુ | અમદાવાદ | ૨૯ - ૮ - ૨૦૦૩ |
| ૨૨ | ડૉ. ડૉ. હરેશ ગઢવી | જેતપુર (કાઠી) | વારંવાર |
| ૨૩ | શ્રી ચતુરસિંહ ગઢવી | ઈશ્વરિયા | ૫ – ૫ – ૨૦૦૪ |
| ૨૪ | શ્રી બાબુભાઈ મહેડુ | પીપળી | ૭ – ૬ –૨૦૦૪ |
| ૨૫ | શ્રી શિવદાન ગઢવી | અમદાવાદ | ૧૬ – ૫ – ૨૦૦૨ |

❀❀❀

ત્રણ એકાદશી માહાત્મનું પ્રથમ પાનું

ત્રણ એકાદશી માહાત્મનું અંતિમ પાનું